હળદીઘાટનું યુદ્ધ

હળદીઘાટનું યુદ્ધ

પ્રયોજક-મોરિખ્

"There is not a pass in the Alpine Aravali that is not sanctified by some deed of Pratapa some brilliant victory, or oftener, more glorious defeat. Haldighat is the Thermopylea of Mewara, the field of Deweir her Marathon—" *Tod's Rajasthan.*

(દ્વિતીય આવૃત્તિ)

પ્રકટકર્તા
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કર્યું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઇ.
સંવત્ ૧૯૭૧ સને ૧૯૧૫

મૂલ્ય રૂ૦ ૦-૮-૦

"જતાં કોટડે કેવડેથી સ્હવારે; ખુંદ્યો ઘાટ હલ્દી થયો રાજી ભારે;
થયું સ્મરણ મેવાડની છુટ માટે, પ્રતાપે કર્યું જુદ્ધ સેલીમ સાથે.
દિઠો ઘાટ રાતી મટોડીથી રંગી, રવી કીરણે તકતક્યો જાણું જંગી;
ખરે લાગ્યું સંગ્રામ મેદાન મોટું, ઉણું એટલું ના દીઠું સૈન્ય ઓછું.
અરે નર્મદા પ્હાડ ચોપાસ તે તો, ન લાગ્યા તુને ઊજળા ભવ્ય કહેતો;
દિસે સંધુ જો કે અહીં સૂનકાર, પડે સ્મર્ણથી કાનમાં ભંણકાર;
પડ્યા **આર્ય આત્મા** અહીં દેશ કાજે, ચિરંજીવ કો વર્ણવો આવિ આજે!
રુડો ઘાટ **હાડે** વખાણ્યો ઘણો છે, ભણે **ગ્રીસ-થર્માપલી** જેહવો છે;
સુસંવત્ત તો **સોળશે બત્તરીસે**, સુદી સાતમે શ્રવણે જુદ્ધ દીસે.
ઉંચો નર્મદો ઘાટને જોઈ ગાયે, કરી જાતરાને ઉમંગે ફુલાયે;—
છુટ માટે, પ્રતાપે કર્યું જુદ્ધ સેલીમ સાથે."

નર્મદ

પ્રથમાવૃત્તિ ૧૯૦૬.
દ્વીતીયાવૃત્તિ ૧૯૧૫.

Printed and Published by Manilal Itcharam Desai at
THE GUJARATI PRINTING PRESS,
SASSOON BUILDINGS, CIRCLE, FORT,
BOMBAY

અનુક્રમણિકા

પ્રથમ ખંડ–ઉદ્‌બોધન

દ્વિતીય ખંડ–વ્રતગ્રહણ

તૃતીય ખંડ–પ્રેમ દર્શન

ચતુર્થ ખંડ–પ્રતિજ્ઞા પાલન

હળદીઘાટનું યુદ્ધ

પ્રથમ ખંડ—ઉદ્બોધન

પ્રથમ પરિચ્છેદ

ચંદાવત્ કૃષ્ણ અને પ્રતાપ

(છપ્પય) "प्रथम अंगबल होय, द्वितीय अभ्यास शस्त्रको;
तृतीय सदा सब भोग, और मदद्हन शत्रुको;
पंचम सब छल जान, छठेको भोम न भूले;
सप्त समझकर काम, अष्टमे चित्त न डूले;
नवे निडर चल जाय सित, दशम धाम समकर भमे;
कवि चंद कहे पृथिराजसों, दश गुन क्षत्रिधर्ममे" चंद.

નામાંકિત, કીર્ત્તિવાન્ અને યશસ્વી થવાની ભાવના સર્વના હૃદયમાં એક સમાન રીતે રહેલી હોય છે; પરંતુ તે ભાવનાને સફળ કરવાનું કાર્ય જગન્નિયંતા પરમેશ્વરે પોતાના જ હાથમાં રાખેલું છે. અનેક ક્ષત્રિયવંશો ભારતવર્ષમાં થઈ ગયા છે, પરંતુ તે સર્વ એક કે બીજી રીતે ન્યૂન કે અધિક પ્રમાણમાં કલંકિત થઈ ચૂકયા છે. જો કોઈ પણ સર્વથા નિષ્કલંક રહેલો ક્ષત્રિયવંશ હોય, તો તે મેવાડના શિશોદિયા ક્ષત્રિયોનો જ છે અને તેથી તેની કીર્ત્તિનો ગગનભેદક ધ્વનિ વર્ત્તમાન કાળમાં પણ સર્વત્ર કર્ણગોચર થાય છે. લિયોનિડાસ જેવા એકબે શૂરવીરોને જન્મ આપવાનું માન ગ્રીસની ભૂમિને મળ્યું છે, પણ મેવાડની વીર જનની ભૂમિએ લિયોનિડાસ જેવા અનેક વીરોને જન્મ આપેલો છે અને પ્રતાપી પ્રતાપરાણાના સમયથી હળદી ઘાટને સદાને માટે થર્મોપ્લીના નામથી ઓળખાવી રાખ્યો છે. આરાવલી પર્વતની એક પણ ખીણ એવી નહિ હોય કે, જે પ્રતાપના અમુક વિજય અથવા અમુક શૌર્યયુક્ત પરાજયના કૃત્યથી પવિત્ર ન થયેલી હોય, એ મેવાડના સિંહની શૂરવીરતાનું દર્શન કરાવવાના હેતુથી જ આ નવલકથાનો આરંભ કરવામાં આવ્યો છે અને આશા છે કે, પ્રિય વાચકોને તે અવશ્ય મનોરંજક અને જ્ઞાનદાયક ભાસશે જ.

ઉદયપુરનો રાણો ઉદયસિંહ કૈલાસવાસી થયા પછી, તેનો કનિષ્ઠ પુત્ર જગમલ સિંહાસનારૂઢ થયો. જ્યેષ્ઠબંધુ જીવતો છતાં કનિષ્ઠ બંધુ સિંહાસનારૂઢ થાય, એ કૃત્ય ધર્મશાસ્ત્ર અને લોકાચારથી વિરુદ્ધ હતું. ઉદયસિંહ એ સર્વ જાણતો, છતાં પણ તેણે એ વ્યવસ્થા પોતાના હસ્તે જ કરી હતી. એનું કારણ એ હતું કે, સર્વ રાણીઓ કરતાં જગમલની માતાપર તેનો પ્રેમ વિશેષ હતો. રાજપૂત સરદારોને એ ધર્મવિગર્હિત કાર્ય ગમ્યું નહિ. તેમણે તો ઉદયસિંહના જ્યેષ્ઠ પુત્ર પ્રતાપસિંહને જ ગાદીનો વારસ

ઠરાવ્યો. પ્રતાપસિંહ ઝાલાવાડના રાજાનો ભાણેજ થતો હતો. તે મહા બુદ્ધિમાન્, તેજસ્વી અને સાહસિક હોવાથી રાજા થવાને સર્વથા પાત્ર હતો. પોતાના ભાણેજના હક્કોની પાયમાલી ન થાય, તેટલા માટે સર્વ રાજપૂતોને ઉશ્કેરીને તેના પક્ષમાં લાવવાના પ્રયત્નમાં ઝાલાવાડના રાજાનો મુખ્ય હાથ હતો. ઝાલાવાડના રાજાના ઉત્તેજનથી પ્રેરિત થઇને એક મુખ્ય રાજપૂત સરદારે એ કાર્ય કરવાનું બીડું ઝડપ્યું અને સર્વ ભાર પોતાના શિરે ઉપાડી લીધો. એ સરદાર ચંદાવત્ વંશનો હતો. તે ચંદાવત્ કૃષ્ણના નામથી ઓળખાતો હતો. એક દિવસ પ્રતાપ અને ચંદાવત્ કૃષ્ણ તથા તેના એક બીજા સાથીનું પરસ્પર નીચે પ્રમાણે સંભાષણ થયું:—

"મેવાડ કુલદીપક મહારાજ! આપે આ હીનદીન અને દરિદ્રી વેશથી ક્યાં જવાનો મનોભાવ કર્યો છે?" એમ પૂછતા બે તરુણ રાજપૂત સરદારો તરુણ, વયસ્ક, તેજસ્વી અને રાજલક્ષણયુક્ત કુમાર પ્રતાપના માર્ગમાં અવરોધ કરીને ઉભા રહ્યા. તે બે સરદારોમાંના એકે કહ્યું કે, "અમે જીવતા છિયે ત્યાં સૂધી તો સિંહનો ભાગ શિયાળના અધિકારમાં જવા દેવાના નથી જ. આટલો સમય તો અમે શું થાય છે, તે જોતા જ બેસી રહ્યા હતા; પણ હવે બેસી શકાય તેમ નથી."

પ્રતાપ મૂગે મોઢે તે સરદારના મુખનું અવલોકન કરવા લાગ્યો, "મહારાજ! આજથી અમે આપને મહારાજના સંબોધનથી જ બોલાવીશું. મહારાજ! સત્વર પધારો અને મેવાડના સિંહાસને વિરાજી સર્વ સામંત, સરદારો અને પ્રજાજનોને આનંદિત કરો."

"કેમ, મેવાડના સિંહાસને તો કુમાર જગમલ વિરાજેલો છે ને?" ઉદારચિત્ત પ્રતાપસિંહે તેમની પ્રાર્થનાઓ સાંભળીને શાંત અને વિનીત ભાવથી સામો પ્રશ્ન પૂછ્યો.

"મહારાજ! કૃપા કરીને હવે પછી તેના નામનો ઉચ્ચાર કરશો નહિ. અખિલ મેવાડ દેશના વાસીઓ મહા આનન્દથી આપના આગમનની માર્ગપ્રતીક્ષા કરતા બેઠા છે," પ્રથમ સરદાર ચંદાવત્ કૃષ્ણે તેવા જ વિનીત ભાવથી ઉત્તર વાળ્યું.

બીજા સરદારે બહુ જ સ્નેહથી પ્રતાપસિંહનો જમણો હાથ પકડ્યો અને સ્મિતસહિત કહ્યું, "હવે જોઇએ કે, આપણા માર્ગમાં કોણ આવે છે અને આપણા કાર્યમાં કોણ વિઘ્ન ઉપસ્થિત કરે છે?"

પોતાના સ્વાભાવિક ગાંભીર્યને કિંચિત્ શિથિલ કરીને પ્રતાપે એ બીજા સરદારના મુખને જોવા માંડયું અને પૂર્વવત્ શાંતિથી કહ્યું, "તમારા બોલવાનો ભાવાર્થ હું એકાએક સમજી નથી શકતો, જે હોય તે સ્પષ્ટ કહી નાંખો."

"યોગ્ય સમયે આપ સર્વ સમજી શકશો. હાલ તો હું માત્ર એટલું જ જાણું છું કે, મેવાડનું રાજછત્ર અને સિંહાસન એ ઉભય વસ્તુઓ આપની છે. જગમલ અથવા બીજા કોઇનો તેનાપર અધિકાર નથી," બીજા સરદારે જવાબ દીધો.

"ત્યારે અત્યાર સૂધી એ અધર્મસંગત કાર્ય નિર્વિઘ્ને ચાલતું કેમ રહેવા પામ્યું? અને તમે એનો નિષેધ શા માટે ન કર્યો?" પ્રતાપે પ્રથમ સરદારને ઉદ્દેશીને એ સવાલ કર્યો.

"ધૃષ્ટતાની મર્યાદા કેટલી હોય છે, તે જ અમે જોતા હતા. જે થવાનું હતું તે હવે થઈ ગયું છે. હવે આપ ચાલો અને રાજપૂત જાતિની વંશપરંપરાથી ચાલતી આવેલી ધર્મમર્યાદાનું રક્ષણ કરીને ધર્મશાસ્ત્રાનુસાર મેવાડના સિંહાસનને સુશોભિત કરો," ચંદાવતે પોતાનો ભાવ પ્રદર્શિત કર્યો.

"પણ વચ્ચે જો કાંઈ વિઘ્ન આવી પડશું તો? કદાચિત્ રાજ્યમાં વિદ્રોહની જાગૃતિ થઈ તો?" પ્રતાપે શંકા કાઢી.

"મહારાજે તેની ચિન્તા કરવાની નથી. ધર્મશાસ્ત્ર અને લોકાચાર એ સર્વથી વિરુદ્ધ આચરાયલું કૃત્ય કોઈ કાળે પણ યશસ્વી નીવડતું નથી. ધારો કે, કાળની વક્રગતિના પ્રભાવે એમ પણ બન્યું, તો તેનો પ્રતિકાર કરવાનો ભાર હું મારા શિરે વ્હોરી લઉં છું. મારા હાથ તળેના સર્વ સરદારો અને રજપૂત સૈન્ય આપણા પ્રતિપક્ષીઓનો પ્રતિકાર કરવાને સમર્થ છે. આપે વ્યર્થ શંકા કાઢવાનું કશું પણ પ્રયોજન નથી," ચંદાવતે આશ્વાસન આપ્યું.

"ઠીક—ત્યારે હું તમારા વિચારને અનુકૂળ છું," પ્રતાપે અનુમતિ આપતાં આનંદથી એ શબ્દોનો ઉચ્ચાર કર્યો.

પ્રતાપની અનુમતિ મળતાં જ પ્રસંગ આવે તેમ વર્તીને ચંદાવત્ અને તેનો સાથી પોતાની કાર્યસિદ્ધિ માટે તત્પર થઈ ગયા. રજપૂતોની એ દુર્દૈવઘટનાત્મક કથાને આજે લગભગ સાડા ત્રણસો વર્ષ થઈ ગયાં છે, એ તો ઇતિહાસપ્રિય વાચકોના ધ્યાનમાં હશે જ, માટે વિશેષ વિવેચન વ્યર્થ છે.

—✲✲✲✲✲—

દ્વિતીય પરિચ્છેદ

પ્રતાપ સિંહાસને

"अकरुणत्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा ।
सुजनबन्धुजनेष्वसहिष्णुता प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम्" ॥ भर्तृहरि.

રાજ્યપ્રાપ્તિથી મદોન્મત્ત થયેલો જગમલ પોતાના અંતરંગ સરદારો અને સહચરો સાથે મહા આનન્દથી સિંહાસન—ઉપભોગસુખમાં નિમગ્ન થયેલો હતો; એટલામાં ઉદારચિત્ત ચંદાવત્ કૃષ્ણ, પ્રતાપસિંહને સાથે લઇને ત્યાં આવી પહોંચ્યો; અને તેથી જગમલના આનન્દમાં અચાનક વિઘ્ન આવીને ઉભું રહ્યું. ચંદાવતની ધીર, ગંભીર અને નિશ્ચયી મુદ્રા જોઇને જગમલ ગભરાઈ ગયો. તેજસ્વી વીર ચંદાવત્ ધીમે ધીમે સિંહાસન પાસે ગયો અને મહા ગંભીર વાણીથી જગમલને કહેવા લાગ્યો કે, "કુમાર! આ આપ કેવા ભ્રમમાં પડ્યા છો?" એ વાકય સાંભળતાં જ જગમલને શુદ્ધિ આવી ગઈ—તેના મનોરાજ્યનો લય થયો. પરંતુ બહારથી તો તેણે પૂર્વવત્ આદર્શ જ સાંભળી રાખ્યો. કૃત્રિમ સાહસના ભાવથી તેણે ઉત્તર આપ્યું કે, "આ શું? હું સિંહાસનારૂઢ થયો અને રાજ્યપદ પણ મેં ધારણ કર્યું, તો પણ હજી તમે મને કુમારના સંબોધનથી બોલાવો છો, એનું શું કારણ?" ગંભીર મૂર્તિ સરદાર ચંદાવત્ એના પ્રત્યુત્તરમાં બોલ્યો, "કુમાર! આપ પોતાને સિંહાસનારૂઢ થયેલા ધારો છો, એ જ આપનો

ભ્રમ છે. કારણ કે, આ સિંહાસન આપનું નથી. સિંહાસનના સ્વામી તો આ છે. માટે કૃપા કરીને આપે સિંહાસનથી ઉતરીને મહારાણા પ્રતાપસિંહને સ્થાન આપવું, એ મારી નમ્ર અને વિનીત પ્રાર્થના છે!"

જો જગમલ બુદ્ધિમાન્ હોત, તો તત્કાળ સિંહાસનપરથી નીચે ઉતરી ગયો હોત. તેના મંત્રીઓ પણ જો બુદ્ધિશાળી હોત, તો તેમણે પણ તેને તેમ કરવાનો જ ઉપદેશ આપ્યો હોત. પરંતુ તેનામાં અને તેના મંત્રીમંડળમાં એવી બુદ્ધિનો નિવાસ નહોતો. કારણ કે, જગમલ અને તેના મંત્રીઓ ચંદાવત્ કૃષ્ણને સારી રીતે ઓળખતા નહોતા. જ્યારે પ્રતાપશાલી વીર મહારાણા પ્રતાપસિંહને તે સાથે લઇને આવ્યો ને મહાદર્પોક્તિથી તેણે પોતાનો અભિપ્રાય સભામાં વ્યક્ત કર્યો, ત્યારે તેમાં કાંઈ પણ ગૂઢ ભેદ હોવો જોઇએ, એની કલ્પના પણ તેઓ કરી શક્યા નહિ.

કાર્યકુશળ ચંદાવતે વધારે કાંઈ પણ ન બોલતાં જગમલને તેના બન્ને હાથ પકડીને સિંહાસનપરથી નીચે ઉતાર્યો અને પ્રણામપૂર્વક પ્રતાપસિંહનો જમણો હાથ પોતાના હાથમાં ધરીને તેને શૂન્ય સિંહાસને વિરાજમાન કર્યો. જગમલ અને તેના મંત્રીઓ કાષ્ઠના પૂતળાં પ્રમાણે તટસ્થ થઈ ગયા!

પ્રતાપસિંહને સિંહાસને બેસાડીને તે વીરે પોતાના હસ્તથી રાજમુકુટનું તેના શિરોભાગે આરોપણ કર્યું, અને તેના કટિ ભાગે એક તલવાર બાંધીને ગોઠણ મંડીએ બેસી ત્રણવાર ભૂમિને શિરથી સ્પર્શ કરીને અભિવાદનપૂર્વક પ્રતાપને ઉદ્દેશી કહ્યું, "મેવાડાધિપતિનો જય! મહારાણા પ્રતાપસિંહનો જય!! ક્ષત્રિય કુલાવતંસનો જય!!!" એનો સર્વ જને પ્રતિઘોષ કર્યો. સભાગૃહના બહારના ભાગમા તેનું સૈન્ય પણ સજ્જ થઇને ઊભેલું હતું, તેણે પણ પ્રતિઘોષથી પૃથ્વીને કંપાયમાન કરવાનો પ્રયત્ન કર્યો.

સર્વ કાર્ય થઈ રહ્યાં, સર્વ જન પોતપોતાનું કર્ત્તવ્ય કરવા લાગ્યા. જે છત્ર તથા ચામરધારી દૂતોએ પૂર્વે જગમલના શિરે છત્ર ચામર ધર્યાં હતાં, તે જ છત્ર ચામરો તેઓ હવે પ્રતાપસિંહપર ધરવા લાગ્યા. જે ભાટ અને બંદીજન જગમલના ગુણાનુવાદ ગાતા હતા, તે પ્રતાપસિંહના પ્રતાપના ગુણાનુવાદ ગાવા લાગ્યા. એવી રીતે સર્વ જનો પોતપોતાના કાર્યમાં જાદુમંત્ર પ્રમાણે ઝટપટ પ્રવૃત્ત થઈ ગયા. બીજાઓ તો જાણે ઠીક, પણ પ્રસંગને આવી રીતે ફેરવાઈ ગયેલો જોઇને જગમલ પોતે પણ પ્રતાપના નામનો જયઘોષ કરવા મંડ્યો, અને એ ખરેખર આશ્ચર્યકારક ઘટના હતી.

ભયંકર તોફાન પછી જેવી રીતે સમુદ્ર સ્થિર અને શાંત થઈ જાય છે, તેવી રીતે પોતાનો હેતુ પૂર્ણ થતાં જ ચંદાવત્ મૌન્ય ધારણ કરીને નમ્રતાથી જગમલને કહેવા લાગ્યો કે, "કુમાર! દાસના અપરાધ માટે મનમાં રોષ કરશો નહિ. અમે ધર્મ, શાસ્ત્ર અને લોકાચારનો વિચાર કરીને સ્વર્ગીય મહારાણા ઉદયસિંહનું સિંહાસન તેમના જ્યેષ્ઠ પુત્રને અર્પણ કર્યું છે. વિશેષતઃ નવીન મહારાજ સિંહાસને વિરાજવાને યોગ્ય છે."

ત્યારપછી પ્રતાપસિંહને ઉદ્દેશીને તે ગંભીર સ્વરથી બોલ્યો "હે ક્ષત્રિય કુલતિલક મહારાજ! આપના હાથે જ ચિતોડના ઉદ્ધારનું કાર્ય પાર પડશે. જે તલવાર આજે

મેં મારા પોતાના હાથે તમારી કમ્મરે બાંધી છે, તે તલવાર ચિતોડની અધિષ્ઠાત્રી દેવીના હાથની છે. દુષ્ટ યવનોએ ચિતોડ કબજે કરીને દેવીનું મંદિર ભ્રષ્ટ કર્યું છે અને દેવીની મૂર્ત્તિ છિન્નભિન્ન કરી નાંખી છે. વીર રાજપૂતજાતિ વિદ્યમાન છતાં નીચ યવનોએ જે પ્રલય કર્યો છે, તેનું તેમને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવાનું કાર્ય આપના હાથે જ પાર પડશે. માતા ભવાનિ! આ તારી કેવી દીન સ્થિતિ, કેવી હીન દશા?"

એ ભાષણ કરતાં કરતાં તેની છાતી ભરાઈ આવી, તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ વહી નીકળ્યો. સર્વ સભાજનોનાં મુખમંડળો કોપના અગ્નિથી લાલચોળ થઈ ગયાં. મહારાણા પ્રતાપસિંહનાં આરક્ત નયનોમાંથી જાણે અગ્નિકણો વર્ષતાં હોયની, તેવો સર્વને ભાસ થવા લાગ્યો. તેનું સર્વ શરીર ક્રોધથી કંપાયમાન થવા લાગ્યું અને તેણે પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને ચંદાવત્ પ્રતિ એક તીવ્ર દૃષ્ટિપાત કર્યો.

ચંદાવતે પુનઃ પોતાના ભાષણનો આરંભ કર્યો, "તે જ ભવાનીની તલવાર મેં આજ મારા હાથે આપની કમ્મરે બાંધી છે અને તેમ કરવાનું કારણ એ છે કે, મારી દૃઢ બુદ્ધિ છે કે, મહારાણા જ એ તલવારનું યોગ્ય રીતે માન રાખશે. આજ સુધીમાં એ તલવાર અનેકોના હાથમાં જઈ ચૂકી છે અને તે સર્વેએ ચિત્તોડ ઉદ્ધારની પ્રતિજ્ઞા કરીને યથાશક્તિ તે પ્રતિજ્ઞા પૂર્ણ પણ કરી છે—પણ રાજપૂત જાતિનું તે સૌભાગ્ય ચિરકાલ ટકવા નથી પામ્યું. દુર્દૈવની પ્રબળતાથી સ્વર્ગ તુલ્ય ચિતોડ પાછું પણ યવનોના જ તાબામાં જઈ પડ્યું છે! પણ તે શાથી? તે મારાથી કહી શકાતું નથી. મારું મન મને માત્ર એટલી જ સાક્ષી આપે છે કે, 'મહારાણા પ્રતાપસિંહ રાજપૂત જાતિનું નામ રાખશે.' માટે મહારાજ! આપ એ વીરવ્રત ધારણ કરીને દુષ્ટ મ્લેચ્છોના હાથમાંથી રાજસ્થાનને મુક્ત કરીને ચિતોડ નગરીના વૈધવ્યનો નાશ કરો અને અખિલ મેવાડના એક છત્ર અધિપતિ થાઓ!

એ ભાષણ સાંભળીને સ્થિરપ્રતિજ્ઞ અને ગંભીર મુદ્રા ધારણ કરીને મહારાણો પ્રતાપસિંહ સિંહસમાન સ્વરે કહેવા લાગ્યો કે, "મારા સર્વ સરદારો! તમે સર્વેએ ચંદાવત્ તે આપણા માનનીય સરદારનું ભાષણ અથેતિ સાંભળ્યું છે. જો આપણે જીવતા રહ્યા તો તો આપણી પ્રતિજ્ઞા પૂરી કરીશું જ. અત્યારે એના કરતાં વધારે બોલવાની કશી પણ આવશ્યકતા હું જોતો નથી."

તૃતીય પરિચ્છેદ

કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ

"सूच्यग्रं नैव प्रदास्यामि विना युद्धेन केशव।" महाभारत.

યક્ષોના વૈભવથી પણ વિશેષ વૈભવ અને શૌર્યપ્રદર્શક વિજયાદશમીપર્વ આજે રાજપૂતાનામાં સર્વત્ર પ્રવર્ત્તાયમાન હતું. સમસ્ત રાજસ્થાન આજે આનંદમાં નિમગ્ન થયેલું જોવામાં આવતું હતું. સહસ્રાવિધિ ક્ષત્રિય વીરો આજે એક સ્થળે એકત્ર થયેલા હતા. અંગમાં વીરવસ્ત્રો, હસ્તમાં તલવાર, સ્કંધભાગે ધનુષ્ય, શિરોભાગે ઉજ્જ્વલ કિરીટ, ભાલમાં રક્તચંદનનું તિલક અને મુખમાં "હર હર મહાદેવ

જય આશા પૂર્ણા"નો શબ્દ ગજાવતા તેજસ્વી અશ્વોના પૃષ્ઠ ભાગે આરૂઢ થયેલા સહસ્ત્રાવધિ રજપૂત વીરો, પોતાના શૌર્યથી પૃથ્વીને કંપાવતા એકત્ર થતા હતા. વિજયાદશમી એટલે ક્ષત્રિયોની ભાગ્ય પરીક્ષાનો દિવસ. સંવત્સરમાંના વીરવ્રતના શુભાશુભ ફળને જાણવાનો રજપૂતોનો મુખ્ય દિવસ એ જ મનાય છે. મહાપરાક્રમથી વરાહ અને વ્યાઘ્ર આદિનો શિકાર કરીને તે શિકાર પોતાના ઇષ્ટદેવતા સમક્ષ ધરાવી ભવિષ્યના ફળાફળને જાણવા માટે રાજપૂત વીરો નિયમ અનુસાર આજે બહુ જ ઉત્સુક થયેલા હતા.

મહારાણા પ્રતાપસિંહ પોતે અને રાજકુટુંબમાંના સર્વ વીરો એ ઉત્સવમાં આવી ઉપસ્થિત થયા હતા. સર્વનાં મુખો આનંદથી પ્રફુલ્લિત થયેલાં હતાં. મહારાણો પ્રતાપ સર્વ વીરોના મધ્ય ભાગમાં ઊભો રહીને કહેવા લાગ્યો કે;–

"ક્ષત્રિયવીરો! આજના શિકારપર જ મેવાડની ભાગ્યપરીક્ષાનો સર્વ આધાર રહેલો છે, એ તમારે સ્મરણમાં રાખવું. આજનો મહોત્સવ તે રાજપૂતોના વીરવ્રતની પરીક્ષાનો દિવસ ગણાય છે. વીરવ્રતના ઉદ્યાપન માટે પ્રાણ પણ આપી દેવા, એ જ રાજપૂતોનો ધર્મ છે. માત્ર દેવીને અસંખ્ય બળિદાનો આપીને બેસી રહેવાથી આપણા કાર્યની સિદ્ધિ કોઈ કાળે પણ થવાની નથી. ભવાનીને મહા આનંદથી વનવરાહોનાં બળિદાનો આપો, પણ તે સાથે એ પણ ધ્યાનમાં રાખો કે કાંઈ એથી જ વ્રતની ઉદ્યાપના થતી નથી. જે રજપૂતજાતિના શત્રુ છે, તે દુષ્ટ યવનોના ગ્રાસમાંથી જનનીરૂપ જન્મભૂમિનો ઉદ્ધાર કરવા માટે મનસાવાચા કર્મણા, દેવી સમક્ષ પ્રાર્થના કરવી, એ જ આ મહોત્સવનો ઉદ્દેશ છે. આજે કેટલા કેટલા દિવસોથી દુષ્ટ પઠાણો અને મોગલો આપણા આ મેવાડ દેશની દુર્દશા કરતા આવ્યા છે, તેનો વિચાર કરો; અલ્લાઉદ્દીનથી તે અકબર પર્યંત કેટલા તરકડા ને ભરકડા મોગલોએ મેવાડની શોચનીય સ્થિતિ કરેલી છે, તેનું સ્મરણ કરો. સુવર્ણ સમાન ચિતોડનાં ચરણોમાં પારતંત્ર્યરૂપી લોહની દુર્ભેદ્ય શૃંખલા પડેલી છે–સર્વ રાજસ્થાનને શત્રુઓએ પાદાક્રાંત કરી નાંખ્યું છે! ક્ષત્રિયકુલભૂષણ સતી પદ્મિનીએ યવનોના અત્યાચારના ભયથી પોતાના દેહની અગ્નિદેવને આહુતિ આપી હતી! એવી એક બે નહિ, પણ શતાવધિ રાજપૂત રમણીઓ, યવનોના અત્યાચારથી ગતપ્રાણ થઈ ચૂકી છે!! બાપા રાવળના વંશમાંના પરાક્રમી વીર ભીમસિંહથી સંગ્રામસિંહના સમય સુધીમાં અનેક વીરોએ સ્વદેશના ઉદ્ધાર માટે પોતાના પ્રિયતમ પ્રાણોનું બલિદાન આપેલું છે, તોપણ અદ્યાપિ ઈશ્વરના મનમાં દયા આવી નથી! અર્થાત્ આપણી આ દુર્દશા તે ઈશ્વરી ક્ષોભનું પરિણામ છે, એમ જ આપણે કહેવું જોઇએ!!!"

ક્ષણ માત્ર સર્વ વીરો પાષાણપ્રતિમા પ્રમાણે સ્તંભિત અને તટસ્થ થઈ ગયા. થોડીવાર પછી ગંભીર સ્વરથી પ્રતાપસિંહ પુનઃ બોલવા લાગ્યો;—

"શૂર ક્ષત્રિયવીરો! તથાપિ આપણ સર્વેએ જીવનપ્રતિજ્ઞા કરવી જોઇએ. ઈશ્વરની પ્રીતિ મેળવવા માટે આપણે ઘોર પરાક્રમ કરવાં જોઇએ. એમ કરવા વિના આપણા ઉદ્દિષ્ટ હેતુની ઉદ્યાપના કોઈ કાળે પણ થવાની નથી. માતા ભવાનીને સંતોષ આપવો, એ આપણું આદ્ય કર્તવ્ય છે. સર્વ સિદ્ધિદાયિની માતા ભવાની સંતુષ્ટ થઈ

એટલે આપણા સર્વ હેતુઓ સિદ્ધ થયા જ સમજવા; તમે સર્વ શૂરવીરો સારી રીતે ધ્યાનમાં રાખજો કે, સ્વાતંત્ર્યના મહામંત્ર વિના આપણા વ્રતની ઉદ્યાપના કોઈ કાળે નથી થવાની અને નથી જ થવાની !! ચાલો, ત્યારે આજ આપણે મહા ઉત્સાહથી વનવરાહનો શિકાર કરિયે અને તે દેવી ભવાનીને અર્પી તેની યથાશાસ્ત્ર પૂજા કરીને આપણા ઉદ્યોગમાં પ્રવૃત્ત થઇએ. બોલો વીરો, સર્વ એક ધ્વનિથી કે, **"કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ!"**

તત્કાળ ત્યાં એકત્ર થયેલા અસંખ્ય રાજપૂત વીરોએ સમુદ્રની ગંભીર ગર્જના પ્રમાણે "કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ" એ વાક્યનો ઉચ્ચાર કર્યો. એ ગર્જનાનો આકાશમાં પ્રતિધ્વનિ થયો કે, "દેહં પાતયામિ" તેમજ આસપાસની ગિરિકંદરાઓમાં ને અરણ્યમાં પણ તે જ "દેહં પાતયામિ"નો પ્રતિધ્વનિ થતો સર્વના સાંભળવામાં આવ્યો. સર્વત્ર "કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ" એ જ ધ્વનિનો વિસ્તાર થઈ ગયો.

ફળાફળ પરમેશ્વરાધીન છે. આપણા મનુષ્યોના હાથમાં શું છે? માત્ર નિર્મળ અંતઃકરણ અને ભક્તિભાવથી કાર્યનો આરંભ કરો, એટલે પરમેશ્વર અવશ્ય સિદ્ધિ આપશે જ. જન્મ અનંત છે તેમ જ કાળ પણ અનંત છે. કદાચિત્ એક જન્મમાં કાર્ય સિદ્ધિ ન થઈ, તો બીજા કોઈ પણ જન્મમાં નક્કી તે થવાની જ; અર્થાત્ ઉદ્યોગનો કોઈ કાળે પણ ત્યાગ કરવો નહિ.

ચતુર્થ પરિચ્છેદ

બન્ધુ વિગ્રહ

નભશ્ચુંબિત વૃક્ષ સમૂહ યુક્ત નિબિડ અરણ્યમાં પ્રવેશ કરીને રાજપૂત વીરોએ વરાહનો શિકાર કર્યો અને તે યથાવિધિ જગદંબાને અર્પીને તેમણે વિજયા દશમીનો મહોત્સવ ઉજવ્યો. મહારાણા પ્રતાપસિંહે સ્વદેશ સ્વાતંત્ર્યની પુનઃપ્રાપ્તિ માટે દૃઢ પ્રતિજ્ઞા કરી અને તે પ્રતિજ્ઞા અવશ્ય સિદ્ધ થશે જ, એમ સર્વની મનોદેવતા સાક્ષી આપવા લાગી. પરંતુ "પ્રથમ ગ્રાસે મક્ષિકાપાતઃ" એ પ્રમાણે પ્રતિજ્ઞાના પ્રારંભમાં જ એવી એક અશુભ ઘટના બની કે જેથી સર્વના મનમાં નિરાશાનો ભાસ થવા લાગ્યો. એ ઘટના અતિશય ભયંકર અને વાસ્તવિક રીતે જોતાં મહા કષ્ટદાયિની હતી, માટે તેનું અહીં વિસ્તારથી વિવરણ કરવું, એ બહુ જ અગત્યનું છે.

જે વેળાએ શિકાર કરવામાટે રાજપૂત વીરોએ અરણ્યમાં પ્રવેશ કર્યો તે વેળાએ મહારાણા પ્રતાપસિંહ અને તેના કનિષ્ઠ બંધુ શક્તિસિંહ વચ્ચે એક વિચિત્રવાદ ઉપસ્થિત થયો. અન્ય સર્વ વીરો શિકાર કરવામાં નિમગ્ન થઈ ગયા હતા અને તેમનામાં પરસ્પર નાના મોટાનો ભેદ રહ્યો નહતો. પ્રતાપ અને શક્તિસિંહ બન્ધુદ્વય એક સાથે જ મૃગયા કરવામાં પ્રવૃત્ત થયા હતા. એટલામાં પાસે જ એક વનવરાહ તેમના જોવામાં આવ્યો. શિકારીઓની દૃષ્ટિ પોતાપર પડી છે, એમ જોતાં જ ભયથી તે વરાહ પલાયન કરવા લાગ્યો. પરંતુ તે દુર્દૈવી પ્રાણીના દિવસો ગણાઈ ચૂક્યા હતા, એટલે ન્હાસી કેમ શકે વારુ? ઉભય બંધુએ એકસમયાવચ્છેદે બે તીક્ષ્ણ બાણ અચૂક નેમ ધરીને તે

વરાહપર છોડ્યા; એક બાણે વરાહના મસ્તકમાં પ્રવેશ કરીને તેને ધરણીપર ઢાળી નાંખ્યો, બીજો વ્યર્થ ગયો. ભયંકર બાણ પ્રહારથી વ્યાકુળ થઇને તે વનવરાહ તત્કાળ મરણશરણ થઈ ગયો.

તે બન્ને બંધુઓ પોતાના અનુચરો સહિત મૃત વરાહ પાસે ગયા અને ત્યાં જ વિવાદનું મૂળ બીજ રોપાયું. શક્તિસિંહના એક માનીતા અનુચરે અત્યંત આનંદથી કહ્યું કે, "અહાહા! અમારા કુમારશ્રીની ધનુર્વિદ્યામાં કેટલી બધી પ્રવીણતા! જુઓ તો ખરા, કુમારે માત્ર એક જ શરના પ્રહારથી આટલા મોટા એક પ્રચંડ પ્રાણીનો ક્ષણ માત્રમાં સંહાર કરી નાખ્યો!! આનું નામ તે ધનુર્વિદ્યા!!!"

પ્રતાપસિંહે તે અનુચરના મુખનું કિંચિત્ કોપયુક્ત મુદ્રાથી અવલોકન કર્યું. મહરાજની પોતાપર કોપદૃષ્ટિ થયેલી જોતાં જ તે અનુચર ભયથી ગર્ભગળિત જેવો થઈ ગયો અને પુનઃ ઉન્નત શિર કરીને પ્રતાપને નિરખવાનું તેનામાં અવસાન રહ્યું નહિ. તે ભૂમિપ્રતિ જોતો તટસ્થ ભાવથી ઉભો રહ્યો.

પોતાના જ બાણથી તે વરાહ ગતપ્રાણ થયો હતો એવો પ્રતાપનો દૃઢ નિશ્ચય હતો, એ વાચકોને નવેસરથી જણાવવાની કશી પણ આવશ્યક્તા નથી. પ્રતાપના મનમાં પોતાના અનુચરના ભાષણથી જે કોપનો આવેશ થયો, તે બુદ્ધિમાન્ શક્તિસિંહ તત્કાળ જાણી ગયો.

પોતાના અનુચરનું કથન જ યથાર્થ છે, એ બતાવી આપવાના હેતુથી શકિતસિંહ મહા આનંદદર્શક મુદ્રા કરીને પોતાના અનુચરને ઉદ્દેશી બોલ્યો કે, "આનાવિષે વધારે વાદવિવાદ કરવાની શી આવશ્યકતા છે? જો મારી ધનુર્વિદ્યાની પરીક્ષા કરવી હોય, તો પેલા દૂરના વૃક્ષના અસંખ્ય પત્રોમાંના પેલા ત્રીજા પર્ણને મારા બાણથી આ ક્ષણે જ હું વીંધી શકું છું." એમ કહી ધનુર્વિદ્યાવિશારદ શકિતસિંહે બાણના પ્રહારથી તે પર્ણને વીંધીને નીચે પાડી નાંખ્યું અને તેથી તેના સર્વ અનુચરો સહસ્રમુખે તેને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યા. તે વરાહ પોતાના બાણથી જ સ્વર્ગ પ્રયાણ કરી ગયેલો હોવો જોઇએ, એવો પ્રતાપસિંહ પ્રમાણે શક્તિસિંહનો પણ દૃઢ નિશ્ચય થઈ ગયો હતો.

પ્રતાપસિંહનો કોપાગ્નિ વધારે ભડકયો. પોતાના બાણથી વરાહ મરાયો, એમ બન્નેનો નિશ્ચય હતો. બન્નેનાં બાણ સમાન હતાં અને તેમાં જરા પણ ભેદ ન હોવાથી વરાહના શરીરમાં ખૂંચેલો બાણ કોનો, એ ઓળખવાનું કશું પણ સાધન ન હતું. પ્રતાપના હૃદયમાં એક સમયાવચ્છેદે ક્રોધ અને અભિમાનની જાગૃતિ થઈ કોપાનળથી તે બળવા માંડ્યો.

અભિમાની પ્રતાપસિંહ મહા ગંભીરતાથી શકિતસિંહને સંબોધીને કહેવા લાગ્યો કે, "તું વ્યર્થ પોતાનું અભિમાન બતાવવાનો પ્રયત્ન શા માટે કરે છે? આવી રીતે વ્યર્થ અભિમાન ધરાવવું, એ કાર્ય નીચ જનોનું છે. શિશોદિયા કુળમાં જન્મેલા એક પવિત્ર પુરૂષને આવી અહંતા શોભા આપે નહિ!"

એના ઉત્તરમાં વિસ્મિત થઇને શકિતસિંહે પોતાના વડીલ ભાઇને કહ્યું કે, "મોટા ભાઈ! મહારાજ! આપના મુખમાંથી આવાં અસંગત વાકયો નીકળશે, એવી મને

સ્વપ્નમાં પણ કલ્પના નહોતી. આ વરાહ આપના બાણથી વીંધાયો છે અને હું મિથ્યા અભિમાન કરું છું, એમ આપનું કહેવું છે કે શું?"

"હા." પ્રતાપે વધારે ગંભીર સ્વરથી ઉત્તર આપ્યું.

"ના–કદાપિ નહિ." એમ કહીને શક્તિસિંહે મ્યાનમાંથી પોતાની તલવાર બહાર કાઢીને પાસે પડેલા એક પ્રચંડ પાષાણપર તેનો પ્રહાર કર્યો. તત્કાળ તે પાષાણના ભિન્ન ભિન્ન વિભાગો થઈ ગયા.

"મારા સમક્ષ આવી ઉચ્છૃંખલતા? હજી પણ આત્મસંયમન કર; નહિ તો મારી તલવાર છે અને તારું શર!!" પ્રતાપે આંખો લાલ કરીને ધમકી આપી.

"માતા પિતાના આશીર્વાદથી આત્મસંયમનની દીક્ષા મને મળેલી જ છે. પરંતુ નીચ મનુષ્ય પ્રમાણે આવી રીતે સત્યાલાપ કરીને અસત્યનો પક્ષપાત કરવાની દીક્ષા મને કોઇએ આપી નથી. તેથી નિરુપાય છું." શક્તિસિંહે તેટલા જ બળથી પ્રતાપની ધમકીનું ઉત્તર વાળતાં કહ્યું.

"તું અત્યારે આ અપમાનદર્શક ભાષણ કોની સાથે કરે છે, એ તારા ધ્યાનમાં છે કે? કહું છું કે, હજી પણ વિચાર કર અને શુદ્ધિમાં આવ," પ્રતાપે વળી બીજીવાર પણ ધમકી આપતાં કહ્યું.

બોલતાં બોલતાં બન્નેનો કોપ અનિવાર્ય થઈ ગયો. બન્નેના મનમાં અભિમાન-રૂપી વાયુએ વેગપૂર્વક સંચાર કર્યો. એનું પરિણામ પણ એવું અનિષ્ટ જ આવ્યું. બાવળના બીજમાંથી આમ્રવૃક્ષની ઉત્પત્તિ થાય જ કેવી રીતે? અર્થાત પોતાના સહોદર–સંબંધને વિસારી અને અધિકાર મર્યાદાનું ઉલ્લંઘન કરીને સર્વ સમક્ષ શક્તિસિંહ પોતાના જ્યેષ્ઠ બંધુને કહેવા લાગ્યો કે, "અધિકાર અને મહત્તાની પ્રાપ્તિ થઈ એટલે સ્વાભાવિક રીતે મનુષ્યના મનમાં એક પ્રકારનું અનિવાર્ય અભિમાન ઉત્પન્ન થાય છે અને તે અભિમાનના મદમાં તે એવાં એવાં અસત્ય કૃત્યો કરે છે કે, ઈશ્વર પણ તેથી કંટાળી જાય છે. આ તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે. એ અભિમાનનું પ્રમાણ કોઈ જેવા તેવાએ નથી બતાવ્યું, પણ મેવાડના નવીન મહારાણા અને પ્રબલ પ્રતાપાન્વિત પ્રતાપસિંહે જ બતાવ્યું છે, એ ખાસ વિચારવા જેવી બીના છે!"

એ ભાષણ વિષયુક્ત શલ્ય પ્રમાણે પ્રતાપના હૃદયમાં સાલવા લાગ્યું. પ્રતાપે નેત્ર આરક્ત કરીને શક્તિસિંહના મુખમંડળમાં દૃષ્ટિ લગાડી અને મહાકોપના ભાવથી તે કહેવા લાગ્યો કે, "બસ હવે બસ કર. અમર્યાદાનો પરમ અવધિ થયો; હવે મારામાં ધૈર્ય ધરવાની શક્તિ રહી નથી. શક્તિસિંહ! તું હવે મરવા માટે તૈયાર થઈ જા–આજે માતૃશોણિતથી જ–––" અભિમાન અને કોપથી તેનો કંઠ બંધાઈ ગયો–રુંધાઈ ગયો. તેનાથી વધારે બોલી શકાયું નહિ.

શક્તિસિંહ પણ એ ભાષણથી ઘણો જ ચીડાયો અને તેથી તે સ્થાન, કાળ કે મર્યાદા ઇત્યાદિ કશાનો પણ વિચાર ન કરતાં, સાહસથી બોલી ઉઠ્યો કે, "એક ક્ષત્રિયે પોતાના જેવા જ બીજા ક્ષત્રિયને મરણની ભીતિ દેખાડવી, એને હું એક પ્રકારનું હાસ્ય માનું છું. મારા મનનો અને મારા પરાક્રમનો પરિચય તો આપને

થઈ જ ચૂકયો છે. મારી બાલ્યાવસ્થાનો તે પ્રસંગ શું આપના ધ્યાનમાં નથી? મહારાજ! જ્યારે આપણે બન્ને બાળકો હતા અને પિતાસમક્ષ એક દિવસ અસ્ત્ર-વિદ્યાની પરીક્ષા આપતા હતા, તે વેળાએ હાસ્યવિનોદમાં શસ્ત્રથી મેં આપની આંગળી કેવી સફાઇથી કાપી દેખાડી હતી, તે આપને યાદ છે કે? જે પુરુષ બાલ્યાવસ્થામાં એવો શૂરવીર હતો, તે પુરુષ તરૂણાવસ્થામાં સત્યની મર્યાદાના રક્ષણ માટે, રણમાં ઝૂઝતાં, પ્રાણની પર્વા કરશે, એવો વિચાર જ આપના મનમાં કેમ આવવા પામ્યો? હું મરવાને તૈયાર છું–પ્રાણનું મૂલ્ય હું જરા પણ માનતો નથી."

આ ઘટના જોઇને સરદારો ગભરાઇને તટસ્થ વૃત્તિથી ઉભા રહ્યા. પ્રતાપનાં રક્તવર્ણ નેત્રોમાંથી અગ્નિનાં કણો વર્ષવા લાગ્યાં. તે ઘણો જ તપી ગયો; અને ભયંકર ગર્જના કરીને બોલ્યો કે; "ચાલ તૈયાર થા વ્યર્થ વિવાદ કરવાની શી આવશ્યકતા છે? મહારાણો પ્રતાપ બોલવા કરતાં કરી બતાવવાને વધારે પસંદ કરનાર છે, એ તું શું નથી જાણતો કે?"

"શક્તિસિંહ પણ કાંઈ કરી બતાવવાની જ ઇચ્છા રાખે છે. આ પૃથ્વી તળપર પ્રતાપસિંહ અને શક્તિસિંહનું અસ્તિત્વ વધારે વાર વિધાતાને માન્ય હોય, એમ આજે લાગતું નથી. કાં તો બન્નેએ અથવા તો પ્રતાપસિંહે કે પછી શક્તિસિંહે આજે જ આ નશ્વર વિશ્વનો ત્યાગ કરવો જોઇએ, એ નિર્માણ થઈ ચૂકયું છે," શક્તિસિંહે લેશ માત્ર પણ ભય વિના ઉત્તર આપ્યું.

આંખ મીચાઇને પાછી ઉઘડે તેટલા સમયમાં તો બન્ને ભાઇઓએ મ્યાનમાંથી પોતાની તલવારો બહાર કાઢી અને એક બીજાના પ્રાણ લેવા માટે તેમણે એક બીજાના શરીરપર હલ્લો કર્યો. તે વેળાની બંને બંધુની ભયંકર મુખમુદ્રાનું અવલોકન કરીને સર્વ સરદારો દિગ્મૂઢ બની ગયા. સર્વ મનમાં પોતપોતાના ઇષ્ટદેવનું એક ધ્યાનથી સ્મરણ કરવા લાગ્યા. કોઈને કાંઇપણ સૂઝયું નહિ. એટલામાં પાસે ઊભેલા એક પરહિતાર્થી વીર પુરુષે પરિણામનો વિચાર કરીને, પોતાના જીવની પરવા ન કરતાં નિમેષમાત્રમાં ત્યાં આગમન કર્યું. તેની અત્યંત ગંભીર અને નિશ્ચયાત્મક મુદ્રા જોઇને સર્વેએ તેને જવાનો માર્ગ મોકળો કરી આપ્યો. ત્યાર પછી તે પુરુષસિંહ જે સ્થળે તે બે બંધુઓ હાથમાં તલવારો પકડી પરસ્પરના પ્રાણહરણ માટે સજ્જ થઇને ઊભા હતા, તે સ્થળે તેમના મધ્ય ભાગે જઇને ઊભો રહ્યો અને ઉભયને ઉદ્દેશીને ઉપદેશ આપતો કહેવા લાગ્યો કે, "વિચાર કરો, ધૈર્ય ધરો, તમને પરમેશ્વરના શપથ છે." પરન્તુ તે બન્ને બંધુઓ એ વેળાએ મદોન્મત્ત અને હિતાહિતના જ્ઞાનથી હીન થયેલા હોવાથી, તેમણે એ મહા પુરુષની પ્રાર્થનાને ધ્યાનમાં લેવાનો શ્રમ લીધો નહિ. માત્ર એટલું જ નહિ, પણ એથી વધારે હઠ પકડીને તેઓ પોતાના કૃત સંકલ્પને પૂર્ણ કરવાની વિશેષ તત્પરતા કરવા લાગ્યા.

પરસ્પરના પ્રાણ હરણનો જેવીરીતે એ બન્ધુદ્વયને નિશ્ચય થયેલો હતો, તેવી જ રીતે વચ્ચે આવનાર હિતાર્થી પુરુષે તેમના પ્રાણરક્ષણનો, રાજકુળના હિત સાધનનો અને માતૃભૂમિ મેવાડના કલ્યાણનો અપૂર્વ નિશ્ચય કરેલો હતો. એ નિશ્ચયને સફળ કરવાનો તેણે એક અપૂર્વ ઉપાય શોધી કાઢયો. હાથમાં તીક્ષ્ણ નગ્ન અસિઓ

લઇને ઊભેલા બંધુદ્રયને સંબોધીને તે પુરુષ ગંભીર સ્વરે અને ગૌરવયુક્ત વાણીથી કહેવા લાગ્યો કે;—

"શું તમારા બન્નેમાંથી એક પણ આ દીન વિપ્રની નમ્ર પ્રાર્થના નાહ સાંભળે? તમારા આ અવિચારી કૃત્યથી આપણી આ માતૃભૂમિને ભવિષ્યમાં કેવાં કેવાં સંકટો વેઠવાં પડશે, એનો તમે વિચાર કર્યો છે કે? મારો તો એવો જ અભિપ્રાય છે કે, વૃથા અભિમાનમાં ભાન ભૂલીને તમે આ કુકૃત્ય કરવાને તત્પર થયા છો, એમાં લેશ માત્ર પણ સંશય નથી. જેવી તમારી ઇચ્છા. તમને ઉપદેશ આપીને મેં મારું કર્ત્તવ્ય બજાવ્યું છે. હું રાજપુરોહિત છું અને તેથી રાજાના હિત માટે પ્રાણની આહુતિ પણ આપવી, એ અમારું પરાપૂર્વથી ચાલતું આવેલું કર્ત્તવ્ય છે. એ કર્ત્તવ્ય મેં આજ પણ બજાવ્યું છે. મહારાજ! હવે મારા ઉપદેશ પ્રમાણે વર્તવું કે ન વર્ત્તવું, એ સર્વથા આપની ઇચ્છાને આધીન છે."

એ ઉપદેશ સાંભળી પ્રતાપ કાંઇક ઝંખવાણો પડીને તેને કહેવા લાગ્યો કે, "પુરોહિતજી! ક્ષમા કરો. વિચાર કરવાનો અને ઉપદેશ સાંભળવાનો સમય હવે રહ્યો નથી. ક્ષણ બે ક્ષણ ધૈર્ય ધરીને ઊભા રહો. મારું આ કાર્ય સમાપ્ત થતાં જ હું આપને ચરણવંદન કરીશ. આ મિથ્યાભિમાની અને ઘમંડખોર—"એમ કહીને પોતાની તલવાર ફેરવતો ફેરવતો તે પોતાના બંધુ શક્તિસિંહની છાતી પાસે જઇને ઉભો રહ્યો.

"ઠીક! હું મિથ્યાવાદી અને ઘમંડી, પણ આપ મિથ્યાભિમાની અને મદોન્મત્ત ખરા કે નહિ?" એમ કહીને શક્તિસિંહ યુદ્ધ માટે તૈયાર થઈ ગયો. બન્ને ભાઈઓ અસ્ત્રવિદ્યામાં મહા નિપુણ હોવાથી, જય કે પરાજયરૂપી પરિણામ આવવામાં થોડો જ વિલંબ રહ્યો. બેમાંથી એક અથવા તો બન્ને પરસ્પરના શસ્ત્રાઘાતથી મૃત અથવા ઘાયલ થયા વિના રહેશે નહિ, એવો સર્વ જનોનો નિઃસંશય નિશ્ચય થયેલો હતો જ.

પુરોહિત શક્તિસિંહને વિનવતો કહેવા લાગ્યો કે, "કુમાર! મારી વિનતિ તમે તો માન્ય કરો અને કૃપા કરીને શાંત થાઓ!"

તલવાર ફેરવતો ફેરવતો ખડખડાટ હસી પડી શક્તો બોલ્યો, "મહારાજ ખસી જાઓ, હું કંઈ સાંભળીશ નહિ. મારું અપમાન કરનારા મારા વડા ભાઈના પ્રાણનો હું સંહાર કરીશ, ત્યારે જ મારા હૃદયમાં શાંતિ થશે—અન્યથા શાંતિ થવાની નથી!"

બંધુ બંધુના ઘોરતમ દ્વંદ્વ યુદ્ધનો આરંભ થઈ ચૂકયો.

મહાપુરુષ રાજપુરોહિત તે ઉભય બંધુના મધ્યમાં જઇને ઉભો રહ્યો. પણ વ્યર્થ. બે ભાઇમાંથી એક પણ પાછો હઠયો નહિ; ત્યારે જ તે મોટેથી પોકાર કરીને કહેવા લાગ્યો, "રાજવીરો! તમે મારું સાંભળતા નથી? જેવી ઇચ્છા! હવે હું મારા કર્ત્તવ્યનો અંતિમ ભાગ પૂર્ણ કરું છું.—હે આકાશસ્થ દેવતાઓ! આ રાજબંધુ-દ્વયનું રક્ષણ કરો! રાજવંશનું કલ્યાણ કરો!! અને શિશોદિયા વંશના રાજછત્રને અખંડ રાખો!!! આ જો જીવતા રહ્યા, તો આજે નહિ તો કાલે મોગલોના પંજામાંથી દેશનો છૂટકારો કરશે જ, દેશમાં પુનઃ સ્વતંત્રતાની સ્થાપના કરશે અને સર્વ રાજ-પૂતોના નામને અજરામર બનાવશે. પણ આ ભ્રાતૃદ્રોહનું પરિણામ બહુ જ વિપરીત

થશે, એ તો નક્કી જ છે. પરન્તુ જો આ ભાતૃદ્રોહરૂપી અગ્નિ આ બ્રાહ્મણના રક્તપાનથી પણ શાંત થતો હોય, તો તેમ કરવાને હું કૃતનિશ્ચય છું. હે દયાઘન પરમેશ્વર!"

"અરે–અરે–અરે બ્રાહ્મણે એ શું કર્યું?" વસ્ત્રમાં છુપાવી રાખેલી કટાર તેણે પોતાની છાતીમાં ભોંકી દીધી! પાસે ઉભેલા સર્વ ક્ષત્રિયોના મુખમાંથી, "બ્રહ્મહત્યા!! મહાપાતક! મહાપાતક!" એવો અચાનક ધ્વનિ નીકળી ગયો. રક્તના ફુવારા ઉડવા માંડ્યા. બ્રાહ્મણના ઉષ્ણ રક્તના છાંટા તે ઉન્મત્ત થયેલા બંને ભાઇઓના શરીરપર પણ પડ્યા અને તેથી તેમનાં સર્વાંગો લાલ બની ગયાં. હવે બન્ને બંધુઓને ભાન આવ્યું, "આપણા માટે આ બ્રાહ્મણે આત્મહત્યા કરી! અહો બ્રાહ્મણ પણ જેવો તેવો નહિ, સ્વધર્મપરાયણ, શાસ્ત્રજ્ઞ, ઉદારચિત્ત, રાજપુરોહિત અને સ્વામિનિષ્ઠ બ્રહ્મદેવ! એના રક્તથી આપણાં શરીરો કલંકિત થયાં, એ યોગ્ય તો નજ થયું." બન્ને બંધુના મનમાં એવા પ્રકારના અનેક વિચારો ઉદ્ભવવા માંડ્યા.

એ હૃદયદ્રાવક અને શોચનીય આદર્શ જોઇને બન્ને ભાઇઓના હાથમાંની તલવારો નીચે પડી ગઈ. નેત્રોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં, કોપ શાંત થઈ ગયો. પોતાના કુકૃત્ય માટે મનમાં અત્યંત પશ્ચાત્તાપ થવા લાગ્યો. થોડીવાર તો પ્રાણહીન પાષાણ પ્રતિમા પ્રમાણે સ્તબ્ધ થઇને ઉભા રહ્યા. ટગર ટગર તે બ્રાહ્મણના મૃતદેહને જોવા લાગ્યા અને મનમાં પોતાની અવિવેકિતા માટે પોતાને ધિક્કારવા લાગ્યા.

પ્રતાપસિંહની આજ્ઞાથી મહાભારત સમારંભથી તે બ્રાહ્મણના શબનો અંત્યવિધિ કરવામાં આવ્યો. પ્રતાપસિંહે તે બ્રાહ્મણના સંમાનાર્થ તેની ચિતાને સ્થાને એક સમાધિસ્તંભ ચણાવીને તેનાપર તેના ચરિત્રનો સંક્ષેપમાં ઉલ્લેખ કરાવ્યો, અને તેના કુટુંબને નિર્વાહ માટે સારું વર્ષાસન બાંધી દીધું. એ વર્ષાસન આ જ સુધી પણ તે બ્રાહ્મણના વંશજોને મળ્યા કરે છે.

પ્રતાપસિંહે પોતાના બંધુને ઉદ્દેશીને કહ્યું, "તું આ ક્ષણે જ અહીંથી ચાલ્યો જા. આજ પછી ફરીથી જો તું મારા રાજ્યમાં કયાંય પણ જોવામાં આવીશ, તો તને કારાગૃહમાં નાખવામાં આવશે અને તારા તે અપરાધનું તને યોગ્ય પ્રાયશ્ચિત્ત મળશે."

તોફાનનાં વાદળાં વિખરાઈ ગયાં; કારણ કે, પોતાનો પરસ્પર સંબંધ શો હતો, તે હવે બન્ને સારી રીતે જાણી ચૂકયા હતા. અધિક કાંઈ પણ ન બોલતાં નમ્રતાથી શક્તિસિંહે ઉત્તર આપ્યું કે, "રાજાજ્ઞા શિરોધાર્ય છે!!" પોતાના નોકર ચાકરોને સાથે લઇને શક્તિસિંહ તે જ ક્ષણે મેવાડની ભૂમિનો ત્યાગ કરીને ચાલ્યો ગયો.

પ્રતાપસિંહ એકલો જ પોતાના મનસાથે કહેવા લાગ્યો, "હાય! પ્રારંભમાં જ અપશકુન? આનું પરિણામ શું આવશે, તે તો પરમાત્મા જાણે! હશે–જે થવાનું હશે તે થશે. મેં પ્રતિજ્ઞા તો લીધી જ છે અને તેટલા માટે ચિત્તોડ પાછું લીધા વિના એ પ્રતિજ્ઞાની પૂર્તિ થવાની નથી. ચિત્તોડનો ઉદ્ધાર એ જ મારી પ્રતિજ્ઞા. એ પ્રતિજ્ઞા પૂર્ણ કરીને હું મારા મનુષ્યજીવનનું સાર્થક્ય કરીશ. વિજયદાતા પરમેશ્વર છે!!!"

દ્વિતીય ખંડ-વ્રતગ્રહણ

પ્રથમ પરિચ્છેદ

દીપનિર્વાણ

"પસે મર્ગ મેરે મજારપર, જો દિયા કિસીને જલા દિયા;
ઉસે આહ! દામને બાદને, સરે શામહીસે બુઝા દિયા." જફર

"દાતા અને ત્રાતા પરમેશ્વર છે. તે જ મેવાડનો સ્વાતંત્ર્યદાતા અને લક્ષ્મી-ત્રાતા થશે. તો પણ મનુષ્યે પ્રયત્ન કરવો જોઇએ જ. પ્રયત્ન વિના, ઉદ્યોગ વિના અને કૃતિવિના કોઈ કાળે કોઇને પણ લાભ થયો હોય, એ સાંભળવામાં આવ્યું નથી. અમારે પણ હવે અમારી પ્રતિજ્ઞાપાલનના ઉદ્યોગમાં પ્રવૃત્ત થવું જોઇએ. ચિતોડ જ અમારી પ્રતિજ્ઞા છે અને તેની પ્રાપ્તિ માટે રાજભોગ, વિલાસ, આનંદ અને વિષયલાલસા ઇત્યાદિનો પ્રતિજ્ઞા પૂર્ણ ન થાય, ત્યાં સૂધી સર્વથા ત્યાગ કરવો ઉચિત છે. સંપત્તિશૂન્ય રાજા અને વનસ્પતિશૂન્ય વસુંધરા સમાન જ છે. રાજા! રાજા, કોનો રાજા? મારું રાજ્ય નથી, મારી રાજધાની નથી, મારો કોઈ સહાયક નથી, મારી કાંઈ પણ સંપત્તિ નથી, મારું કાંઇએ નથી. મેં રાજમુકુટ શિરે ધારેલો છે, તે વ્યર્થ જ! પ્રયત્ન વિના અને સાધનો વિના મનુષ્યથી કશું પણ કરી શકાતું નથી. ચિત્તોડનો ઉદ્ધાર કરવો, એ જ અમારો આજન્મપ્રયત્ન અને એ જ આજન્મવ્રત!!"

એક નિર્જન સ્થાનમાં પ્રતાપસિંહના પોતાના મન સાથે ઉપર કહ્યા પ્રમાણેના વિચારો ચાલતા હતા, એટલામાં ચંદાવત્ કૃષ્ણ ત્યાં આવ્યો. તેને જોતાં પ્રતાપસિંહના મનમાં આનન્દ થયો. તે મહા આતુરતાથી તેને કહેવા લાગ્યો કે, "ચંદાવત્! તમે આવ્યા બહુ જ સારું થયું. મારા મનનો જે એક હેતુ આજ સુધીમાં મેં કોઇને પણ જણાવ્યો નથી, તે આજે પ્રથમ તમને કહી સંભળાવવાનો મારો મનોભાવ છે. જુઓ, પિંજરામાં કોઇએ જાણે પૂરી રાખ્યો હોય, તેવી રીતે આ ઉદયપુરમાં નિવાસ કરવો, એ મને જરા પણ ગમતું નથી. સ્વાતંત્ર્યનો પૂર્ણ અનુભવ લીધા વિના મારા ચિત્તમાં કોઈકાળે પણ સ્વસ્થતા થવાની નથી. મારું એમ ધારવું છે કે, આજ પર્યન્ત મોગલોએ માત્ર કૃપાદૃષ્ટિ કરીને જ ઉદયપુરપર હલ્લો કર્યો નથી. જો તેઓ ધારત તો સહજમાં તેમ કરી શક્ત. પૃથ્વીમાંનું નંદનવન અને રાજપૂતોના અભિમાન સ્થાનરૂપ ચિત્તોડને પાદાક્રાન્ત કરી અને રાજપૂતાનામાંના ઘણાખરા રાજાઓને જિતીને કેવળ ઉપહાસ કરવાના હેતુથી જ મોગલોએ ઉદયપુરને અત્યારસૂધી સ્વતંત્ર રહેવા દીધું છે. હું બીજાં સર્વ સંકટો સહન કરીશ; પણ શત્રુઓએ કરેલો અનુગ્રહ તો મને તીર જેવો સાલે છે. મને સિંહાસને પણ તમે જ બેસાડ્યો છે અને આજે સિંહાસનનો ત્યાગ પણ હું તમારા સમક્ષ જ કરવા ઇચ્છું છું. બસ-મારો એ નિશ્ચય દૃઢતમ છે."

ચંદાવત્ કૃષ્ણે ઉત્સુકતાથી કહ્યું, "મહારાજ! થયું શું? આમ કરવાનું કારણ શું? તે કૃપા કરીને મને સ્પષ્ટ રીતે સંભળાવો. આ દાસ સુખમાં, દુઃખમાં, સંપત્તિમાં,

વિપત્તિમાં અને રણમાં કે વનમાં પ્રત્યેક અવસ્થામાં આપની આજ્ઞા શિરસાવંદ્ય કરીને આપ સાથે રહેવાને તૈયાર છે।

એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને પ્રતાપસિંહ બોલ્યો, "સરદાર! મારા અંતિમ નિશ્ચયને જ અત્યારે અમલમાં લાવવો જોઇએ. વનવાસગ્રહણ કરવા વિના મારા ચિત્તમાં શાંતિ થવાની નથી. વનવાસસુખ તેજ મારું પ્રકૃત સુખ છે અને તેથી તે સુખ મેળવી આપવા માટે જ હું તમને કહું છું."

પ્રતાપના વિશાળ અને તેજસ્વી નેત્રોમાં અશ્રુ આવી ગયાં. તે જોઇને તે સ્વામિનિષ્ઠ સરદારના અંતઃકરણમાં પણ ખેદનો આવિર્ભાવ થવા માંડ્યો. એક દીર્ઘોષ્ણ નિઃશ્વાસ નાંખીને પ્રતાપસિંહના મુખને જોતો ચંદાવત્ બોલ્યો; "વનવાસનો ભાવાર્થ હું સમજ્યો નહિ."

પ્રતાપે પુનઃ બોલવાનો આરંભ કર્યો; "વનવાસના ક્લેશોને સહન કરવા, એ કૃતિ મહાનુભાવોની જ કહેવાય છે; એ કૃત્ય નથી. મારો તો વનવાસના સ્વીકારનો નિશ્ચય થઈ ચૂકયો છે. વનવાસ ગ્રહણ વિના ચિત્તોડના ઉદ્ધારનો બીજો એક પણ ઉપાય મારા જોવામાં આવતો નથી. અત્યંત કષ્ટો અને સંકટો સહન કર્યા વિના કોઈ પણ મહત્કાર્ય સિદ્ધ થઈ શકતું નથી જ. જ્યારે ચિત્તોડનો ઉદ્ધાર એ જ મારી પ્રતિજ્ઞા છે, ત્યારે આજથી મારે સર્વ સુખો અને સર્વ ઉપભોગોનો ત્યાગ કરીને તેમને તિલાંજલિ આપવી જોઇએ."

"મહારાજ! એ વિચાર--"

ચંદાવતને વચમાં જ અટકાવીને પ્રતાપ આગળ બોલવા લાગ્યો, "જુઓ ચંદાવતજી! ભરતખંડમાં મહાપ્રતાપી પાંડવોને પણ રાજ્યભ્રષ્ટ થઇને વનવાસી થવું પડ્યું હતું. તેમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે, કાં તો રાજ્યપ્રાપ્તિ અને કાં તો વનવાસ. બેમાંની એક સ્થિતિમાં રહેવું; કારણ કે, વનવાસ અથવા રાજ્યપ્રાપ્તિ એ બે ઉપરાંત ત્રીજી દશામાં સુખ નથી, એ તેઓ સારી રીતે જાણતા હતા; અર્થાત્ મધ્યસ્થિતિનું સુખ તે સુખની ગણનામાં નથી. અતિશય કષ્ટમાં અને ઘોર વનવાસમાં જે સુખ છે, તેની કલ્પના પણ ઘણા જ થોડાના મસ્તિષ્કમાં હશે. અત્યારે એ સુખનો જ વિચાર કરવાનો છે."

"હવે આપના કહેવાનો ભાવાર્થ કાંઈક મારા ધ્યાનમાં આવે છે.?" ચંદાવતે સમાનભાવદર્શક મુદ્રાથી સંક્ષિપ્ત ઉત્તર આપ્યું.

એટલે પ્રતાપસિંહ મહા આનંદદર્શક મુદ્રાથી બોલવા લાગ્યો. "તમે મારા કહેવાનો ભાવાર્થ સમજી શકયા, એ ઠીક થયું-યોગ્ય બન્યું. આ તમારા સત્કૃત્ય માટે હું તમારો ઋણી થયો છું. આ ઋણનો બદલો આ જન્મમાં તો મારાથી આપી શકાશે નહિ."

"મહારાજ! આવા શબ્દો ન ઉચ્ચારો. હું તો કેવળ મારું કર્તવ્ય બજાવું છું. એમાં ઋણ જેવું શું છે?" ચંદાવત્ કૃષ્ણે પોતાની નમ્રતા દર્શાવી.

પ્રતાપ અને ચંદાવતનું એ મહાત્વના વિષયમાં પરસ્પર સંભાષણ ચાલી રહ્યું હતું, એટલામાં ત્યાં એક ગુપ્ત દૂત દોડતો દોડતો આવી લાગ્યો અને પ્રણામ કરીને

આજ્ઞાની વાટ જોતો ઉભો રહ્યો. તેની મુખમુદ્રા બહુ જ મ્લાન થયેલી દેખાતી હતી. પ્રતાપે તેને જે સમાચાર લાવ્યો હોય, તે કહી સંભળાવવાની સંકેતથી આજ્ઞા કરી, એટલે તે દૂત બોલ્યો.

"મોગલોની દૃષ્ટિ ઉદયપુરપર પડી છે, તેઓ ચઢાઇની તૈયારી કરે છે ને ઉદયપુર સત્વર જ ઉધ્વસ્ત થઈ જશે એમ ભાસે છે. મહારાજ! શું કહું? એ કાર્યમાં કેટલાક રાજદ્રોહી અને દેશદ્રોહી રાજપૂતોનો પણ હાથ છે અને તેમના બળથી જ મોગલોએ ઉદયપુરના નાશ માટે કમર કસેલી છે, એવા સમાચાર મળ્યા છે."

"બહુ સારું. જો એમ ન થાત, તો પરમેશ્વરની લીલાને આપણે કયાંથી જાણી શકત? જા, તું તારું કાર્ય કર." આજ્ઞા થતાં જ નમ્રતાથી પ્રણામ કરીને તે દૂત ત્યાંથી ચાલ્યો ગયો.

દૂતના ગમન પછી ચંદાવતે ગંભીરતાથી પ્રતાપસિંહને કહ્યું "મને તો સર્વ અવલક્ષણો જ દેખાય છે."

"અવલક્ષણો શાનાં? મને તો વિરુદ્ધ પક્ષે સર્વ સુલક્ષણો જ દેખાય છે." જેટલાં સંકટો વધારે, તેટલી પરમેશ્વરની કૃપા અધિક. એમ જ સમજવું. ચાતુર્ય અને દૂરદર્શિત્વનો આપણામાં જે અભાવ છે, તે આપણને આવા પ્રસંગોથી પ્રાપ્ત થઈ શકશે, સમજ્યા?

પ્રતાપસિંહનું એ ભાષણ સાંભળીને ચંદાવત્ મોટેથી હસી પડ્યો. "તમે હસ્યા શા માટે વારુ?" પ્રતાપે પૂછ્યું.

"આપે મારા હાસ્યનો શો અર્થ કર્યો?" ઉત્તર ન આપતાં ચંદાવત્ કૃષ્ણે પ્રશ્ન કર્યો.

"ત્યારે મારા મનમાં જે તર્ક આવ્યો, તે જ સત્ય થયો ને? પ્રતાપે તેના મનોભાવને જાણીને માર્મિક રીતે પૂછ્યું.

ગંભીર વાણીથી ઉત્તર આપતાં ચંદાવત્ બોલ્યો "હા—આપે જે તર્ક કર્યો છે, તે જ સત્ય છે. મારું હાસ્ય તે આપના વિચારનો સર્વથા પ્રતિબિંબ જ છે. મહારાજ! આપનું હૃદય તે મહત્તાનો એક સાગર છે. રાજપૂતોના નામને આપ જ અમર કરી શકશો. હવે આપણે શું કરવાનું છે, તેની આજ્ઞા થવી જોઇએ. આ દાસ સ્વામીની આજ્ઞાનું પાલન કરવાને તૈયાર છે."

"હું પણ એ જ કરવાનો હતો. અત્યારે તો ઉદયપુરનો ત્યાગ કરવો, એ જ વધારે યોગ્ય છે. જીવનની ભીતિથી જો મારાં વડિલોએ ચિત્તોડ છોડી ન દીધું હોત અને અંતપર્યન્ત જો તેઓ શૌર્યથી લડતા રહ્યા હોત, તો ચિત્તોડનો ઉદ્ધાર માટે આજે મને વનવાસનો સ્વીકાર કરવાની આવશ્યકતા થઈ ન પડત! શૂરવીર સામંત! પૂર્વે જે વાતનો મેં વિચાર કરી રાખ્યો હતો, તેનું જરાતરા પરિણામ તો દૂતના મુખથી આપણે સાંભળ્યું અને હવે પછી પણ એવી અનેક વાતો આપણા સાંભળવામાં આવશે. માટે પહેલાંથી જ આવા પ્રસંગોને માટે આપણે તૈયાર થઈ રહેવું જોઇએ, એમાં જ આપણો લાભ સમાયલો છે. બે દિવસ પછી જે અનિષ્ટ થવાનું હોય, તેનો પ્રતિકાર કરવાની જો આપણે આજથી જ તૈયાર કરી રાખીએ, તો તે અનિષ્ટ આપણને વિશેષ દુઃખદાયક થઈ નથી શકતું. અત્યારે તો ઉદયપુરનો દીપ નિર્વાણ કરીને કોઈ એક ઘોર વનમાં જઇને વાસ કરવો, એ જ આપણા માટે વધારે લાભકારક અને ફળદાયક છે."

"મહારાજની આજ્ઞા શિરસાવંદ્ય છે" ચંદાવતે અનુમતિ આપી.

"મારે તમને હજી વધારે કહેવાનું છે, પણ તે યોગ્ય પ્રસંગે કહીશ. હાલ તરત તો આપણે રાજપૂતોની એક મોટી સભા ભરવી જોઇએ. "પ્રતાપસિંહે પોતાની ઇચ્છા વ્યક્ત કરી."

ત્યારપછી પ્રતાપસિંહ પોતાના મન સાથે કહેવા લાગ્યો; "મારો આ વિચાર સર્વને ગમશે ખરો? હા-ગમશે જ." પોતાના પ્રશ્નનું પોતે જ જેવું આવ્યું તેવું ઉત્તર આપી દીધું.

મહાપુરુષો જે માર્ગ નિયત કરે છે, તે માર્ગ ગમે તેવો અને ગમે તેટલો કઠિન હોય તો પણ તેમના અનુયાયી જનો તે જ માર્ગમાં વિચરે છે, અને એમ થવું, એ સર્વથા સ્વાભાવિક-નૈસર્ગિક છે.

દ્વિતીય પરિચ્છેદ

ક્ષત્રિયોની સભા

"यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥" શ્રીમદ્‌ભગવદ્ગીતા.

સર્વ ક્ષત્રિયોની એક મહાસભા ઉદયપુરના રાજમહાલયની સામેના એક વિસ્તીર્ણ આંગણામાં ભરાયલી હતી. રાજ્યમાંના નાના, મોટા, પ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત, શ્રીમાન્, દીન, ઉચ્ચ કુલોદ્‌ભવ અને નીચ કુલોત્પન્ન સર્વ ક્ષત્રિયો એકઠા થયેલા હતા. રાજપૂત વીરોની એવી પ્રચંડ સભા પૂર્વે કોઇવાર પણ ભરાયલી હતી નહિ. પ્રતાપસિંહની સર્વ પ્રજા એક વિશિષ્ટ ઉદ્દેશથી આજે એકત્ર થયેલી હતી.

મહારાણો પ્રતાપસિંહ રાજવેશમાં એક ઉંચા રત્નસિંહાસને વિરાજમાન થયેલો હતો અને કોઈ વિશેષ ઉદ્દેશથી સર્વ લોકોના મુખનું સૂક્ષ્મ સમીક્ષણ કરતો હતો. તેના ઉભય હસ્તે તેના પ્રધાન અને અન્ય અધિકારી જનો પોતપોતાના આસને વિરાજેલા જોવામાં આવતા હતા. કેટલાક ભાટો પણ એ સભામાં હાજર હતા. મહારાણાનો મુખ્ય પ્રધાન ભામાશા મહારાણાના જમણા હાથપર વીરાસનથી બેઠેલો જોવામાં આવતો હતો. પ્રતાપસિંહ ત્યાં એકત્ર થયેલા સર્વજનોને ઉદ્દેશીને ગંભીર અને માર્મિક સ્વરથી કહેવા લાગ્યો કે, "ક્ષત્રિય વીર બંધુઓ! આવી દીન દશામાં હજી તમે કેટલોક કાળ વ્યતીત કરશો? મોગલોના પંજામાંથી તમે ચિત્તોડનો ઉદ્ધાર કરી શકો તેમ નથી શું? સ્વર્ગતુલ્ય ચિત્તોડનગરી શું સદાને માટે પરતંત્રતાની શૃંખલામાં બંધાયલી જ રહેશે? સુવર્ણપુરી ચિત્તોડ નગરી શું સદાને માટે અલંકારહીન વિધવા સમાન આવી રીતે રુદન કરતી જ રહેશે? જો એમ જ હોય, તો પછી આપણે જીવ્યા કે મુઆ તે સમાન જ છે! શૂરવીર ક્ષત્રિય વીરો! સ્વદેશ ઉદ્ધારનાં કાર્યમાં અને સ્વાતંત્ર્યપ્રાપ્તિના કાર્યમાં આવી રીતે ઉદાસીન થઇને બેસી રહેશો, તો શું એ કાર્ય શૂદ્રો સિદ્ધ કરશે? આપણા અંગની પ્રત્યેક શિરામાં ઉષ્ણ ક્ષત્રિયશોણિતનું વહન થાય છે, તે શા માટે? ઉઠો ઉભા થઈ જાઓ. આજે-અત્યારના શુભ મુહૂર્તે આપણે સર્વે એક કઠિન વ્રતનો

સ્વીકાર કરીએ. જ્યાં સુધી ચિત્તોડનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી આપણે અશૌચ ધારણ કરીશું. પ્રિયતમ માતાપિતા અથવા કોઈ આપ્તગોપ્ત કે ઇષ્ટજનના મરણ પછી સર્વ પ્રકારના સુખોપભોગનો ત્યાગ કરીને જેવી રીતે આપણે અશૌચ ધારણ કરીએ છીએ, તેવી જ રીતે આપણે આજથી સ્વદેશઉદ્ધારના કાર્ય માટે અશૌચ ધારણ કરીશું. મેવાડ-વાસી સર્વ જનો જો એવું સાર્વજનિક શોકચિન્હ ધારણ કરશે, એવા કઠોર બ્રહ્મચર્ય-વ્રતનું અવલંબન કરશે, એવા ઐક્યનું ઉદાહરણ બીજાઓને બતાવશે, તો કોઇને કોઈ દિવસે પણ એનું ફળ આપણને અવશ્ય મળશે જ. એ વ્રત અથવા પ્રતિજ્ઞાનું નામ **"કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ"** છે. સ્વદેશના ઉદ્ધારમાટે, સ્વજાતિના કલ્યાણ માટે અને સ્વાતંત્ર્યના રક્ષણ માટે જો આપણે એ વ્રતનો અંગીકાર કરીશું, તો પરમેશ્વર આપણી મનઃકામના અવશ્ય પૂરી કરશે જ. મેવાડ આપણી માતૃભૂમિ છે—આપણી જનની છે—તે સ્વર્ગાદપિ ગરીયસી જન્મભૂમિ—સુવર્ણ રાજસ્થાનનો ઉત્કૃષ્ટ અંશ-સ્વર્ગતુલ્ય ચિત્તોડ આજે મોગલોના અધિકારમાં છે! આપણી આ કેવી શોચનીય સ્થિતિ!!! આવી જનનીના ઉદરમાંથી જન્મ ધારીને આપણે તેના પવિત્ર નામને કલંકિત કરનારા જ નીકળ્યા?"

એ ભાષણ સાંભળતાં જ ત્યાં એકત્ર થયેલા અગણિત ક્ષત્રિયવીરોએ "ના—ના—કદાપિ નહિ. ચિત્તોડનો ઉદ્ધાર, એ જ અમારું જીવનવ્રત!" એવી એક ગગનભેદક ગર્જના કરી.

પ્રતાપસિંહ મનમાં મહા આનંદ પામીને પાછો બોલવા લાગ્યો; "તેજસ્વી ક્ષત્રિય-વીરોના મુખમાંથી આવું જ ઉત્તર મળવું જોઇએ! હવે હું એ અશૌચવ્રત વિશે કાંઇક વિશેષ વિવેચન કરું છું, તે લક્ષપૂર્વક સાંભળો. જ્યાંસુધી આપણે ચિત્તોડનો ઉદ્ધાર કરી ન શકીએ, ત્યાંસુધી આપણામાંથી કોઇએ પણ કોઈ પણ પ્રકારનો આનંદોત્સવ કરવો નહિ. જનની જન્મભૂમિને સ્વાતંત્ર્યની પ્રાપ્તિ કરાવી આપવા માટે પિતૃમાતૃ વિયોગ જનિત દુઃખ પ્રમાણે નિત્ય અશૌચ ચિહ્ન ધારણ કરીને જ રહેવું. તરુપત્રપર ભોજન અને સર્વેએ તૃણશય્યાપર શયન કરવું. સર્વ પ્રકારના વિલાસોનો ત્યાગ કરવો. આજથી આપણો વિજયભેરી સૈન્યના અગ્રભાગે ન રહેતાં પાછળના ભાગમાં રહેશે. નિત્ય દીન, હીન અને કંગાલ વૃત્તિમાં રહીને અનન્ય ભાવથી પરમેશ્વરની કરુણાની યાચના કરવી—એમ કરવાથી તે દયાઘન પરમેશ્વર આપણાપર અવશ્ય કૃપા કરશે જ. જો આવું કઠિન વ્રત આપણે નિશ્ચયપૂર્વક પાળીશું, તો આપણામાં ભીષણ પરાક્રમો કરવાનું સામર્થ્ય આવશે. આ પછી ચિત્તોડનો ઉદ્ધાર તો શું, પણ અખિલ ભારતવર્ષનો પણ આપણે સહજમાં ઉદ્ધાર કરી શકીશું."

"સ્વદેશ કલ્યાણમાટે અમે સર્વેએ એ વ્રતનો સ્વીકાર કર્યો!" સર્વ રાજપૂત વીરોએ એકાએક ગર્જના કરી.

પ્રતાપસિંહના અંગમાં એથી બમણું બળ આવ્યું અને તે વધારે ઉત્સાહ પામીને બોલ્યો કે, "મેવાડનો આનંદદીપ આજથી બુઝાઈ જાઓ અને સર્વત્ર અંધકારનો વિસ્તાર થાઓ! હવે મેવાડમાં હસતા મુખનું દર્શન થશે નહિ. સર્વ રાજ્ય સ્મશાનવત્ થઈ જાઓ! દેશની શોભા અને સુંદરતાનો પણ નાશ થાઓ. આનંદી મનુષ્યનો આનંદ-

ધ્વનિ, દુઃખિત જનનો રૂદનધ્વનિ, સંગીતનો કર્ણમનોહર ધ્વનિ, બાલકોનાં હાસ્યધ્વનિ, સ્ત્રીપુરુષોનું પ્રણયસંભાષણ અને માતાપિતાનો વાત્સલ્ય પ્રેમ, એમાંના એકને પણ હવે પછી આ રાજ્યમાં આશ્રય મળી શકશે નહિ. કૃષિકારોએ કૃષિકર્મ ન કરવું અને વ્યાપારી જનોએ વ્યાપારનો અવરોધ કરી દેવો. પછી જોઈએ કે, એવા એક સર્વથા સ્મશાન સમાન બની ગયેલા મેવાડને હસ્તગત કરીને મોગલો શો લાભ મેળવી શકે છે તે?"

પ્રતાપનાં તેજસ્વી અને વિશાળ નેત્રો અશ્રુપૂર્ણ થઈ ગયાં. સભામાંના સભાજનોની પણ એ જ સ્થિતિ થઈ ગઈ અને તેઓ અધોવદન થઇને દીર્ઘ નિઃશ્વાસ નાંખવા લાગ્યા. પ્રતાપસિંહે અશ્રુ લુછીને વળી પોતાના ભાષણને આગળ લંબાવતાં કહ્યું કે, "બાંધવો! નિરાશ થવાનું કશું પણ કારણ નથી. આ વ્રતનું આપણે સદાને માટે નહિ, પણ અમુક કાળ પર્યન્ત જ પાલન કરવાનું છે. જ્યારે સુવર્ણ સમાન ચિત્તોડ નગરને આપણે ગુમાવીને બેસી રહ્યા છિયે, ત્યારે આ સ્મશાનતુલ્ય રાજ્ય અને રાજધાનીનો ત્યાગ કરવો, એ કાંઈ વધારે દુઃખદાયક નથી. જન્મભૂમિ અને પુરાતન પિતૃગૃહનો ત્યાગ કરતાં પ્રથમ ક્ષણે હૃદયમાં ખેદ થાય, એ તો સ્વાભાવિક જ છે; પરંતુ આ નવીન વ્રતનું રહસ્ય જ્યારે સમજાશે અને બે ચાર દિવસ વીતી જશે, ત્યારે પછી એટલું દુઃખ તમારા હૃદયમાં થશે નહિ. આરાવલી પર્વતના ઉચ્ચ પ્રદેશમાં કોમલમેર નામની એક ખીણ છે, ત્યાં આપના નવીન રાજ્યની સ્થાપના કરવાની છે. એ દુર્ગમસ્થળે દુષ્ટ મોગલ લોકોનું કાંઈ પણ ચાલવાનું નથી. આપણી આવી દુર્દશાના સમયમાં જો વધારે દિવસ આપણે અહીં જ પડ્યા રહીશું, તો ક્ષણે ક્ષણે આપણને ભયંકર ત્રાસો સહન કરવા પડશે. પુરાતન કાળથી મોગલોની કાકદૃષ્ટિ રાજસ્થાનપર પડેલી છે અને અધૂરામાં પૂરું હોય! એ વિચાર આવતાં જ હૃદય ફાટી જાય છે—કેટલાક સ્વદેશદ્રોહી કુલાંગાર રાજપૂતો પણ મોગલોના દાસાનુદાસ બનીને સ્વદેશનાશના ઉદ્યોગમાં તનમન ધનથી પ્રવૃત્ત થયેલા દેખાય છે."

વજ્રહૃદયી પ્રતાપનાં નયનોમાંથી હવે પ્રસિદ્ધતાથી અશ્રુનો પ્રવાહ વહી નીકળ્યો. તેના કંઠનો પણ અવરોધ થઈ ગયો. સ્વજાતિની નીચતાનો અંતઃકરણમાં વિચાર આવતાં જ સભામાંના બીજા સર્વ જનો પણ શોકથી અશ્રુની વર્ષા વર્ષાવવા લાગ્યા. તેમને આશ્વાસન આપનાર કોઈ પણ હતું નહિ.

થોડીવાર પછી મનનો આવેગ કિંચિત્ ન્યૂન થવાથી પ્રતાપે વળી પોતાનું ઉત્સાહપૂર્ણ ભાષણ આગળ ચલાવ્યું. તે બોલ્યો, "સહોદરો! કઠિન બ્રહ્મચર્ય વ્રત સ્વીકારવાનો શું આપણને આ અમૂલ્ય પ્રસંગ નથી મળ્યો? મારવાડ, અંબર અને બીકાનેરના રાજપૂતો, જાતિ અભિમાનને છોડીને પરદેશી—પરધર્મી—મ્લેચ્છ મોગલોના ગુલામ બની ગયા છે. તેઓએ પોતાના શરીરમાં રમી રહેલા વંશપરંપરાગતના ક્ષત્રિય રક્તના વિચારને દૂર કરીને, પોતાના અસ્તિત્વને વિસારીને, જાતિ, ધર્મ, આચાર અને વ્યવહાર એ સર્વને તિલાંજલિ આપી દીધી છે. વધારે શું કહું? એવા એ કુલાંગારોને પોતાની કન્યા, ભગિની અને પ્રત્યક્ષ પત્ની પણ મોગલોનાં ચરણોમાં અર્પણ કરવામાં એક પ્રકારનું સર્વોત્કૃષ્ટ પુરુષાર્થ કર્યા સમાન ભાસ થાય છે. એવા પ્રકારના નિઃસત્વ

અને પશુતુલ્ય જીવનને તમે પસંદ કરશો ખરા? હું નથી ધારતો કે, એવા જીવનનો સ્વીકાર કરવાને કોઈ પણ ક્ષત્રિયપુત્ર તૈયાર થશે."

"નહિ—નહિ—કદાપિ નહિ—કોઈ કાળે નહિ. એવા જીવન કરતાં તો મરણ સહસ્રવાર વધારે સુખદાયક થઈ પડશે!" ચારે તરફથી સર્વ વીરોએ સમુદ્રસમાન ભીષણતાથી એકત્ર નાદ કર્યો.

"ત્યારે મૃત્યુ કરતાં—એટલે કે અપમૃત્યુ થાય, તેના કરતાં સ્વદેશના કલ્યાણ માટે આ મહા વ્રતનો સ્વીકાર કરવો, એ વધારે સારું નથી કે શું?" પ્રતાપે સમયસૂચકતાનો ઉપયોગ કરીને તેમના ઉત્સાહને વધારવાના હેતુથી કહ્યું.

"આજથી અમે બધાએ એ મહાવ્રતની દીક્ષા લીધી. સ્વદેશને સ્વાતંત્ર્ય નહિ મળે અને ચિત્તોડનો ઉદ્ધાર નહિ થાય, ત્યાં સુધી અમે એ વ્રતનો ભંગ કરીશું નહિ. એમાટે મહારાજ સમક્ષ અમે પવિત્ર મનથી પ્રતિજ્ઞા કરિએ છિયે," સર્વેએ વ્રતનો સ્વીકાર કરતાં ઉત્તર આપ્યું.

"ત્યારે સર્વ જનો એકવાર વળી પણ એકત્ર નાદ કરીને કહો કે, "કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ!' એટલે મારા હૃદયમાં સંતોષ થાય." પ્રતાપે તેમના ઉત્સાહને આકાશમાં ચઢાવતાં એ શબ્દોનો બળપૂર્વક ઉચ્ચાર કર્યો.

સર્વ ક્ષત્રિય વીરોએ જાણે કોઈ શક્તિએ અંગમાં સંચાર કર્યો હોયની! તે પ્રમાણે ઉન્મત્ત થઇને "કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ" નો ગગનભેદક અને પૃથ્વીને કંપાવનારો ધ્વનિ કર્યો. તે ધ્વનિ દિશાઓમાં સર્વત્ર પ્રસરી ગયો.

એટલામાં પ્રતાપસિંહે પોતાના એક મુખ્ય ભાટને નેત્રસંકેત કર્યો, એટલે તત્કાળ તે પોતાના બીજા સાથીઓ સહિત અગ્રભાગે આવીને એક શૌર્યવર્ધક પદ્ય ગાવા લાગ્યો. તે પદ્યનો ભાવાર્થ નીચે પ્રમાણે હતોઃ—

"શુભ ક્ષણ, શુભ મુહૂર્ત, માહેન્દ્ર યોગ! આવો શુભ યોગ પાછો કોઈ કાળે પણ આવવાનો નથી. આ યોગમાં જ વ્રતગ્રહણ કરો, બ્રહ્મચર્યવ્રત ધારો અને સ્વદેશ-સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે જીવનું બલિદાન આપવાને તત્પર થાઓ. અહીંથી નિકટમાં જ આવેલી સુવર્ણનગરી દીન હીન થઇને વિધવા નારી પ્રમાણે અશ્રુ ઢાળતી બેઠેલી છે. મેવાડની રાજલક્ષ્મીનો વિધર્મી મોગલ લોકો અનેક પ્રકારે છળ કર્યા કરે છે અને કેટલાક કુલાંગાર રાજપૂતો પણ એ કાર્યમાં તેમને સહાયતા આપ્યા કરે છે. એ સર્વ સાંભળવા અને જાણવા છતાં પણ તમે સત્ય વીરો મૌન્ય ધારીને બેસી રહેશો કે શું?" ના—ના એમ શાંત થઇને બેસી રહેવાથી કશો પણ લાભ થવાનો નથી. વ્રતગ્રહણ કરો. એક ટેકી થાઓ અને રાજપૂતોના નામની પવિત્રતાને જાળવી રાખો. આવો યોગ પાછો કોઈ કાળે પણ આવવાનો નથી જ."

શૌર્યોત્પાદક પદ્ય બંધ થયું. એથી સર્વ ક્ષત્રિય વીરોના અંગમાં તત્કાળ સ્ફૂર્ત્તિનો આવિર્ભાવ થયો. ધ્યાન, મન અને સ્વપ્નમાં પણ તેમને "શુભ ક્ષણ, શુભ મુહૂર્ત્ત, માહેન્દ્ર યોગ! આવો શુભ યોગ પાછો કોઈ કાળે પણ આવવાનો નથી!" એ શબ્દો જ વારંવાર ધ્વનિત થતા દેખાયા. બીજા વિચારોનો લય થયો.

તૃતીય પરિચ્છેદ

વનવાસ

“एको देवः केशवो वा शिवो वा एकं मित्रं भूपतिर्वा यतिर्वा।
एको वासः पत्तने वा वने वा एका भार्या सुन्दरी वा दरीवा” ॥ भर्तृहरिः

વિગત પરિચ્છેદમાં વર્ણવેલી ઘટના બની ગયા પછી મેવાડની પૂર્વસ્થિતિમાં ધીમે ધીમે પરિવર્ત્તન થતું ગયું. સર્વ ક્ષત્રિયોએ આયુષ્ય વીતાડવાની પૂર્વ દિશાને બદલી નાંખી. સર્વ લોકો પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત્તવાના ઉદ્યોગમાં લાગ્યા. એ દિવસથી જ સર્વેએ પોતપોતાના ઘરબારની માયામમતા છોડી દીધી. એ દિવસથી સર્વ પ્રજાજનો મહારાણા પ્રતાપસિંહની આજ્ઞા અનુસાર ઉદયપુર અને તેના આસપાસના સમસ્ત પ્રદેશને પ્રણામ કરીને આરાવલી પર્વતમાંની કોમલમેરની ખીણની આસપાસમાં ઝૂંપડીઓ બાંધીને રહેવા લાગ્યા.

પ્રતાપસિંહે કોમલમેરને પોતાની રાજધાનીનું નગર બનાવ્યું અને આસપાસમાં કેટલાક કિલ્લા બંધાવ્યા. રાજધાનીનું નવીન નગર તે દીનતા અને કષ્ટ સહિષ્ણુતાનું મૂર્ત્તિમંત નિવાસસ્થાન હતું. સમગ્ર રાજધાનીમાં જેને ઘર કહી શકાય એવું એક પણ મકાન હતું નહિ. ઘાસ અને ઝાડનાં પાંદડાંની બનાવેલી ઝૂંપડીઓ જ તેમને પ્રિય લાગતી હતી. પ્રતાપસિંહ પોતે પણ એવી જ એક પર્ણકુટીમાં રહેતો હતો, ત્યાં બીજા રહે એમાં તો પૂછવું જ શું હોય?

ઉદયપુર કે તેના આસપાસના પ્રદેશમાં કોઈ પણ હિંદુ મળી આવશે, તો તેને પ્રાણદંડની શિક્ષા ભોગવવી પડશે, એવી સખત રાજાજ્ઞા હતી અને બીજું મહારાજ સમક્ષ સર્વેએ પ્રતિજ્ઞા કરી હતી, એટલે ઉદયપુરમાં કોઈ મનુષ્ય હોય જ કયાંથી? મૂર્ખતાથી રાજાજ્ઞાનો ભંગ કરવાથી એક ગોવાળિયાને વિના કારણ પ્રાણદંડની શિક્ષા ભોગવવી પડી હતી, અને ત્યાર પછી તેના શબને કોઈ વૃક્ષે ટાંગી મૂકવાની અને જે કોઈ પણ ભવિષ્યમાં રાજનિયમનું ઉલ્લંઘન કરશે, તેની આવી જ દુર્દશા થશે, એમ જાહેર કરવાની પ્રતાપસિંહે આજ્ઞા કરી દીધી. પોતાની એ આજ્ઞાનું અનુચરો અક્ષરશઃ પાલન કરે છે કે નહિ,? એની તપાસ લેવાને વારંવાર તે પોતે જ ગુપ્ત વેશમાં બહાર નીકળી પડતો હતો.

થોડા જ દિવસમાં તે વિશાળ અને વસતિયુક્ત ઉદયપુરનો પ્રદેશ સ્મશાનસમાન ભયાનક અને ઉજ્જડ બની ગયો. વીરોનો જયધ્વનિ અને નાગરિકોનો આનંદકોલાહલ ત્યાંથી સંભળાતો બંધ થયો. ફળદ્રૂપ ખેતરો ઉજ્જડ થઈ ગયાં. વીથિકા, નાટકગૃહો અને ઉદ્યાનનાં તો નામ માત્ર પણ ત્યાં રહેવા પામ્યાં નહિ. હિંસ્ર પ્રાણીઓ નિર્ભયતાથી સર્વત્ર સંચાર કરવા લાગ્યાં. સર્વ પ્રદેશમાં દિવસે અને રાત્રિના સમયે એક સમાન શાંતતા અને નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું. પ્રતાપસિંહ કોઈ કોઈ વેળાએ એ શાંત અને નિઃસ્તબ્ધ સ્થળે આવીને એકાંત અશ્રુવિમોચન કરતો હતો અને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાનો દૃઢ નિશ્ચય કરી મનમાં કહેતો કે, “માત્ર મારે લીધે જ રાજ્યની આવી દુર્દશા થઇને! વડિલોપાર્જિત રાજધાનીના નગરને મેં સ્મશાન બનાવી દીધું! પરંતુ મારા મનમાં જે એક મહાન્ હેતુ નિવાસ કરી રહ્યો છે,

તેનો હે પરમાત્મન્! માત્ર તું જ એક સાક્ષી છો! કારણ કે, તું અંતર્યામી છે. મેં આ રાજ્યનો નિરર્થક નાશ કર્યો નથી. આ સ્મશાનસ્થ ભસ્મરાશિમાં જે એક ચિંગારી અદ્યાપિ વાસ કરે છે, તે આ જ નહિ તો ચાર દિવસ પછી પણ સમગ્ર મોગલ સામ્રાજ્યને ભસ્મીભૂત કરી નાંખવાને સર્વથા સમર્થ છે જ! પ્રાણ જાય તો જાય, પણ પ્રતિજ્ઞાપાલન કર્યા વિના હું સુખે બેસવાનો નથી જ. મારી મનોદેવતા મને કહે છે કે, "પ્રયત્ન કર–એટલે કાર્ય સિદ્ધ થશે અને ગત વૈભવ પુનઃ પ્રાપ્ત થશે. માતા જન્મભૂમિ! મારા હેતુને સિદ્ધ કરવાનું મારામાં સામર્થ્ય આપ!"

"પિતાજી! રણભીરુ ઉદયસિંહ! શિશોદિયા વંશમાં જો તમે જન્મ જ ન લીધો હોત, તો બહુ જ સારું થાત! પ્રાણભયથી ચિત્તોડ છોડીને જો તમે ચાલ્યા ન ગયા હોત, તો તમારાં બાળકોને અત્યારે આ વયમાં રણવગડાના સંન્યાસી બનવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ન હોત!! પિતાના પાપોનું પ્રાયશ્ચિત્ત આજે પુત્રોને ભોગવવું પડે છે. પણ ચિન્તા નહિ. જગતના ઇતિહાસમાં આ પ્રતાપસિંહનું નામ તો અજરામર થશે જ, એમાં લેશ માત્ર પણ સંશય કે શંકા જેવું નથી–એટલો જ મારા હૃદયમાં સંતોષ છે."

ચતુર્થ પરિચ્છેદ

શક્તિસિંહ

"विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः" ॥ भर्तृहरिः

સર્પસમાન વક્રગતિ ધરાવનારા શક્તિસિંહને વાચક ભૂલી તો નહિ જ ગયા હોય. પ્રતાપ પાસેથી દૂર થવા પછી તેની શી ગતિ થઈ, તે આપણે પ્રસ્તુત પરિચ્છેદમાં જોવાના છિયે. રાજપુરોહિતના શોચનીય મૃત્યુથી પ્રતાપના મનમાં જેટલો ખેદ થયો, તેટલો જ શોક શક્તિસિંહના હૃદયમાં પણ થયો. પરંતુ પ્રતાપે તેને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકયો, એ અપમાન તેને અસહ્ય થઈ પડયું અને ધીમે ધીમે તેના થયેલા એ અપમાને દ્વેષનું સ્વરૂપ ધારણ કર્યું. વીરોનો પરસ્પર દ્વેષ–બંધુ બંધુનો પરસ્પર દ્વેષ–અંતે એ દ્વેષે મહા ભયંકરતાનો સ્વીકાર કર્યો. દ્વેષરૂપી અગ્નિએ બેસતાં, ઉઠતાં, સૂતાં, જાગતાં અને ફરતાં હરતાં શક્તિસિંહના અંતઃકરણને બાળી જાળીને ભસ્મીભૂત કરવા માંડયું.

અશ્વારૂઢ થઇને વ્યગ્ર ચિત્તથી શક્તિસિંહ માર્ગક્રમણ કરવા લાગ્યો. દિવસ પછી દિવસ વીતતા ગયા–અનેક પર્વત, અનેક અરણ્યો અને અનેક દેશોને તે ઉલ્લંઘી ગયો. તેણે મનમાં એક દૃઢ પ્રતિજ્ઞા કરી. તે અપમાનિત અને અભિમાની રાજપૂત વીરે જે માર્ગ સ્વીકાર્યો, તેનો જ્યારે પણ આપણા મનમાં વિચાર આવે છે, ત્યારે હૃદય વિદીર્ણ થઈ જાય છે.

આખો દિવસ પ્રવાસનો શ્રમ સહીને અને ક્ષુધા તથા સૂર્યના તાપના સંતાપને સહન કરીને સંધ્યાકાળના સમયે શક્તિસિંહ એક નિર્જન વનમાં વિશ્રાંતિ લેવાના હેતુથી અશ્વપરથી ઉતરીને એક વૃક્ષની છાયામાં બેઠો. પાસે એક નિર્મળ જળનો

પ્રવાહ ખળખળ શબ્દ કરતો વહેતો હતો. પ્રવાહના તે મંજુલ ધ્વનિથી ગમે તેવો થાકેલો બીજો કોઈ પ્રવાસી હોત, તો તેનું મન અવશ્ય પ્રસન્ન થઈ ગયું હોત; પરંતુ દુર્દૈવી શક્તિસિંહના ભાગ્યમાં તે પ્રસન્નતા લખેલી નહોતી. ઉદ્વિગ્ન મનને શાંત કરવાના તેણે અનેક પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ. અશ્વને એક વૃક્ષના થડમાં બાંધીને અને પ્રવાહના પાણીવડે હાથ પગ ધોઇને તે એક શિલાપર કાંઇક વિચાર કરતો ગંભીરતાથી બેઠો. ગંભીર પર્વતશ્રેણિ અને ગંભીર વનસ્થળીથી તે નિર્જન સ્થાનમાં વિશેષ ગંભીરતાનો આવિર્ભાવ થયેલો દેખાતો હતો. ભગવાન્ સૂર્ય નારાયણ અસ્તાચલમાં પહોંચી ચૂકયા હતા. એ નૈસર્ગિક ગંભીર આદર્શને અવલોકીને પણ શક્તિસિંહનું મન શાંત થઈ શકયું નહિ. એટલું જ નહિ, પણ સામો તેનો ઉદ્વેગ વધારે અને વધારે જ વધતો ગયો. બાહ્યત: તે થોડો ઘણો શાંત થયો ખરો, પણ તેના અંતઃકરણમાંનો દારુણ દાવાનળ તો દ્વિગુણિત બળવા લાગ્યો. ધિક્કાર–સહસ્રવાર ધિક્કાર હો મલિન અભિમાનને !!

શક્તિસિંહ પોતાના મનને સંબોધીને સ્વગત કહેવા લાગ્યો, "કેવું અપમાન! બંધુનું બંધુથી આવું વર્તન! અધિકારનો આટલો બધો અહંકાર! સત્યાલાપ કરવામાં આ ગર્વ કેવો! સત્ય પરાક્રમી પુરુષ અસત્ય અભિમાનના મદમાં છકીને કોઈ કાળે પણ સત્યાલાપ કરી શકે ખરો કે?"

થોડીવાર વિશ્રાંતિ લેતાં વિચાર કરીને પાછો તે મનસ્વી જ કહેવા લાગ્યો કે, "ધિક્કાર હો એ રાણાના નામને! ધિક્કાર હો તેના રાજત્વને!! સત્યની મર્યાદાના રક્ષણનો વિચાર માત્ર પણ જેના મનમાં આવતો નથી અને બીજાના સુકૃત્યને ઢાંકીને જે પોતાની કૃતિ જ જનોની દૃષ્ટિમાં લાવવા ઇચ્છે છે; એવો રાજા સાર્વભૌમ હોય, તો પણ તેને ધિક્કારવો જ જોઇએ! વારુ પણ બંધુએ કરેલા અપમાનને વિસારી દેવું કે શું? ના. એમ તો ન જ કરવું જોઇએ. જે માર્ગ પ્રતાપે સ્વીકાર્યો છે, તે જ માર્ગનું મારે પણ અવલંબન કરવું જોઇએ. વિસ્મૃતિનો માર્ગ તેણે મારા માટે રહેવા દીધો નથી. ઉદયપુરનો રાજા મારા પિતાનો જ્યેષ્ઠ પુત્ર અને તેણે રાજપુરોહિતના શોચનીય મૃત્યુ પછી જે—"

મનુષ્યના મનમાં જ્યારે અભિમાનનો અગ્નિ સળગી ઊઠે છે, ત્યારે તેના તાપથી તે એવાં કુકૃત્યો કરવાને તૈયાર થઈ જાય છે, કે આપણે તેની કલ્પના પણ કરી શકતા નથી. શક્તિસિંહ પુનઃ પોતાના મન સાથે બોલવા લાગ્યો, "મારા સંતાપને શાંત કરવાનો માત્ર એક જ ઉપાય છે, અને તે કે અકબરને શરણે જવું. તેના દાસત્વનો સ્વીકાર કરવો એથી મારા મનને શાંતિ મળશે. પણ—"

તેના મનમાં એક વિચાર આવ્યો અને તે કહેવા લાગ્યો, "પણ હું વિધર્મી યવનોનું દાસત્વ સ્વીકારું? બંધુએ કરેલા અપમાનનું વૈર લેવામાટે સ્વદેશ અને સ્વજાતિનો દ્રોહ કરીને કુલાંગાર નામથી ઓળખાઉં?"

એક વેળા એક દારૂડિયાએ અમને કહ્યું કે, "આજથી મેં મદિરાપાનનો ત્યાગ કર્યો છે." એવી પ્રતિજ્ઞા કરવા છતાં પણ તે અનેક વાર મદિરા પીતો મળી આવ્યો હતો. એક દિવસની ઘટનાનું વર્ણન કરતાં તેણે કહ્યું કે, "પ્રાતઃસ્નાન કરીને અને પૂજા

તથા આહ્નિકની સમાપ્તિ કરીને હું એક ધર્મગ્રંથનો પાઠ કરતો બેઠો હતો, એટલામાં એક નોકર ત્યાં આવ્યો અને મને કહેવા લાગ્યો કે, 'શેઠજી! આ તાડનું ફળ હમણાં જ વૃક્ષ-પરથી નીચે પડ્યું છે,' એમ કહીને તે ફળ મારા મુખ સમક્ષ મૂકીને તે નોકર ત્યાંથી ચાલ્યો ગયો. તે ફળને જોતાં જ મારા મનમાં મદિરાપાનની અતિ ઉત્કટ ઇચ્છા થઈ આવી. હું મનમાં મને પોતાને જ કહેવા લાગ્યો કે, 'દુષ્ટ રાક્ષસ! તું આ ફળનું રૂપ ધારીને મારા સત્ત્વનું હરણ કરવા આવ્યો કે શું?' તે દિવસે મહા કષ્ટથી મેં મારી ઇચ્છાને મનમાં જ દબાવી દીધી." એ દારૂડિયાનો એ આત્મવૃત્તાંત અક્ષરશઃ સત્ય છે. કારણ કે, રાક્ષસના અનિવાર્ય મોહપાશમાં બહુધા આપણે બધા એક સરખી રીતે જ થોડે કે ઘણે અંશે પણ સપડાયલા છીએ જ.

યોગ્ય સમય સાધીને રાક્ષસે પવિત્ર ક્ષત્રિય કુલભૂષણ શક્તિસિંહના મનમાં પણ પોતાનો છાપ બેસાડ્યો. શક્તિસિંહનો રાક્ષસના રાજ્યમાં એ પ્રથમ પ્રવેશ જ હોવાથી તેનાથી ઉત્પન્ન થયેલા મોહનો અવરોધ કરી શકાયો નહિ. એ પ્રસંગે અચાનક વળી બીજી એક એવી ઘટના ત્યાં બની આવી કે, તેને જોતાં જ તે રાજપૂત વીર સ્વદેશ દ્રોહી અને કુલાંગાર બનવાને પણ કટિબદ્ધ–અર્થાત્ અંતઃકરણપૂર્વક તત્પર થઈ ગયો.

જે શિલાપર બેસીને પ્રતિહિંસાપરાયણ શક્તિસિંહ પોતાના મનમાં અનેક વિચારો કરવામાં લીન થયેલો હતો. તેથી થોડીક દૂર એક ભયંકર કૃષ્ણ સર્પ અન્ય પ્રાણીના વિષથી જર્જરિત થઇને વૈર લેવાનો પ્રસંગ ન મળી શકવાથી એક પાષાણને જ ડંખવાનો પ્રયત્ન કર્યા કરતો હતો. પ્રથમવાર દંશ દેતાં જ તેના મુખમાંથી થોડુંક વિષ નીચે ગળી પડ્યું, એટલે તેણે બીજો, ત્રીજો અને ચોથો એવી રીતે અનેક દંશો તે પાષાણને દીધા. છતાં પણ તે પાષાણનો ભંગ થયો નહિ. પરંતુ અત્યંત શ્રમ કરવાથી સર્પના બે ત્રણ દાંત પડી ગયા ને તેના મુખમાંથી લોહી ટપકવા માંડ્યું. ત્યાર પછી નિર્વીર્ય થઇને તે સર્પ પાસેની ઝાડીમાં ચાલ્યો ગયો અને તે ત્યાં જ મરી ગયો.

સર્પ અને રાક્ષસનો પરસ્પર કેવો સંબંધ છે, તે તો સર્વને વિદિત છે જ. પરંતુ રાક્ષસના પરાક્રમો સર્પ કરતાં કાંઈક વધારે ચઢિયાતા છે, એ પણ સર્વના ધ્યાનમાં તો હોવું જોઇએ. હઠવાદી શક્તિસિંહ આજે અભિમાનરૂપી રાક્ષસના પંજામાં સપડાયો હતો.

તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, "વૈર લેવાના ભાવથી આ સર્પે પાષાણને દંશવામાં પણ પાછું વાળીને જોયું નહિ!–ત્યારે હું મનુષ્ય છતાં પણ શું મારાથી વૈરનો બદલો લઈ નહિ શકાય? અવશ્ય હું વૈરનો બદલો તો લઇશ જ! ધર્માધર્મ અને પાપપુણ્ય પડે સમુદ્રમાં! અને સ્વદેશવાત્સલ્ય તથા સ્વજાતિ–અભિમાન ગયાં જહન્નમની ઊંડી ખાડમાં!! હું વિધર્મી યવનોનું દાસત્વ સ્વીકારીશ–સ્વદેશ વાત્સલ્યને જલાંજલિ આપીશ, મેવાડનો શત્રુ બનીશ–પણ વૈર તો વાળીશ!!! પ્રતાપ! હવે હું જોઉં છું કે, તારા અભિમાનનો અને તારા ગર્વનો ક્યાં સુધી ટકાવ થઈ શકે છે! મોગલ બાદશાહ અકબરના દરબારમાં જઇશ અને ત્યારપછી તને રાજ્યભ્રષ્ટ કરીને એક ભિક્ષુક પ્રમાણે ફેરવીશ, ત્યારે જ મારા શક્તિસિંહ નામની સાર્થકતા થયેલી જાણીશ!"

અભિમાનરૂપી વિષ તેના શરીરમાં સર્વત્ર પ્રસરી ગયું. એ વિષના પ્રાણઘાતક દર્પથી વનમાનાં સર્વ પક્ષીઓ પણ અસ્થિર બની ગયાં, આસપાસ વિસ્તરેલી ગંભીર

ગિરિશ્રેણિ પણ જાણે કંપાયમાન થતી હોય તેવો એકાએક ભ્રમ થવા લાગ્યો. શાંતિપ્રદ અને નૈસર્ગિક રમણીય સ્થાન પણ એ ક્ષણે મહા ભયંકર ભાસવા લાગ્યું.

સ્વદેશ અને સ્વજાતિના નાશમાટે ઉદ્યુક્ત થયેલો **શક્તિસિંહ**, દિલ્લી ગયો. બાદશાહને પ્રસન્ન કરીને તેણે પોતાના હેતુને સાધવાનો તન, મન અને ધનથી ઉદ્યોગ કરવા માંડ્યો.

પરંતુ એને અભિમાન નામ પણ કેમ આપી શકાય? જે અભિમાનથી ધ્રુવે અચળ પદ મેળવ્યું, પાંડવોએ વનવાસ અને અજ્ઞાતવાસનાં કષ્ટો સહીને તથા ધર્મ યુદ્ધ કરીને કુરુકુળને નિર્મૂળ કર્યું અને વિશ્વામિત્રે ઘોર તપશ્ચર્યા કરીને ત્રિલોકને થરથર કંપાવ્યું, તેને અભિમાન કહી શકાય ખરું. અભિમાન એવું જ જોઇએ. શક્તિસિંહના અભિમાન જેવા નીચ અભિમાનના મદમાં ઘેરાઇને મનુષ્યે પોતાના સ્વત્વનું વિસ્મરણ કરવું ન જોઇએ. એ સત્ય અભિમાન નથી, એનું સત્ય નામ તો આત્મપ્રવંચના છે. તમારામાં સહસ્રાવધિ દોષો હોય, તો પણ તમે કોઈ કાળે પણ આત્મપ્રવંચક થશો નહિ.

પંચમ પરિચ્છેદ

પદ્માવતી

"सती चतुर गेहिनी वसत ज्या गृहीं सद्गुणी,
अखंड सुख सोहळा, नय, विवेक, तेथे गणीं,
सुहास्यवदनीं तिच्या गमति रम्य पुष्पं नवीं,
मनीं विविध पुस्तकस्थित सुबोधती सांठवी." कावले.

નવીન રાજધાનીની કોમલમેરમાં, ઉદયસાગરના વિશાળ સરોવરના તીરે સ્થાપના કરવામાં આવી હતી. એ દુર્ગમાં અને અરણ્યમય સ્થળમાં રાજપરિવારના જનો પણ પોતાનો નિવાસ કરતા હતા.

પ્રતાપની રાણી પદ્માવતી સર્વ પ્રકારે પોતાના પતિને યોગ્ય જ હતી. પતિના હેતુની સિદ્ધિમાં સહાયતા કરવા માટે તે પતિપ્રાણા મહાસાધ્વી પોતાનાં પુત્ર અને પુત્રીને સાથે લાવીને પતિ સહવર્ત્તમાન કઠિન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાને તૈયાર થયેલી હતી, સ્ત્રીપુત્ર આદિની આવી અવસ્થા અવલોકીને પ્રતાપસિંહનો દૃઢ નિશ્ચય થઈ ગયો કે, "મારો હેતુ અવશ્ય સિદ્ધ થશે જ." પુત્ર કલત્રાદિની આવી દશા દેખીને, પ્રતાપના હૃદયમાં પ્રથમ તો મહા ખેદ થતો હતો. એક દિવસ પ્રતાપે પદ્માવતીને કહ્યું; "પ્રિયે! આપણે મહા કઠિન વ્રતનો સ્વીકાર કરેલો છે. આપણા ભાગ્યપર મેવાડના શુભ કે અશુભનો આધાર રહેલો છે. પરમેશ્વરની શી ઇચ્છા છે, તે જાણી નથી શકાતું."

"પરમેશ્વરની શુભ કરવાની જ ઇચ્છા છે. શુભ સંકલ્પનું શુભ ફળ મળ્યા વિના કદાપિ રહેતું નથી." પદ્માવતીએ પતિનો ઉત્સાહ વધારવાના હેતુથી કહ્યું.

નિશિદિન હું તો પરમેશ્વરને એ જ પ્રાર્થના કર્યા કરું છું કે, જે મહા હેતુ મનમાં ધારીને મેં મેવાડના આનંદદીપકને બુઝાવીને સમસ્ત મેવાડની ભૂમિને સ્મશાનસમાન

બનાવી દીધી છે અને મારા જ ઉપદેશથી મેવાડના આબાલવૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓએ વનવાસનો સ્વીકાર કરેલો છે, તે મારા હેતુને સિદ્ધ કરી મને યશસ્વી બનાવજે. થોડા જ દિવસમાં ચિત્તોડનો ઉદ્ધાર કરીને પૂર્ણ સ્વાતંત્ર્યનો ઉપભોગ લેવાની આપણી તો પ્રબળ ઇચ્છા છે; પણ ભાગ્યમાં શું લખેલું છે, તે તો પરમેશ્વર જ જાણે!" પ્રતાપે નિરાશાથી ઉદ્ગારો કાઢ્યા.

પદ્માવતી પતિની ચરણસેવા કરતી કરતી નમ્ર સ્વરથી કહેવા લાગી, "પ્રાણનાથ! આવી અમંગળ શંકાઓ મનમાં લાવીને નિરાશ થવાનું કશું પણ કારણ નથી. માતા ભવાની આપનો અને આપણા સર્વનો હેતુ અવશ્ય સિદ્ધ કરશે જ—એ નિઃસંશય છે."

"મહા દુઃખની વાર્તા તો એ છે કે, આપણી ક્ષત્રિય જાતિ જ આપણા નાશનું કારણ થયેલી છે! એનો શો ઉપાય કરવો? વળી મને એવા સમાચાર પણ મળેલા છે કે, મેં કરેલા અપમાનના વૈરનો બદલો લેવા માટે મારો બંધુ શક્તિસિંહ પણ આપણા શત્રુ મોગલો સાથે મળી ગયો છે. મને સહાયતા કરનારા સાગરજી આદિ વીરોના પણ અદ્યાપિ કાંઈ સમાચાર સંભળાયા નથી. શું કરવું અને શું ન કરવું એ વિચારમાં જ હું તો મૂંઝાયા કરું છું—મને સર્વત્ર અંધકાર પ્રસરેલો દેખાય છે!" પ્રતાપે વિશેષ નિરાશા બતાવી.

"નાથ! આપના નવીન વ્રતની પુણ્યતાથી એ અંધકારનો પ્રતિકાર થશે અને પુનઃ સૌભાગ્યદીપ પ્રજ્વલિત થશે. એકાએક આપ આમ ઉદાસ અને નિરાશ શા માટે થઈ જાઓ છો?" પદ્માવતીએ પુનઃ આશ્વાસન આપ્યું."

એટલામાં પ્રતાપસિંહનાં બે બાળકો—પુત્ર અને પુત્રી-રમતાં રમતાં ત્યાં આવી લાગ્યાં. પુત્રનું વય પાંચ વર્ષનું અને કન્યાનું વય ત્રણ વર્ષનું હતું. પુત્ર, પોતાની માતાનો પાલવ પકડીને નિર્દોષતાથી તેને પૂછવા લાગ્યો કે, "માતા! બહેન કહે છે કે, આપણને હવે હમેશાં આ ઝૂંપડાંમાં જ રહેવું પડશે, શું એ ખરું છે કે?"

પુત્રી પિતાને ગળે બાઝી પડી અને પ્રેમથી ચુંબન લઇને પૂછવા લાગી કે, "પિતાજી! આપણો રાજમહાલય કેવો સુંદર હતો! સૂવા માટે ત્યાં કેવી નરમ નરમ ગાદીઓ હતી! અને આ શું? પિતાજી! આપના કપાળે પરસેવો કેમ વળ્યો છે વારુ? તે દિવસ મેં ભાઇને પૂછયું ત્યારે તેના કપાળે પણ આવો જ રીતે પરસેવો આવ્યો હતો. બાપા! હવે હું તમને કોઈ દિવસે પણ આમ નહિ પૂછું. મારા પૂછવાથી તમારા મનમાં દુઃખ થાય છે, નહિ વારુ?"

પતિના ખોળામાંથી પુત્રીને પોતાના ખોળામાં લઇને એ વિષયને ટાળી દેવાના હેતુથી પદ્માવતી કહેવા લાગી, "બહેન! મારી આંખમાં શું પડયું છે, તે જો તો ખરી."

"કાંઈ નથી, મા! હું તારી આંખમાં ફૂંક મારું છું" એમ કહીને તેણે ફૂ કરીને ફૂંક મારી. ફૂંક આંખમાં ગઈ કે નહિ, તે તો પરમાત્મા જાણે, પણ તે ફૂંકનો એક મોટો ધ્વનિ થયો, એ તો નિશ્ચિત.

પદ્માવતી આટલીવાર પોતાના માનસ દર્પણમાં પોતાના પ્રતિબિંબનું અવલોકન કરતી હતી; પણ હવે તો ખરેખર તેને પોતા સમક્ષ દર્પણમાંની છાયા ઉભેલી દેખાવા લાગી. તેણે પોતાનું માથું ઉંચું કરીને જોયું તો પોતાના મુખારવિન્દની જ

ચોરી કરીને સુકુમારી કન્યા સીતા પોતાની આંખમાં ફૂંક મારતી ઉભેલી તેના જોવામાં આવી. માતાની ગોદમાંથી ઝટપટ ઉતરીને પોતાના મન સાથે જ કાંઇએ ન સમજાય, તેવો બડબડાટ કરતી તે ત્યાંથી ન્હાસી ગઈ.

પુત્ર અદ્યાપિ ત્યાં જ હતો. માતાપિતાનાં નેત્રોમાં અશ્રુ ભરાયલાં જોઇને તેની આંખોમાં પણ પાણી ભરાઈ આવ્યું. પ્રતાપે તે જોયું અને તે પ્રેમપૂર્વક કહેવા લાગ્યો કે, "કિરણ! તું મોટો થઇશ એટલે આ અશ્રુનું કારણ સારી રીતે સમજી શકીશ. હમણાં તો જા, મલ્લયુદ્ધ શીખ."

પુત્રના કપોલભાગે ચુંબન લઇને પદ્માવતીએ કહ્યું, "જા–બેટા હમણાં તો મોટા ભાઈ પાસે જઇને મલ્લવિદ્યાનું શિક્ષણ લે."

"પ્રિયે! આવો આદર્શ–કરૂણોત્પાદક આદર્શ જોઇને પાષાણનું હૃદય પણ દ્રવી જાય, ત્યારે આપણાં મન દ્રવે એમાં તો આશ્ચર્ય જ શું? રે! રે! આ મેં શું કર્યું?" પ્રતાપે નિ:શ્વાસ નાખીને કહ્યું.

"પ્રાણનાથ! આપે જે કાંઈ પણ કર્યું છે, તે યોગ્ય જ છે. સુંદર રાજમહાલયનો ત્યાગ કરીને પર્ણકુટીમાં વાસ કરવો, સુંદર અન્નસામગ્રી ત્યાગીને વન્ય ફલમૂલથી ક્ષુધાનું નિવારણ કરવું, સુંદર શય્યાસેવનને ત્યજીને તૃણશય્યામાં નિદ્રા લેવી, મૂલ્યવાન્ વસ્ત્રોને સ્થાને મલિન વસ્ત્ર પરિધાન કરવાં અને સુવર્ણ તથા રજતનાં પાત્રોને સ્થાને પત્રાવળીમાં ભોજન લેવું, જનની જન્મભૂમિના ઉદ્ધાર માટે એવા કઠિન વ્રતનું પાલન કરવું, એ શિશોદિયા કુળમાં જન્મેલા રાજાને સર્વ રીતે યોગ્ય જ છે. નાથ! આપે જ એક દિવસ કહ્યું હતું કે, દેશના કલ્યાણ માટે જે જન પોતાના પ્રાણ અર્પવાને તત્પર થતો નથી, તેનો મનુષ્યજન્મ વ્યર્થ અને નિરર્થક છે. પ્રાણેશ! એવો ઉપદેશ આપવા છતાં અત્યારે આપ પોતેજ કર્ત્તવ્યપરાઙ્મુખ થવા જેવાં વચનોનો ઉચ્ચાર કેમ કરો છો? પુત્ર, કન્યા અને મારા વિશેની તમારી ચિન્તા વૃથા છે. ગરીબ ભીખારણ પણ પોતાના પતિ અને પરિવાર સાથે રહેવાથી આનંદ માને છે, ત્યારે મારા મનમાં વિષાદ તે શાનો હોય? નિત્ય વનમાં વસનારા ભિલ્લ આદિ લોકો કેવા કેવા પ્રયત્નો કરીને પોતાનાં સ્ત્રીપુત્રનું પાલનપોષણ કરે છે? આપને વિશેષ ચિન્તા કરવાનું શું કારણ છે? શું તેઓ મનુષ્ય નથી? શું તેમના મનમાં સુખ દુ:ખના તરંગો નથી ઊઠતા? અમારાં કષ્ટો નિહાળીને આપને કર્ત્તવ્યપરાઙ્મુખ થવાનો શો હેતુ છે? આ વ્રત તે માત્ર બાહ્યબંધન જ નથી, કિન્તુ એક પ્રકારનું અંતર્બંધન પણ છે. હું કોણ, પુત્ર કોણ અને કન્યા કોણ? મોગલોના અત્યાચારરૂપી બંધનમાંથી જનની જન્મભૂમિનો ઉદ્ધાર કરવો, એ જ આપનું મુખ્ય કર્ત્તવ્ય અને મુખ્ય વ્રત છે. એ મહત્કાર્યનો ભાર પરમેશ્વરે આપના શિરે મૂકેલો છે. એ મહાયજ્ઞમાં જો અમારા સર્વના પ્રાણોની આહુતિ પણ આપવી પડે, તો તે આપવામાં પણ આપ કોઈ કાળે અચકાશો નહિ. પ્રાણપતિ! જાઓ અને સર્વ સામંતો તથા સરદાર શૂરવીરોને ઉત્તેજિત કરો. આજે, કાલે કે ચાર દિવસ રહીને યુદ્ધ તો નક્કી થવાનું જ. ગૃહભેદી શક્તિસિંહ મોગલો સાથે મળી ગયો છે, એટલે યુદ્ધ તો ભાગ્યમાં લખાઈ જ ચૂક્યું છે. ત્યારે વ્યર્થ વિલંબ શા માટે કરવો જોઇએ? ગૃહકૃત્યનો સર્વ ભાર મારા શિરે છે. આપે એની લેશ માત્ર પણ ચિન્તા કરવી નહિ."

પદ્માવતીએ એવી રીતે લાંબું ભાષણ કરીને પ્રતાપના સુપ્ત ઉત્સાહને પાછો જાગૃત કર્યો. પતિને તેનાં વીર કૃત્યોની સ્મૃતિ કરાવી.

પ્રતાપના મનમાં મહા ધન્યતા ભાસવા લાગી અને તે અત્યંત આનંદના ભાવથી પદ્માવતીને કહેવા લાગ્યો કે, "પ્રાણેશ્વરી! હું આજે ખરેખર કૃતાર્થ થયો. મારા મહાન્ હેતુરૂપ કુસુમને વિકસિત કરવા માટે મારી જ પ્રતિમા ધારણ કરીને તું મારી કક્ષાનાં ઉભેલી છે. એ મેં આજે જ જાણ્યું. ઈશ્વર તને સદા સુખી અને હર્ષિત રાખો!!"

ષષ્ઠ પરિચ્છેદ

અમ્બરરાજનું અપમાન

"रक्तत्वं कमलानां सत्पुरुषाणां परोपकारित्वम् ।
असतां च निर्दयत्वं स्वभावसिद्धं त्रिषु त्रितयम्" ॥ भर्तृहरिः

જીવન ધારીને ભાગ્યમાં "વિજય" શબ્દ લખાવી આવેલો મોગલ શહેનશાહ અકબર એક પછી એક સર્વ દેશોને વિજિત કરતો ગયો. અનુક્રમે તેણે સર્વ રાજાઓને પોતાના પક્ષમાં કરી લીધા. અંબર, બીકાનેર અને મારવાડ ઈત્યાદિ દેશના રાજાઓ તો સ્વતંત્રતાને કયારનીયે તિલાંજલિ આપીને મોગલોનાં ચરણોમાં પોતાનું જીવનસર્વસ્વ અર્પણ કરી બેઠા હતા. આજે અજમેરના અધિપતિએ પણ પોતાનાં જાતિ, કુળ, માન અને મર્યાદા ઇત્યાદિનો ત્યાગ કરીને, તે પરતંત્રતાપરાયણ રાજાઓનું અનુકરણ કર્યું.

ક્ષત્રિયોનું એ અધમ કૃત્ય નિહાળીને પ્રતાપના હૃદયમાં અસહ્ય દુઃખ થવા માંડયું. તેણે પ્રતિજ્ઞા કરી કે, "શિશોદિયા કુળનો આ જગતમાંથી સદાને માટે લોપ થતો હશે, તો તેનો હું આનંદથી અંગીકાર કરીશ, પણ આચારભ્રષ્ટ મુસલમાનોથી વિવાહસંબંધ કરનારા સ્વદેશદ્રોહીઓ સાથે હવે પછી કોઈ પણ પ્રકારનો ભોજન કે લગ્ન આદિનો સંબંધ રાખીશ નહિ. એથી જો કે, શિશોદિયા કુળમાં જન્મતાં પુત્રો અને પુત્રીઓને આ જન્મ અવિવાહિત તો રહેવું પડશે જ. પણ એ પાલવશે—જાતિભ્રષ્ટ થવું કદાપિ પાલવશે નહિ."

એવામાં જ એક અદ્ભુત ઘટના બની આવી. એથી પ્રતાપે એક ન ધારેલું સંકટ પોતાના શિરે વ્હોરી લીધું; અથવા તો એથી પ્રતાપનું શૌર્ય જગતના જોવામાં આવ્યું એમ કહીએ, તોપણ ચાલી શકે.

અંબરાધિપતિ ભગવાનદાસનો ઇતિહાસપ્રસિદ્ધ પુત્ર અને અકબરનો સંબંધી માનસિંહ સોલાપુરમાં વિજય મેળવીને અકબરની વિજયપતાકાને વાયુમાં વિહરાવતો મોટી ધામધૂમથી પાછો દિલ્લી જતો હતો. એટલામાં એકવાર પ્રતાપની પર્ણકુટીમાં જઇને ત્યાંના આતિથ્યનો આનંદ ભોગવવો અને ત્યારપછી આગળ વધવું, એવો તેના મનમાં એકાએક વિચાર આવતાં, માનસિંહે પ્રતાપસિંહને ત્યાં પોતાના દૂતને મોકલ્યો.

મનમાં ગમે તેટલો વૈરભાવ હોય, તોપણ શિષ્ટાચારઅનુસાર જે કર્ત્તવ્ય હોય તે કરવાનો **પ્રતાપે** નિશ્ચય કર્યો. **માનસિંહના** દૂતે આવીને **પ્રતાપસિંહને** પ્રાર્થના કરીને કહ્યું કે, "અંબરરાજ **માનસિંહ** પોતાની મેળે જ આપનું આતિથ્ય સ્વીકારવા માટે અહીં પધારવાના છે."

"મારાપર તેમનો મહાન્ અનુગ્રહ છે. અમે આતિથ્યની સર્વ વ્યવસ્થા કરી રાખીએ છિયે. ભલે પધારે." **પ્રતાપે** વિનીત ભાવથી ઉત્તર દીધું.

ત્યારપછી **પ્રતાપસિંહની** નવીન રાજધાનીમાં ઉદયસાગરના તીરે અંબરાધિપતિના આતિથ્ય માટેની ધામધૂમથી તૈયારીઓ થવા માંડી. એક તો **માનસિંહ** જેવો રાજ–અતિથિ અને બીજું તે પોતાની ઈચ્છાથી જ આવેલો, તેમ જ ઓછામાં પૂરું તે **મેવાડના** ચિરશત્રુ **અકબરનો** મુખ્ય અમાત્ય હતો, એટલે **પ્રતાપે** પોતાના અનુચરોને બહુ જ સારી તૈયારી કરવાની આજ્ઞા કરી. વ્રતધારી રાજા **પ્રતાપસિંહ** પોતે તો વૃક્ષ-પત્રોમાં કંદમૂળનો જ આહાર કરતો હતો, તોપણ **માનસિંહ** જેવા અતિથિના સત્કાર માટે તેણે સર્વ પ્રકારના પાકો સિદ્ધ કરાવ્યા અને ભોજનસમયે સુવર્ણ તથા રજતનાં પાત્રો વાપરવાની વ્યવસ્થાપૂર્વક આજ્ઞા આપી. **મહારાણાનો** જ્યેષ્ઠ પુત્ર જે **અમરસિંહ**, તેના શિરે આદરાતિથ્યનો સર્વ ભાર નાખી દેવામાં આવ્યો.

સુરમ્ય સરોવરના તીરે એક ભવ્ય મંડપની રચના કરવામાં આવી. ધીમે ધીમે સર્વ ભોજ્ય પદાર્થો લાવીને ત્યાં મૂકવામાં આવ્યા. **માનસિંહ** પણ આવી પહોંચ્યો. **અમરસિંહ** મહાવિવેકપૂર્વક અતિથિનું આદરાતિથ્ય કરવા લાગ્યો. કુમારનું નમ્ર વર્ત્તન અને વિવેકત્વ જોઇને **માનસિંહ** મનમાં બહુ જ સંતોષ પામ્યો અને થાળીપર આવી બેઠો. સર્વ પ્રકારના ભોજનની અપૂર્વ સિદ્ધતા થયેલી જોઇને આશ્ચર્યચકિત થઈ **માનસિંહ** હસતો હસતો કહેવા લાગ્યો કે, "આટલા થોડા અવકાશમાં આટલાં બધાં ઉત્કૃષ્ટ ભોજનો કેવી રીતે તૈયાર કરી શકાયાં હશે, એનું જ રહી રહીને મને આશ્ચર્ય થયા કરે છે. હવે આટલા બધા પદાર્થોમાંથી કયા પદાર્થો ખાવા અને કયા ન ખાવા, એનો જ મને વિચાર થઈ પડ્યો છે. તમે લીધેલા આ અપૂર્વ શ્રમ માટે હું તમારો જેટલો આભાર માનું તેટલો થોડો છે."

"પરંતુ આપના યોગ્ય તૈયારી જરાય થઇ નથી શકી, તેટલા માટે અમે ઘણા જ શોકાતુર છિયે અને આપની ક્ષમા ઇચ્છિયે છિયે." **અમરસિંહે** નમ્રતાથી ઉત્તર આપ્યું.

માનસિંહ નેત્રો મીચી, મનમાં ઇષ્ટ દેવનાનું ધ્યાન કરી અને ઇષ્ટ દેવતાના નામે થોડુંક અન્ન ભૂમિપર રાખીને ભોજન લેવાને તૈયાર થયો. હસ્તમાં લીધેલો ગ્રાસ તે મુખમાં નાખવા જતો હતો, એટલામાં તેને કાંઇક સ્મરણ થઈ આવ્યું અને તેથી તેણે **અમરસિંહને** કહ્યું કે, "વાહ! આ ઠીક દેખાય કે? **મહારાણાજી** કેમ અહીં નથી દેખાતા?" એમ કહીને તે **અમરસિંહના** મુખનું એક ધ્યાનથી અવલોકન કરવા લાગ્યો. **પ્રતાપસિંહના** એક સરદારે ઉત્તર આપ્યું કે, "આપ ભોજન લેવાનો આરંભ કરો; **મહારાણાજી** હમણાં આવી પહોંચશે."

"આ તો ઘણો વિલક્ષણ પ્રકાર કહેવાય!" **માનસિંહે** ઉદ્‌ગાર કાઢ્યો અને ત્યાર પછી તે **અમરસિંહને** ઉદ્દેશીને બોલ્યો કે, "કુમાર! તમારા તીર્થરૂપ ક્યાં છે?

તેમને બોલાવી લાવો. તેમના સાથે એક ભાણે બેસીને જમવાનો લાભ મળે તો સારું એવો મારો મનોભાવ છે!" માનસિંહના હસ્તમાંનો ગ્રાસ પાછો થાળીમાં પડી ગયો અને તે ઉત્કંઠામાં ને ઉત્કંઠામાં સ્તબ્ધ થઈ બેઠો.

અમરસિંહ કાંઈ પણ ઉત્તર ન આપતાં અદ્યાપિ પૃથ્વીપ્રતિ દૃષ્ટિ કરીને જ ઉભો હતો.

"કુમાર! તમે ઉત્તર નથી આપતા, એનું કારણ શું? તમારા પિતા અદ્યાપિ કેમ ન આવ્યા? અતિથિનું અપમાન કર—"

"માનસિંહજી! આપ આમ કોપાઓ નહિ. મહારાણાજીના મસ્તિષ્કમાં દુઃખતું હોવાથી તેઓ આપ સાથે બેસીને ભોજન લઈ શકે તેમ નથી. આ અચાનક દુઃખથી તેમના મનમાં પણ બહુ જ ખેદ થાય છે. પણ નિરુપાય; શું કરે?" માનસિંહને કોપાતો જોઇને અમરસિંહે તેને શાંત કરવાના હેતુથી એ વાક્યો કહ્યાં.

વૃષ્ટિ થવા પૂર્વે આકાશ જેવી રીતે મેઘાચ્છાદિત થઈ જાય છે, તેવી રીતે માનસિંહનું મુખમંડળ અનેક વિચારોથી વ્યાપ્ત થઇ ગયું અને તે ગંભીર સ્વરથી કહેવા લાગ્યો કે, "કુમાર! તમે અદ્યાપિ બાળક છો. તમે કોને બનાવો છો, એ તમારી જાણમાં છે કે? આટલી સાધારણ વાર્ત્તા પણ મારા ધ્યાનમાં–પણ જવા દો. તમે પોતે મહારાણા પાસે જાઓ અને તેમને કહો કે, આપના શિરના દુઃખવાનું કારણ હું સમજી ચૂક્યો છું. જે થવાનું હતું તે થઈ ચૂકયું છે–પછી તે જાણી જોઇને કરવામાં આવ્યું હોય કે ભૂલથી કરાયું હોય, તે જૂદી વાત છે. એ કૃત્યને સુધારવાનો હવે ઉપાય નથી અને કદાચિત્ હોય, તો તેમણે પોતે જ અહીં આવીને—"

માનસિંહની વાક્યસમાપ્તિની વાટ ન જોતાં અને તેનું કાંઇ પણ ઉત્તર ન આપતાં અમરસિંહે પાસે ઉભેલા સેવકને નેત્રથી કાંઇક સંકેત કર્યો અને તત્કાળ તે સેવક ત્યાંથી ચાલ્યો ગયો. ત્વરિત જ સેવક પાછો આવ્યો અને નમ્રતાથી બોલ્યો કે, "ખરેખર જ મહારાજનાં નેત્રો બહુ જ દુઃખે છે–તેમના શરીરમાં અત્યારે ઉઠવાનું પણ સામર્થ્ય હોય, એમ જણાતું નથી." સેવકનું કથન માનસિંહના માનવામાં આવ્યું નહિ–એટલે તેણે વળી પણ ફફડીને કહ્યું કે, "કુમાર! અંતે એક વેળા તમે પોતે જ પધારો, ને રાણાજીને સર્વ વૃત્તાંત સમજાવીને કહી સંભળાવો. તેમને કહો કે, તમારે મારી સાથે ભોજન લેવું જ પડશે. જો તેઓ મારી સાથે બેસીને ભોજન નહિ લે તો બીજો કયો રાજપૂત મારી સાથે–સમજ્યા કે? આ સર્વ બીના તમે સારી રીતે કહી શકશો ખરા કે?"

"જી હા" એમ કહીને અમરસિંહ ત્યાંથી ચાલતો થયો.

એટલે તે સેવક કહેવા લાગ્યો કે, "મહારાજ! મારું કથન આપને અસત્ય ભાસ્યું, તેથી આપે કુમારને મોકલ્યા, એ બહુ જ સારું થયું. હવે કુમાર આવીને શું કહે છે, તે સાંભળવાથી ખરી બીના જે હશે તે જણાઇ રહેશે."

એ સરદારપર માનસિંહની પ્રથમથી જ વક્ર દૃષ્ટિ થયેલી હતી, તેથી તેનાં આવાં વચનો સાંભળીને તે વધારે છેડાયો અને કોપથી કહેવા લાગ્યો કે, "અરે! નિદ્રિત મનુષ્યને તો કોઇ પણ જાગ્રત કરી શકે; પણ નિદ્રાનું મિષ કરીને સૂતેલાને

જગાડવાનું કાર્ય મહાવિકટ થઈ પડે છે. તમારા મહારાણાએ મસ્તકદુ:ખવાનું.નિમિત્ત કાઢીને પોતાના સત્યવાદિત્વનો અને વ્રતધારિત્વનો મને સારો પરિચય આપ્યો હો!"

"હેં! વ્રતધારિત્વનો પરિચય કેવો?" એ વાક્યના ઉચ્ચાર સાથે મહારાણો પ્રતાપસિંહ, તેનો મંત્રી અને બીજા સભાસદો સહિત ત્યાં આવી પહોંચ્યો અને માનસિંહને સંબોધીને ગંભીર સ્વરથી બોલવા માંડ્યો કે, "વ્રતધારીનું આપે કયું અધર્માચરણ જોયું? આટલો સમય સત્ય કારણને છુપાવી મસ્તકશૂળનું નિમિત્ત બતાવી, મારા પુત્રના હસ્તે તમારું આદરાતિથ્ય કરાવ્યું, એ જ મારો ઘોરતમ અપ-રાધ કે? અંબરરાજ! તમે તમારા વડિલોના સમયથી જ પોતાનું સર્વસ્વ યવનોનાં ચરણોમાં અર્પણ કરી ચૂક્યા છો; માટે આર્ય જાતિની નીતિરીતિની તમને માહિતી ન હોય, એ સ્વાભાવિક છે. કોઈ પણ આર્યજન કારણ વિના બીજાને કદાપિ દૂભવતો નથી અને તેમાં પણ વિશેષત: જે અતિથિ થઇને પોતાના ગૃહમાં આવ્યો હોય, તેને તો સર્વ પ્રકારે સંતુષ્ટ કરવો જ, એ આર્યોનો પરમ ધર્મ છે. અંબરરાજ! એ જ કારણથી મેં અત્યાર સુધી મસ્તકશૂળનું નિમિત્ત આપને બતાવ્યા કીધું. હવે આપને મારા અહીં ન આવવાનું સત્ય કારણ શું હતું, તે જાણવાની ઇચ્છા છે? હોય તો કહી સંભળાવું!"

એના ઉત્તરમાં માનસિંહે ગર્વપૂર્વક કહ્યું કે, "દિલ્લીશ્વરનો જમણો હાથ જે અંબરાધિપતિ માનસિંહ, તેની સત્ય કારણ જાણવાની ઇચ્છા છે. મેવાડપતિના મુખમાંથી કોઈ કાળે પણ અસત્ય વચન નીકળવાનો સંભવ તો નથી જ."

"સાંભળો ત્યારે આનંદથી," પ્રતાપે કારણ દર્શાવવાનો આરંભ કર્યો. "જે રાજપૂતોએ ક્ષત્રિયધર્મનો ત્યાગ કરીને તથા આત્મમર્યાદા અને વંશાભિમાનને વિસા-રીને કેવળ દ્રવ્ય અને અધિકારની લાલસાથી જ પોતાની ભાગિની અને પુત્રીઓ યવ-નોને અર્પણ કરી છે અને પ્રત્યક્ષ નહિ, પણ પર્યાયથી તેમના સાથે ભોજન કર્યું છે, તેવા ભ્રષ્ટ રાજપૂતો સાથે શિશોદિયા કુળમાં જન્મેલો મહારાણો પ્રતાપ કદાપિ ભોજન લેવાનો નથી, તેમ જ ભ્રષ્ટ બનવાનો નથી. એક જાતિબહિષ્કૃત મનુષ્યે જાતિની પંક્તિમાં બેસી ભોજન કરવાની ઇચ્છા કરવી, એમાં અને હઠવાદિત્વમાં ભેદ શો? તમારો આ મિથ્યા હઠ છે."

"મહારાજ! બહુ થયું. હવે મારી વધારે સાંભળવાની ઇચ્છા નથી," એમ કહીને ભોજનના થાળપરથી વીજળીના વેગે માનસિંહ ઊઠીને ઉભો થઈ ગયો. અપમાન અને અભિમાનના અગ્નિથી તેનું સમસ્ત શરીર બળવા માંડ્યું. તેનું મુખ-મંડળ રક્તવર્ણ થઈ ગયું. તથાપિ આ વેળાએ તેણે વિલક્ષણ આત્મસંયમન કરીને પોતાના મનમાંનો કોપ બહાર વ્યક્ત થવા દીધો નહિ.

ભોજન માટે આસને બેસવા પછી ઇષ્ટ દેવતાના નામથી માનસિંહે જે અન્ન ભૂમિપર રાખ્યું હતું, તેટલું તે અન્ન મહા ભક્તિભાવથી ઉપાડીને તેણે પોતાની પાઘડીમાં રાખી લીધું, અને ત્યાર પછી તેણે મનમાં જ વિચાર કરીને સ્વગત કહ્યું કે, "જે થયું છે તે સારાને માટે જ થયું છે. મારું અપમાન મેં મારા પોતાના હાથેજ કરાવ્યું, એમાં બીજાનો શો દોષ? પ્રતાપસિંહે કાંઈ આમંત્રણથી મને બોલાવ્યો નહોતો. મારા

અપકૃત્યનું મને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત મળી ચૂક્યું. હવે વ્યર્થ કોપ કરવાથી શો લાભ?" એ પ્રમાણે વિચાર કરવા પછી તેણે પ્રતાપને ઉદ્દેશીને કહ્યું, "મહારાણાજી! આપને જે યોગ્ય જણાયું, તે આપે કર્યું–માટે આપ વિરુદ્ધ મારે કાંઈ પણ બોલવું નથી. તોપણ આપે એટલું તો ધ્યાનમાં રાખવું જ જોઇએ કે, આપના લૌકિક અને માન મર્યાદાનું ચિરકાલ રક્ષણ થાય, એટલા માટે જ હું યવનોને શરણે ગયો હતો અને અદ્યાપિ તે શરણને વળગી રહ્યો છું."

તેજસ્વી અને સ્પષ્ટભાષી પ્રતાપે એનું ઉત્તર આપતાં જણાવ્યું કે, "જે રીતે આપે કર્યું, તે રીતિ બહુ જ પ્રશંસનીય છે! આવી ઉદાર નીતિ આપ કોની પાસેથી શીખ્યા? મારા લૌકિક અને માન મર્યાદાનું ચિરકાલ રક્ષણ થાય, એટલા માટે જ આપે પોતાની ભગિનીઓ યવનોને આપી, એવો જ આપના કથનનો ભાવાર્થ છે ને?"

એ ઉપાલંભોથી માનસિંહનો કોપ અનિવાર્ય થયો. ક્ષુભિત થઇને તે તત્કાળ અશ્વારૂઢ થયો અને પ્રતાપસિંહ પ્રતિ એક તીવ્ર કટાક્ષનો પાત કરીને કહેવા લાગ્યો કે, "મહારાણાજી! આપના આ કૃત્યનું યોગ્ય પ્રાયશ્ચિત્ત આપને સત્વર જ ભોગવવું પડશે, એ ધ્યાનમાં રાખી મૂકજો. હું ખરો રાજપૂત નહિ પણ હોઉં, તોપણ તમને જો યોગ્ય પ્રાયશ્ચિત્ત ન આપું તો મારું નામ માનસિંહ નહિ."

સિંહનાદ કરીને પ્રતાપે એનું ઉત્તર આપ્યું કે, "સત્યવીર પોતાના મુખથી પોતાના પરાક્રમોનું વર્ણન નથી કરતા. ભવિષ્યમાં ગમે તેમ થાઓ, પણ અત્યારે તો આપનાથી મને બહુ જ સંતોષ પ્રાપ્ત થયો છે, એ નિઃસંશય છે. યુદ્ધક્ષેત્રમાં જે દિવસે આપનો મેલાપ થશે, તે દિવસને હું મારો સુદિન જ સમજીશ."

એ જ વેળાએ પ્રતાપસિંહના એક અનુચરે વિનોદના ભાવથી કહ્યું કે, "યુદ્ધ-ક્ષેત્રમાં આપના ભગિનીપતિને પણ સાથે લેતા આવજો. ભગિનીપતિ અકબર સાથે હોવા વિના આપની શોભાનો જોઇએ તેવો પ્રકાશ પડશે નહિ."

અનુચરસમૂહમાં એ વાક્યોથી અટ્ટહાસનો વિસ્તાર થઈ ગયો.

ક્ષણ માત્રનો પણ વિલંબ ન કરતાં માનસિંહે પોતાના અશ્વને ચાબૂકનો પ્રહાર કરીને, પોતાના કોપનું ફળ બિચારા નિર્વાક્ પ્રાણીને ચખાડયું અને વાયુગતિએ તે ત્યાંથી નીકળી ગયો.

પ્રતાપસિંહે પોતાના અનુચરોને આજ્ઞા આપી કે, "સત્વર આ સ્થાન શુદ્ધ કરી નાંખો અને આ સર્વ અન્ન શ્વાનો અને બીજાં પ્રાણીઓને ખવરાવી દો." ત્યાર પછી તેણે અમરસિંહને કહ્યું કે, "આ સર્વ વસ્ત્રાભૂષણ ઉતારી સ્નાન કરીને શુદ્ધ થા–ચાલ હું પણ સ્નાન કરવા આવું છું."

પ્રતાપસિંહના સર્વ મનુષ્યો–અમાત્ય, સરદાર અને અનુચર ઇત્યાદિ જે જે એ ભોજનમંડપમાં હાજર હતા, તે સર્વેએ જ માત્ર નહિ, પણ જેમણે માત્ર દૃષ્ટિથી જ માનસિંહને જોયો હતો, તે સર્વેએ પણ સ્નાન કરીને પોતાનાં શરીર શુદ્ધ કર્યાં અને ત્યાર પછી પવિત્ર ગંગાજળના સિંચનથી તે મંડપસ્થાન પણ પવિત્ર કરવામાં આવ્યું.

એવા પ્રકારનું નીચમાં નીચ અપમાન સહન કરીને અંબરરાજ માનસિંહ દિલ્લીમાં દિલ્લીશ્વર અકબર શાહેનશાહ પાસે જઈ પહોંચ્યો અને પ્રતાપને ત્યાં

બનેલી સર્વ ઘટનાનો ઇત્થંભૂત વૃત્તાંત કેટલાક સુધારા વધારા સાથે અકબરને કહી સંભળાવ્યો, એ વાચકોને નવીનતાથી કહેવાની આવશ્યકતા નથી. એ વાર્તા સાધારણ અને સહજમાં સમજી શકાય તેવી છે.

સપ્તમ પરિચ્છેદ

યુદ્ધનો નિશ્ચય

"कबहू कलह न कीजिये, अपने घरमें आप;
घर फूटे घर जात है, होत पुनः संताप." जयुराम

ચતુરબુદ્ધિ અને ચંડપ્રતાપી પ્રતાપસિંહે આજ સુધી પોતાનું મસ્તક અકબર સમક્ષ નમાવ્યું નહોતું; બીજું તે પોતાની સ્વતંત્રતાને પૂર્વ પ્રમાણે જ જાળવી રહ્યો હતો. અધૂરામાં પૂરું તેણે માનસિંહનું અપમાન કર્યું. અગ્નિમાં ઘૃત હોમાયું. અકબરના કોપનો પાર રહ્યો નહિ. માનસિંહના અપમાનને બાદશાહે પોતાનું જ અપમાન માની લીધું. કોપાગ્નિથી તેનાં નેત્રો રક્તવર્ણ થઈ ગયાં. તે કહેવા લાગ્યો, "યુદ્ધની તૈયારી કરો. દુષ્ટ પ્રતાપસિંહને તેનાં પાપોનું યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવું જ જોઇએ."

થોડીવાર પછી અકબર શાંત થયો. પુનઃ તે બોલ્યો, "માનસિંહ! તમે મારા જમણા હાથ છો; તમારા અપમાનથી મારા હૃદયમાં ભયંકર કોપાગ્નિ સળગી ઉઠ્યો છે; અને એ અગ્નિથી થોડા જ દિવસમાં હું પ્રતાપસિંહને તેના સમસ્ત સૈનિકો સહિત બાળીને ખાક કરી નાંખીશ. મારા સામો પણ આવો અહંકાર અને આટલું બધું અભિમાન!!"

ત્યાર પછી તે પોતાના મનમાં જ વિચાર કરવા લાગ્યો કે, "એકલો એકાટ—માત્ર પ્રતાપ જ મારી નીતિને છિન્નભિન્ન કરનારો છે! આટલા દિવસના સતત પ્રયત્નથી મેં જે મુસલમાનની રાજ્યરૂપી ઇમારત ચણેલી છે, હિંદુ અને મુસલમાનોને એક કરવાના હેતુથી રાજપૂતોની કન્યાઓને મુસલમાનોના ઘરોમાં લાવવાનો ઉદ્યોગ સફળ કર્યો છે, જાતિભેદનો નાશ કરવા માટે મુસલમાનોનું અન્ન હિંદુઓના મુખમાં ઘાલ્યું છે અને મારું રાજ્ય ચિરસ્થાયી કરવા માટે જે પ્રયત્નો કરેલા છે, તે સર્વ પ્રયત્નોને દુષ્ટ પ્રતાપે માત્ર એક જ વારના પદપ્રહારથી ધૂળમાં મેળવી દીધા! કોઈ પણ ઉપાયે એનાં પાપોને યોગ્ય શાસન કર્યા વિના ચિત્તનું સમાધાન કે સાંત્વન થવાનું નથી જ!!!

તુરત જ બાદશાહની આજ્ઞાથી પ્રતાપસિંહના કેટલાક ગૃહભેદી કુલાંગારોને ત્યાં બોલાવવામાં આવ્યા. પ્રથમ શક્તિસિંહ આવ્યો, પછી સાગરજીની પધરામણી થઈ, ત્યાર પછી ધર્મભ્રષ્ટ મહબ્બતખાનનું આગમન થયું. એવી રીતે તે સર્વ દેશદ્રોહી અને કુલાંગારરાજપૂતો એક પછી એક આવીને ઊભા રહ્યા. વાસ્તવિક રીતે જોતાં એમના જ બળથી અકબરે મુસલમાની સામ્રાજ્યરૂપી સદન બાંધવાની હિમ્મત કરી હતી.

અકબરે શક્તિસિંહને ઉદ્દેશીને કહ્યું, "શક્તિસિંહ! થોડા જ દિવસમાં હવે હું તમારા દાંભિક અને અભિમાની બંધુને યોગ્ય શિક્ષા કરીશ. તમારી મર્મવેદનાને દૂર કરીશ; નિશ્ચિંત રહો."

એવી રીતે સર્વ સાથે મીઠું મીઠું ભાષણ કરીને ચતુર 'અકબરે સર્વનાં મનો પોતાના પક્ષમાં વાળી લીધાં. કોના કોના મનમાં શી શી વ્યથા છે અને પ્રતાપસિંહ વિરુદ્ધ કોણ કોણ શું શું કરી શકે એમ છે, એ તે સારી રીતે જાણતો હતો. બુદ્ધિમાન્ મનુષ્યનું એ જ ચાતુર્ય છે. મનુષ્યપ્રકૃતિ સર્વત્ર એક જ ધાતુની બનેલી હોય છે, ત્યારે અકબરને તેના આવા સ્વભાવ માટે દોષ શાને આપવો?

તમે પોતે જ તમારા ઘરમાં અગ્નિ લગાડવાને તૈયાર થાઓ, ત્યારે પારકાઓને તેથી આનંદ શા માટે ન થાય?

"બાદશાહના આશ્વાસનથી ફૂલી ગયેલા શક્તિસિંહે અકબરને કહ્યું, "જહાંપનાહ! પ્રતાપસિંહના નાશ માટે આપણને એક બહુ જ મોટું સૈન્ય તૈયાર કરવું જોઇએ. કારણ કે, અત્યારે ઓછામાં ઓછા પણ પ્રતાપપાસે બાવીસ હજાર સૈનિકોનો સમૂહ તૈયાર છે. તેમાં–"

"શું? તમે શું કહ્યું? પ્રતાપસિંહ પાસે બાવીસ હજારનું સૈન્ય?" અકબરે વચમાં જ તેને બોલતો અટકાવીને એ સવાલ કર્યો.

"જી હા–હુજૂર! રાજપૂત સામંત સરદારો અને ભિલ્લ લોકો મળીને એટલું સૈન્ય અવશ્ય હોવું જોઇએ. તેમાં પણ રાજપૂત વીરો મહા પરાક્રમી અને મૃત્યુથી પણ ન ડરનારા છે, ખરા રણિયા છે. ભિલ્લજનો મહાચપળ, ઉત્તમ ધનુર્વિદ્યાને જાણનારા અને પર્વત પ્રદેશમાં મહા દક્ષતાથી લડનારા છે. પર્વતની ખીણો અને ગુહાઓમાં તેઓ એવી તો ચાલાકીથી છુપાઇને બેસે છે કે, ત્યાંથી તેમને શોધી કાઢવાનું કામ ઘણું જ વિકટ થઈ પડે છે. તાકીને તીર મારવામાં તો તેમની બરાબરી કોઈનાથી પણ થઈ શકે તેમ નથી. વખત આવતાં સ્થળે સ્થળે નાના નાના પત્થરોના ઢગલા કરી તેની આડમાં બેસી લડે છે અને દુશ્મનોની રેવડી દાણાદાણ કરી મૂકે છે. એવા લોકોની પ્રતાપને પૂર્ણ સહાયતા છે," શક્તિસિંહે ગૃહનું રહસ્ય ઉઘાડું પાડયું.

શક્તિસિંહનું ભાષણ અકબર ધ્યાનપૂર્વક સાંભળતો હતો. શક્તિસિંહનું કહેવું અક્ષરે અક્ષર ખરું છે, એવો તેનો નિશ્ચય થઈ ગયો. તેથી પ્રતાપસિંહને પરાજિત કરવા માટે કયા ઉપાયની યોજના કરવી, તે શક્તિસિંહ પાસેથી જ જાણી લેવાના હેતુથી શાહે કહ્યું, "આપે અત્યાર સુધીમાં મને પોતાની અનેક ગુપ્ત વાર્ત્તાઓ સંભળાવી છે અને તે માટે હું આપનો આભાર માનું છું. હવે પ્રથમ આપણે આપણી કાર્યસિદ્ધિનો વિચાર કરીએ ત્યાર પછી તમને તમારા શ્રમનો યોગ્ય બદલો આપવામાં આવશે."

"જહાંપનાહની કૃપા છે તે સર્વ બદલો જ છે. પરન્તુ મેં જે વાર્ત્તા કહી છે તે અવશ્ય ધ્યાનમાં રાખવી જ જોઇએ. એક પક્ષે પરાક્રમી રાજપૂત સૈન્ય અને બીજી પક્ષે પર્વતયુદ્ધ પ્રવીણ વીર્યવતી ભિલ્લસેના છે, માટે એ ઉભય સેનાઓને જિતી લેવા માટે આપણે કોઈ નિરાળી જ યુક્તિ લઢાવવી જોઇએ," શક્તિસિંહ બોલ્યો.

તેના ભાષણથી અકબર મનમાં મહા આનંદ પામ્યો અને કહેવા લાગ્યો કે, "આપની સલાહ સર્વથા માનવા યોગ્ય છે; પણ શી યુક્તિ યોજવી, તેની સૂચના કરો એટલે તેની હું તત્કાળ વ્યવસ્થા કરી નાખું. જે કહેવાનું હોય તે સત્વર જ કહો. કારણ કે, બહુ વિચાર કરવાની વેળા નથી."

"હું પણ તે કહેવાની જ ઇચ્છા કરતો હતો, પરંતુ હુજૂરના હુકમની વાટ જોતો બેસી રહ્યો હતો. રાજપૂતોનું બધું બળ માત્ર તલવાર, ભાલા અને બરછીપર જ અવલંબેલું છે–કોઈ કોઇવાર તેઓ ધનુષ્યબાણનો પણ ઉપયોગ કરે છે; ભિલ્લોના ખાસ અસ્ત્રનું નામ તો હું આપને આપી જ ચૂકયો છું. માટે આ યુદ્ધમાં બની શકે તો આપણે કોઈ જૂદા પ્રકારનાં અસ્ત્રનો ઉપયોગ કરવો." શક્તિસિંહે પોતાના જ ગૃહના નાશનો ઉપાય સૂચવ્યો.

"પણ એવું કોઈ અસ્ત્ર તમારા ધ્યાનમાં છે?" અકબરે પાછો સવાલ કર્યો.

"હા–તોપોના ગોળાઓ અને બંદૂકની ગોળીઓનો વરસાદ. સેંકડો પ્રકારનાં શસ્ત્રોથી જે કાર્ય થવું અશક્ય છે, તે તોપના માત્ર એક જ ગોળાથી થઈ શકે છે. ક્ષત્રિયસૈન્યના સૈનિકો ગમે તેટલા પરાક્રમી હોય અને ભિલ્લો પોતાના ધનુષ્યબાણના ઉપયોગમાં ગમે તેવા પારંગત હોય, પરંતુ તોપના મારાથી અને નાલિકાના મારથી તેમનો ક્ષણમાત્રમાં સંહાર થઈ જશે, એમાં લેશમાંત્ર પણ શંકા નથી. એટલા માટે જ શહેનશાહ! મારૂં એમ કહેવું છે કે, જેટલી તોપો અને બંદૂકો મળી શકે તેટલી આપણે એકઠી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ." ગૃહભેદ કે સ્વગૃહ ભેદનો પૂરેપૂરો ઉપાય દર્શાવ્યો.

શક્તિસિંહનો એ ઉપાય જાણીને અકબરના મનમાં કેટલો ને કેવો આનંદ થયો હશે, એની કલ્પના વાચકોએ કરી લેવી.

અનુક્રમે એક પછી એક સર્વ કુલાંગાર રાજપૂતોની સલાહ સાંભળી લઇને યુદ્ધની વેળાએ તેમનામાંના એકને અકબરે પોતાના સેનાપતિ સાથે મોકલવાનો નિશ્ચય કર્યો; અને તે ધ્યાનમાં આવેલો મનુષ્ય તે કૈલાસવાસી મહારાણા ઉદયસિંહનો એક પૌત્ર અને સાગરજીનો ધર્મભ્રષ્ટ પુત્ર મહબ્બતખાન હતો.

સાહસ, વીર્ય, બાહુબળ અને બુદ્ધિમત્તા, એ ગુણોથી મહબ્બતખાં બાદશાહનો જમણો હાથ હતો અને સ્વજાતિદ્રોહમાં પણ તેની બરાબરી કરનાર તે સમયમાં અખિલ ભારતવર્ષમાં બીજો કોઈ પુરુષ હૈયાતી ધરાવતો નહોતો. યુદ્ધમાં એવા મનુષ્યની કેવા પદે યોજના કરવી, એનો અકબરને મોટો વિચાર થઈ પડ્યો. અંતે જ્યારે પોતાના પુત્ર સલીમને સેનાપતિનું પદ આપવાનો તેના મનમાં વિચાર આવ્યો, ત્યારે એ અનુપમ રત્નને તેની સાથે જ મોકલવાનો નિશ્ચય કર્યો. કારણ કે, જ્યાં સર્વ ભાર પુત્રના શિરે નાખવામાં આવ્યો હોય, ત્યાં એ મહબ્બતખાન જેવો સલાહ મસલત આપવાવાળો બીજો કોણ મળી શકે? એ રત્ન જો પ્રાપ્ત થયું ન હોત, તો અકબરની એટલી બધી નામના અને કીર્ત્તિ પણ થવા પામી નહોત.

સ્વદેશદ્રોહી નીચ પ્રાણિઓ! પોતાનું યત્કિંચિત્ હિત સાધવાની લાલસાથી કર્ત્તવ્યવિમુખ બનીને સ્વજાતિને પદપ્રહારથી ધૂળમાં મેળવી તમે વિધર્મીજનોના દસ

બની જાઓ છો, એટલા માટે કોટિવાર તમને ધિક્કાર! માનસિંહ! તું જો મેવાડના પક્ષમાં રહ્યો હોત, તો ખરેખરા વિધિના નિયમનો પણ ભંગ થઈ ગયો હોત!

થોડા સમયમાં યુદ્ધની તૈયારી થઇ, અને આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી;–સલીમ સેનાપતિ, મહબ્બતખાન તેનો અંગરક્ષક અને માનસિંહ સલીમનો સલાહકાર, એ ઉપરાંત શક્તિસિંહ અને બીજા પણ કેટલાક રાજપૂતોને યુદ્ધમાં જવાની અને પોતપોતાની યોગ્યતા પ્રમાણે કાર્ય બજાવવાની આજ્ઞા આપવામાં આવી.

અગણિત મોગલ સૈન્યસાથે વિપુલ યુદ્ધ સામગ્રી લઇને નિશ્ચિત કરેલા દિવસે સલીમ યુદ્ધ માટે, મેવાડ જવાને દિલ્લીથી રવાનો થયો. અશ્વોનો હણહણાટ, હસ્તીઓની ગર્જના અને મુસલમાન સૈનિકોના "દીનદીન" શબ્દથી સર્વ દિશાઓમાં કંપનો આવિર્ભાવ થતો દેખાયો.

હળદીઘાટ નામના દુર્ગમ ગિરિપંથમાં શૂરવીર અને રણધીર રાજપૂતોની ભાગ્યપરીક્ષાનો આરંભ થયો.

અષ્ટમ પરિચ્છેદ

હળદીઘાટનું યુદ્ધ

"Huldighat is the Thermapylea of Mewar; the field of Deweir her Morathon." TOD.

તુમુલ યુદ્ધ વિહારભૂમિ હળદીઘાટ, કે જ્યાં સહસ્રાવધિ રણોત્સાહી ક્ષત્રિયવીરો સ્વદેશસ્વાતંત્ર્યના રક્ષણમાટે પોતાના પ્રિય પ્રાણોની આહુતિ આપી ચૂકયા છે, તે ઇતિહાસપ્રસિદ્ધ સ્થાન આ જ છે–વીરજાતિની પુણ્યક્ષેત્રભૂમિ આ જ છે, જે સ્થાને ચૌદ હજાર ક્ષત્રિય વીરોએ અસાધારણ પરાક્રમ બતાવીને સ્વદેશના ઉદ્ધાર માટે દેહત્યાગ કર્યો હતા તે વીરરક્તવાહિની ધરા આ જ છે. કાળ તો વહી ગયો છે, પરંતુ તેની સ્મૃતિ અદ્યાપિ મનમાં વિક્ષોભ ઉપજાવ્યા કરે છે–એ સ્મૃતિને મનમાં અગ્ર સ્થાન આપી, અનેક સહૃદય કવિઓએ અને સ્વદેશવત્સલ ઇતિહાસકારોએ અનુક્રમે કાવ્ય અને ઇતિહાસની રચનાઓ કરીને, એ સ્મૃતિને જગતમાં ચિરસ્થાયિની બનાવી મૂકી છે.

હળદીઘાટના દુર્ગમ માર્ગમાં મોગલોનું અગણિત સૈન્ય આવીને એકત્ર થયું છે. એકબાજૂએ કોમલમેરનો દુર્ગ અને બીજી બાજૂએ મીરપુરનો ઉચ્ચ શૈલશૃંગ વિભાગ, આવી રહ્યો છે. આરાવલી પર્વતની વિસ્તીર્ણ ગિરિશ્રેણિ ઘણે દૂરસૂધી વિસ્તરેલી છે. તેની આસપાસ ચારે તરફ નિબિડ અરણ્યો પ્રસરેલાં છે. એ સ્થાન એવું તો રમણીય અને મનોહર છે કે, એને નિસર્ગદેવીનું મૂળ જન્મ સ્થાન જ કહીએ તો પણ ચાલી શકે. એ પર્વતમય દુર્ગમ સ્થાન જ હળદીઘાટના નામથી ઓળખાય છે. રાજપૂતવીરોના અલૌકિક પરાક્રમોના પુણ્યથી એ સ્થાન ચિરસંસ્મરણીય બની રહ્યું છે.

જે દિવસે પોતાની રાજધાનીના ભોજનમંડપમાં માનસિંહનું અપમાન કર્યું, તે દિવસથી જ પ્રતાપે યુધ્ધનો નિશ્ચય કરી રાખ્યો હતો. પોતાના સર્વ રાજપૂત સરદારોને બોલાવીને તેણે યુદ્ધ માટે જે ક્ષણે આવશ્યકતા હોય તે ક્ષણે તૈયાર થઈ રહેવાની આજ્ઞા આપી હતી.

પ્રતાપસિંહે પર્વતવાસી ભિલ્લોને પણ એ જ આજ્ઞા આપી. ભિલ્લો પ્રતાપને પરમેશ્વર પ્રમાણે માનતા હતા, એટલે પ્રતાપસિંહની આજ્ઞા સાંભળતાં જ સર્વ ભિલ્લો આનંદથી નૃત્ય કરવા લાગ્યા અને ગંભીર ધ્વનિથી પ્રતાપનો જયજયકાર બોલવા લાગ્યા.

પ્રતાપે નિર્વિકાર ચિત્તથી તે સરળ, સત્યહૃદયી અને નિષ્કપટ ભિલ્લોને આલિંગન આપ્યું અને તેઓ પોતાના શરીરને દેવના દેહનો સ્પર્શ થયેલો માની પોતાને ધન્ય અને કૃતાર્થ સમજવા લાગ્યા.

એક દિવસે દૂતે આવીને સમાચાર આપ્યા કે, "આરાવલી પર્વતની તળેટીમાં શત્રુઓનું વિશાળ સૈન્ય યુદ્ધ માટે આવી પડેલું છે."

આકાશમાં જે એક નાનકડું કાળું વાદળું દેખાતું હતું, તેણે વધીને ભયંકર મેઘનું સ્વરૂપ ધારણ કર્યું અને સમસ્ત આકાશને વ્યાપ્ત કરી નાખ્યું. રાજપૂતો તો હજી એવો જ વિચાર કરતા હતા કે, "યુદ્ધનો પ્રસંગ કદાચિત્ સત્વર આવશે;" પણ એટલામાં તો તેમણે શત્રુસૈન્યના આવી પહોંચવાના સમાચાર સાંભળ્યા. દૂતના મુખથી એ વાર્ત્તા સાંભળતાં જ સહસ્રાવધિ ક્ષત્રિય વીરો અને પરાક્રમી ભિલ્લોના શરીરમાં એકાએક એક મહા આવેશનો આવિર્ભાવ થયો. તેઓ ભીષણતાથી જયઘોષ કરવા લાગ્યા.

હળદીઘાટના ઘોરતમ યુદ્ધ પ્રસંગનું વર્ણન કરવાની અમારી લેખિનીમાં શક્તિ નથી. પ્રાચીન કાળમાં કુરુક્ષેત્રમાં કૌરવ પાંડવનું જે યુધ્ધ થયું હતું, તે પ્રસંગનું ચિત્ર વાચકોએ મહાભારતદ્વારા પોતાના મનમાં લાવીને, નેત્રસમક્ષ ઉભું કરવું, એવી અમારી પ્રાર્થના છે. અઢાર અક્ષૌહિણી સેના, રકતનો ભયંકર પ્રવાહ, વિજયી પક્ષનું આનંદતાંડવ અને મૃત્યુના દ્વારમાં પડેલા સૈનિકોનો આર્ત્તનાદ; કોઇનો હાથ ભાગ્યો છે, કોઇનો પગ તૂટયો છે; કોઇના મુખમાંથી રકતની નદી વહે છે અને કોઈ આનંદપૂર્વક પ્રાણ ત્યાગે છે, ઇત્યાદિ દૃશ્યને મનમાં લાવવાથી એ યુદ્ધની કેટલીક કલ્પના કરી શકાશે.

સુસવાટા કરતો વેગવાન્ વાયુ ભયંકરતાથી વાહતો હતો, એક એક પછી અનેક બાણો છૂટતા હતા, અગ્નિઅસ્ત્રથી દિશાઓ કંપાયમાન થતી હતી, અંધારાથી આકાશ તથા અવનીની એકસ્વરૂપતા થઈ ગઈ હતી. અશ્વોનો હણહણાટ, અસ્ત્રોનો પ્રચંડ ધ્વનિ, શૃંગાલોનો અશુભ કંઠરવ ઇત્યાદિથી દશે દિશા વ્યાપ્ત થઈ ગઈ હતી. રાત્રિ દિવસ વિકટ ચીત્કારો અને આક્રંદના રવો જ સાંભળવામાં આવતા હતા. સતત વહેતા રકતમાં—નરરકતમાં પૃથ્વી જાણે ડૂબી જવાની તૈયારીમાં હોય, તેવો દેખાવ દેખાતો હતો.

હળદીઘાટનું યુદ્ધ તે ભારતીય યુદ્ધનું બીજું સ્વરૂપ જ હતું, એમ કહીએ તો તેમાં જરાપણ અતિશયોકિત નથી. એક તરફથી પાણીના પ્રવાહ પ્રમાણે અગણિત યવનસૈનિકો આગળ વધ્યા આવતા હતા અને બીજી તરફથી મહા પરાક્રમી રાજપૂત સૈનિકો તેમની ગતિનો અવરોધ કરવાના હેતુથી માર્ગમાં આડા આવી પર્વતપેરે અડગ ઉભા હતા. એ આદર્શથી જાણે બે ઉન્મત્ત ઐરાવતો જ પરસ્પર લડવાને તૈયાર થઇને

ઉભેલા હોય એવો જ ભાસ થતો હતો. એ દુર્ગમ અને સંકુચિત સ્થાનમાં, અગણ્-નીય સંખ્યામાં, હિન્દુ અને મુસલમાન વીરો પરસ્પરનો વિધ્વંસ કરવા માટે છાતી કાઢીને મહા આવેશથી તૈયારી કરી ઉભા હતા. એવો એ ભયંકર આદર્શ જોઇને વન-વાસી પશુપક્ષીઓ પણ દૂર દૂર ન્હાસી જવા લાગ્યાં અને મોટા મોટા ભયંકર સર્પો પણ પોતાના દરોમાં સંતાઈ ગયા.

વૃષ્ટિ થવા પૂર્વે જેવી રીતે સમુદ્ર સ્થિર અને શાંત થઈ જાય છે, તેવી રીતે ઘોડી વાર તો ઉભય સેનાઓ સ્થિર અને શાંત થઈ-ગંભીરતાથી પરસ્પરને જોવા લાગી. એટલામાં ઉભય સૈન્યના સેનાપતિઓએ પોતપોતાના સૈનિકોને સંકેતથી કાંઇક આજ્ઞા કરી; ઉભય સૈન્યમાં રણવાદ્યો વાગવા લાગ્યાં. રણવાદ્યોનો ધ્વનિ સાંભળતાં જ હાથી, ઘોડા અને પાયદળ મસ્ત થઇને શત્રુસૈન્યમાં ધસારો કરવા લાગ્યાં. મુસલમાન સૈન્યમાં **દીન દીન** અને રજપૂત સૈન્યમાં **હરહરમહાદેવ**નો ગંભીર ઘોષ થવા લાગ્યો.

એ **દીન દીન** અને **હરહરમહાદેવ**ના ગંભીર ઘોષનો આકાશ, પર્વતકંદરા અને આસપાસની વૃક્ષશ્રેણિમાં પ્રતિઘોષ-પ્રતિધ્વનિ થવા લાગ્યો અને તેથી સૈનિકોના શરીરમાં અધિક આવેશ આવવા માંડ્યો.

જોતજોતામાં ઉભય પક્ષના ઘોરતમ યુદ્ધનો આરંભ થયો અને નેત્ર મીચાઇને પાછાં ઉઘડે એટલી વારમાં તો ત્યાં રક્તની પ્રબળ નદી વહેવા લાગી. તે ઉષ્ણ રુધિર-પ્રવાહમાં ઉભા રહેલા અશ્વો વિકટ ચીત્કાર કરવા લાગ્યા, હસ્તીઓ ગર્જવા લાગ્યા અને સૈનિકો તારસ્વરથી પોતપોતાના પક્ષનો જયઘોષ કરવા લાગ્યા.

પ્રથમ અસિયુદ્ધનો આરંભ કરવામાં આવ્યો. સત્યપરાક્રમી વીરો નિત્ય અસિયુદ્ધ જ કરે છે. રાજપૂતો જેવા અસિયુદ્ધ કરનારા સમસ્ત પૃથ્વીમાં પણ ક્યાંય મળી શકે તેમ નથી. અસિયુદ્ધ વિદ્યા તો એમની જ છે. અસિયુદ્ધમાં મોગલો રાજપૂતો સામે ટકી શકે, એ તો સ્વપ્ને પણ કોઈ ધારી શકે નહિ. રાજપૂતોના પ્રચંડ અસિ-આઘાતથી અનેક મોગલ સૈનિકો છિન્નભિન્ન થઇને ધરણીપર ઢળવા લાગ્યા. પોતાના સૈનિકોની આવી દુર્દશા થતી જોઇને, **માનસિંહ** અને **મહબ્બતખાન**ની સલ્લાહથી **સુલતાન સલીમે** સ્વસેનાનીઓને બંદૂકના ઉપયોગનો હુકમ આપી દીધો. જે વીરોએ અનેક યવનોના યમસદનમાં પહોંચાડીને પોતાની અસિધારાનો પરિચય કરાવ્યો હતો, તે જ ક્ષત્રિયવીરો યવનોના ગોળીબારથી તડાતડ જમીનપર પડવા લાગ્યા. મોગલ સૈનિકોએ જાણી લીધું કે, "એક આ ઉપાયથી જ રાજપૂતોને આપણે મહાત કરી શકીશું; એમને જીતવાનો બીજો એકે ઉપાય નથી."

મોગલ સૈન્યમાંથી રાજપૂત સૈન્યમાં શ્રાવણ ભાદ્રપદની વૃષ્ટિ પ્રમાણે ગોળી-ઓની વૃષ્ટિ થવા લાગી. અસિયુદ્ધ તો કયારનુંએ બંધ થઈ ચૂકયું હતું. રાજપૂતોના બાહુબળને જોઇ મુસલમાનો આશ્ચર્યથી ચકિત થઇ ગયા હતા, અને મનમાં તેઓ એક ભાવથી રાજપૂતોના શૌર્યની પ્રશંસા કર્યા કરતા હતા.

પણ એ પ્રશંસા શા અર્થની? રાજપૂતોના સર્વ બળનાં સાધનો તે તલવાર, ભાલા અને કટારો-કવચિત્ પ્રસંગે ધનુષ્યબાણ-ભિલ્લોના બળનાં સાધનો તે ધનુષ્ય-બાણ અને નાના નાના પત્થરો. **પ્રતાપસિંહ**નાં સૈન્યમાં તોપો અને બંદૂકો વગેરે

અગ્નિઅસ્ત્રો હતાં નહિ. રાજપૂતો સત્યવીરના નામે ઓળખાતા હતા અને તેથી તેમને ખડ્ગયુદ્ધ વિના બીજું કોઈ પણ પ્રકારનું યુદ્ધશિક્ષણ મળતું નહોતું. તોપના ગોળા અને બંદૂકની ગોળીઓથી મોગલો આવી રીતે ફાવી જશે, એની તેમના મનમાં કલ્પના માત્ર પણ હતી નહિ.

મહાઅલૌકિક વીરતા પ્રકટ કરીને રાજપૂતોએ ખડ્ગયુદ્ધ બંધ કર્યું. તેમના તે અલૌકિક પરાક્રમનું વર્ણન ભાટ કવિઓએ કાવ્ય–પદ્ય બદ્ધ કરીને અમર કર્યું છે.

"હે પરાક્રમી ક્ષત્રિય અને ભિલ્લવીરો! તમે ગમે તેવા સારા લડવૈયા હો, તો પણ યવનોના અગ્નિ–અસ્ત્ર સમક્ષ તમારો ટકાવ કેવી રીતે થઈ શકે વારુ? કદાચિત્ અદ્ભુત શૌર્યથી તેમનાપર એકાએક આક્રમણ કરીને તમે તેમની એકાદ તોપ છીનવી પણ લ્યો, તો પણ એટલાથી તમને શો લાભ થાય એમ છે? અત્યાર સૂધી તમે તેમના સમક્ષ વીરત્વથી જે ટકાવ કરી રહ્યા, એ કેવળ તમારા અસાધારણ યુદ્ધ શિક્ષણનું ફળ. ધન્ય છે તમારા જન્મને!

"તમારા દૈવે વિપરીત ગતિનું અવલંબન કરવાથી જ તમે અપયશના ભાગી થયા. તોપણ એટલું તો અમારાથી કહ્યા વિના નથી જ રહેવાતું કે, હળદીઘાટના યુદ્ધમાં તમે જે પોતાના અદ્ભુત શૌર્યનું દર્શન કરાવ્યું છે, તે સમાન શૌર્યની પ્રતિમા સમસ્ત જગતના ઇતિહાસમાં કયાંય મળી શકે તેમ નથી જ."

નવમ પરિચ્છેદ

હળદીઘાટનું યુદ્ધ (ચાલુ)

"Ther is not a pass in the Alpine Aravali that is not sanctified by some deed of Partapa, some brilliant Victory, or oftener, more glorious defeat TOD

રજોગુણના પ્રભાવનો આજે અંતિમ દિવસ હતો. સંવત્ ૧૬૩૨ ના શ્રાવણ માસની શુક્લ સપ્તમી (ઈ. સ. ૧૫૭૬ જુલાઈ) નો દિવસ ભારતવર્ષના ઇતિહાસમાં એક મહાન્ દિવસ તરીકે લખાયલો છે. પરાક્રમી રાજપૂતોના ઇતિહાસને વાંચનારા કોઈ પણ વાચકના સ્મરણમાંથી એ દિવસ કોઈ કાળે પણ વિસ્મૃત થશે નહિ, એટલો બધો એ દિવસનો પ્રભાવ છે.

હે ગત કાલ! તેં પોતાના અનંત ઉદરમાં શું શું સંગ્રહી રાખ્યું છે, તેની અમે કલ્પના પણ કરી નથી શકતા. પ્રતિક્ષણે અને પ્રતિ નિમિષમાં તું પોતાની વિશાળ દાઢમાં વિશ્વમાંની સર્વ વસ્તુઓને ભયંકર વેગથી આકર્ષ્યા કરે છે, એ શું તારી જેવી તેવી શક્તિ કહેવાય? તારા પરાક્રમના વર્ણનમાં જેટલો સમય વ્યતીત થયો, તેટલા અલ્પ સમયમાં પણ તેં અમારી કેટલીક ચિંતા, કેટલોક પ્રેમ, કેટલીક આશા અને અલ્પ આયુષ્ય ઇત્યાદિ વસ્તુઓની ચોરી કરીને, તારા ઉદરમાં સંતાડી દીધી છે. અર્થાત્ તારા પરાક્રમ સમક્ષ બીજા કોઈના પણ પરાક્રમનો કોઈ કાળે પણ નિભાવ થઈ શકતો નથી.

સંવત્ ૧૬૩૨ ના શ્રાવણ માસની શુકલ સપ્તમીને દિને હળદીઘાટના પ્રથમ યુદ્ધની સમાપ્તિ થઈ. એ યુદ્ધનું સંક્ષિપ્ત વર્ણન કરવાનો અમે અહીં યથાશક્તિ અને યથાબુદ્ધિ પ્રયત્ન કરીશું.

યવનોનાં અવિરત અગ્નિઅસ્ત્રોની વૃષ્ટિથી પોતાના વીર સૈનિકોને પટાપટ પૃથ્વીપર પડતા જોઈને, વ્રતધારી વીરાગ્રગણ્ય પ્રતાપસિંહ મહા ભીષણતાથી ભયંકર નાદ કરીને પોતાના સૈનિકોને સંબોધીને કહેવા લાગ્યો કે, "બંધુજનો! ચાલો આપણે એક વેળા અંતિમ પ્રયત્ન કરીને મોગલોનાં અગ્નિ અસ્ત્રોને હસ્તગત કરવા માટે બળપૂર્વક આક્રમણ કરિયે, અને જોઇયે કે, ઈશ્વરની આપણાપર કેવીક કૃપાદૃષ્ટિ છે! ચાલો, ત્વરાથી ચાલો, વધારે વિચાર કરવાનો સમય રહ્યો નથી."

પ્રતાપસિંહના સૈનિકોના મનમાં એ ભાષણથી બમણું જોર-શૌર્ય આવ્યું અને તે અસંખ્ય રાજપૂત વીરોએ ખરેખર જ સંહાર મૂર્ત્તિ ધારણ કરીને મોગલ સૈન્યપર એકાએક ધસારો કર્યો. ક્ષણના પણ સોમા ભાગ જેટલા સમયમાં તો હજારો યવનો ગતપ્રાણ થઇને પૃથ્વીપર પડેલા દૃષ્ટિગોચર થવા લાગ્યા. તેમના હાથમાંની બંદૂકો રાજપૂતો પોતાને કબજે કરતા ગયા. પરંતુ એથી રાજપૂતોને કાંઈ પણ લાભ થયો નહિ. રાજપૂતોનો દિવસ જ ફરી ગયો હતો, ત્યાં મનુષ્યોનો શો ઉપાય?

મુસલમાનોનું લશ્કર સંખ્યામાં અપાર-રાજપૂતોથી ઘણું વધારે હતું અને અગ્નિ અસ્ત્રોનો સંચય પણ તેમની પાસે પૂરતા પ્રમાણમાં હતો. રાજપૂતો લઇ લઇને તે કેટલાંક અસ્ત્રો લઈ શકે વારુ? અને કદાચિત્ લે, તોપણ દારુગોળો ક્યાંથી લાવે? વળી કદાચિત્ દારુગોળો મળે, પણ તે વાપરવાની રીતિ ન આવડતી હોવાથી લાભ કશો પણ થઈ શકે નહિ. આવી રીતે સર્વ પ્રકારે નિરાશા હોવા છતાં પણ પ્રતાપે ધૈર્યનો ત્યાગ કર્યો નહિ-તે તો છેડાયલા સિંહ પ્રમાણે ગર્જના કરતો પોતાના વૈરી અને સ્વદેશદ્રોહી માનસિંહનો શોધ કરવા લાગ્યો. જે દિવસે માનસિંહના આતિથ્યનો સમારંભ કરવામાં આવ્યો હતો, તે જ દિવસે પ્રતાપસિંહે માનસિંહને સ્પષ્ટતાથી કહી દીધું હતું કે, "યુદ્ધની વેળાએ હું આપની અધિક સંભાવના કરીશ!" પોતાના એ વાક્યની સ્મૃતિ અદ્યાપિ તેના મનમાં જાગૃત જ હતી.

પોતાનાં નેત્રોને વિશેષ વિસ્તૃત કરીને પ્રતાપસિંહ દેશદ્રોહી અને માતૃયૌવનવન-કુઠાર માનસિંહને યવન સૈન્યમાં સર્વત્ર શોધવા લાગ્યો. તેની મનોવૃત્તિ સર્વથા તન્મય થઈ જવાથી વારંવાર તે સર્વ દિશાઓમાં ઉન્મત્ત જન પ્રમાણે તીક્ષ્ણ દૃષ્ટિપાત કરતો હતો. પણ અદ્યાપિ માનસિંહ ક્યાંય દેખાયો નહિ.

ચૈતક નામના એક ઉત્કૃષ્ટ અશ્વના પૃષ્ઠ ભાગે પ્રતાપસિંહ આરૂઢ થયેલો હતો. ચૈતક મહા તેજસ્વી, સાહસી, અસાધારણ પરાક્રમવાન્ અને બીજી પણ સર્વ રીતે પ્રતાપસિંહને યોગ્ય જ અશ્વ હતો. પોતાના સ્વામીના નિત્ય સહવાસથી ચૈતકને યુદ્ધનું પણ સારું શિક્ષણ મળેલું હતું. એવા એ ચૈતક નામક અશ્વપર આરોહણ કરીને નિર્ભય અને ભીમ પરાક્રમી પ્રતાપસિંહ, માનસિંહના શોધમાં અહીં તહીં ફર્યા કરતો હતો-તે પણ જેવા તેવા સ્થાનમાં નહિ-કિન્તુ અગણિત શત્રુ-સૈનિકોનો આસપાસ ઘેરો પડેલો હતો અને શત્રુઓના મધ્ય સ્થાનમાં "હું પ્રતાપ-

સિંહ મેવાડનો મહારાણો" એવો પોકાર કરતો, છેડાયલા સિંહ સમાન રક્ત નેત્રો કરીને ફરતો હતો. તેના મસ્તકે કિરીટ અને શ્વેત રાજછત્ર અખંડ વિરાજિત જોવામાં આવતાં હતાં, અને સમક્ષ તામ્રવર્ણી વિજયપતાકા પણ વાયુમાં વિહરતી હતી. તેના દેહરક્ષકો (Body-guards) પોતાના પ્રાણની પર્વા ન કરતાં તેની પાછળ પાછળ તે જ્યાં જાય ત્યાં ભમ્યા કરતા હતા. બાળક જેવી રીતે લાકડીના પ્રહારથી વૃક્ષપરનાં અનેક પર્ણોને ઝપાટાબંધ ઉડાવી નાખે છે, તેવી જ રીતે પ્રતાપસિંહ પોતાના માર્ગમાં આડા આવનારા યવનસૈનિકોનાં મસ્તકોને ધડપરથી તડાતડ જૂદાં કર્યો જતો હતો. એ વેળાએ તેણે પોતાનું એટલું બધું હસ્તકૌશલ્ય બતાવ્યું કે, યવનસૈનિકોને પોતાના પ્રાણરક્ષણનું કાર્ય અત્યંત કઠિન અને અશકય ભાસવા લાગ્યું. અંતે પ્રતાપસિંહના સર્વ અંગરક્ષકો એક પછી એક યવનોના અસ્ત્રના બલિદાન થઇને સ્વર્ગમાં પ્રયાણ કરી ગયા. તોપણ પોતાના નિશ્ચયથી ન ડગતાં, પ્રતાપ, માનસિંહને શોધવામાં પ્રવૃત્ત જ રહ્યો.

ચાલતાં ચાલતાં અને લડતાં લડતાં અંતે પ્રતાપસિંહ યવનસૈન્યના બરાબર મધ્ય ભાગમાં આવીને ઉભો રહ્યો ત્યાં પણ માનસિંહ જોવામાં આવ્યો નહિ. એક બીજો શત્રુ તેની દૃષ્ટિએ પડ્યો અને તે શત્રુ તે અકબર દિલ્લીશ્વરનો પ્રિય પુત્ર સલીમ હતો.

"આટલો આટલો શોધ કરવા છતાં ક્ષત્રિયકુલકલંક માનસિંહ હાથમાં ન આવ્યો, પણ તેના સ્થાને સુલતાન સલીમ સપડાયો, એ પણ એક રીતે બહુ જ સારું થયું," એમ બોલતો બોલતો પ્રતાપ એકાએક શાહજાદા સલીમનાં નેત્ર સમક્ષ આવીને ઉભો રહ્યો.

યુવરાજ સલીમ એક હસ્તીની અંબાડીમાં બેઠો બેઠો પોતાના સેનાનાયકોને યુદ્ધ વિશે કેટલીક સૂચનાઓ આપવામાં રોકાયલો હતો. એટલામાં પોતાના મુખ આગળ પ્રતાપસિંહની ભયંકર પ્રતિમાને ઉભેલી જોતાં જ તે તત્કાળ ભયભીત થઈ ગયો અને મનમાં જ કહેવા લાગ્યો કે, "અહો! આ કેવું અલૌકિક સાહસ! કેવો અદ્વિતીય પરાક્રમશાળી વીર!! સાથે સૈન્ય કે શરીરસંરક્ષક કોઈ પણ ન હોવા છતાં, માત્ર એણે એકલાએ જ અમારા અસંખ્ય સૈન્યમાં નિર્ભયતાથી સંચાર કર્યો એ કેવી આશ્ચર્યકારક ઘટના! એને દેવ કહેવો કે મનુષ્ય, એ જ નથી સમજી શકાતું! ખરેખર રાજપૂતોની વીરમાતાઓને ધન્ય! સહસ્રવાર ધન્ય કે તેઓ આવા રણશૂરોને જન્મ આપી, પોતાના સ્ત્રીજન્મની પૂરેપૂરી સાર્થકતા કરી જાય છે!!!"

ક્ષણ માત્રમાં પ્રતાપે સલીમના સર્વ અંગરક્ષકોનો સંહાર કરી નાખ્યો, અને ત્યાર પછી ભાલાને ઉગામીને મૂર્ત્તિમાન્ યમરાજ પ્રમાણે તેણે સલીમના શરીરપર એકદમ બળપૂર્વક ધસારો કર્યો. આવી ભયંકર મૂર્ત્તિને સામી આવેલી જોઇને સલીમનો હાથી પણ ભયચકિત થઇને સ્તબ્ધતા ધારી ઉભો રહ્યો. ચૈતક પોતાના સ્વામીના મનોભાવને જાણીને પોતાના આગલા બે પગો હાથીની સુંઢપર ટેકાવીને ઉંચો થઇને ઉભો રહ્યો. કાર્યકુશલ પ્રતાપસિંહે એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં પોતાના હાથમાંના કાલાંતક શૂળનો સલીમના શરીરપર વાર કર્યો.

સલીમનું ભાગ્ય મહા પ્રબળ કે, તે એક સંકટમાંથી-યમના હાથમાંથી સહીસલામત બચી ગયો-નહિ તો આજે તેનાં સો વર્ષ ભરાઇ જ ચૂકયાં હતાં. હાથીપર

રાખવામાં આવેલો હોદો લોઢાનાં પત્રાંના બનાવેલો હોવાથી પ્રતાપસિંહનો ભાલો તે હોદાને લાગીને નીચે જમીનપર પડી ગયો. તોપણ એનો પ્રહાર સર્વથા તો વ્યર્થ ન જ ગયો. હોદાના આઘાતથી પાછો પડતી વેળાએ તે માવતના માથામાં જઈ અથડાયો અને તેથી માવત પૃથ્વીપર પછડાઈ પડયો. માવતને પડેલો જોતાં જ તે મદોન્મત્ત માતંગ (હાથી) ભયથી નાસવા લાગ્યો.

સલીમના સત્યાનાશના કાર્યમાં પણ અફળતા મળવાથી વધારે છેડાયલો પ્રતાપસિંહ ગંભીર ગર્જના કરીને બની શકે તેટલી ત્વરાથી મોગલ સૈનિકોનો સંહાર કરવા લાગ્યો. પરંતુ ગમે તેમ તો પણ તે એકલો હતો. તેનું સૈન્ય, તેના સરદારો કે તેના દેહરક્ષકોમાંનું કોઈ પણ તેની સહાયતા માટે પાસે હતું નહિ. એ વાર્તા ન્હાસતાં ન્હાસતાં સલીમે હાથીપરથી ઇશારો કરીને પોતાના સૈનિકોને જણાવી અને એમ પણ વ્યક્ત કર્યું કે, "જે કોઈ પણ પ્રતાપસિંહને ઠાર કરશે અથવા તો જીવતો જ કેદ કરશે, તેને મોટું ઇનામ આપવામાં આવશે."

એથી મોગલ સૈનિકોને બહુ જ સ્ફુરણ ચઢયું. તેમણે જૂદા જૂદા વિભાગોમાં વ્હેંચાઈ જઇને ચારે તરફથી પ્રતાપસિંહને ઘેરી લીધો. પ્રતાપસિંહને તલવારના ત્રણ અને ભાલાના બે મળી પાંચ ઘા થયા હતા. તેનું શરીર લોહીથી ખરડાઈ ગયું હતું; તોપણ જરાય પાછી પેની ન કરતાં પૂર્વ પ્રમાણે જ તે તો શત્રુસંહારના ઉદ્યોગમાં મચ્યો રહ્યો. તેના શિરોભાગે દિવ્ય કિરીટ અને રાજછત્ર અદ્યાપિ વિરાજિત દેખાતાં હતાં. થોડા જ અવકાશમાં રાજપૂતોની સર્વ આશા નષ્ટપ્રાય થવાનો અવસર આવી પહોંચ્યો.

એકાએક એક પરાક્રમી રાજપૂત સરદાર પ્રતાપસિંહ પાસે આવી લાગ્યો અને તેણે પ્રતાપને સંકેતથી કાંઇક વિનતિના રૂપમાં કહ્યું; પ્રતાપે તેની એ વિનતિ માન્ય કરી નહિ. એટલે નિરાશાથી તે નવીન આગત વીર મનમાં જ કહેવા લાગ્યો કે, "થઈ ચૂકયું-હવે પ્રતાપસિંહને સમજાવવા જેટલો પણ સમય રહ્યો નથી. મેવાડના ઉજ્વલ દીપના નિર્વાણનો સમય આવી પહોંચ્યો હોય, એમ જ દેખાય છે. પણ ના, જ્યાં સુધી મારા શરીરમાં ચેતન છે, ત્યાં સુધી તો હું એવો અશુભ પ્રસંગ આવવા દઇશ નહિ. રાજપૂતોના મને મૃત્યુ એટલે કોઈ ભયંકર પદાર્થ તો નથી જ; તો પણ મારી અને દેશની દૃષ્ટિથી પ્રતાપસિંહનું મરણ એટલું બધું તુચ્છ માની શકાય તેવું નથી. મારા જેવા તો અનેક રાજપૂતો અહર્નિશ નિત્ય જન્મે છે અને મરે છે. મારા જેવા કોઈ પુરુષના જન્મથી જગતને કાંઈ લાભ નથી થતો અને મરણથી કાંઈ હાનિ નથી થતી. પ્રતાપસિંહના મરણની એવી સ્થિતિ નથી. તેથી જ બની શકે તેટલો જીવ સટોસટનો પ્રયત્ન કરીને પણ પ્રતાપી પ્રતાપસિંહના પ્રાણની રક્ષા તો અવશ્ય કરવી જ જોઇએ. પ્રતાપસિંહ જીવતો રહેશે, તો અવશ્ય મેવાડનું અખંડ કલ્યાણ થશે જ. મેવાડને કદાચિત્ પૂર્વ સૌભાગ્ય પ્રાપ્ત ન પણ થાય-ચિત્તોડનો ઉદ્ધાર કદાચિત્ થાય કે ન એ થાય, વ્રતના ઉદ્યાપનમાં કદાચિત્ વિઘ્નો પણ આવી પડે, તો પણ રાજપૂતોના પવિત્ર કુળનું નામ એનાથી જ અખંડ રહેશે અને આર્યકુમારિકાઓના શિરેથી મોગલોની બેગમ અને લૌંડીઓ બનવાનો દુઃખદ પ્રસંગ એ જીવતો હશે, તો જ ટળી શકશે."

થોડીવાર રહીને પાછો તે વિચારવા લાગ્યો કે, "જ્યારે મહારાણાજીનો જીવ બચાવવો જ છે, ત્યારે તેમ કરવાનો આ પ્રસંગ જ યોગ્ય છે; આ ક્ષણે જ પ્રતાપસિંહના

પ્રાણની રક્ષા કરવી જોઇએ. માતા જન્મ ભૂમિ! મને સહાયતા કર અને મરણ પૂર્વે મારા હાથે સ્વદેશની કાંઇક સેવા થવા દે."

મુખથી પ્રકટ રીતે કાંઈ પણ ન બોલતાં, તે પ્રભાવશાળી વીર ધીમે ધીમે પ્રતાપસિંહ પાસે આવ્યો અને પ્રતાપના અનુચરના હાથમાંથી રાજછત્ર ને વિજયધ્વજ તેણે પોતાના હાથમાં લઈ લીધાં. ત્યારપછી તે પ્રતાપને વિનતિ કરીને કહેવા લાગ્યો કે, "મહારાણાજી! સાવધ થાઓ," અને પછી પોતા સાથેના બે ચાર સામંતોને તેણે સંકેતથી જણાવ્યું કે, "મારી આજ્ઞાનું સત્વર પાલન કરો. વિલંબ લગાડશો નહિ."

એ પ્રભાવશાળી વીર તે ઝાલાપતિ માન્નો હતો. પ્રતાપના શિરપરથી ઉતારેલું રાજછત્ર પોતાના શિરે ધરી રાખવાની તેણે પોતાના સેવકને આજ્ઞા કરી અને સેવકે પોતાના પ્રભુનો હેતુ જાણીને જરા પણ આનાકાની વિના આજ્ઞા પ્રમાણે જ વર્તન કર્યું. ત્યાર પછી પૂર્વ સંકેત અનુસાર સર્વ સેવક જનો ઝાલાપતિને મેવાડપતિના નામથી બોલાવવા લાગ્યા, મૂર્ખ યવન સૈનિકો ઝાલાપતિને જ પ્રતાપસિંહ સમજવા લાગ્યા. કારણ કે, એક તો તેના શિરે રાજછત્ર હતું અને બીજું તેના પક્ષના લોકો તેને મહારાણાના અભિધાનથી બોલાવતા સાંભળવામાં આવ્યા. છળભેદથી કોઈ સારો બુદ્ધિમાન્ મનુષ્ય પણ ઘડી ભર ભ્રમમાં પડી જાય, ત્યારે જડમતિ યવન સિપાહી ભાઈ એથી થાપ ખાઇ જાય, એમાં અજાયબી જેવું કાંઈ પણ કહી શકાય નહિ.

પ્રતાપસિંહ એ કપટ નાટકના રહસ્યને જાણી ગયો. તેના પ્રાણ બચાવવામાટે અને સ્વદેશના કલ્યાણમાટે સ્વદેશભક્ત ઝાલાપતિએ પોતાનો જીવ જોખમમાં નાખ્યો હતો, એ પ્રતાપસિંહના જાણવામાં આવી ગયું.

ઈચ્છા ન છતાં પણ પ્રતાપસિંહ સમરભૂમિને ત્યાગીને ચાલતો થયો. શારીરિક અને માનસિક વ્યથાથી તે અતિશય પીડિત થયેલો હતો. તેના માટે જે સહસ્ત્રાવધિ ક્ષત્રિયવીરોએ આજે રણભૂમિમાં સદાને માટે શયન કર્યું હતું, તેનો વિચાર આવતાં એક પ્રકારનું અનિવાર્ય દુ:ખ તેના હૃદયને શલ્ય સમાન પીડવા લાગ્યું.

કેટલેક ભાગે માનસિક વ્યથાથી અને કેટલેક અંશે શારીરિક વ્યાધિથી કિંકર્તવ્યવિમૂઢ બનીને પ્રતાપસિંહે સમરાંગણનો પરિત્યાગ કર્યો. ત્યારપછી કેટલાક રાજભક્તોએ, વિશ્વાસુ ભિલ્લોએ અને રાજપૂત સરદારોએ મળીને તેને સુરક્ષિત સ્થાને પહોંચાડવી દીધો.

પ્રતાપના ગમન પછી ઝાલાપતિએ અસાધારણ અને અલૌકિક પરાક્રમથી યુદ્ધ કરીને હજારો મુસલમાન સૈનિકોને યમના ગૃહનો માર્ગ બતાવી દીધો. મારમાર ને કાપકાપનો સ્વર ગાજી રહ્યો. મારો તરકડાને કાપો, મ્લેછોને, વિદારો શત્રુને, એમ એક પાસ પોકારો થઈ રહ્યા છે; કાફરોને મારો એવી બૂમો સંભળાય છે; હરહર શમ્ભો, જય ભવાનીની બૂમો પડી રહી છે; દીન દીનના પોકારથી મેદાન ગાજી રહ્યું છે, રાજપૂતો ટપાટપ પડે છે, મુસલમાનોનાં શિર રઝળે છે, એકેક રાજપૂત ત્રણ ત્રણ મુસલમાનને ભૂમિભેળા કરે છે, સલીમ આશ્ચર્યથી રાજપૂતોનું પરાક્રમ જોઈ દંગ થઈ ગયો છે, તેનાપર વીર રાજપૂતોનો ધસારો છે, ઝાલાપતિ રાજપૂતોને ઉશ્કેરતો આગળ ને આગળ ધસે છે, તેવામાં એક ગેબી ગોળી આવી, ઝાલાપતિ પડ્યો ને રણરંગ ઝંખવાયો. રાજપુતાણીની કૂખ વખણાઇ-સ્વામિભક્ત ઝાલો રણમાં રોળાઇને અક્ષય કીર્તિ મેળવી ગયો.

એ મહાવીર ઝાલાપતિનું પતન થયા પછી રાજપૂતોનો પૂર્ણ પરાજય થયો અને વિજયશ્રીએ મોગલોના ગળામાં વરમાળા આરોપી.

એવી રીતે **હળદીઘાટનું યુદ્ધ** સમાપ્ત થયું. એ યુદ્ધમાં ચૌદ હજાર રાજપૂત વીરોએ પોતાનાં શરીરો રણભૂમિને અર્પણ કર્યાં હતાં; એમ બહુધા સર્વ ઈતિહાસવેત્તાઓનું એક મતે કહેવું છે.

દશમ પરિચ્છેદ

પશ્ચાત્તાપ

"અંજામ હય જો કુફકી તુગિયાનીકા;
સમરા હય વહી ગુફ્લતો નાદાનીકા;
લજ્જતસે નદામતોંકી જાના હમને;
દોજખભી હયએક નામ પશેમાનીકા." હાલી

ભુજંગ સ્વરૂપ દુર્દૈવના દંશનું જે પરિણામ થવાનું હતું, તે થઈ ચૂકયું. પરંતુ એ ઘોરતમ યુદ્ધપ્રસંગે એક કલ્પનાતીત સ્વર્ગીય દૃશ્ય જોવામાં આવ્યું. હળદીઘાટના યુદ્ધમાં પ્રતાપસિંહનો થયેલો પરાજય પણ તેની અક્ષય્ય કીર્ત્તિનો હેતુ થઈ પડ્યો. એ યુદ્ધમાં પ્રતાપસિંહના શૌર્ય અને સાહસ આદિ ગુણો સર્વના જોવામાં આવ્યા. પ્રતાપના ચિરવૈરી જે મોગલો તેમણે પણ અંતઃકરણપૂર્વક પોતાના શત્રુના શૌર્યની એકમુખે–સહસ્રમુખે સ્તુતિ કરી.

શત્રુઓના મુખમાંથી પોતાની પ્રશંસા સાંભળવી, એના કરતાં તે વધારે સારું ભાગ્ય કયું હોઈ શકે વારુ? લજ્જાવનત મુખી પ્રિયકર ભાર્યાની સ્મિતદૃષ્ટિનો પ્રભાવ પણ એ પ્રશંસાસમક્ષ તુચ્છ અને યઃકશ્ચિત્ છે.

પાષાણમાં પ્રેમાંકુર–કચ્છના રણમાં વિકસિત પદ્મ–નાસ્તિકના મનમાં ભગવદ્ભક્તિનો વિકાસ જેવી રીતે થાય, તેવી રીતે શક્તિસિંહનું હૃદય આજે પ્રતાપસિંહ માટે પ્રેમાર્દ્ર થઈ ગયું.

પ્રતાપસિંહના અતુલ પરાક્રમ, વિસ્મયકારક શૌર્ય અને સ્વદેશના ઉદ્ધાર માટે કરેલી દારુણ પ્રતિજ્ઞા અને પ્રતાપસિંહના પ્રાણ રક્ષણ માટે એક ભૂપાલે કરેલો આત્મત્યાગ ઇત્યાદિ અલૌકિક આદર્શ અવલોકીને શકિતસિંહના અંધકારમય હૃદયમાં એકાએક જ્ઞાનરૂપી પ્રકાશનો આવિર્ભાવ થયો. તે મનમાં જ કહેવા લાગ્યો કે, "શું હું ક્ષત્રિય છું? શું હું પણ શિશોદિયાવંશનો એક કીર્ત્તિમાન્ પુરુષ છું? શું હું પ્રતાપસિંહનો કનિષ્ઠ બંધુ? હા–એમ છે તો ખરું–તો પણ મારા હૃદયમાં સ્વદેશભક્તિ અને સ્વજાતિ માટેની પ્રીતિનું અસ્તિત્વ કેમ નથી? મારાં પરાક્રમો કયાં પલાયન કરી ગયાં? હું ક્ષત્રિય થઇને ક્ષત્રિયોના ઘાત માટે જ પ્રયત્ન કરવા લાગ્યો, માટે મારા જીવનને ધિક્કાર હો!"

"મારો જ્યેષ્ઠ બંધુ–વંશનો અલંકાર–કુળનો પ્રદીપ–પવિત્રતાનો આધાર–રાજપૂતોનું વિશ્વાસસ્થાન–ધર્મનો સ્તંભ–એવા બંધુપર કોપ કરીને અને તેનો દ્વેષ કરીને હું

નરકનો જ અધિકારી થયો છું! સ્વદેશદ્રોહી કુલાંગાર બનીને મેં ભ્રાતૃહત્યાની પ્રતિજ્ઞા કરી! મારા એ કુકૃત્ય માટે મારા મનુષ્યત્વને શતવાર ધિક્કાર હો! અને મારી નીચતાને સહસ્રવાર ધિક્કાર હો!!"

"મારા મનનો વૈરવહ્નિ બળી જળીને ખાક થાઓ–મત્સર અને ક્રૂરતા દૂર ન્હાસી જાઓ–આજે હું પાષાણમાંથી પ્રેમનો પ્રવાહ ઉત્પન્ન કરીશ. હે પરમેશ્વર! મારાં પાતકોની મને ક્ષમા કર."

એમ બોલતાં બોલતાં શક્તિસિંહનાં નેત્રોમાંથી ખળખળ કરતો અશ્રુઓનો પ્રવાહ વહન કરવા લાગ્યો.

જે વેળાએ પ્રતાપસિંહ સમરાંગણને ત્યાગીને નીકળ્યો, તે વેળાએ તે ન જાણી શકે તેવી રીતે મોગલ સૈનિકો તેનો પીછો પકડીને તેની પાછળ પાછળ જવા નીકળી ચૂકયા હતા. શક્તિસિંહે અચાનક એ વાત જાણી લીધી. પોતાના વડિલબંધુનો જીવ જોખમમાં છે, એ તે પામી ગયો.

શક્તિસિંહે મનમાં વિચાર કર્યો કે, "જેના શિરે રાજપૂત જાતિનો સર્વ ભાર પડેલો છે અને જેના અદ્વિતીય શૌર્યમાં વિશ્વાસ રાખીને સ્વદેશસ્વાતંત્ર્ય મેળવવા માટે હજારો રાજપૂત વીરો હવે પછી પણ શસ્ત્ર ધારણ કરશે એવો સંભવ છે. એવા એક મહાપુરુષના પ્રાણરક્ષણનો શકય હોય તેટલા પ્રયત્ને ઉદ્યોગ કરવો જ જોઇએ. મારો એ જ પરમધર્મ છે!"

એવી રીતે વિચાર કરીને વિશેષ વેળા ન ખોતાં, શક્તિસિંહ તે બે મોગલ સૈનિકોની પાછળ એકદમ રવાના થયો. ભગ્નહૃદય પ્રતાપસિંહ પોતાના ચૈતક અશ્વપર આરૂઢ થઈને પોતાના માર્ગે ચાલ્યો જતો હતો. તેના મનમાં એ સમયે શી અને કેવી વ્યથા થતી હતી, તે તો તે પોતે જ જાણે. તે બે મોગલ સૈનિકો રહેતાં રહેતાં ઠેઠ પ્રતાપસિંહના નિકટમાં આવી લાગ્યા, માર્ગમાં એક નદી આડી આવી અને ચૈતકે પોતાની માત્ર એક ફલાંગથી નદી પાર કરીને પોતાના સ્વામીને સામે તીરે સહીસલામત પહોંચાડી દીધો. મોગલ સેનાનીઓના ભાગ્યમાં એ સુખ લખેલું નહોતું. તેમના અશ્વો પ્રતાપસિંહના અશ્વ સમાન કર્ત્તવ્યપરાયણ અને યુદ્ધ શિક્ષણથી શિક્ષિત થયેલા હતા નહિ, એટલે નદી પાર કરવામાં તેમને સ્વાભાવિક વિશેષ વિલંબ લાગ્યો.

નદી ઉલ્લંઘવા પછી સત્વર જ તેઓ પાછા પ્રતાપની અડોઅડ આવી લાગ્યા. પ્રતાપ પ્રમાણે ચૈતકનું શરીર પણ શસ્ત્રાઘાતથી ક્ષતવિક્ષત થયેલું હોવાથી તેનાથી પૂર્વ પ્રમાણે પૂર્ણ વેગથી દોડી શકાતું નહોતું. મોગલ સૈનિકો મહાવેગથી ઘોડાઓને દોડાવતા પ્રતાપસિંહની પીઠે આવીને ઉભા રહ્યા. પાછળથી તલવારના વાર કરીને પ્રતાપને ઠાર કરવાનો તેમણે પોતાના મનમાં દૃઢ નિશ્ચય કરેલો હતો.

એટલામાં વાયુવેગે અશ્વને દોડાવતો શક્તિસિંહ તે સ્થાને આવી પહોંચ્યો અને કમ્મરમાંથી તમંચો કાઢીને તે શુદ્ધ રાજપૂત ભાષામાં કહેવા લાગ્યો કે, "નીલ અશ્વના આરોહી, જરા ઉભા રહો!"

શક્તિસિંહનો ધ્વનિ પ્રતાપનાં કર્ણોમાં અથડાયો. આવા દારુણ પ્રસંગે માતૃભાષામાં ઉચ્ચરાયલા શબ્દો તેને અમૃતસમાન મિષ્ટ ભાસવા લાગ્યા. પરંતુ એ

મિષ્ટતા સાથે તેના મુખમંડળમાં તિરસ્કાર અને દ્વેષનો ભાવ પણ સ્પષ્ટતાથી પ્રકટી નીકળ્યો. તેણે પાછો વળીને જોયું તો શક્તિસિંહ અશ્વારૂઢ થઇને પોતા પાછળ ઉભેલો છે. પણ આ શું? હજી તો એક ક્ષણ જેટલો પણ સમય જવા નથી પામ્યો એટલામાં શક્તિસિંહે આ શું કરી નાખ્યું? તેણે પોતાના ખડ્ગના અચૂક વારથી પ્રતાપની પૂઠે પડેલા તે બન્ને યવનસૈનિકોને પળવારમાં સંહારીને માટીમાં મેળવી દીધા.

"શક્તિસિંહે એ યવન સૈનિકોનો સંહાર શા હેતુથી કર્યો હશે? મોગલોના પક્ષમાં છતાં તેમને જ મારવામાં એનો શો હેતુ સમાયલો હશે? શું એ બે મોગલો મારો નાશ કરવા માટે જ મારી પાછળ પાછળ આવ્યા હશે? કદાચિત્ તેમ પણ હોય, તો પણ શક્તિસિંહ એમનો વધ કરે, એનું કારણ શું? પોતાને હાથે જ મારો વધ કરીને વૈરનો બદલો લેવાની તો શક્તિસિંહની મનોભાવના નહિ હોય? અંતે શક્તિસિંહની એ જ અધમ–નીચ–દુષ્ટ પ્રતિજ્ઞા ને! આ મોગલ સૈનિકો એના કાર્યમાં વિઘ્નકારક થતા હતા અને તેથી પોતાના માર્ગને નિષ્કંટક બનાવવા જ એણે એમને મારી નાખેલા હોવા જોઇએ! બસ એ જ એનો હેતુ છે, બીજો નહિ!"

નિમેષના સહસ્રાંશ જેટલા સમયમાં પ્રતાપસિંહના મનમાં ઉપર જણાવેલા અને બીજા પણ અનેક વિચારો ઉપરાસાપરી આવી ગયા. મનમાં એવા વિચારો તો આવ્યા, પણ તે એક સત્ય ક્ષત્રિય વીર હોવાથી મરણની ભીતિ ધારીને ત્યાંથી એક ડગલું પણ આઘો ખસ્યો નહિ–શક્તિસિંહના આવવાની વાટ જોતો દૃઢતાથી ત્યાં જ ઉભો રહ્યો.

એકાએક તેના મનમાં વળી એક બીજો જ વિચાર આવ્યો અને મનમાં તે પોતાને ધિક્કારતો સ્વગત જ કહેવા લાગ્યો કે, "હાય! હાય!! હું પરાજિત થઇને નીચ પુરુષ પ્રમાણે સમરભૂમિનો ત્યાગ કરીને ભાગવાને તૈયાર થયો છું? પલાયન કરવા કરતાં પ્રાણ ત્યાગવા, એ સહસ્રવાર વધારે ઉત્તમ છે. પરંતુ આત્મહત્યાનું પાતક શામાટે વ્હોરી લેવું? અત્યારે શક્તિસિંહને તેના મનનો ઘણા દિવસોનો હેતુ સિદ્ધ કરવાનો અવસર આપ્યો, એટલે સાથે મારા મનનો હેતુ પણ પોતાની મેળે જ સિદ્ધ થઈ જશે!!"

મનમાં એવા એવા અનેક પ્રકારના શુભ–અશુભ વિચાર કરતો દૃઢ નિશ્ચયી પ્રતાપ દિગ્મૂઢ જેવો બનીને ઉભો રહ્યો. થોડીવાર પછી તેણે પોતાના હાથમાંની તલવાર દૂર નાખી દીધી અને પાસે આવી પહોંચેલા શક્તિસિંહ સમક્ષ છાતી ધરીને તેને ગદ્ગદ કંઠે કહેવા લાગ્યો કે, "શક્તિસિંહ! આવ અને મારી છાતીમાં તારી તલવાર ભોકીને તારો લાંબા સમયનો હેતુ સાધી લે! ચાલ–તૈયાર થા–આવો સુંદર અને મનોહર અવસર તને પાછો કોઈ કાળે પણ મળવાનો નથી! સ્વદેશસ્વાતંત્ર્યના કાર્યથી વિમુખ થઇને જે રાજપૂત પ્રાણ જવાની ભીતિથી સમરભૂમિનો ત્યાગ કરી જાય છે, તેણે આ પ્રાયશ્ચિત્ત લેવું જ જોઇએ, એમ મારી મનોદેવતા મને કહે છે!!!"

શક્તિસિંહે કાંઈ પણ ઉત્તર ન આપવાથી તે પાછો કહેવા લાગ્યો, "વિચાર શાનો કરે છે? મારા મુખને જોતો તટસ્થ શામાટે ઉભો રહ્યો છે? આવું એકાન્ત સ્થળ અને આવો સુન્દર પ્રસંગ પુનઃ કદાપિ હસ્તગત થવાનાં નથી! ત્વરા કર અને આ પાપી અને અભાગી નરને મુક્તિનું દાન દે."

શકિતસિંહ પુનઃ નિરુત્તર રહ્યો અને પ્રતાપ પુનઃ બોલ્યો, "મારાં વચનો તારાં સાંભળવામાં આવતાં નથી કે શું? જો મારી ઇચ્છા માન્ય કરવાની તારી ઇચ્છા ન જ હોય, તો તારી તલવાર મારા હાથમાં આપ હું હવે અશ્વપરથી નીચે ઉતરવાનો નથી–તારી જ તલવારથી આત્મઘાત કરીને આ ક્ષણે જ આ સર્વ સંકટોમાંથી મુકત થઇશ!!!"

આત્મસંતપ્ત શકિતસિંહ શા હેતુથી પોતાના વડિલબંધુ પાસે આવ્યો હતો, એ તો વાચકો જાણી ચૂકયા જ છે. એટલે પોતાના પરમેશ્વર તુલ્ય પૂજ્ય ભ્રાતાનું આવું ભાષણ સાંભળીને તેના મનની કેવી સ્થિતિ થઈ હશે, એની સહૃદય વાચકોએ પોતે જ કલ્પના કરી લેવી.

શકિતસિંહનાં નેત્રોમાંથી ભીષણ અશ્રુપ્રવાહ વહી નીકળ્યો. તે અશ્વપરથી નીચે ઉતર્યો અને પોતાની તલવારને જમીનપર પછાડી દઇને હાથ જોડી ગોઠણભંડીએ પડી, પ્રતાપસિંહના મુખને જોવા લાગ્યો.

હવે પ્રતાપસિંહ સર્વ સાર–ભેદ સમજી ગયો અને તેથી તે પણ અશ્વપરથી નીચે ઉતરી પડ્યો. તેણે શકિતસિંહનો હસ્ત પકડીને તેને ઉઠાડ્યો અને મહા પ્રેમથી આલિંગન આપીને આનંદિત કર્યો.

એ અપૂર્વ વિધિઘટનાથી ઉભય બંધુઓના કંઠનો અવરોધ થઈ ગયો–નેત્રોમાંથી શોકાશ્રુને સ્થાને હર્ષાશ્રુઓનું પતન થવા લાગ્યું. શકિતસિંહ પ્રતાપસિંહની પદધૂલીને પોતાના મસ્તકે ધારણ કરીને ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યો કે, "જયેષ્ઠ બંધો! મેં પરમેશ્વરનું પ્રત્યક્ષ દર્શન કર્યું નથી–હું આપને જ મારા પરમેશ્વર માનું છું! આજ સુધી હું છતી આંખ અંધ હતો–આજ મારાં નેત્રો ઉઘડ્યાં અને તેથી જ આજે હું આપને અને આપની સત્ય શકિતને ઓળખવાને થોડે અંશે શકિતમાન્ થયો છું!!"

પ્રતાપનું રોદન અનિવાર્ય થઈ પડ્યું.

શકિતસિંહે કહ્યું, "બંધો! મારા સર્વ અપરાધોની ક્ષમા કરીને મને આશીર્વાદ આપો કે, હું યાવજ્જીવ આપનાં ચરણોના શરણે રહું અને આપનો આશ્રય ત્યાગવાની કુબુદ્ધિ મારા મનમાં ઉત્પન્ન ન થાય."

પ્રતાપસિંહે મહાપ્રેમથી પોતાના બંધુના શિરને કરસ્પર્શ કરીને "તથાસ્તુ!" શબ્દનો ઉચ્ચાર કર્યો. શકિતસિંહે પોતાને કૃતકાર્ય માન્યો. તે પુનઃ વિનીત ભાવથી કહેવા લાગ્યો કે, "બંધો! આજના યુદ્ધમાં જય ન મળ્યો, તેટલામાટે પોતાને ધિક્કારીને જીવનને વ્યર્થ માનવાની કશી પણ આવશ્યકતા નથી. આપના જેવો ભાગ્યશાળી આજે બીજો કોણ છે? પરાજય પામવા છતાં પણ એક દિગ્વિજયી યોદ્ધા પ્રમાણે આપના કીર્ત્તિકુસુમના સૌગંધ્યનો સર્વત્ર પ્રસાર થઈ ગયો છે! આપના શત્રુજનો પણ આપના અલૌકિક પરાક્રમોની લક્ષમુખે પ્રશંસા કર્યા કરે છે. વધારે શું કહું? સમરભૂમિમાં આપના અતુલ પરાક્રમોને નિહાળીને મારા જેવા અધમના મનમાં પણ આપ વિષેની ભકિતનો ઉદય થયો, ત્યારે ઉત્તમજનો આપને વખાણે, એમાં તો આશ્ચર્ય જ શું હોય? મને આશીર્વાદ આપો એટલે આપના જેવા પરાક્રમો કરીને સ્વદેશસ્વાતંત્ર્ય માટે મારા પ્રાણની આહુતિ આપવાને પણ હું સમર્થ થઇશ. મારા મહાપાતકનું એના વિના બીજું એકે પ્રાયશ્ચિત્ત મારા જોવામાં આવતું નથી."

પ્રતાપસિંહનું આશાવૃક્ષ અંકુરિત થવા લાગ્યું. ગદ્ગદ સ્વરે પ્રતાપે તેને કહ્યું કે, "આજે મારા સદ્ભાગ્યનો અવધિ થયો! મારાપર પરમેશ્વરની પૂરેપૂરી દયા થઈ. પ્રાણપ્રિય બંધો! શું તેં આવા સત્ય હેતુથી જ આ બે મોગલ સૈનિકોને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો? તારા આવા વર્તનથી પાછી મારી જીવિત રહેવાની ઇચ્છા થાય છે. થયો–મારો જીવવાનો નિર્ધાર થઈ ચૂક્યો! ગમે તેટલો સમય લાગે, પણ મારા જીવનવ્રતની ઉદ્યાપના તો હું અવશ્ય કરવાનો જ, પ્રતિજ્ઞાનું પાલન કરીશ, મોગલો સમક્ષ કોઈ કાળે પણ મસ્તક નમાવીશ નહિ; અંતઃકરણપૂર્વક વ્રતના ઉદ્યાપન માટેના સર્વ પ્રયત્નો કરીશ. જે ફળ ભાગ્યમાં હશે તે મળી રહેશે."

"અવશ્ય ઈશ્વર આપને યશસ્વી બનાવશે !" શક્તિસિંહે હૃદયપૂર્વક આશીર્વાદ આપીને કહ્યું

ઉભય બંધુઓનું પરસ્પર પુષ્કળ સંભાષણ થયું, પણ હવે વધારે વેળા સંભાષણમાં વ્યતીત કરી શકાય તેમ ન હતું. શક્તિસિંહને પાછું મોગલોની છાવણીમાં જવાનું હતું. જો તે એમ ન કરે, તો સલીમના હૃદયમાં તેના વિશે ભયંકર શંકા આવવાનો સોળે સોળ આના સંભવ હતો.

સંભાષણ પૂરું થયું અને તે જ ક્ષણે પ્રતાપસિંહના પ્રિયતમ અશ્વ ચૈતકે પ્રાણ ત્યાગ કર્યો. પ્રતાપસિંહનો–ચૈતકપર અતોનાત પ્રેમ હતો. સુખમાં દુઃખમાં, રણમાં અને વનમાં સર્વ સ્થાને અને સર્વ પ્રસંગે ચૈતકે પોતાના સ્વામીને અનેક વેળા સહાયતા આપેલી હતી. તે સર્વનું સ્મરણ આવવાથી અને એવો એક ખરો સાથી સદાને માટે પોતાની દૃષ્ટિથી દૂર જવાથી, પ્રતાપસિંહના નેત્રોમાં શોકથી જળ ભરાઈ આવ્યું--તે બાળક પ્રમાણે રડવા લાગ્યો.

જ્યારે ચૈતક રણભૂમિમાંથી પોતાના સ્વામીને લઇને નીકળ્યો, તે વેળાએ જ તેનું શરીર ક્ષતવિક્ષત થયેલું હતું અને તેના શરીરમાંથી બહુ જ રક્તનો સ્રાવ થવાથી તેના દેહનું અવસાન થયું હતું.

મૃત્યુ સમયે ચૈતકે એક વેળા પોતાના સ્વામી પ્રતિ દૃષ્ટિપાત કરીને પોતાની કૃતજ્ઞતા દર્શાવી, ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો.

પ્રતાપસિંહ પોતાના મનને ઉદ્દેશીને કહેવા લાગ્યો, "જ્યારે દુર્ભાગ્યની પ્રબળતા થાય છે, ત્યારે એક પછી એક યુદ્ધમાં સંકટો આવી રીતે જ એકત્રતાથી આવીને દુઃખ દેવા માંડે છે. યુદ્ધમાં પરાજય થયો, સમર ભૂમિને ત્યાગી પલાયન કરવું પડયું અને અંતે આ જીવનઆધાર ચૈતક મરણશરણ થયો! શું વિશ્વના સમસ્ત અશુભ પ્રસંગો વિધાતાએ માત્ર મારા ભાગ્યમાં જ લખી દીધા છે? હા–એમ જ દેખાય છે. નહિ તો આવી અશુભ ઘટનાઓ ઉપરાસાપરી બનવા જ કેમ પામે?"

પ્રતાપસિંહ બહુ જ ખેદ કરવા લાગ્યો. શક્તિસિંહે તેના મનનું યોગ્ય રીતે સાંત્વન કરીને, પોતાનો અશ્વ તેને આપ્યો અને તે પોતે મૃત મોગલ સૈનિકોના અશ્વોમાંના એક અશ્વપર આરૂઢ થઇને, વિદ્યુદ્વેગે સલીમની છાવણી તરફ પ્રયાણ કરી ગયો. પ્રતાપસિંહનો ચૈતક પ્રતિ કેટલો બધો અનુરાગ હતો, એ ઈતિહાસના વાંચનારાઓથી

અજાણ્યું તો નહિ જ હોય. જે સ્થાને ચૈતકનો અંતકાળ થયો હતો, તે સ્થાને તેના સ્મરણાર્થે પ્રતાપે એક મહાન્ સ્મરણસ્તંભ ચણાવ્યો છે.

શક્તિસિંહ પ્રતાપને મળ્યો, એ વિશેનો સર્વ વૃત્તાન્ત જાણવા છતાં પણ સલીમે શક્તિસિંહને જરાય ઠપકો આપ્યો નહિ-એ અપરાધ માટે સલીમે તેને માફી આપી, પણ તેને પોતા પાસે રાખ્યો નહિ. એથી સલીમની સત્ય ઉદારતાનો વાચકોને બહુ જ સારો પરિચય મળી શકે છે. પાછળથી સત્વર જ શક્તિસિંહ પોતાના બંધુને જઈ મળ્યો અને તેના સુખ દુઃખનો સમાનભાગી બનીને આયુષ્યના દિવસો વ્યતીત કરવા લાગ્યો. આવા દુઃખદ દિવસોમાં પણ ઉભય સહોદરોના પરસ્પર આનંદમિલનથી સવના મનમાં મહાન્ આનંદનો નિવાસ થયો.

તૃતીયખંડ—પ્રેમ દર્શન

પ્રથમ પરિચ્છેદ

યમુના અને જોધાબાઈ

"Dear woman is the dream of life,
Adorned with every winning art,
As mother, daughter, sister, wife,
She melts the soul, she charms the heart.

T. Otway.

"જમી રહ્યા પછી આજે તમે ગમ્મત તો ખૂબ કરી હો! હું તો હસતી હસતી જ મરી ગઈ!!"

"ગમે તેમ પણ તમને તો ઠગ્યાં ને?"

"આમ કરવાથી કોણ ન ઠગાય વારુ? તમારાં લગ્ન થયા પછી તમારા પ્રાણનાથ સુદ્ધાં પણ તમારા હાથે ઠગાઈ જશે, સમજ્યાં કે?"

"આવી વાતોને હવે જવા દો ને!"

"લો! શા માટે જવા દઈએ!"

"દિવસે ચંદ્રિકાનો ઉદય થવાનો નથી અને ચકોરનું નૃત્ય દૃષ્ટિએ પડવાનું નથી; ત્યારે નકામી માથાફોડ શા માટે કરવી જોઇએ?"

"પણ મારા ધારવા પ્રમાણે તો દિવસે ચંદ્રિકાનો પ્રકાશ પણ થશે અને ચકોર પણ નાચશે, એનું કેમ?"

"હું તો એમ ધારી કે માની શકતી નથી."

"કદાપિ નહિ-તમારું ધારવું ખોટું છે."

"ખોટું એટલે? શું-ત્યારે તમે ચિરકાલ કુમારિકા અવસ્થામાં જ રહેવાનો નિશ્ચય કર્યો છે કે શું?"

"મારો નિશ્ચય શા ઉપયોગનો? એવી વાતો મારે જાણવાની શી જરૂર છે–એ વાત તો જાણે તમારા સ્વામીનાથ, અને મારા બંધુ."

એક સુન્દર અને વિસ્તૃત ભવનના એક વિશાળ ઓરડામાં બે યુવતીઓ બેઠી બેઠી ઉપર જણાવ્યા પ્રમાણે વિનોદ કરવામાં લીન થયેલી હતી. એ બે રમણીઓમાંની એક પૂર્ણ યુવતી અને બીજી કિશોરી હતી. યુવતીનું વય અઢાર વર્ષનું હતું. તેનો રંગ ઉત્કૃષ્ટ સુવર્ણ પ્રમાણે પીત, મુખ દિવ્ય, અને નેત્રો હરિણ સમાન તથા પ્રભાવશાળી હતાં. એ યુવતી પોતાના કૃષ્ણ સર્પ સમાન પૃષ્ઠ ભાગે છૂટા પડેલા કેશોને હાથમાં લઇને પોતાની ભુવનમોહિની પ્રતિમાનું દર્પણમાં દર્શન કરતી ઉભી હતી. એણે ઉત્તમ નીલવર્ણ રેશમી વસ્ત્ર પરિધાન કરેલું હતું. ગળામાં એક મૂલ્યવાન્ રત્નોનો હાર અને કાનોમાં હીરાથી જડેલાં સુવર્ણ પુષ્પો ઇત્યાદિ અલંકારો શોભી રહ્યા હતા. એ યુવતી અને બીજી કિશોરી પોતપોતામાં નણંદ અને ભોજાઈનો સંબંધ ધરાવતી હતી.

કુમારિકાનું વય માત્ર ચૌદ વર્ષનું જ હતું. તેના શરીરનો રંગ ગૌર, મુખાકૃતિ ચન્દ્ર સમાન ગોળ, અંગકાંતિ સુંદર, નેત્ર વિશાળ અને ચંચળ તથા શરીર નહિ બહુ કૃશ કે નહિ બહુ સ્થૂલ–અર્થાત્ પૂર્ણ મનોહર હતું. આ વેળાએ એ કુમારિકા પુરુષવેશ ધારણ કરીને પોતાની ભોજાઈ સાથે વિનોદ કરવામાં નિમગ્ન થયેલી હતી. ભોજાઈએ પ્રથમ તો તેને ઓળખી નહિ–ગૃહમાં કોઈ પરપુરુષે પ્રવેશ કર્યો છે એમ ધારીને પ્રથમ તો તે બહુ જ ગભરાઈ ગઈ. ભોજાઈનું નામ જોધાબાઈ હતું અને કેટલાકો તેને અહલ્યાબાઈના નામથી પણ ઓળખતા હતા. કુમારિકાનું નામ યમુના હતું. જોધાબાઈ અને યમુનાનો જે પરસ્પર હાસ્યવિનોદ ચાલ્યો હતો, તેનું અલ્પ ઉદાહરણ અમે આ પરિચ્છેદના પ્રારંભમાં વાચકોને દેખાડેલું છે.

યમુનાના શરીરે પુરુષવેશ ઘણો જ સારો શોભતો હતો. રાજપૂત રમણીઓ સ્વભાવતઃ જેવા પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરે છે, તેવાં વસ્ત્રો યમુના નિત્ય ધારણ કરતી નહોતી. તે તો જૂદા જૂદા સમયે જૂદી જૂદી જાતિનાં વસનોથી પોતાના દેહને દીપાવતી હતી. કોઈવાર ગુજરાતી સ્ત્રીનો, કોઈવાર મોગલ સ્ત્રીનો, તો કોઇવાર રાજપૂત સ્ત્રીનો પોશાક પહેરતી હતી. કોઇવાર મનમાં આવ્યું તો રાજપૂત વીર પુરુષનો પોશાક ધારણ કરીને, તે સર્વના હૃદયમાં એક પ્રકારનું કૌતુક ઉત્પન્ન કરવાનો પ્રયત્ન પણ કરતી હતી. પોતાના સહોદર સંગે તેણે ભિન્ન ભિન્ન દેશોમાં અનેકવાર પ્રવાસ કરેલો હોવાથી, ભારતવર્ષના સર્વે દેશોના અને સર્વ લોકોના રીતિ રિવાજથી તે સારી રીતે જાણીતી હતી, તેની બુદ્ધિ અતિશય તીવ્ર હતી અને તે અનુકરણ કરવાનો તો અદ્વિતીય ગુણ ધરાવતી હતી. તેના ભ્રાતાનો તેનાપર વિલક્ષણ પ્રેમ હતો. તેનાં માતા પિતા તેની બાલ્યાવસ્થામાં જ કૈલાસવાસી થયાં હતાં.

વિનોદિની અને રસિકા યમુનાએ આજે ગુર્જર દેશવાસી પુરુષનો વેશ ધારણ કર્યો હતો. એમ કરવામાં ભાભી સાથે હાસ્યવિનોદ કરવાનો જ તેનો અંતઃસ્થ હેતુ હતો. જોધાબાઈ પોતાની નણંદને નાની બ્હેન પ્રમાણે ચાહતી હતી. જોધાબાઈ સ્વાભાવિક રીતે જ થોડી ધીર અને ગંભીર વૃત્તિવાળી સ્ત્રી હતી. પરંતુ તેની ધીરતા અને ગંભીરતાનો યમુનાના વિનોદી સ્વભાવ સમક્ષ નિભાવ થઈ શકતો નહોતો. ગમે તે ઉપાયે પણ યમુના પોતાની ભાભીનાં ગાંભીર્યનો નાશ કરી નાખતી હતી.

પૃષ્ઠ ભાગે મુકત મૂકેલા પોતાના લંબ કેશકલાપને હસ્તમાં ધરી, દર્પણમાં મુખ જોતી જોધાબાઈ, કોકિલાસમાન મધુર સ્વરથી યમુનાને ઉદ્દેશીને બોલી કે, "વારંવાર તમે લગ્નની વાતને ઉડાવ્યા કરો છો, એનું કારણ શું છે?" એમ કહીને પૂર્ણ સ્નેહથી તેણે ચંદ્રબિમ્બની સ્પર્ધા કરનારા યમુનાના મુખનું ચુંબન લીધું. એ ચુંબન સમયે જાણે બે સજીવ ચન્દ્રો એકત્ર થયા હોયની! એવો એકાએક ભાસ થવા લાગ્યો. પાછી તે નણંદને સંબોધીને બોલી કે, "બ્હેન! આવી રીતે હજી કેટલાક દિવસ વીતાડશો? કહું એમને કે, યમુના બહેન લગ્ન કરવાની ઈચ્છા ધરાવે છે? બોલોને?"

"ભાભી મારી! આ વાત પાછી આ જ નવેસરથી શામાટે કાઢી? લગ્ન તે ઈશ્વરી સુત્ર છે–એ કરવાની સત્તા તમારા કે મારામાં નથી." યમુના બોલી.

"ઈશ્વરી સૂત્ર તો ખરું; પણ આપણે પ્રયત્ન તો કરવો જોઇએ જ. વળી લગ્ન કરવાનો મૂળમાં તમારો નિશ્ચય પણ થવો જોઇએ. જો તમારા મનમાં લગ્નની ઈચ્છા ન હોય અને અમે ગમે તેટલા પ્રયત્નો કરિયે, તો તેથી શો લાભ થવાનો હતો?" જોધાબાઇએ તેના વિચારનું ખંડન કર્યું.

"ઇચ્છા હોય એટલે ઇચ્છિત વસ્તુ મળે છે, એવો સ્રષ્ટાનો નિયમ જ છે કે શું? જો એવો નિયમ હોત, તો તો પછી કોઈને કાંઈ પણ ચિન્તા કરવાનું કારણ જ રહ્યું ન હોત." યમુનાએ પોતાની બુદ્ધિનો વાદ કર્યો.

"તમારું આ બોલવું વ્યર્થ છે, તમારા ભાઇએ કેટલાં કેટલાં ઠેકાણાં પસંદ કર્યાં, પણ તમને તેમાંનું એકે રુચતું ન આવ્યું, એમાં અમારો શો દોષ?" જોધાબાઇએ વળી પોતાની વાત આગળ ચલાવી.

"ભાભી સાહેબ! બોલોને મરજી પડે તેટલું–કોણ તમને બોલતાં અટકાવે એમ છે." એમ કહીને યમુનાએ વિષય બદલી નાખવાના હેતુથી મુખમુદ્રામાં પરિવર્ત્તન કરીને પૂછયું કે, "એ તો ઠીક; પણ હળદીઘાટના યુદ્ધમાં મહારાણાજીનો પરાજય થવા પછી શું થયું? ? તમારા વડિલ વિશેના કાંઈ સમાચાર તમારા સાંભળવામાં આવ્યા છે કે?"

"આમ વાતને ઉડાડી નાખવાનો પ્રયત્ન મારા આગળ ફળીભૂત થઈ શકે તેમ નથી. મેં તમારી ચોરી પકડી કાઢી છે. મારા સુદેવને જોઇને તમારા મનમાં વિષમતા ભાસે છે કે શું? ત્યારે કેમ કહેતાં નથી તમારા ભાઇને?" જોધાબાઇએ હાસ્ય કરીને એ વિનોદમય શબ્દોનો ઉચ્ચાર કર્યો.

અત્યંત અનુરાગથી જોધાબાઇના ગાલપર અંગુલિપ્રહાર કરીને યમુના કહેવા લાગી કે, "ભાભી સાહેબ! તમને તો વિનોદ જરાય ગમતો ન હોતો ને? તમે તો બહુ જ ગંભીરતાનો દંભ દેખાડતાં હતાં ને ?" બ્હેન! તમે સારાં સારાં ઠેકાણાંની વાત તો કરો છો, પણ મહારાજે એવી પ્રતિજ્ઞા કરેલી છે કે, પતિત રાજપુતો સાથે શરીર સંબંધ ન જ કરવો–એટલે હવે આપણો શો ઉપાય?

હસતાં હસતાં જોધાબાઈએ પ્રેમથી ઉત્તર આપ્યું કે, "હવે પોતાની વાત રાખવા માટે ગમે તેમ બોલો, પણ તમે બોલવામાં ભૂલ તો ખાધી જ. જેવા તમારા બંધુ શૂરવીર છે, તેવો પતિ તમને કયાંથી મળશે, એ જ તમારા મનની શંકા છે ને?"

યમુના કાંઈ સહજમાં એવાં વાકયોથી હારી જાય તેવી ન હતી. જોધાબાઈ કરતાં તે વધારે બુદ્ધિમતી અને વધારે ચતુર હતી. મનમાં કાંઇક વિચાર કરીને મહાગંભીરતાથી તે પોતાની ભાભીને કહેવા લાગી–"હવે હું તમને ખરેખરી વાત સંભળાવી દઉં છું. કોઈ રેંજીપેંજી રાજપૂત સાથે હું વિવાહ સંબંધથી જોડાવાની નથી. મારો હવે પછી થનારો ભાવિપતિ શૂરવીર, પરાક્રમી અને સ્વતંત્ર રાજા હોવો જોઇએ; પરતંત્રતાની શૃંખલામાં તે બંધાલેયો હોવો ન જોઇએ. જો એમ હોય, તો જ મારા પિતાના કુળની કીર્ત્તિ સચવાઈ રહેવાનો સંભવ છે અને તેથી એવા ગુણ ધરાવતા પતિની અર્ધાંગના થવાનો જ મેં દૃઢ નિશ્ચય કરેલો છે."

જોધાબાઈએ થોડીવાર વિચાર કરીને ઉત્તર આપ્યું કે, "ખૂબ કરી! મારી નાનકડી નણંદી! તમે પણ ખૂબ બોલ્યાં! માત્ર એક જ રાજકુમાર વિના સમસ્ત રાજસ્થાનમાં એવો ગુણવાન્ રાજપુત્ર બીજો કોઈ પણ મળવાનો નથી, કે જેનો વંશજ તમારો વર થઈ શકે. ને તે રાજપુત્ર તે મહારાણો પ્રતાપસિંહ જ છે, એના વિના રાજસ્થાનના ઈતર સર્વ રાજપૂતો પતિત અને પરાધીન થઈ ગયેલા છે. સર્વ રાજપૂતોએ દિલ્લીશ્વરનું દાસત્વ સ્વીકારેલું છે. બ્હેન! તમે જાળ પાથરીને વાટ જોતાં બેઠાં છો તો ખરાં, પણ એવો વર તમને મળે, એવું તમારું ભાગ્ય જણાતું નથી."

"નહિ મળે, તો પણ કાંઈ ચિન્તા જેવું નથી. તમારા સાથે જ હાસ્યવિનોદ કરીને હું મારા દિવસો આનંદમાં વીતાડીશ," યમુનાએ કહ્યું.

"પરંતુ તે કેટલા દિવસ? તારુણ્યના વેગનો અવરોધ કરવો એ–"

"કૃપા કરીને હવે એ વિષયને છોડી દો;" યમુના જોધાબાઇને વચમાંથી જ બોલતી અટકાવીને કહેવા લાગી. "આવી નિરુપયોગી વાતો કરવા કરતાં આવોને થોડીવાર દાંપત્ય પ્રણયનો ઉપભોગ લઇએ.

"દાંપત્ય પ્રણય એટલે શું? એ તમે જાણો છો ખરાં કે? અને જો જાણતાં હો, તો તેનો ઉપભોગ કેવી રીતે લેવાનો વિચાર કર્યો છે?" જોધાબાઇએ પૂછ્યું.

"જાણે કે હું તમારો વર અને તમે મારાં વહુ, તમે મારાથી રીસાઈ બેસો અને હું તમને વિનવીને તમારા કોપનું નિવારણ કરું. કેમ, એ બધો ખેલ કરતાં આવડશે તો ખરો ને? યમુનાએ યુક્તિનું સૂચન કર્યું.

"ના–બાઈ હું તો એમાંનું કશુંય જાણતી નથી. તમને જેમ ગમે તેમ કરો." એમ કહીને જોધાબાઇએ મનમાં જ કહ્યું કે, "આના વિવાહ પ્રસંગને જોઇને મારાં નેત્રો ક્યારે સાર્થક થશે?" વળી પાછું તેણે યમુનાને ઉદ્દેશીને કહ્યું કે, "બ્હેન! આ પુરૂષવેશ હવે ઉતારી નાખો. આવા વેશમાં હજી તે કેટલીકવાર રહેવાનો વિચાર કર્યો છે?"

"પુરુષવેશ અત્યારે તે કેમ ઉતરે? એ પુરુષવેશથી તો હજી આપણા ખેલમાં રંગ જામવાનો છે!" એમ બોલીને યમુનાએ મનસ્વી જ કહ્યું કે, "જરા થોભો તો ખરાં ભાભી! તમારા પ્રશ્નનું વ્યાજ સહિત હું હમણાં જ ઉત્તર આપું છું."

"આ જુઓ–હું તમારા વામભાગે ઉભી રહી–હવે શું કરવું તે સૂચવો જોઇએ?" જોધાબાઇએ ખેલનો આરંભ કરતાં જ પ્રશ્ન કર્યો.

યમુનાએ સુંદર પુરુષવેશ ધારણ કરેલો હતો, એટલે તે પતિ બનીને જોધાબાઈને દક્ષિણ ભાગે ઉભી રહી અને રૂપવતી યુવતિ જોધાબાઈ લજ્જાવનત મુખથી પત્ની બનીને તેના, વામભાગે ઉભી રહી. પ્રથમ એકવાર જોધાબાઈ પ્રતિ દૃષ્ટિ કટાક્ષ કરીને યમુના બોલી કે, "હે વિધુવદને! હવે હું મારી મૃદુ પ્રાર્થનાનો પ્રારંભ કરું છું," એમ કહીને તેણે પ્રાર્થના કરવા માંડી:–

"જે વેળાએ તું પોતાના કોકિલા સમાન કંઠથી મૃદુ શબ્દોનો ઉચ્ચાર કરે છે, તે વેળાએ તારી ધવલ દંતપંકિતરૂપ કૌમુદીના પ્રકાશથી મારા હૃદયમાંના ઘોરતમ અંધકારનો એકાએક પ્રતિકાર થઈ જાય છે. મારા લોચનરૂપી ચકોરની તારા મુખરૂપી ચન્દ્રમાનાં દર્શનથી કોઈ કાળે પણ તૃપ્તિ થતી નથી; માટે હે ચારુશીલા સુન્દરિ ! તું હવે પોતાના માનને મૂકી દે! મદનરૂપી અનલથી મારું હૃદય બળીને ભસ્મીભૂત થઈ જાય છે, તેને વિલાસવારિના સિંચનથી શાંત કર–સ્મરરૂપી વિષના નિવારણ માટે મારા ગળામાં કર ધારણ કર અને મને સ્વપદપલ્લવનો ઉદાર આશ્રય આપ !!!"

જોધાબાઈ એકાએક હસી પડી અને કહેવા લાગી કે, "પણ તમે આટલો બધો વિનોદ શીખ્યાં કયાંથી? ખરેખર જ જો તમે પુરુષ થયાં હોત, તો તો કોણ જાણે શું શું કરી નાખત, તેની હું કલ્પના પણ કરી નથી શકતી."

"આવું ભાષણ અત્યારે વચમાં કરવાની કશી પણ અગત્ય નથી. વિના કારણ રસનો ભંગ થાય છે." એમ કહીને પાછો યમુનાએ પ્રશ્ન કર્યો કે, "તમે મને ખરેખર પુરુષ જ સમજો છો ને?"

"હા–તમને ખરેખર પુરુષ જ સમજું છું;" જોધાબાઇએ કહ્યું. "પણ હવે આગળ શી ચર્યા કરવી, તે મને સમજાવો. મારાથી હવે આમ દિગ્મૂઢ બનીને ઉભું રહી નથી શકાતું."

"પ્રાણેશ્વરિ! તું મારી પ્રાણપ્રિયા રાધા છે. મારાપર આટલો બધો ક્રોપ તારે કરવો ન જોઈએ. પ્રિયે! ચારુશીલે ! પ્રસન્ન થા. તારા કરતાં મને આ અવનીમાં વધારે પ્રિય હોય એવી એક પણ વસ્તુ નથી. તું આમ દિગ્મૂઢ બનીને કેમ ઉભી છે? શું આ સમય મારા મુખને જોતાં મૌન્ય ધારી ઉભા રહેવાનો છે? વસ્ત્રથી મુખને આચ્છાદિત કરીને મુખમંડળ ફેરવી નાખ અને કોપનો આવિર્ભાવ લાવ, એટલે રંગનો વધારે સારો જમાવ થશે!"

"કોપનો આવિર્ભાવ તો મારાથી લાવી શકાશે નહિ. બીજો કોઈ ઉપાય હોય તો સૂચવો." જોધાબાઇએ વચમાં જ રંગનો ભંગ કરી નાખ્યો.

"ત્યારે આમ જ ચાલવા દો." એમ કહીને યમુનાએ પાછો પ્રેમભાષણનો આરંભ કર્યો. "પ્રાણેશ્વરિ! મારો તારાપર અતોનાત પ્રેમ છે!"

હસતી હસતી જોધાબાઈ સ્તબ્ધ થઇને ઉભી રહી.

"પ્રિયે! મને ઉત્તર તો દે." યમુનાએ પુનઃ પ્રાર્થના કરી.

જોધાબાઈ પ્રથમ પ્રમાણે અદ્યાપિ નિરુત્તર જ રહી.

ત્યાર પછી યમુનાએ જોધાબાઇના ગાલોના ચુંબનનો આસ્વાદ લીધો. માત્ર એક જ ચુંબનથી તેના ગુલાબ જેવા કોમળ ગાલમાં લાલ રંગનો ભાસ થવા લાગ્યો.

મુખથી કાંઈ પણ ન બોલતાં, તેણે યમુનાપ્રતિ માત્ર એક પ્રેમમય દૃષ્ટિપાત કર્યો અને પાછી ગંભીરતા ધારીને ઉભી રહી.

પરંતુ યમુનાના મનમાં માત્ર ચુંબનથી સંતોષ થયો નહિ, તેથી તે કહેવા લાગી કે, "તમને મારી સ્ત્રી થતાં બરાબર આવડ્યું નહિ, તમે તમારો પાઠ જોઇએ તેવો સારો ન ભજવ્યો. મેં કહ્યું કે, 'પ્રાણેશ્વરિ! મારો તારાપર અતોનાત પ્રેમ છે, અને તમે તો મૂંગાં મુંગાં ઉભાં જ રહ્યાં. તમારે એમ કહેવું જોઇએ કે, 'પ્રાણેશ્વર! મારું જીવન સર્વસ્વ આપ જ છો.' પરંતુ એમ બોલતાં ન જ આવડતું હોય, તો તમારા પતિને ચુંબનથી તો રંજિત કરો."

જોધાબાઇએ કાંઈ પણ ઉત્તર દીધું નહિ અને ચુંબન પણ લીધું નહિ. તેની સ્થિતિ તો પૂર્વ પ્રમાણે જ રહી.

યમુના પોતાના મન સાથે કહેવા લાગી, "હવે આવી રીતે વ્યર્થ વેળા ખોવી ન જોઇએ. ભાભીએ કરેલા વિનોદનો વ્યાજ સહિત બદલો વાળવો જોઇએ." એવો વિચાર કરીને યમુનાએ પુરુષવેશમાં જ જોધાબાઇને આલિંગન કર્યું અને પોતાના બન્ને હાથ તેના ગળામાં નાખી દીધા.

"આ શું કરો છો? કાંઇક ભાનમાં આવો—છોડો મને—મારું ગળું રુંધાઈ જાય છે." બળ ન ખમી શકવાથી જોધાબાઇએ પોકાર કર્યો.

જોધાબાઇના એ શબ્દો પૂરા થયા ન થયા એટલામાં તો યમુના બૂમ પાડીને બોલવા લાગી કે, "અરે કોઈ આવો—દોડો—ભાભીના અંતઃપુરમાં કોઈ પરપુરુષે પ્રવેશ કર્યો છે અને તે ભાભીપર બલાત્કાર કરે છે!"

પોતાનું ગળું છોડવવા માટે અને યમુનાનું મુખ બંધ કરવા માટે, જેમ જેમ જોધાબાઈ વધારે વધારે પ્રયત્ન કરવા લાગી, તેમ તેમ તેનું ગળું વધારે બળથી દબાવતી યમુનાએ વધારે બળથી બૂમો પાડવા માંડી.

"અરે કોઈ જલ્દી—ઉતાવળે દોડો—ઘાત થઈ ગયો રે ભગવાન્! અરે, આ કોઈ દુષ્ટ નર ભાભીના પાતિવ્રત્યનો ભંગ કરે છે—રે દોડો."

યમુનાની આવી ઉછૃંખલતાથી જોધાબાઈ અંતે હારી ગઈ અને રડવા લાગી. તો પણ તેને ન છોડતાં વિનોદિની યમુના ઘડી ઘડી તેને ટોકવા લાગી કે, "કેમ—તમારા બંધુ જેવો પતિ—બીજીવાર કહેશો કે?"

એ વિનોદનું પરિણામ એવું થયું કે, યમુનાના બૂમ બરાડા સાંભળીને બહાર બેઠેલા કેટલાક અનુચરો અંદર દોડી આવ્યા અને ગૃહસ્વામી પૃથ્વીરાજ પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે "શું થયું?" એવો આવતાં જ જોધાબાઈને પ્રશ્ન કર્યો. યમુના તો તેમના આવવા પહેલાં જ ત્યાંથી પોતાના ઓરડામાં સરકી ગઈ, ને પુરુષવેશ ઉતારી નિદ્રાનું મિષ કરીને પોતાની શય્યામાં પોઢી ગઈ.

બિચારી જોધાબાઈ ઉત્તર તે શું આપે? તેણે હસતાં હસતાં માત્ર એટલું જ કહ્યું કે, "કાંઈ પણ થયું નથી. યમુનાના વિનોદનું જ આ પરિણામ છે!"

"યમુનાનો વિનોદ? ચાલો ઠીક થયું. મારા જીવમાં જીવ આવ્યો. મેં તો એમ જ ધાર્યું કે, કોઈ યવને જ મારા રત્નની ચોરી કરવાનું ધોળે દિવસે સાહસ કરેલું

છે. યમુના બિચારી ભોળી અને ઉચ્છંખલ કુમારિકા છે! હજી એને સંસારનું શું જ્ઞાન હોય, કે, સારાસારનો વિવેક કરી શકે?" પૃથ્વીરાજે એમ કહીને વાત ટુંકી કરી સર્વના મનનું સમાધાન કરી નાખ્યું.

—✠✠✠✠—

દ્વિતીય પરિચ્છેદ

પૃથ્વીરાજ રાઠોડ

"જખ્મી હો જિગર ઔર દિલે હમરાજ ન બોલે?
મિઝરાબ લગે તારમેં ઔર સાજ ન બોલે?" હશ્ર

ફુગવિદ્યા વિશારદ અકબરશાહ બાદશાહની રાજધાની દિલ્લીમાં બનતા કેટલાક બનાવોનું આપણે હવે દિગ્દર્શન કરવાનું છે. રાજસ્થાનને થોડા સમયને માટે વિસરી જવાનું છે. ગત પરિચ્છેદમાં વર્ણવેલી ઘટના દિલ્લીમાં જ બની હતી, ત્યારે યમુના કોણ? જોધાબાઇ કોણ? અને પૃથ્વીરાજ કોણ? એ જાણવાની વાચકોના મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. વાચકોની એ જિજ્ઞાસા તૃપ્ત કરવાના હેતુથી અમે અહીં પૃથ્વીરાજ અને તેના પરિવારનો સંક્ષિપ્ત વૃત્તાંત આપવો ઉચિત ધારિયે છિયે.

સાર્વભૌમ અકબર બાદશાહે કપટ,યુક્તિ અને ચાતુર્યથી અનેક રાજપૂત રાજાઓને સ્વાધીન કરી લીધા હતા અને કેટલાકોને કારાગૃહમાં રાખેલા હતા, એ બીના ઇતિહાસ પ્રિય વાચકોથી અજાણી નથી. બીકાનેરનો રાજા પૃથ્વીરાજ રાઠોડ, બીજા વર્ગનો એટલે કે કારાગૃહવાસી રાજા હતો. દુર્દૈવથી પૃથ્વીરાજનું બાહ્યસ્વાતંત્ર્ય તો નષ્ટ થઈ ગયું હતું, પરંતુ તેના મનની સ્વતંત્રતામાં લેશ માત્ર પણ ન્યૂનતા થઈ નહોતી. કારણ કે, તેણે મહાદુર્લભ મનાતા કવિજીવનનો સ્વીકાર કરેલો હતો. સત્ય કવિ અને મનનો ઉદાર પુરુષ દુર્ભાગ્યવશાત્ ગમે તેવા મહા સંકટમાં પડેલો હોય, તો પણ તે પોતાના માનસિક સ્વાતંત્ર્ય, તેજ અને ન્યાયપરાયણત્વનો કોઈ કાળે પણ ત્યાગ કરતો નથી; ને વળી સરલતા, સહૃદયતા, ગુણગ્રાહકતા અને ઉદારતા એ કવિના અલંકારભૂત ગુણો પણ તેના અંગમાં અવશ્ય નિવાસ કરી રહેલા હોય છે. બીકાનેરના મહારાજા પૃથ્વીરાજ રાઠોડના અંગમાં એ સર્વ ગુણોનો પરિપૂર્ણતાથી વાસ થયેલો હતો. તેનાં સુન્દર, મનોહર, ઉત્સાહવર્ધક અને શૌર્યોત્પાદક કાવ્યો સર્વના મનને એક સરખી રીતે મોહિત કરી નાખતાં હતાં. તેના કાવ્યોમાં એક પ્રકારની અલૌકિક શક્તિનો પ્રભાવ જોવામાં આવતો હતો.

દિલ્લીશ્વરે એ રાજપૂત કવીશ્વરને મહા કૌશલ્યથી બંદીવાન્ બનાવીને તેને પોતાના દરબારમાં સ્થાન આપેલું હતું. પોતે બંદીવાન્ છે, એમ ધારીને તેના હૃદયમાં દુઃખ ન થાય, એ માટેની શાહેનશાહ અકબરે ઘણી જ સારી વ્યવસ્થા રાખી હતી અને એથી તેનું તે બહુ જ સારું માનસન્માન રાખતો હતો. પરંતુ આનંદપૂર્વક સ્વચ્છંદ વિહાર કરનારા સ્વતંત્ર પક્ષીને સુવર્ણના પાંજરામાં પૂરી, ઉત્તમોત્તમ પદાર્થો ખાવાને આપવા છતાં પણ, તેના મનમાં જેવી રીતે આનન્દ નથી થતો; તેવી જ રીતે પૃથ્વી-

રાજને બીજા સર્વ વિષયો અનુકૂળ છતાં પણ સ્વાતંત્ર્યના અભાવે, તેનું મન રાત્રિદિવસ ખેદમાં જ રહ્યા કરતું હતું. પ્રેમમયી, સતી અને સાધ્વી સહધર્મિણી, દાસદાસી તથા સ્નેહમયી ભગિની ઇત્યાદિ સર્વ વાર્તાઓ અનુકૂળ છતાં પણ માત્ર એક સ્વદેશસ્વાતંત્ર્ય માટે આત્મત્યાગ કરવાની શક્તિ પોતામાં ન હોવાથી, તેની મનોવ્યથાનો પાર હતો નહિ. પોતે રાજપૂત છતાં કવિત્વનો સ્વીકાર કરીને યુદ્ધવિદ્યાનો પરિત્યાગ કરવા માટે તે મનમાં બહુ જ બળ્યા કરતો હતો. અનેકવાર તે નિરાશ બનીને પોતાને ધિક્કારતો. મનસ્વી ઉદ્દગાર કાઢતો હતો કે, "હાય! હાય!! ધિક્કાર હો. આ મારા દુર્દૈવી જીવનને! દુષ્ટ યવનોએ મેવાડનું સર્વસ્વ હરી લીધું છે અને હું મેવાડવાસી છતાં પણ તે યવનોનો અનુગ્રહાભિલાષી થઈને જીવિત ધારી રાખું છું! સ્વદેશસ્વાતંત્ર્ય રક્ષણ અને જનની જન્મભૂમિનો ઉદ્ધાર, એ વિષયો તો મારા મને માત્ર કલ્પનામય જ બની ગયા છે!! ધન્યતા તો છે, તે પ્રાતઃસ્મરણીય પુણ્યશ્લોક પ્રતાપી મહારાણા પ્રતાપસિંહને; અદ્યાપિ તે એકલો હોવા છતાં પણ સ્વદેશોદ્ધારના કાર્યમાં તનમન ધનથી મચ્યો રહેલો છે!! અરેરે—જો આ વેળાએ મને તેની વિજયપતાકાના સંરક્ષણનું કાર્ય કરવાનો પ્રસંગ પણ મળ્યો હોત, તો પણ મારું જીવન અમુક અંશે ફળીભૂત થયું હોત અને મારી આ સર્વ માનસિક વ્યથાઓનો નાશ થઈ ગયો હોત! અફસોસ! ખરેખરા ક્ષત્રિયવીર્યથી ઉત્પન્ન થવા છતાં પણ મારાથી સ્વદેશના ઉદ્ધારનું કાર્ય કરી નથી શકાતું! મારી આવેશયુક્ત કવિતા સાંભળીને રાજપૂત વીરોના મનમાં દ્વિગુણિત આવેગ અને વિશેષ અવસાન આવવાનો સંભવ હતો અને જે કવિતાના શ્રવણથી પરાક્રમી પ્રતાપસિંહના મનમાં સ્વકર્તવ્ય બજાવવામાં અધિક જાગૃતિ અને અધિક ઉત્સાહ થઈ શકયો હોત, તેવી કવિતાઓનો કર્ત્તા હું બીકાનેરનો રાઠોડ પૃથ્વીરાજ તે અકબરનો અંકિત? આ દુર્ગમ દુર્દૈવનું તે કયા નામથી સંબોધન કરવું?"

માત્ર એક જ વિષયમાં પૃથ્વીરાજ મહા ભાગ્યવાન્ હતો. તેની પત્ની અદ્વિતીય ગુણવતી હતી, એટલે તેના સહવાસથી પોતાનાં અનેક દુઃખોને વિસારી તે બહુ જ આનંદમાં રહેતો હતો. રૂપ અને ગુણ—ઉભયમાં પૃથ્વીરાજની પત્ની સર્વથા અતુલનીય હતી. એ કેવળ કવિકલ્પના નથી, કિન્તુ ઈતિહાસ પણ એ વાતની જોઇએ તેવી મજબૂત સાક્ષી આપે છે.

એ રમણીરત્નનો વાચકોને ગત પરિચ્છેદમાં કિંચિત્ પરિચય થઈ ચૂકયો છે—અર્થાત્ ગત પરિચ્છેદમાં આવેલી જોધાબાઈ તે જ પૃથ્વીરાજની પત્ની. જોધાબાઈ સર્વ ઉત્તમગુણોથી વિભૂષિત હતી. તેનામાં નામ માત્રને માટે પણ કોઈ દોષ જોવામાં આવતો ન હોતો. અત્યારે કદાચિત્ વાચકો અમારાપર એવો આક્ષેપ કરશે કે, તમે જોધાબાઈની કાંઇક અતિશયોક્તિ ભરેલી પ્રશંસા કરો છો;" પરંતુ અમારી એ પ્રશંસા અક્ષરશઃ ખરી છે અને ધીમે ધીમે તેનો વાચકોને પોતાને પણ અનુભવ થશે જ.

એ જોધાબાઈ તે મહારાણા પ્રતાપસિંહની ભત્રીજી—એટલે કે શક્તિસિંહની કન્યા હતી.

જોધાબાઇનો જેવા ઉચ્ચ કુલમાં જન્મ થયો હતો, તેવા જ ઉચ્ચકુલનો કુલીન પતિ પણ તેને મળ્યો હતો. પૃથ્વીરાજ પણ મહા સુન્દર, ગુણવાન્, શૂરવીર અને

વિદ્વાન્ હતો. આવા પ્રકારનો મણિકાંચનયોગ, કોઈ કાળે પણ નિષ્ફળ થઈ શકે ખરો કે?

યમુનાના વિનોદની વાર્તા જ્યારે તેના જાણવામાં આવી, ત્યારે પૃથ્વીરાજ વિનોદ-પૂર્વક પોતાની પત્નીને કહેવા લાગ્યો કે, "સારું થયું કે, અરિષ્ટ ટળી ગયું. મને તો એમ જ લાગ્યું કે, ધોળે દહાડે મારા ઘરપર હલ્લો કરવાનું સાહસ તે કોણે કર્યું? હવે મારા જીવમાં જીવ આવ્યો!"

ત્યાર પછી અહીં તહીંની અનેક વાર્ત્તાઓ થયા પછી પાછું પૃથ્વીરાજે કહ્યું કે; "પ્રિયે! તારું મુખ જોઉં છું, એટલે હું સર્વ દુ:ખોને ભૂલી જાઉં છું. સુખમાં, દુ:ખમાં, ભાગ્યમાં અને વિપત્તિમાં તું મારી સહચારિણી છે. ત્યારે હવે યમુનાના સંબંધમાં શું કરવું તે તો કહે. યમુનાને આમ કુમારિકાવસ્થામાં હજી કેટલાક દિવસ રાખી મૂકવી?"

જોધાબાઇએ પતિનો હસ્ત પોતાના સ્કંધ ભાગે રાખીને મહામિષ્ટ સ્વરથી ઉત્તર આપ્યું કે, "પ્રાણનાથ! હું પોતે પણ એના વિચારમાં જ પડેલી છું. ભાગ્યમાં શું લખેલું છે, તે કંઈ સમજાતું નથી. આપણે આટઆટલાં સ્થાનો જોયાં અને આટઆટલાં માગાં આવ્યાં, પણ ક્યાંય કાંઈ નિશ્ચય થયો નહિ."

એક દીર્ઘ નિ:શ્વાસ નાંખીને પૃથ્વીરાજ બોલ્યો "જો આજે માતા પિતામાંથી કોઈ પણ હોત, તો આ ચિન્તા મારે ભોગવવી પડી નહોત. તેમણે પોતાના અભિપ્રાય પ્રમાણે સ્થાન પસંદ કરીને વિવાહનો નિશ્ચય કરી નાંખ્યો હોત. પણ હવે ભાર મારે શિર છે અને મારા મત અનુસાર અદ્યાપિ કોઈ પણ સ્થળ મારા જોવામાં આવતું નથી." એમ કહીને તે વિચારમાં પડી ગયો અને થોડીવાર રહીને પાછો કહેવા લાગ્યો;—

"રાજપૂતોની વર્તમાન અવસ્થા જોતાં કન્યાનો કે ભગિનીનો વિવાહ કરવો, એ એક બહુ જ વિચાર કરવા યોગ્ય કાર્ય થઈ પડ્યું છે. કેટલાક નીચ અને કુલાંગાર રાજપૂતો, દ્રવ્ય અને અધિકારના લાભની આશાથી પોતાના કુલાભિમાન અને નામ લૌકિકને તિલાંજલિ આપીને યવનોસાથે શરીરસંબંધ સાંધે છે! મારે પણ એ જ માર્ગનું અવલંબન કરવું પડશે કે શું? ના—ના—પ્રાણ જાય તો ભલે જાય; પણ એ માર્ગનો હું કદાપિ સ્વીકાર કરનાર નથી. દુર્દૈવની પ્રબળતાથી મારું બાહ્ય સ્વાતંત્ર્ય તો જો કે નષ્ટ થયું છે, કિન્તુ મારા મનની સ્વતંત્રતા તો લેશ માત્ર પણ ન્યૂન થઈ નથી. તે મન: સ્વાતંત્ર્યનો હવે યમુના નાશ કરશે કે શું? પરમેશ્વર! તું મને આ સંકટમાંથી પાર પડવાનો માર્ગ બતાવ." પુન: તે વિચારમાં પડી ગયો અને પુન: થોડીવાર રહીને કહેવા લાગ્યો:—

"પણ હવે યમુનાને કેટલા દિવસ કુમારિકા રાખવી? આર્યધર્મ પ્રમાણે આટલી મોટી કન્યાને અવિવાહિતા રાખવી, એ મહા પાપ છે. જાણી જોઇને હું એ પાતકનો અધિકારી થઇને મારા પૂર્વજોને નરકના નિવાસી બનાવું છું! પરંતુ ભગિનીને યવનના કરમાં સમર્પવી, એથી તો પાપનું પ્રમાણ દ્વિગુણિત થવાનો સંભવ છે. પ્રાણ જાય તો ભલે, પણ યવન સાથે તો શરીરસંબંધ મારાથી નહિ જ કરી શકાય. યમુના જન્મ-કુમારી રહેશે તો પાલવશે; પણ આ કલંક નહિ પાલવે. કેમ પ્રિયે! તારો શો અભિપ્રાય છે?"

"પ્રાણનાથ! આપનો તે જ મારો અભિપ્રાય. આપના મતથી મારું મત કોઈ કાળે પણ ભિન્ન હોઈ શકે જ નહિ" જોધાબાઈએ ઉત્તર આપ્યું.

"પણ યમુનાની શી ઈચ્છા છે, તે તું કાંઈ જાણે છે ખરી કે? તેને કેવા પ્રકારનો પતિ જોઇયે છે?" પૃથ્વીરાજે પૂછ્યું.

જોધાબાઇએ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને કહ્યું કે, "યમુનાની જે ઇચ્છા મારા જાણવામાં આવી છે, તેનો વિચાર કરતાં પરિણામ સારું દેખાતું નથી."

પૃથ્વીરાજે ઉત્કંઠાથી પૂછ્યું "તે વળી શું?"

"કોઈ પણ ભ્રષ્ટ રાજપૂત સાથે વિવાહ ન કરવાનો તેનો દૃઢ સંકલ્પ! જો વિવાહ સંબંધ કરવો, તો પ્રતાપના વંશના કોઈ વીર પુરુષ સાથે કરવો, એવી તેની ઇચ્છા છે!" જોધાબાઇએ યમુનાની ઇચ્છાનું દર્શન કરાવ્યું.

"ખરેખર યમુનાને એ યોગ્ય છે!" પૃથ્વીરાજે આનન્દપૂર્વક મનનો ઉદ્ગાર કાઢી સંભળાવ્યો.

"યોગ્ય છે, એ વાત તો ખરી. પણ એમાં કેટલાં સંકટો ભોગવવાનાં છે, તેનો કાંઈ પણ વિચાર યમુનાએ કર્યો છે? મને તો તે ધારે છે, તેટલું આ કાર્ય સહજ અને સરળ હોય એમ લાગતું નથી." જોધાબાઇએ સ્વતંત્રતાથી પોતાના વિચારો વ્યક્ત કર્યા.

"એ કાર્યમાં કેટલાં બધાં સંકટો સમાયલાં છે, તે તો હું પણ જાણું છું. પણ પ્રિયે! યમુનાની એ ઇચ્છા પ્રશંસનીય નથી શું? સર્વ સ્ત્રીઓની એવી ઉચ્ચતમ ઇચ્છા હોઈ શકતી નથી. શું ઇશ્વર તેની ઈચ્છા પરિપૂર્ણ નહિ કરે?" પૃથ્વીરાજે યમુનાની સ્તુતિ કરીને તેના મનોભાવની સિદ્ધિ ઇચ્છી.

"પરમેશ્વર ધારે તો શું ન કરી શકે? પણ આપણાં એવાં ભાગ્ય કયાંથી? શું યમુનાને ઇચ્છિત વરની પ્રાપ્તિ થશે? કદાચિત્ થાય પણ ખરી." એમ કહીને જોધાબાઈ જરાક અટકી ગઈ અને થોડીવાર પછી પૂછવા લાગી કે, "એ તો ઠીક, પણ હળદીઘાટના યુદ્ધમાં મહારાણાનો પરાજય થવા પછી મારા પિતાએ શું કર્યું; એ વિશે આપ કાંઈ પણ જાણો છો કે?"

"પરાજય થવાથી મહારાણાના મનમાં બહુ જ ખેદ થયો હતો, પણ એટલામાં બંધુના આવી મળવાથી તે ખેદ, આનન્દમાં બદલાઈ ગયો. તેમના મનમાં પાછી પોતાના વ્રતઉદ્યાપનની આશા નવીનતાથી જાગૃત થઈ;" પૃથ્વીરાજે કહ્યું.

"એમ થવાથી મારા કલંકનો પણ નાશ થયો. પ્રાણનાથ! શું કહું! જે દિવસ મારા પિતા મારા કાકા સાથે લડીને વૈર વાળવાના ઉદ્દેશથી બાદશાહને આવી મળ્યા, તે દિવસથી લજ્જાને લીધે હું જીવતી જ મરી ગયા જેવી થઈ ગઈ હતી. બીજાઓ સાથેની વાત તો વેગળી રહી, પણ આપ સાથે પણ મન મોકળું કરીને બોલવામાં મને લજ્જા થયા કરતી હતી. હું પ્રતિ રાત્રે આપ નિદ્રાવશ થયા પછી બારીમાં બેસીને જ્યોત્સ્નાયુક્ત નીલ નભોમંડળમાં દૃષ્ટિની એકાગ્રતા કરી, અનન્ય ભાવે પ્રભુની પ્રાર્થના કરતી હતી કે, 'હે પરમાત્મન્! તું રાજપૂતોને સદ્બુદ્ધિ આપ, એ વાત આપના જાણવામાં તો નહિ જ હોય. મારી પ્રાર્થનાનું ફળ મને મળ્યું. મારા પિતા અને કાકાનો પાછો સંપ થયો, એ મેવાડનું સદ્ભાગ્ય જ સમજવું જોઇએ." જોધાબાઇએ આનંદથી છલકાઈ જતા હૃદયે એ વાકયો ઉચ્ચાર્યાં.

"ખરેખર ગૃહકલહ જ સર્વ અનર્થોનું મૂળ છે. ગૃહકલહથી જ આ ભારતવર્ષની આવી દુર્દશા થવા માંડી છે. રાજપૂતોની વર્ત્તમાન દુર્દશાનું મૂળ કારણ, એ ગૃહકલહ અને પરસ્પરનો કુસંપ જ છે! તારા પિતા અને કાકાનો આવી રીતે પાછો મેળાપ થશે, એવી કોઇને સ્વપ્નમાં પણ કલ્પના હતી નહિ. આ બનાવથી મોગલો પણ મહા વિચારમાં પડી ગયા છે, એમ સાંભળવામાં આવે છે." પૃથ્વીરાજે ગૃહકલેશથી થતી હાનિઓનું વિવેચન કર્યું.

"મોગલોના મનમાં ચિંતા થવી જ જોઇએ. એમ ન થાય તો આશ્ચર્ય કહેવાય. મારા પિતા અને કાકાનું પરસ્પર ઐક્ય થવાથી, મને લાગે છે કે, આપણી યમુનાની મનોભાવના કદાચિત્ ફળીભૂત થાય પણ ખરી." જોધાબાઇએ કહ્યું.

"કેવી રીતે?" પૃથ્વીરાજે બહુ જ ઉત્સુકતા અને અધીરતાથી પ્રશ્ન કર્યો અને ઉત્તરની માર્ગપ્રતીક્ષા કરતો અનેક વિચાર કરવા લાગ્યો.

"મારા કાકાના જ્યેષ્ઠ પુત્ર અમરસિંહ સાથે કદાચિત્ એનો વિવાહ થવાનો સંભવ છે." જોધાબાઇએ ભાવી આશાનું દર્શન કરાવ્યું.

પૃથ્વીરાજ અતિશય આનન્દથી બોલ્યો;–"મહારાણાના જ્યેષ્ઠ પુત્રસંગે યમુનાનો વિવાહ સંબંધ! એટલાં મોટાં આપણાં ભાગ્ય ક્યાંથી હોય!!"

"આપ મારા પિતાને એક પત્ર લખીને આ બાબતનો જવાબ મંગાવો;" જોધાબાઇએ સલાહ આપી.

"તારી સલાહ યોગ્ય છે. પણ આપણે અત્યારે શત્રુના નગરમાં વસતા હોવાથી, મારી ઇચ્છા સફળ થાય, એવો સંભવ જણાતો નથી. કારણ કે, યમુનાપર કેટલાક યવન સરદારોનો કટાક્ષ છે અને તેવી જ રીતે કેટલાક સ્વદેશદ્રોહી કુલાંગાર રાજપૂતો, પોતે ભ્રષ્ટ થયેલા હોવાથી, મને પણ પોતાની પંક્તિમાં લાવવાનો યત્ન આદરી બેઠા છે. આવી સ્થિતિ હોવાથી જો આ વાર્ત્તા ન કરે નારાયણને બાદશાહના કાને જાય, તો તે મારી આ પવિત્ર ઇચ્છા કોઈ કાળે પણ સફળ થવા દે નહિ." પૃથ્વીરાજે પોતાના ભયનું ખરેખરું કારણ બતાવી દીધું.

"ખરેખર–એ પણ એક વિચારવા જેવી બાબત છે." એમ કહીને જોધાબાઈ કોઈ ગહન વિચારમાં નિમગ્ન થઈ ગઈ.

"મહારાણાજીને પ્રાતઃસ્મરણીય મહાપુરુષ ધારીને હું તેમની પૂજા કરું છું, એટલે તેમના પુત્રસંગે મારી ભગિનીનો વિવાહ સંબંધ થશે, એ કલ્પનામાત્રથી જ મારો આનંદ અનિવાર્ય થઈ ગયો છે! પ્રિયે! શું તું નથી જાણતી કે, હું દરરોજ પ્રાતઃકાળમાં મહારાણાની મૂર્ત્તિનાં દર્શન કર્યા વિના શય્યામાંથી ઊઠતો જ નથી તે? મહારાણાને હું ઈશ્વરનો સાક્ષાત્ અવતાર જ માનું છું. ઈશ્વરના પુત્ર સાથે મારી ભગિનીના વિવાહ થાય એટલો બધો ભાગ્યશાળી હું ક્યાંથી હોઈ શકું વારુ?" પૃથ્વીરાજે મહારાણા પ્રતિનો પોતાનો સદ્ભાવ પ્રકટ કર્યો.

"મહદ્ભાગ્ય હો કે ન હો, પરંતુ એકવાર પ્રયત્ન કરવામાં આપણી શી હાનિ થાય એમ છે?" જોધાબાઇએ પતિનો ઉત્સાહ વધાર્યો.

"વારુ, ત્યારે એમ જ કરીશું. પણ યમુનાનો મનોહેતુ શો છે, તે જરા ધીમે ધીમે વાતમાં ને વાતમાં તેના મુખથી જાણી લેજે;' પૃથ્વીરાજે કહ્યું.

"આપના કહેવા પહેલાં જ તેનો હેતુ હું સારી રીતે જાણી ચૂકી છું. શું, આપને એનું કાંઈ પણ પ્રત્યક્ષ પ્રમાણ જોઇએ છે?" જોધાબાઈ બોલી.

"પ્રત્યક્ષ પ્રમાણ એટલે? હું કાંઈ સમજ્યો નહિ." પૃથ્વીરાજે શંકા બતાવી.

"મારા પિતા જ્યારે અહીં આવ્યા હતા, ત્યારે તેઓ પોતાના આપ્ત ગોપ્તોની કેટલીક છબીઓ પોતા સાથે લાવ્યા હતા, એ વાત તો આપના સ્મરણમાં હશે જ?" જોધાબાઇએ પોતાના પતિને એક વિશિષ્ટ પ્રસંગનું સ્મરણ કરાવતાં મનોહરતાથી કહ્યું.

"હા-અને તે જ છબીઓમાંની એક છબીપરથી મેં પુણ્યશ્લોક મહારાણા શ્રી પ્રતાપસિંહની પ્રસ્તરમયી મૂર્ત્તિ બનાવી હતી." પૃથ્વીરાજે તેની વાર્તાને અનુમોદન આપતાં પોતાના સ્મરણનો પરિચય કરાવ્યો.

"તેમાંની કેટલીક છબીઓ મારી પાસે છે. એક છબીમાં મારા પિતા, મારા કાકા અને ભાઈ વગેરે સર્વની છબીઓ છે અને તેમાં અમરસિંહની પણ છબી છે. એ છબી યમુના મારા પાસેથી લઈ ગઈ છે; અને મેં ઘણીકવાર માગ્યા છતાં પણ પાછી આપવાની ના પાડે છે. એક દિવસ હું સહજ સ્વભાવે તેના ઓરડામાં જઈ લાગી અને તેને એકાએક મેં તે છબીને ધ્યાનપૂર્વક અવલોકતાં જોઈ. એથી મારો નિશ્ચય થઈ ગયો કે, એ જ વર-અમરસિંહ જ તેને પસંદ પડેલો હોવો જોઇએ." જોધાબાઈએ પોતાની કલ્પનાનું કારણ કહી સંભળાવ્યું.

પૃથ્વીરાજ એક સહૃદય કવિ હતો. કિંચિત્ વિસ્મિત થઇને તેણે પોતાની પત્નીને કહ્યું કે, "જ્યારે માત્ર છબી જોતાં જ તેનો અમરસિંહમાં સ્નેહ બંધાયો છે, ત્યારે તેની પ્રત્યક્ષ સત્યમૂર્ત્તિ જોતાં યમુનાની શી દશા થશે, તેનું અનુમાન કરી નથી શકાતું. પણ આ તું વિનોદ તો નથી કરતી? મને તો એમ જ દેખાય છે કે, યમુનાએ આજ તને બહુ જ બનાવેલી હોવાથી, તેનું વૈર વાળવાની તેં આ નવીન યુકિત શોધી કાઢી છે!"

પૃથ્વીરાજનું આવું ભાષણ સાંભળીને જોધાબાઈ સ્મિત મુખે કહેવા લાગી કે, "કવિઓ એક વાતને બીજા રૂપમાં કેવી સફાઈથી ફેરવી નાંખે છે, એનું મેં આજે પ્રત્યક્ષ ઉદાહરણ જોયું! ભગિનીના પ્રેમરહસ્યને મારા મુખથી સાંભળી લેવા માટે આટલીવાર ગંભીરતા ધારણ કરી, પણ જરાવારમાં વાત કેવી ફેરવી નાંખી? આપે શું કહ્યું? જ્યારે માત્ર છબી જોતાં જ તેનો અમરસિંહમાં સ્નેહ બંધાયો છે, ત્યારે તેની પ્રત્યક્ષ સત્ય મૂર્ત્તિ જોતાં યમુનાની શી દશા થશે? કહો તો ખરા કે, કેવી અને શી દશા થશે? ભગિની ભ્રાતાનો વિનોદ અપ્રતિમ તો ખરો! આવી યુક્તિઓ કવિઓના મસ્તિષ્કમાં જ આવે. હો!"

પૃથ્વીરાજ નિરુત્તર થઈ ગયો અને મનમાં કહેવા લાગ્યો કે, "પ્રેમરાજ્યની ન્યાય-પદ્ધતિ એ જ છે. છબીને જોઇને, કોઇવાર કોઈના મુખે વૃત્તાન્ત સાંભળીને અને કવચિત્ સ્વપ્નમાં પ્રિયદર્શન કરીને પ્રેમિક અને પ્રેમિકા પોતાના ઈપ્સિત મનુષ્યનો નિર્ણય કરે છે, એમાં આશ્ચર્ય જેવું શું છે? સાધારણ લોકો એ પ્રણયના અપૂર્વ રહસ્યને ન જાણતા હોવાથી સાહસ કરીને પ્રેમી જનોને દોષ આપવાને તૈયાર થઈ જાય છે. યમુના હવે વયમાં આવેલી છે. મહારાણાના અપૂર્વ પરાક્રમોનું વર્ણન સાંભળીને અને અમરસિંહની દેવતુલ્ય છબી નિહાળીને, એ બાળાનો અમરસિંહમાં પ્રેમ બંધાય, એમાં અસં-

ભવ જેવું શું છે? ચિત્રમાં મનુષ્યની બાહ્ય આકૃતિ સાથે અંતઃસ્વભાવની છબી પણ ઊઠેલી હોય છે. પરંતુ એ અંતઃસ્વભાવની પ્રતિમા સર્વના જોવામાં આવતી નથી. મારી ભગિનીએ ખરેખર વર તો યોગ્ય જ પસંદ કર્યો છે. પણ પરમેશ્વર એની આશા પૂરી કરશે ખરો?"

પછી પૃથ્વીરાજે પોતાની પત્નીને ઉદ્દેશી કહ્યું, "પ્રિયે! હું હમણાં જ તારા પિતાને એક પત્ર લખું છું. પછી તો યમુનાનું જેવું ભાગ્ય!"

"મારું અનુમાન સત્ય છે કે અસત્ય, તે જોવું હોય, તો આવો મારી સાથે આપણે યમુનાના આગારમાં જઇએ, એટલે મારા કથનની સત્યતાનો આપ મેળે જ આપને અનુભવ થઈ જશે." જોધાબાઇએ પોતાના મતનું પ્રતિપાદન કર્યું.

પૃથ્વીરાજના મનમાં પણ એ જોવાની બહુ જ ઉત્કંઠા હતી, તો પણ તેને વ્યક્ત ન કરતાં તેણે કહ્યું કે, "ના—ના—જોવાની કશી પણ આવશ્યકતા નથી. સત્ય વાર્તા જેટલી છે, તે બધી હું જાણી ચૂકયો છું."

એમ કહીને પૃથ્વીરાજે મહા પ્રેમથી પોતાની પત્નીને ચુંબનસુખ આપ્યું અને તેણે એક સ્નિગ્ધ કટાક્ષપાતથી તેનું ઉત્તર આપ્યું.

તૃતીય પરિચ્છેદ
પ્રેમપિપાસા

"अस्तमितविषयसंगा मुकुलितनयनोत्पला मुहुः श्वसिता।
ध्यायति किमप्यलक्ष्यं बाला योगाभियुक्तेव" ॥ गोवर्धनः

કુલીન યમુને! આ તારી શી દશા? શું જોધાબાઇનું કહેલું અંતે સત્ય થયું? આટલા અલ્પ સમયમાં તારા ચંચળ સ્વભાવનો કયાં લોપ થઈ ગયો? હરિણશિશુ-સમાન તારા આનન્દયુક્ત વર્ત્તનનું અત્યારે દર્શન નથી થતું, તેનું કારણ શું? તારું વિનોદી ભાષણ અને તારું મનોરંજક હાસ્ય, એ કયાં પ્રયાણ કરી ગયાં? તારામાં એકાએક આટલું બધું પરિવર્તન કેમ થઈ ગયું? તારું સ્મિતપૂર્ણ મુખમંડળ આજે મ્લાન શા માટે દેખાય છે? નેત્રોમાં નીર ભરાયલું છે અને કપોલભાગમાંથી મંદા-કિની ધારાનું વહન થાય છે, એનો અંતઃસ્થ હેતુ શો છે? યમુના! તું દુઃખમાં છતાં પણ આટલી બધી રમણીય કેમ દેખાય છે? કદાચિત્ નિઃસર્ગ દેવતાનો એવો અદ્વિ-તીય પ્રભાવ જ હશે; બીજું શું?

પર્યંકશય્યામાં પડી પડી આમ લક્ષપૂર્વક તું કોની છબીનું અવલોકન કરવામાં લીન થયેલી છે? છબી હાથમાં છતાં પણ તારા મનનું સમાધાન ન થતું હોવાથી જ છબીને વારંવાર તું પોતાના વક્ષઃસ્થળના સ્પર્શસુખનો અનુભવ આપતી હોય, એમ દેખાય છે. એ છબીમાં જેની પ્રતિમા છે, તે ભાગ્યવાન્ પુરુષ કોણ છે વારુ? કુમાર અમરસિંહ તો નથી? એ જ તારો ઇચ્છિત પતિ છે કે શું? એને જ તેં તારું જીવન સર્વસ્વ અર્પણ કરેલું છે કે? હાય! મુગ્ધ બાળે! તેં પતંગસમાન સ્વભાવથી દીપક-જ્યોતિમાં શા માટે પ્રવેશ કર્યો? દૈવેચ્છા!

જોધાબાઇએ પોતાના પતિને જે વાત કહી હતી, તે જ ખરી ઠરી. કારણ કે, છબીમાંની ઇતર સર્વ પ્રતિમાઓને ઢાંકીને, યમુના એકાગ્રમનથી કેવળ અમરસિંહની પ્રતિમાનું જ અવલોકન કરતી સૂતી હતી.

મૌન સ્થિતિમાં કેટલોક સમય વીત્યા પછી, યમુના પોતાના મનસાથે જ કાંઈ બબડવા લાગી, "હાય! દરિદ્રી મનુષ્ય રત્નસિંહાસનની ભાવના રાખે, તે તેને ક્યાંથી મળી શકે? આ દેવને સાધ્ય કરવા જેટલો મારા પુણ્યોનો સંચય કયાં છે? આ રત્ન મને કેવી રીતે પ્રાપ્ત થઇ શકે? વિધાતાએ આ નરરત્ન કઈ ભાગ્યવતી સ્ત્રી માટે નિર્માણ કર્યું હશે? હું અભાગિની વ્યર્થ એની આશા રાખું છું!"

"મહારાણાજી પોતે અત્યારે સહપરિવાર વનવાસી થયેલા છે, ત્યારે એ પણ પિતા સંગે વનવાસમાં જ હશે. એવું સાંભળવામાં આવે છે કે, વ્રતની ઉદ્યાપના થયા વિના, કોઇપણ પ્રકારનો આનંદોત્સવ ન કરવાનો મહારાણાજીએ દૃઢ સંકલ્પ કરેલો છે અને તેથી જ એ મહારાણાના જ્યેષ્ઠ પુત્ર અદ્યાપિ અવિવાહિત છે. પણ વ્રતની ઉદ્યાપના થયા પછી? પછી શું? એમનો વિવાહ થશે. એમના વિવાહનો વિચાર મનમાં આવતાં જ મારાં નેત્રોમાં જળ કેમ ભરાઈ આવે છે વારુ? છાતી કેમ ધડકે છે? અરેરેરે-હું તો એક સામાન્ય રાજકુમારી છું-પણ મહારાણાની પુત્રવધૂ થવાની આશામાં ને આશામાં બીજી પણ કેટલીક રાજકુમારીઓ નિત્ય શિવપૂજન કર્યા કરતી હશે! આવો સર્વગુણસંપન્ન પતિ પોતાની પુત્રીને પ્રાપ્ત થાય, એવી આશાથી કેટલાંક માતાપિતાઓ પણ નિરન્તર ઈશ્વરની આરાધના કર્યાં કરતાં હશે!!"

"આ કદાપિ ફળીભૂત ન થનારી આશાના અગ્નિથી હું મને પોતાને શા માટે બાળતી હઈશ વારુ! એ આશાનો સર્વથા ત્યાગ કરવો, એ જ મારા માટે વધારે ઉત્તમ અને લાભકારક માર્ગ છે. આશા મૂકી પણ કેમ શકાય? આશા ત્યાગવાનું કાર્ય લોકો ધારે છે, તેટલું સહજ છે કે શું? જે મારા મનોરાજ્યનો સ્વામી-હૃદયનો અધીશ્વર-પ્રાણનો આધાર અને ગળાનો હાર છે, તે પ્રાપ્ત ન થતો હોય, માટે તેને વિસારી દેવો કે શું? ના-ના-મને તો એ યોગ્ય જણાતું નથી-તેને હું વિસારી શકું એ શકય પણ નથી!!!"

"આ નિર્જીવ ચિત્રનાં દર્શન કરતાં વધારે સુખ શું મારા ભાગ્યમાં નથી જ? શું એની સજીવ મૂર્તિનાં દર્શનનો લાભ એકવાર પણ મને મળી નહિ શકે? શા માટે નહિ મળી શકે? અવશ્ય હું તેનાં દર્શનથી મારાં નેત્રોને પવિત્ર કરવાની જ! સુન્દર વસ્તુનાં દર્શનનો સર્વને અધિકાર છે. એકવાર-માત્ર એક જ વાર તેના મુખચન્દ્રનાં દર્શનથી મારા આત્માનું સમાધાન કરીશ અને ત્યાર પછી આનંદે મૃત્યુની માર્ગપ્રતીક્ષા કરતી બેસી રહીશ! શું મારા મનની આટલી અલ્પ આશા પણ પરમાત્મા પૂર્ણ નહિ કરે? અવશ્ય કરશે જ."

"ક્યાં આ મનુષ્યરવથી ગર્જતું અને કૃત્રિમ સૌન્દર્યમય દિલ્લી નગર અને કયાં તે નિર્જન, નિઃસ્તબ્ધ અને સ્વભાવ સુન્દર આરાવલ્લી પર્વતનો રમણીય પ્રદેશ! હું અત્યારે મોગલોના આ મહાપાપમય નગરમાં રહીને અપૂર્વ સ્વર્ગસુખનો ઉપભોગ લેવામાં નિમગ્ન થયેલી છું. પણ એ મને જરાય ગમતું નથી. જો કોઈ પણ પ્રયત્ને અને

કોઈ પણ ઉપાયથી મારાથી આ કારાગૃહમાંથી છૂટી શકાય, તો અંતરિક્ષમાં સ્વચ્છંદ વિહાર કરનારાં પક્ષીઓ પ્રમાણે સ્વાતંત્ર્યનાં પવિત્ર ગીતો ગાતી ગાતી હું તે સ્વદેશાભિમાની મહારાણાનાં ચરણોમાં પહોંચીને તેમની દયા મેળવવાનો યત્ન કરવાને આ ક્ષણે જ તત્પર છું. એકવાર તેમની દયા થાય, તો પછી ઇચ્છિત વસ્તુ માગી લેવામાં શો વિલંબ?"

"ભાભી અનેકવાર કહ્યા કરે છે કે, મહારાણાના અનેક ગુણ અમરસિંહમાં ઉતરેલા છે. સ્વદેશમાટે અશ્રુવર્ષણ, સ્વાતંત્ર્ય રક્ષણ માટે સર્વ સુખો અને ઉપભોગોનો ત્યાગ તથા કઠોર વ્રતપાલન ઇત્યાદિનો પિતા પ્રમાણે પુત્રે પણ સ્વીકાર કરેલો છે. ખરેખર સર્વ રીતે એ પિતાના નામને શોભાવે તેવો જ પુત્ર છે. આટલા ગુણો સાથે વળી રૂપની એમનામાં વિશેષતા છે!"

"પણ આ વિચાર હું કોનાવિશે કરૂં છું? ક્યાં તે વનચારી બ્રહ્મચર્ય વ્રતધારી વીરપુરુષ અને ક્યાં ભોગવિલાસરત અપ્રબુદ્ધ એવી હું એક નારી! અવની અને આકાશનો અંતર! ગમે તેટલો અંતર હોય, પણ કલ્પનાને તો તે અગમ્ય નથી જ! હવે મારા મનપર મારો અધિકાર રહ્યો નથી. કુમાર અમરસિંહનાં ચરણોમાં મેં મારું સર્વસ્વ અર્પણ કરી દીધું છે. જો દૈવની અનુકૂલતાથી મને મારી ઇચ્છિત વસ્તુ મળશે, તો તો ઠીક; નહિ તો આજન્મ અવિવાહિતા રહીને એક નિષ્ઠાથી હું તેનું પૂજન કર્યા કરીશ! દૈવની પ્રતિકૂલતાથી તેમનો મેળાપ કે તેમની પ્રાપ્તિ નહિ થાય, તો અદૃશ્ય દેવતા પ્રમાણે સર્વદા હું તેમની માનસિક પૂજા કરતી રહીશ. દુષ્ટ યવનો! તમે જો આવો દાવ સાધ્યો ન હોત, તો"–

જોધાબાઈ દૂર ઉભી ઉભી એ કરુણામય આદર્શ જોયા કરતી હતી. એ આદર્શ જોઇને તેનાં નેત્રોમાં પણ અશ્રુનો આવિર્ભાવ થઈ આવ્યો. યમુનાના ભાષણનાં અંતિમ વાક્યો સાંભળીને તે મનમાં જ કહેવા લાગી કે, "દુષ્ટ યવનો! તમે જો આવો દાવ સાધ્યો ન હોત, તો બહુ જ સારું થયું હોત. મારા પતિને બંદીવાન્ બનાવ્યા, તેથી જ અમારી આવી દુર્દશા થઈ છે! નહિ તો યમુના આજે આમ અવિવાહિતા શા માટે રહી હોત? અમરસિંહ સાથે એનો વિવાહ થવો, એ વાત કંઈ અશક્ય નહોતી. યમુને! તારા હેતુને હું સારી રીતે જાણી ચૂકી. તારા હેતુની સિદ્ધિ માટે મારાથી જેટલો પ્રયત્ન બનશે, તેટલો હું અવશ્ય કરીશ. ચિન્તા ન કર."

એ સર્વ વૃત્તાંત જોધાબાઇએ રાત્રે પોતાના પતિને કહી સંભળાવ્યો અને તે સાંભળીને પૃથ્વીરાજ મહા વિચારમાં પડી ગયો. વિચારમાં જ રાત્રિ વીતી ગઈ.

ચતુર્થ પરિચ્છેદ

પ્રાણ શ્રેષ્ઠ કે પ્રેમ?

"अनुरागपरायत्ताः कुर्वते किं न योषितः" ॥ कथा सरित्सागरे

રજોગુણવતી રાત્રિની સમાપ્તિ થઈ અને પ્રાતઃકાલના પ્રકાશનો સર્વત્ર પ્રસાર થઈ ગયો. પૃથ્વીરાજે પોતાની ભગિનીને બોલાવી અને તેને પાસે બેસાડીને કરુણાપૂર્ણ

સ્વરથી કહ્યું કે, "બ્હેન ! આપણાં પૂર્વ જન્મનાં દુષ્કૃત્યોની પ્રબળતાથી આપણા સ્વાતંત્ર્યનો સંહાર થયો છે. લોઢાના પાંજરામાં પૂરેલા સિંહનાં પરાક્રમોનો જેવી રીતે નાશ થાય છે, તેવી રીતે આપણાં શૌર્યનો પણ નાશ થયો છે. મારા દુર્દૈવથી તું પણ દુર્દૈવના ચક્રમાં આવી ફસી છે. બાલ્યાવસ્થામાં જ માતાપિતાના પ્રેમથી તું વંચિત થઈ ગઈ છે અને હું તારો બંધુ જીવતો છતાં પણ અદ્યાપિ તને સુખી કરવા સમર્થ થયો નથી."

"ભાઈ! આ તમે શું બોલો છો ? મારા માટે તમારા મનમાં શું દુઃખ થાય છે, તે પૂછવાની મને આજ્ઞા છે કે ?" યમુનાએ સામો પ્રશ્ન કર્યો. પછી યમુના પોતાના મનમાંજ કહેવા લાગી, "મારા ચિત્તની ચંચલતાનું કારણ કોઇના જાણવામાં અવી ગયું છે કે શું? જે દુઃખ-અગ્નિથી હું બળ્યા કરું છું, તેની ભાભીને જાણ થતાં તે વાત તેણે ભાઇને કહી દીધી છે કે શું? છટ્-છટ્-આ બધી શંકાઓ છે ! એમ થવું સર્વથા અશક્ય છે કારણ કે, અંતરમાં પીડા છે, તોપણ બહારથી તો હું નિત્ય આનંદ અને વિનોદમાંજ મારો સમય વ્યતીત કરું છું. ત્યારે મારા મનનો ભાવ મારા મોઢાપર તો નથી પ્રકટતો ? મારા દુઃખના કારણ જાણ્યા પછી તેના મનમાં મારા માટે ચિન્તા થઈ પડી છે ? કોણ જાણે! શું થયું છે, તેની કાંઇ પણ સમજ પડતી નથી."

પૃથ્વીરાજે ઉત્તર આપ્યું કે, "યમુને! મારા દુઃખનું માત્ર એક જ કારણ નથી. તું અદ્યાપિ એક ઉચ્છૃંખલ કુમારિકા છે. રાજપૂતોના સ્વાતંત્ર્યનો નાશ થવાથી તેઓ આજે કેવાં સંકટો ભોગવે છે, એની તારા મનમાં કલ્પના માત્ર પણ નથી. દુષ્ટ યવનો હવે મેવાડના નાશના પ્રયત્નમાં પ્રવૃત્ત થયેલા છે અને કૌશલ્યથી તથા કેટલાક લોભો બતાવીને રાજપૂતોને તેઓ પોતાના દાસ બનાવતા જાય છે. કેટલાક કુલાંગાર ક્ષત્રિયો પોતાની મેળે જ પોતાના ધર્મ, પરાક્રમ અને કુળને તિલાંજલિ આપીને યવનોના દાસત્વનો સ્વીકાર પણ કરવા લાગ્યા છે. એ સર્વ બનાવો આંખે જોવા છતાં, પણ બંદીવાન્ હોવાથી મારે મૂક મુખે સર્વ સહન કરીને બેસી રહેવું પડે છે. બહેન! એ સર્વ વાતોનો જ્યારે મનમાં વિચાર આવે છે, ત્યારે હૃદય ફાટી જાય છે, માથું ફરવા માંડે છે અને સર્વત્ર અંધકાર પ્રસરેલો દેખાય છે! તેથી જ મેં કહ્યું કે, મારા દુઃખનું માત્ર એક જ કારણ નથી."

પાસે જ જોધાબાઇ પણ ઉભેલી હતી અને પતિના મુખમાંથી નીકળતાં વાક્યો એકાગ્ર મનથી સાંભળતી હતી. પૃથ્વીરાજે સંકેતથી તેને પાસે બોલાવી. આજ્ઞાને અનુસરી જોધાબાઇ આવીને દીનતાથી પતિ પાસે ઉભી રહી. ત્યાર પછી પૃથ્વીરાજ યમુનાને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "હવે બીજો વિચાર તારા વિશેનો છે. હવે લજ્જા કિંવા સંકોચ કરવાનું કશું પણ કારણ નથી. તારે હવે મનની જરા પણ વાત છુપાવવી નહિ. તારો ઉચ્ચ સંકલ્પ અને અપ્રતિમ પસંદગી જોઇને હું ખરેખર મનમાં બહુ જ સંતુષ્ટ થયો છું. આ શું? તું ઉઠીને ચાલી ક્યાં? હું જે કાંઇ કહું છું, તે ધ્યાન આપીને સાંભળ."

લજ્જાની વિશેષતાથી યમુના ગભરાઇ અકળાઇ ગઇ-તેનું મુખ લાલચોળ થઈ ગયું. તેની આંખોમાં ઝળઝળિયાં ભરાઇ આવ્યાં અને કોપયુક્ત મુદ્રાથી તે પોતાની ભાભી તરફ એક ધ્યાનથી જોઈ રહી.

જોધાબાઈ તેની પાસે જઈ તેની ખાંધે હાથ રાખીને, ઉભી રહી અને યમુના પોતાનું મસ્તક ભાભીના અંગપર નાખીને, નીચી નજરે તટસ્થ થઈ ગઈ. અત્યારે પણ યમુનાનો વિનોદી સ્વભાવ છુપો તો ન જ રહ્યો. જેના આશ્રયે તે ઉભેલી હતી, તે જોધાબાઇને તેનો ભાઈ ન જાણે તેમ, શરીરે ચૂંટિયો ભરવા લાગી. સ્નેહમયી જોધાબાઈ કાંઈ પણ ન બોલતાં પોતાના મનથી જ કહેવા લાગી કે, "આની ઉચ્છૃંખલતા અદ્યાપિ સોળે સોળ આના કાયમ જ છે. એનો સ્વભાવ જરાય સુધર્યો હોય, એમ દેખાતું નથી."

પૃથ્વીરાજે કહ્યું, "યમુને! પ્રાતઃસ્મરણીય મહારાણાજીના જ્યેષ્ઠ પુત્ર સાથે તારો વિવાહ થાય, એવી મારી ઉત્કટ ઇચ્છા છે. પણ આપણે આ વેળાએ જે સ્થાને વસિયે છિયે, તે સ્થાનમાં રહીને એ ઇચ્છાની સફળતાની આશા રાખવી વ્યર્થ છે, માટે કોઈ પણ ઉપાયે તને મહારાણાજીને ત્યાં મોકલવાનો મેં નિશ્ચય કરેલો છે. કેમ એમાં તારી અનુમતિ છે કે નહિ?"

યમુનાના અંતઃકરણ સમુદ્રમાં એકાએક ભયંકર અવસ્કંદનો ઉદ્ભવ થયો. તે સ્તબ્ધ થઇને ઉભી રહી. તેનાથી એક પણ શબ્દ બોલી ન શકાયો.

"मौन सम्मतिलक्षणम्" એમ ધારીને પૃથ્વીરાજે પોતાનું ભાષણ આગળ ચલાવ્યું. "એ સાથે બીજું પણ એક કાર્ય કરવાનું છે." એમ કહીને ભયથી તેણે ચારે તરફ દૃષ્ટિ દોડાવી અને ત્યાર પછી કહ્યું કે, "બાદશાહ અકબર મહાચતુર અને ધૂર્ત રાજ્યકર્તા છે. જ્યાં સૂધી મોગલસામ્રાજ્ય એના અધિકારમાં છે, ત્યાં સૂધી રાજપૂતોનું માથું ઉંચું થવાની ઘણી જ થોડી આશા રાખી શકાય છે. અત્યારે આશા રાખવાનું સ્થાન હોય, તો તે માત્ર એક જ છે અને તે પુણ્યશ્લોક મહારાણા પ્રતાપસિંહ છે. અત્યાર સૂધી તેમણે પોતાના વ્રતનું અબાધિત પાલન કરેલું છે. યમુને! તારે ત્યાં જઈને તેમના એ મહાવ્રત પાલનના કાર્યમાં સહાયતા આપવાની છે. તું ક્ષત્રિય રમણીનું એ કર્ત્તવ્ય દક્ષતાથી બજાવીશ, તો તેથી મારા મનમાં જેટલો આનંદ અને સંતોષ થશે, તેટલો આનંદ અને સંતોષ બીજા કશાથી પણ થવાનો નથી. જે વેળાએ મહારાણાજી જરા પણ ખિન્ન દેખાય, તે વેળાએ તેની પ્રેમાળ કન્યા પ્રમાણે નમ્રતાથી તેની પાસે જઇને મારી કવિતાઓ મધુર સ્વરથી ગાઈ સંભળાવજે. મોગલોની કૃત્રિમતા અને સ્વજાતિઓની કૃતઘ્નતાનું સ્મરણ થતાં મહારાણાજી જ્યારે પણ અશ્રુ વર્ષાવતા તારા જોવામાં આવે તે સમયે સહિષ્ણુતાની મૂર્ત્તિમતી પ્રતિમા બનીને મારી આ મનોમોહિની વાણીનો અમૃતસમાન પ્રવાહ તેમનાં કર્ણોમાં વહેવડાવજે. જ્યારે દારિદ્ર્ય અને નિરાશાથી તે અસ્થિર થયેલા દેખાય, તે વેળાએ પરમેશ્વરના નામનું સ્મરણ કરાવીને શાંત કરજે. એમ કરવાથી તે એટલું તો જાણી શકશે જ કે, ભલે એક તો એક—પણ અમુક રાજપૂત તેમના દુઃખે દુઃખી બની, શત્રુના બંધનમાં હોવા છતાં પણ સહાનુભૂતિ બતાવે છે અને પ્રોત્સાહન આપે છે. આવી સહાનુભૂતિ એક મહા મૂલ્યવતી વસ્તુ છે. આવી સહાનુભૂતિના પ્રભાવથી અનેક અસાધ્ય કાર્યો પણ સુસાધ્ય થઈ જાય છે. પૃથ્વીરાજ તેમના મહા વ્રતને જોઈ તેમનો પૂર્ણ ભક્ત બન્યો છે, એનો તેમને દૃઢ નિશ્ચય કરાવજે. એટલે કોઈ પ્રસંગે બાદશાહના દરબારમાં પણ

મહારાણાજીનાં યશોગાન ગાઈને પરધર્મી યવનોના મનમાં પણ તેમના માટે આદર ઉત્પન્ન કરવાનો હું યત્ન કરીશ."

"પણ પછી? પ્રસ્તુત વિષયના સંબંધમાં–"

જોધાબાઈને વચમાં જ બોલતી અટકાવીને પૃથ્વીરાજે કહ્યું કે, "આમ કરવાથી જ મારા સર્વ ઉદ્દેશો સિદ્ધ થવાનો સંભવ છે. મહારાણાજી મહાચતુર અને પૂર્ણ રાજનીતિજ્ઞ છે. આટલાથી જ તે સર્વ જાણી જશે. ઉપરાંત મહારાણાજીને અને તારા પિતાશ્રીને ભિન્ન ભિન્ન પત્રો પણ હું લખી મોકલીશ. યમુનાએ અહીંથી પુરુષ વેશમાં નીકળી જવું જોઇએ. કેમ યમુને! તારાથી એ કાર્ય બની શકશે કે? એના વિના અહીંથી ન્હાસવાનો બીજો એક પણ ઉપાય નથી, અને તેથી જ મેં એ નિંદ્ય ઉપાયની યોજના કરવા ધારી છે. એમ નહિ કરીએ, તો આ દુષ્ટ યવનો આપણને અસહ્ય ત્રાસ આપશે. યવનોની પ્રથમથી જ તારાપર પાપદૃષ્ટિ છે અને તેથી–વધારે શું કહું? એ વિચાર મનમાં આવતાં જ મારું હૃદય વિદીર્ણ થઈ જાય છે–તારે યવનોની દાસી થવું પડશે! એમ થવાથી અહીંના નીચ અને દેશદ્રોહી કુલાંગાર રાજપૂતો મને પણ પોતાની પંક્તિમાં તાણશે અને બાદશાહ પોતે પણ પોતાની કુટિલ રાજનીતિના જાળનો વિસ્તાર કરીને, ચારે તરફથી આપણને બાંધી લેશે. આ સર્વ બાબતોનો પૂરેપૂરો વિચાર કરવા પછી જ મેં અહીંથી તને પુરુષવેષે નસાડવાનો ઉપાય યોજવાનો નિશ્ચય કરેલો છે. યમુને! તને ધારેલા વરની અવશ્ય પ્રાપ્તિ થશે અને મહારાણાના કુટુંબમાં તું લક્ષ્મી પ્રમાણે પૂજાઈશ, એવો હું તને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપું છું. અકબરનો અદ્યાપિ મારા પ્રતિ સારો ભાવ હોવાથી અત્યારે આપણા કાર્યમાં કાંઈ પણ વિઘ્ન આવવાનો સંભવ નથી. એટલા માટે જ હું તને ગુપ્ત રીતે અને કપટવેશમાં દૂર આરાવલી પર્વતના પ્રદેશમાં મોકલવાનો નિશ્ચય કરી ચૂક્યો છું. સંભાળજે અને સાવધતાથી વર્ત્તજે–આપણું રહસ્ય કોઇને પણ જણાવતી નહિ." એમ કહીને પૃથ્વીરાજ ત્યાંથી ચાલ્યો ગયો.

બંધુના ગમનથી જાણે પોતે કોઈ મહાસંકટમાંથી છૂટી હોય, તેવો યમુનાને ભાસ થયો. બંધુના આશીર્વાદથી પોતાને જાણે ઈપ્સિત પતિ મળ્યો હોય તેવો તેના મનમાં આનંદ થયો. પણ પતિપ્રાપ્તિ માટે જતાં પોતાના સ્નેહી સહોદર અને અનુરાગવતી ભ્રાતૃભાર્યાનો ત્યાગ કરવો પડશે, એ વિચાર મનમાં આવતાં તેને બહુ જ ખેદ થવા લાગ્યો. એ સુખ દુઃખનું પ્રમાણ વાચકોએ પોતાના મનના કાંટામાં તોળીને કાઢી લેવું, એ વિશે અમે મૂકવૃત્તિનું અવલંબન કરીએ, એ જ વધારે ઉત્તમ છે. કેટલાક દિવસ ગયા પછી યમુનાએ એક દિવસ જોધાબાઇને પૂછ્યું કે, "પ્રાણ શ્રેષ્ઠ કે પ્રેમ?"

પંચમ પરિચ્છેદ

નૌરોજ

"In other men we faults can spy,
And blame the mote that dims their eye
Each little speck and blemish find;
To our own stronger errors blind," GAY

અદ્વિતીય નૌરોજનો મહાન્ ઉત્સવ આજે દિલ્હી નગરમાં પ્રવર્ત્તાયમાન હતો. નૌરોજ તે દિલ્લીપતિના મહા આનંદનો અને મહોત્સાહનો દિવસ હતો. વળી આજે નવી નવી સુંદરીઓનો મહિલા મેળો હતો. અકબરના પ્રેમ અને સૌન્દર્યનો બજાર ભરાવાનો હતો. આજે સતીત્વના ક્રયવિક્રયનો દિવસ હતો. આજનો દિવસ રાજપૂતોને માટે મૃત્યુ કરતાં પણ વિશેષ કલેશકારક હતો. અરેરેરે! એ મહોત્સવના વૃત્તાંત લેખનનો પ્રસંગ આજે આ લેખિનીને શા માટે પ્રાપ્ત થયો હશે! હશે-કર્ત્તવ્ય બજાવવું જ જોઇએ.

જેનું નામ જગત્પ્રસિદ્ધ છે અને "दिल्लीश्वरो वा जगदीश्वरो वा" એ ઉપમાથી હિંદુ અને મુસલમાન ઉભયનો પૂજ્ય થયેલો જે અકબરશાહ, તેનાં દુશ્ચરિતોનું આજે સત્યનો અપલાપ ન થાય, તેટલા માટે ઇચ્છા ન છતાં પણ વર્ણન કરવું પડે છે. પ્રકાશની પાછળ અંધકાર આલેખીને જેવી રીતે ચિત્રની પૂર્ણતા કરવી પડે છે, તેવી રીતે પુણ્યશ્લોક દરિદ્રી પ્રતાપસિંહના ચિત્ર પાસે મોગલ બાદશાહ અકબરના નૌરોજના વૃત્તાંતનું ચિત્ર આલેખીને ગ્રંથની વસ્તુસંકલનાને મેળવવાનો અમે પ્રયત્ન કરીશું. અકબરભક્ત વાચકો આ અપરાધની ગ્રંથકારને ક્ષમા આપશે, એવી આશા છે.

અબુલફજલે નૌરોજ શબ્દના અર્થમાં કિંચિત્ પરિવર્ત્તન કરીને અકબરના શિરેથી એ કલંકને ધોઈ નાંખવાનો યત્ન કરેલો છે. પરંતુ તેના એ સત્યને આચ્છાદિત કરવાના પ્રયત્નથી તો સામું સત્ય વિશેષ પ્રકાશમાં આવ્યું છે. અબુલફજલનું કહેવું એમ છે કે, "પ્રત્યેક માસના મુખ્ય પર્વના નવમા દિવસે નૌરોજનો આરંભ થાય છે. નૌરોજના દિવસે સર્વ મુસલમાનો આનંદમાં નિમગ્ન થયેલા હોય છે. બાદશાહ એ દિવસે એક મહિલા મેળો ભરે છે અને તેનો ઉદ્દેશ એટલો જ છે કે, રાજ્યમાંની મુસલમાન સોદાગરોની સ્ત્રીઓ ત્યાં એકત્ર થાય અને રાજરમણીઓ તેમની પાસેથી પોતાને જોઇતા પદાર્થોની ખરીદી કરે. ગુપ્તવેશ ધારીને બાદશાહ પોતે પણ એ મેળામાં આવે છે અને તેનું સત્ય કારણ એ છે કે, રાજ્યની સત્ય સ્થિતિ, પ્રજાજનોનું રાજાવિશેનું મત, અધિકારીવર્ગની કાર્યકુશળતા અને પદાર્થોના ભાવ ઇત્યાદિની તેને સંપૂર્ણ માહિતી મળી શકે. એ ઉપરાંત એમ કરવાનો બાદશાહનો બીજો કશો પણ હેતુ નથી."

અબુલફજલ કવિ હો કે ઇતિહાસકાર હો, પરંતુ તેના મતને અમે મળતા થઈ શકિયે તેમ નથી. તે પોતે જાતિનો મુસલમાન હતો, અકબરનો પ્રેમપાત્ર હતો અને વળી રાજકવિ હતો. તેની એ કૃતિ તેને પોતાને યોગ્ય હશે ખરી, પણ અમારો અભિપ્રાય તો સદાને માટે તેથી ભિન્ન જ રહેવાનો.

ત્યારે શું સર્વ ભાટકવિઓ પણ મિથ્યાવાદી જ હશે કે શું? વીરકવિ પૃથ્વીરાજ પણ મિથ્યાવાદી કે શું? કદાપિ નહિ. અમે એમને કોઇ કાળે પણ મિથ્યાવાદી કહેવાના નથી. કારણ કે, તેમના સત્યવાદિત્વની એક નહિ, પણ અનેક ઇતિહાસ ગ્રંથો આજે પણ સાક્ષી આપતા જોવામાં આવે છે.

એકવાર અબુલફજલનું કથન આપણે માન્ય પણ કરિયે, તોપણ બાદશાહના શિરે ચોંટેલાં કલંકનો લોપ તો નથી જ થતો. મહિલા મેળો ભરવામાં અને પોતે ત્યાં જવામાં અકબરના ભલેને અનેક સારા હેતુઓ હોય, પરંતુ પુરુષ હોવા છતાં સ્ત્રીઓના

સમાજમાં જવાનો તેને અધિકાર જ શો હતો? એ મેળો કાંઈ માત્ર મુસલમાન મહિલાઓનો જ નહોતો ભરાતો, કિન્તુ તેમાં રાજપૂત રમણીઓનો પણ સમાવેશ થતો હતો. ત્યારે ચોર પ્રમાણે ગુપ્ત વેશમાં ત્યાં જવાનું કારણ શું? રાજ્યની સ્થિતિ ઇત્યાદિ જાણવા માટે? કદાપિ નહિ. એ એક સર્વથા લૂલો અને જૂઠો જ બચાવ છે. રાજ્યની સ્થિતિ બીજા અનેક માર્ગે જાણી શકાઈ હોત. સ્ત્રીઓનો મેળો, તે રાજ્યસ્થિતિને જાણવાનો પ્રશસ્ત માર્ગ ન કહી શકાય. એમ કહેનાર મૂર્ખ છે અને એક પાપને છૂપાવવા માટે બીજું અસત્ય ભાષણનું પાપ કરે છે, એમ જ સ્પષ્ટતાથી કહી શકાય. અર્થાત્ પરસ્ત્રી અભિલાષ બુદ્ધિ એ જ તેના ત્યાં જવાનું સત્ય રહસ્ય છે. અકબર બાદશાહ કપટનીતિપટુ, મહા બુદ્ધિમાન્ અને ચતુર હોવાથી એ મેળાના મિષથી મૂર્ખ જનોનાં નેત્રોમાં દક્ષતાથી ધૂળ નાખીને પોતાનો હેતુ સાધી લેતો હતો. મુખમાં ધર્મનું નામ અને હૃદયમાં જાગૃત કામ, એવી જ તેની દશા હતી. દુર્બલ હરિણીઓનો શિકાર કરતાં કરતાં આજે તેને એક સિંહણ સાથે પ્રસંગ પડ્યો છે.

ષષ્ઠ પરિચ્છેદ
મહિલા મેળો

"अमृतस्येव कुण्डानि रत्नानामिव राशयः।
रतेरिव निधानानि निर्मिताः केन योषितः?" ॥ सुभाषितम्

નુતિ-સ્તુતિ પાત્ર અને સર્વથા સુંદર એક ભવ્ય અને વિશાળ ચોકમાં રૂપ અને સૌન્દર્યનો બજાર ભરાયલો છે. એ રૂપ અને સૌન્દર્ય તે માત્ર કવિની કલ્પના જ નથી; કિન્તુ તે રૂપ અને સૌન્દર્ય તે દર્શન તથા સ્પર્શન વિષયીભૂત પ્રત્યક્ષ અને સત્ય છે.

વાંચનાર! ચાલ, તૈયાર થા, આજ તને અકબર-મહાન્ કહેવાતા શહેનશાહના નૌરોજના મેળાની લીલા બતાવું. ગભરા નહિ, કોઈ છડીદાર-ચોપદાર તને અટકાવશે નહિ-શક્તિ જ નથી. એ મેળામાં જવાની મને સદર પરવાનગી છે-સર્વના મનોગત ભાવ જાણવાની મારામાં શક્તિ છે-તે શક્તિથી તને સર્વ લીલા આબેહૂબ બતાવીશ. ચાલ, જો.

કોઈ પણ સ્થળે દૃષ્ટિપાત કરવા સાથે જ નેત્રો એકાએક અંજાઈ જાય છે. સર્વત્ર યુવતી, પ્રૌઢા, મધ્યા, કિશોરી અને બાળા આદિ ભિન્ન ભિન્ન વયની અબળાઓ જ દૃષ્ટિગોચર થાય છે. ખરેખર ત્યાં એ વેળાએ રમણીઓના એક નૂતન રાજ્યની જ સ્થાપના થયેલી છે. એ રાજ્યમાં કોઈ સોળ વર્ષની, કોઈ અઢાર વર્ષની, કોઈ ચૌદ વર્ષની અને કોઈ ત્રીસ વર્ષની એવી સર્વ વયની વનિતાઓ જોવામાં આવે છે. એ રમણીરાજ્યમાં પ્રવેશ કરીને દિલ્લીશ્વર અકબર નિર્વિકાર ચિત્તથી રાજ્યની સ્થિતિનું અવલોકન કરે છે!

હર! હર!! મુનિઓનું મન પણ જેમનાં દર્શનથી ચળી જાય, અને જેમનાં કટાક્ષ બાણથી પરમહંસ યતિઓની ચિત્તવૃત્તિ પણ વિકૃત થાય, અને જેમના સૌન્દર્ય-

પ્રભાવથી મહા સંયમી પુરુષો પણ ભ્રષ્ટ થઈ જાય, એવી જગન્મોહિની મહિલાઓના મેળામાં પ્રવેશ કરીને નીરસ રાજ્ય સ્થિતિની સમીક્ષા! કદાચિત્ એમ પણ હોય! અત્યારે કેમ ના કહેવાય? પણ સત્ય રહસ્ય પોતાની મેળે જ જણાશે.

એક ભવ્ય અને વિશાળ ચોકમાં મોહિની મેળો ભરાયો છે, એ ઉપર કહેલું જ છે. કવિને કોઈ સુંદર યુવતીના સૌન્દર્યનું વર્ણન કરવામાં કેટલો આયાસ અને કેટલો શ્રમ વેઠવો પડે છે અને કેટલી બધી કલ્પનાશક્તિનો વ્યય કરવો પડે છે, એ સર્વને વિદિત છે. પ્રસ્તુત લેખક સર્વથા ક્ષુદ્ર અને વર્ણનશક્તિવિહીન છે, અને નિસ્તેજ ભાષાવાન્ છે, એટલે તેના હાથે અનેક મોહિનીમૂર્ત્તિઓના સૌન્દર્યનું યથાર્થ વર્ણન થવું શક્ય નથી. લાવણ્યવતી સ્ત્રી વાચકજનો! તમે પોતાના પ્રતિબિંબનું દર્પણમાં દર્શન કરો; અને પુરુષ વાચકો! તમે પોતાના પ્રાણની અધિષ્ઠાત્રી પ્રિયકરિણીના રૂપની મનમાં પ્રતિમા ઉભી કરો; એટલે એ સુન્દરીઓના સ્વરૂપની કાંઇક કલ્પના તમારાથી થઈ શકશે. એના કરતાં અધિક વર્ણન કરવાનું સામર્થ્ય અમારા અંગમાં નથી.

નીલ, તામ્રવર્ણ, શ્વેત, પીત ઇત્યાદિ વિવિધ રંગી વસ્ત્રો પરિધાન કરીને, ગળામાં અનેક પ્રકારના અલંકારો ધારણ કરીને મહા ધીર તથા મંદ ગતિથી રાજપૂત રમણીઓ અહીં તહીં ફરતી જોવામાં આવે છે. તેમનાં વસનો એટલાં બધાં ઝીણાં અને પારદર્શક છે કે, તેમાંથી તેમનાં શરીરની કાંતિનું પ્રત્યક્ષ પરિપૂર્ણ દર્શન થઈ શકે છે. ઉચ્ચતમ સુવર્ણ સમાન રંગ, તેનાપર અનેક રંગી વસ્ત્રોની છટા પડવાથી અધિક પ્રભાવશાળી જોવામાં આવે છે. તેમના સુવર્ણાંગમાંના અત્તરોના સૌગંધ્યથી સર્વ સ્થાન સૌગંધ્યયુક્ત થયેલું છે. સુવાસિત તાંબૂલથી રંગાયલાં તેમનાં અધરો, સુસજ્જિત સુગંધયુક્ત કેશપાશ, મદનના ક્રીડાકુંજ સ્વરૂપ ઉન્નત વક્ષ:સ્થલ, ચંચલ કટાક્ષ અને દિવ્ય મુખશ્રીના અવલોકનથી જાણે એ નૌરોજરૂપી સરોવરમાં અનેક કમલિનીઓ જ વિકસિત થયેલી હોયની! એવો પૂરેપૂરો આભાસ થાય છે. એ સરોવર સમક્ષ ઉભો રહીને છદ્મવેશી મોગલ બાદશાહ વિકારહીન ચિત્તથી રાજ્યની વસ્તુસ્થિતિનું અવલોકન કરે છે!

અમીર અને વજીરની પત્નીઓ, બેગમો અને બેગમ કન્યાઓ બહુમૂલ્ય સાટીન, કીનખાપ અને મખમલના પોશાકો પહેરીને, અંગે મૂલ્યવાન્ અલંકારો ધારણ કરીને અને ઉપરથી મલમલની એક બારીક ઓઢણી ઓઢીને આનંદથી અહીં તહીં વિચરે છે, તે તો એવાં દૃશ્યોને પ્રત્યક્ષ જોનાર જ કલ્પી શકે. અહાહાહા! તેમના અપ્રતિમ લાવણ્યથી સર્વ દિશાઓ પ્રકાશવતી થઈ છે. તેમનાં તીવ્ર કટાક્ષ, તેમની ચંચળ દૃષ્ટિ અને તેમના હાવભાવો તેમના સ્વાભાવિક સૌન્દર્યને વધારે દીપાવે છે. આનંદમાં નિમગ્ન હોવાથી તેઓ એકમેકનાં અંગપર વારંવાર પડતી અને આખડતી પણ જોવામાં આવે છે. પ્રેમથી પરસ્પરનાં અંગપર તેઓ ગુલાબના પાણીની પિચકારીઓ છોડે છે; અને ફૂલના બનાવેલા દડાનો પરસ્પર પ્રહાર કરતી લટાર મારે છે. એ પ્રમાણે સર્વત્ર આનંદ અને આનંદ જ વ્યાપી રહ્યો છે. એવી તે વિલાસવતી મોગલ વિલાસિનીઓની વિલાસલીલા વર્ણનાતીત છે. સ્વાભાવિક સૌન્દર્યમાં કૃત્રિમ સૌન્દર્યનું મિશ્રણ થવાથી

તે સ્થાનને નંદનવનસમાન શોભાની પ્રાપ્તિ થયેલી છે. રાજનીતિના માર્ગનું નિરીક્ષણ કરવા માટે **દિલ્લીશ્વર અકબર** એ સ્થળે આવ્યો છે કે કેમ?

જે સ્થાને એ મહિલા મેળો ભરવામાં આવ્યો છે, તેની ચારે બાજૂએ ઉંચી ઉંચી ભીંતો ચણી લેવામાં આવી છે, અને ઉપરથી ચંદરવાનું આચ્છાદન કરી લેવામાં આવ્યું છે. નીચે એક ગાલીચો પાથરીને તે પર મખમલની ગાદીઓ ગોઠવી દેવામાં આવી છે. આસપાસ વ્યવસ્થાપૂર્વક ફૂલઝાડની કૂંડીઓ ગોઠવી રાખેલી છે. ભીંતોપર બાદશાહોની અને બેગમોની મોટી મોટી છબીઓ તથા બિલોરી આરસા લટકાવેલા છે. અહીં તહીં સંચાર કરતી કામિનીઓ એ દર્પણમાં પોતાના સ્વરૂપ સુંદર મુખનું અવલોકન કરીને પોતાને ધન્ય માને છે. એ વિલાસવતી વનિતાઓને વિશ્રાંતિ લેવા માટે નાના પ્રકારનાં આસનો સ્થાને સ્થાને ગોઠવેલાં છે. કયાંક કયાંક સ્ફટિક પાત્રોમાં મદ્ય ભરી રાખેલું છે અને કોઈ કોઈ સ્ત્રીઓ તેનો આસ્વાદ પણ લે છે. **મોગલ** માનિનીઓ મદ્યપ્રાશન કરીને પોતાના ઉન્મત્ત યૌવનમાં અધિક ઉન્માદિની શકિતનો આવિર્ભાવ [illegible] પાત્રામા નાના પ્રકારના મિષ્ટ ફળો, મિષ્ટાન્નો અને પાણી ઇત્યાદિ ભરી રાખવામાં આવ્યાં છે. બહુધા હિંદુનારીઓ એ વસ્તુઓનો જ ઉપભોગ લે છે. કયાંક કયાંક નર્ત્તકીઓનાં નૃત્ય ગાયનનો વિનોદ ને થૈ થૈ કાર થઈ રહ્યો છે અને કોઈ સ્થળે સિતાર, બીન, તાઉસ ઇત્યાદિ શ્રુતિમનોહર વાદ્યોનો ધ્વનિ કર્ણગોચર થાય છે. ગાયન સાંભળનારી સુન્દરીઓ, ગાનારી સુન્દરીઓ અને વાદ્ય વગાડનારી પણ સુન્દરીઓ, એટલે પછી ત્યાં સુન્દરતાની ખામી જ શી હોય? સર્વથા સ્ત્રીઓથી વ્યાપ્ત એ સ્થાનમાં માત્ર એક જ પુરુષ–છદ્મવેશી એક જ પુરુષ–દૃષ્ટિગોચર થાય છે. અને તે શહેનશાહ **અકબર** પોતે છે. એ મહિલા મેળામાં ગુપ્તવેશે આવવામાં તેનો–પોતા વિશે પ્રજા જનોનો શો અભિપ્રાય છે, એ જાણવાનો જ માત્ર હેતુ હતો કે?

આજે **મોગલ** રમણીઓ **રાજપૂત** રમણીઓ સાથે બહુ જ પ્રેમથી હળીમળીને વર્ત્તતી જોવામાં આવે છે. તેમનામાં અનેક પ્રકારના ગપાટા ચાલતા સંભળાય છે. કોનો પતિ કેટલો રૂપવાન્, ગુણવાન્, વિદ્વાન્ અને પરાક્રમી છે અને કોનું ઐશ્વર્ય અધિક કે ન્યૂન છે, ઇત્યાદિ અનેક વિનોદવાર્ત્તા ચાલી રહી છે. એવા એ સૌન્દર્યમય પ્રસંગનું જેટલું વર્ણન કરિયે તેટલું ન્યૂન જ થશે. અપ્રતિમ સૌન્દર્ય લહરીઓથી **નૌરોજ**રૂપી નદી પરિપૂર્ણ છે–ઉછળી રહી છે. એ નદીના તીરે બેઠેલો "**દિલ્લીશ્વરો** વા જગદીશ્વરો વા" પોતાનું રાજ્ય ચિરકાળ કેવી રીતે ટકશે, એ વિચારમાં જ નિમગ્ન થયેલો છે, એમ જ ને?

એક તરફ બજાર (પણ્યવીથિકા) ભરવામાં આવ્યો છે અને ત્યાં હિંદુ તથા મુસલમાન વ્યાપારીઓની સ્ત્રીઓએ અનેક જાતિનાં મૂલ્યવાન્ વસ્ત્રો વેચવા માટે ગોઠવી રાખ્યાં છે અને બહુ જ દક્ષતાથી તેઓ પોતાનો માલ વેચતી દેખાય છે. તેમને તેમના માલની બમણી બમણી અને ચોગણી ચોગણી કીંમત ઉપજે છે. **રાજપૂત** અને **મોગલ** રમણીઓ પોતપોતાની ઇચ્છાનુસાર માલ ખરીદે છે; અને આવતા વર્ષે આવી આવી જાતનો માલ લાવજો, એવી વેચનારીઓને આજ્ઞા કરે છે. સર્વત્ર રમ-

ણીઓ જ વ્યાપેલી છે. માલ વેચનારી પણ રમણીઓ અને માલ ખરીદનારી પણ રમણીઓ જ. માત્ર એક જ પુરુષ ત્યાં વિદ્યમાન છે. તે કોણ? મોગલકુલતિલક અકબર! તે પોતાના રાજ્યમાં શી શી ખામીઓ છે, તે જાણવા માટે આ મહિલામેળામાં આવ્યો છે, ખરું ને ?

અરે રાજ્યસ્થિતિ અને લોકોનો અભિપ્રાય જાણવાની આકાંક્ષા તો પરમેશ્વરના મનમાં હોય તો કોણ જાણે! અકબર તો માત્ર પોતાના નામને કલંકિત કરવા માટે જ ત્યાં આવ્યો છે—પતિવ્રતા પ્રમદાઓના પાતિવ્રત્યનો ભંગ કરવા માટે જ ત્યાં આવ્યો છે!! એ સૌન્દર્યપણ્યવીથિકામાં કોઈ એક સુંદરીને પસંદ કરીને તેની માર્ગ પ્રતીક્ષા કરતો તે બેઠો છે.

અકબરના હૃદયમાં સમાયલી એવી અપૂર્વ લાવણ્યવતી તે કયી લલના હશે વારુ? હિંદુ કે મોગલ રમણી? સતી કે અસતી? પુણ્યપ્રતિમા કે પિશાચિની? એ ગમે તે હો. આજે તેની પવિત્ર કથા લખીને પ્રસ્તુત લેખક કૃતાર્થ થશે.

સપ્તમ પરિચ્છેદ

શાહજાદી અને ક્ષત્રિયરમણી

"गुणिनि गुणज्ञो रमते नागुणशीलस्य गुणिनि परितोषः"

વામાપણ્યવીથિકામાં ક્રયાવક્રયની સમાપ્તિ થઈ રહ્યા પછી, સર્વ હિંદુ અને મુસલમાન સ્ત્રીઓ આનંદમાં નિમગ્ન થયેલી આસને આવી બેઠી છે. માત્ર એક જ રમણી ખિન્ન અને દુઃખી જોવામાં આવે છે. તેના અંગમાં જો કે અલંકારો થોડા જ છે, તોપણ તેના નિસર્ગ સૌન્દર્યમાં લેશ માત્ર પણ ન્યૂનતા થયેલી નથી. તેની આસપાસમાં જો કે કોઈ પણ નથી, તોપણ તે રાજમહિષી પ્રમાણે મહાચિન્તામાં નિમગ્ન થયેલી દેખાય છે. આનંદોત્સવમાં તેનું જરાય લક્ષ નથી. આવી ત્યારથી જ પોતાના આસને તે પોતાના સ્વાતંત્ર્યરક્ષણનો વિચાર કરતી બેઠી છે. બીજા કશાનું તેને જ્ઞાન નથી—ભાન નથી.

એટલામાં બાદશાહની એક શાહજાદી ત્યાં આવી; તે એ ક્ષત્રિયરમણીની પાસે બેસીને તેને કહેવા લાગી, "આજના આવા આનંદના અવસરે આપ આમ આકુલ વ્યાકુલ થયેલાં કેમ દેખાઓ છો?"

એ પ્રશ્નથી ક્ષત્રિયરમણીને ભાન આવ્યું. તેણે ઉત્તર આપ્યું કે, "વ્યાકુલતા જેવું કશું પણ નથી. હું અહીં બેઠી બેઠી જ ઉત્સવનો આનંદ જોયા કરું છું."

"આ તમારો બચાવ ખોટો છે. હું કયારની તમને આવી જ સ્થિતિમાં બેઠેલાં જોયાં કરું છું. તમારા દુઃખનું શું કારણ છે? મને તો જણાવો."

"આપની કૃપાદૃષ્ટિ માટે હું આપની અત્યંત આભારી છું. ખરેખર હું આનંદમાં છું. મારા મનમાં ખેદ છે જ નહિ." પાછો ક્ષત્રિય સુન્દરીએ ઉડાવનારો જવાબ આપ્યો અને કિંચિત્ સ્મિત હાસ્ય કર્યું. પણ એટલામાં ન જાણતાં તેનાં નેત્રોમાંથી અશ્રુનાં બે ઉષ્ણ બિંદુઓ ટપકી પડ્યાં. તે શાહજાદીએ જોયાં.

"તમે તો દુઃખનું કારણ દર્શાવતાં નથી; ત્યારે હવે તમારા દુઃખનું કારણ હું કહી સંભળાવું કે?" શાહજાદીએ કાંઇક વક્રદૃષ્ટિથી કહ્યું.

"કહી સંભળાવોને ભલે!" ક્ષત્રિયરમણીએ શાંતિથી અનુમતિ આપી.

"સાંભળો ત્યારે. હિંદુ અને મુસલમાન રમણીઓ આવી છૂટથી એકત્ર ક્રીડા કરે છે. એ વાત તમને જરા પણ ગમતી નથી અને તે જ તમારા હૃદયદુઃખનું મુખ્ય કારણ છે, કેમ ખરું કે નહિ?" શાહજાદીએ કારણ જણાવીને કહ્યું.

"ના–તેવું કાંઈ પણ નથી. આપની કલ્પના વ્યર્થ છે. રાજપૂત રમણીઓ તો આજ કાલ તમારા પોતાના કુટુંબની સ્ત્રીઓ હોય તેવી જ બની ગઈ છે! એટલે તેમને તમારા સાથે રમતી હસતી જોઇને મને ખેદ થાય જ કેવી રીતે?" ક્ષત્રિય ભાર્યાએ ઉત્તર આપ્યું. પણ એ વેળાએ તેની મુખમુદ્રાએ ગાંભીર્યનો ત્યાગ ન કર્યો.

એટલે શાહજાદીએ જરાક નાક મરડીને કહ્યું કે, "આ ગળામાંથી નીકળેલા વિચારો છે–બનાવટી બચાવો છે. અર્થાત્ તમારા મનમાંનો ભાવ પણ એ જ હોય એમ મને તો લાગતું નથી."

ક્ષત્રિય વનિતાએ એનું કાંઈ પણ ઉત્તર આપ્યું નહિ. શાહજાદીના એ શબ્દો સાંભળીને માત્ર તેણે એક દીર્ઘ ઉષ્ણ નિઃશ્વાસ મૂકયો.

શાહજાદીએ કહ્યું, "તમે પૃથ્વીરાજનાં ધર્મપત્ની છો એટલે સાધારણ સ્ત્રીઓ કરતાં તમારી પ્રવૃત્તિ ઉચ્ચ હોય, એમાં તો જરાએ સંદેહ નથી. રાજપૂત રમણીઓ અમારાથી આવી રીતે હળીમળીને વર્તે છે, તે જોઇને તમારા મનમાં અનિવાર્ય દુઃખ થાય છે, એ જ તમારા દુઃખનું કારણ છે, ના કહો જોઇએ! મનના સત્ય ભાવને છુપાવી રાખવાનો વ્યર્થ પ્રયત્ન કરવો, એમાં શો લાભ છે? તમારી શોકસૂચક દૃષ્ટિ અને દીર્ઘ નિઃશ્વાસ આદિ લક્ષણો તમારા હૃદયના ભાવને સ્પષ્ટતાથી ખુલ્લાં કરી દે છે. પણ મારું એમ કહેવું છે કે, આવી હૃદયવેદના સહન કરવામાં લાભ શો? પોતાની સ્થિતિનો વિચાર કરો એટલે જે છે તે જણાઈ રહેશે."

ક્ષત્રિયરમણી ઉઠીને ઉભી થઈ. શાહજાદીને કશુંય ઉત્તર ન આપતાં, દૂર જઇને ઉભા રહેવાનો એકવાર તેના મનમાં વિચાર આવ્યો; પણ અભિમાનને લીધે તેનાથી તેમ કરી શકાયું નહિ. તેણે પોતાનું મસ્તક જરાક નીચું કરીને અને દૃષ્ટિને સ્થિર રાખીને ઉત્તર આપ્યું કે, "મારે પોતાની સ્થિતિનો શો વિચાર કરવો? કાંઈ સૂચના તો કરો."

"વિચાર એ જ કે, તમારો પતિ મારા પિતાનો આશ્રિત છે, એનું સ્મરણ કરો, એટલે થયું." શાહજાદીએ ગર્વપૂર્વક સૂચના આપી.

ક્ષત્રિયરમણીની એકે એક શિરામાં રક્તનું વેગપૂર્વક વહન થવા લાગ્યું, અને કોપથી તેનું મુખ અભિસમાન રક્તવર્ણ થઈ ગયું. એકાએક તેના સમસ્ત શરીરમાંથી વિદ્યુત્‌ની જ્યોતિ પ્રમાણે એક અપૂર્વ તેજનો પ્રકાશ થયો. પાસે જ પડદાની આડમાં ઉભેલો એક કામોન્મત્ત નરરાક્ષસ એ પ્રકાર જોઇને તે ક્ષત્રિયનારીમાં આસક્ત થયો. દુર્દૈવની પ્રબળતાથી તે કામોન્મત્ત નરપશુ તે ક્ષણે જ ક્ષત્રિયબાળાની દૃષ્ટિએ પડ્યો અને તેને જોતાં જ કોમલાંગી કામિનીની કાયા કંપાયમાન થવા લાગી.

શાહજાદીને ક્ષત્રિયરમણીએ ગંભીર અને શાંત ભાવથી ઉત્તર આપ્યું કે, "શાહજાદી સાહેબા ! કોઈની પણ સ્થિતિ સદાસર્વદા એક સમાન રહેતી નથી. જે આજે રાજા હોય છે, તે કાલે ભિક્ષુક બની જાય છે; અને ભિક્ષુક રાજા થાય છે, એવો જગતનો વ્યવહાર છે. બીજાને તેની દુર્દશાનું સ્મરણ કરાવીને તેના હૃદયમાં પીડા ઉપજાવવી, એ એક શાહજાદીને યોગ્ય નથી."

"શાહજાદીને તેના કર્ત્તવ્ય અકર્ત્તવ્ય અને યોગ્યતા અયોગ્યતાનો ઉપદેશ કરવાનું કાર્ય અમારા એક આશ્રિત અને કાફિરની પત્નીને યોગ્ય નથી. હું સર્વ રહસ્ય સમજી ચૂકી છું. મારા પિતાનો સ્વભાવ મહા દયાળુ અને ઉદાર છે, અને તેથી જ તેમણે તમારા વિશ્વાસઘાતક પિતાને ક્ષમા આપી છે."

એવી રીતે તે આર્ય અબળાને અનેક પ્રકારનાં મર્મભેદક અને અપમાનકારક દુર્વચનો સંભળાવીને તે ગર્વિષ્ઠ અને મહા અભિમાનિની શાહજાદી ત્યાંથી નીકળીને અન્ય સ્થળે ચાલી ગઈ, અને ત્યાં તેણે પોતાની દાસીઓ અને સખીઓના સમાજમાં તે આર્ય સુંદરીના સૌન્દર્યની કુત્સિત નિંદાનો આરંભ કર્યો. એ નિંદાના કેટલાક શબ્દો આર્યપત્નીએ સાંભળ્યા. એ સર્વ નિંદાનો ભાવાર્થ એટલો જ હતો કે, "જે સ્ત્રીઓ અમારી દાસીઓ જેવી છે તે આટલી બધી સ્વરૂપસુન્દર કેમ હોય છે? સુન્દર હોય છે, તો તેમને જનાનખાનામાં શા માટે પિતાજી નથી રાખતા ? એ મારા સમજવામાં આવતું નથી."

પાંજરામાં પૂરેલી સિંહણ જેવી રીતે ગર્જના કરે છે, તેવી રીતે ક્ષત્રિયરમણી પોતાના મનમાં ગર્જના કરવા લાગી. પણ તે નિરૂપાય હતી! એટલે કોઈ સાથે કાંઈ પણ ન બોલતાં અને અહીં તહીં નજર ન ફેરવતાં એકદમ તેણે પોતાની દાસીને, ભોઇઓને પાલખી (મ્યાનો) લઇને બોલાવવાની આજ્ઞા કરી. આજ્ઞાનુસાર દાસી ત્યાંથી ચાલી ગઈ.

એ ક્ષત્રિયરમણી તે બીકાનેરપતિ પૃથ્વીરાજની પત્ની અને આપણી પૂર્વપરિચિતા જોધાબાઈ હતી.

અષ્ટમ પરિચ્છેદ

કટાર

**"रिपुश्रियः किं कचसंचयोऽयं प्रतापवन्हेः किमु धूमराजिः? ।
विलोक्य यत्पाणिगतं कृपाणमेवं जनस्तर्कयते रणेषु" ॥** माघः

દલિતહૃદયા જોધાબાઈ શું ઉત્સાહથી એ મહિલા મેળામાં આવેલી છે? શું રાજપૂતોની આવી દુ:ખાસ્પદ દશાના અવલોકનથી તેના મનમાં મોદ થાય છે? ના. કદાપિ નહિ. પણ શત્રુના નગરમાં નિવાસ, શત્રુઓના આશ્રયમાં રહેવું અને ન આવવાથી પૂછપરછ થવાનો સંભવ એટલે પોતાની લેશમાત્ર ઇચ્છા ન છતાં પણ નિરૂપાયે તેને મહિલા મેળામાં આવવું પડ્યું છે. ઇચ્છાવિરુદ્ધ આવેલી હોવાથી તેણે પોતાના શરીરને વસ્ત્રાભૂષણથી જરાય શૃંગાર્યું નથી અને મેળામાં તેને આનંદ પણ ભાસતો નથી. મનમાં નાના પ્રકારના વિચારોનો ઉદ્ભવ થવાથી પૃથ્વીરાજે નિરૂપાયે તેને મેળામાં જવાની

આજ્ઞા આપેલી હતી. પારતંત્ર્ય જેવો આ જગત્‌માં મનુષ્યનો બીજો એકે શત્રુ હોઈ નહિ શકે.

અત્યાર સુધી જે જે બનાવો બન્યા, તેમાં વિચારવા જેવું કાંઈ પણ વિશેષ મહત્વ સમાયલું હતું નહિ, પણ હવે પછી બનેલા જે એક ભયંકર બનાવનું, વાંચનાર! તારે દર્શન કરવાનું છે, તેનું માત્ર સ્મરણ થતાં જ શરીરપર રોમાંચ થઈ આવે છે અને ક્ષણેક દિગ્મૂઢ બની જવાથી, મારા મુખમાંથી એક પણ શબ્દનો ઉચ્ચાર થઈ શકતો નથી.

જોધાબાઇની દાસી મ્યાનો લાવવા માટે મેળાવાળા સ્થાનમાંથી બહાર ગઈ, તે પાછી આવી જ નહિ. એટલામાં સૂર્યાસ્તનો સમય થવા આવ્યો. મોટી મોટી મુસલમાન અને રાજપૂત રમણીઓ પોતપોતાના મ્યાનામાં બેસીને પાછી ઘેર જવા લાગી, અને બીજી સ્ત્રીઓ પણ પોતપોતાને ઘેર જવા માટે તૈયાર થઈ. વસ્તુ વેચવા માટે દુકાન માંડી બેઠેલી સ્ત્રીઓએ પોતાની દુકાનો બંધ કરી અને સૂર્ય અસ્તાચલમાં ગમન કરી ગયો—સંધ્યાકાળ થયો. જોધાબાઇના હૃદયમાં બહુ જ ભીતિ થવા લાગી; તેનું હૃદય ભયથી કંપવા લાગ્યું; તેના મનમાં અનેક કુશંકાઓ આવવા લાગી; અપમાન, કોપ અને કુશંકા ઇત્યાદિથી તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ વહી નીકળ્યો. પોતાના મનમાં તે પતિને ઉદ્દેશીને બોલી, "પ્રાણનાથ! આજે મારું મન આટલું બધું કેમ ગભરાય છે વારુ? શું મારાથી આપનો કાંઈ અપરાધ થયો છે? હેં! આ શું? એકાએક મારું જમણું નેત્ર ફરકે છે શા માટે? નાથ! આપ મારા પ્રાણના આધાર છો. ગમે તેવું ભયંકર સંકટ આવ્યું હોય, તો તે સંકટ આપના સ્મરણમાત્રથી જ નષ્ટ થઈ જાય છે! દાસી અદ્યાપિ કેમ આવી નહિ? મારો મ્યાનો કયાં છે? માતા ભવાની! તું જ મારી લજ્જા અને શીલતાનું સંરક્ષણ કરજે! તારાવિના મારો અન્ય એકે આધાર નથી!!"

પાસેથી એક શસ્ત્રાસ્ત્ર વેચનારી સ્ત્રી ચાલી જતી હતી, તે કહેવા લાગી કે, "બાઈ સાહેબ! સર્વ સ્ત્રીઓ ચાલી નીકળી છતાં આપ અહીં હવે શાને રોકાઈ રહ્યાં છો?"

"હજી મારો મ્યાનો આવ્યો નથી." એમ કહીને જોધાબાઇએ પૂછ્યું કે, "તારા હાથમાં આ શું છે?"

"કટારીઓ છે! મારા મનમાં એવી આશા હતી કે, મેળામાં અનેક રાજપૂત રમણીઓ આવશે અને મારી સર્વ કટારીઓ ખપી જશે. કારણ કે, રાજપૂત સ્ત્રીઓ પોતાની કમ્મરમાં કટારીઓ રાખે છે, એમ મારા સાંભળવામાં આવ્યું હતું. પણ કહેતાં બહુ જ ખેદ થાય છે કે, મારી આટલી કટારીઓમાંથી મેળામાં એકનું પણ વેચાણ થયું નહિ. બાઈસાહેબ! હવે આગળના જેવો વખત નથી રહ્યો. આપના રૂપ અને મુખથી આપ રાજપૂત હો, એમ હું ધારું છું." કટારીઓની વ્યાપારિણીએ પોતાની કર્મકથા સંભળાવી.

"તમે હિંદુ છો કે શું?" જોધાબાઇએ પૂછ્યું.

"જી—હા—બાઇસાહેબ!" અસ્ત્રશસ્ત્ર વેચનારીએ નમ્રતાથી કહ્યું. "આજથી છ માસની જ વાત છે કે, મારા પતિનો સ્વર્ગવાસ થયો અને ત્યાર પછી થોડા દિવસે

મારો એકનો એક પુત્ર પણ યમસદનમાં પ્રયાણ કરી ગયો. માત્ર હું જ અભાગિણી જીવતી રહી છું અને આ કટારો વેચીને પાપી પેટનું પૂરું કર્યા કરું છું ને આયુષ્યના દિવસ પૂરા કરું છું."

એના ઉત્તરમાં અધિક કાંઈ પણ બોલવાને બદલે જોધાબાઇએ તત્કાળ શોક દર્શાવીને કહ્યું કે, "હા-હું રાજપૂત સ્ત્રી છું; તારી કલ્પના સત્ય છે. તારો કરુણોત્પાદક વૃત્તાંત સાંભળીને મારા હૃદયમાં બહુ જ વ્યથા થાય છે. મને એક સારી કટારી આપ.'

"બધી કટારો એક સરખી જ છે-અર્થાત્ એમાં કોઈ સારી કે નઠારી નથી. આપને ગમે તે આપ લઇ લ્યો." શસ્ત્ર વેચનારીએ કહ્યું.

"આની ધાર કેવીક છે?" જોધાબાઇએ એક કટાર હાથમાં લઈને પૂછ્યું.

"જો પૂરતા જોરથી મારવામાં આવે, તો એ કટાર મનુષ્યના પ્રાણનો સંહાર એક ક્ષણમાં કરી શકે." પ્રશ્નનું ઉત્તર મળ્યું.

"ઠીક-ત્યારે આ કટાર મેં ખરીદી, આ લે." એમ કહીને જોધાબાઈએ તે શસ્ત્ર વેચનારીના હાથમાં એક સોના મોહોર મૂકી.

તે સ્ત્રી આશ્ચર્યચકિત થઈને કહેવા લાગી કે, "આ શું? આખી મોહોર આપવાનું શું કારણ છે?"

"કારણ કાંઈ પણ નથી. હું તને મારી ઇચ્છાથી આપું છું." જોધાબાઈએ નિર્દોષતાથી કહ્યું.

"બાઇસાહેબ! એક મોહોરમાં તો વીસ કટારો આવશે. બાકીની ઓગણીસ આપું?" વેચનારીએ પણ તેવી જ નિર્દોષતાથી સામો સવાલ કર્યો.

"ના વધારેની મને આવશ્યકતા નથી. મારા માટે આ એક જ બસ છે. મેં તને આ મોહોર આપી છે, તે આ એક કટારનું જ મૂલ્ય સમજવાનું છે. જોધાબાઇએ વિવેચન કરીને તેના ભ્રમનો નાશ કર્યો.

ત્યારપછી જોધાબાઈ પોતાના મન સાથે કહેવા લાગી કે, "આ સ્ત્રી મારી ગુરુ છે; કારણ કે, એણે જ આજે મને એક નવીન જ્ઞાનનું શિક્ષણ આપ્યું. રાજપૂત નારી છતાં આજે હું કટાર સાથે કેમ ન લેતી આવી?"

શસ્ત્ર વેચનારી વનિતાએ કરુણામય સ્વરથી કહ્યું કે, "બાસાહેબ! આપ સાક્ષાત્ અન્નપૂર્ણા દેવીનો અવતાર છો-પરમેશ્વર આપને સદાસર્વદા સુખ અને આનંદમાં રાખશે, એવો આ દીન અબળાનો આશીર્વાદ છે!!!"

એ આશીર્વાદ આપી અને જોધાબાઇને નમસ્કાર કરીને તે સ્ત્રી ત્યાંથી ચાલતી થઈ, અને સામેથી એક મ્યાનાને આવતો જોઈ તે પાછી ફરીને કહેવા લાગી કે, "બાઈસાહેબ! આપનો મ્યાનો આવી પહોંચ્યો છે."

મ્યાનો તો આવ્યો; પણ સાથે દાસીના ન આવવાનું કારણ જોધાબાઈ જાણી શકી નહિ. "આ મ્યાનો મારો જ કે?" એમ તેણે ભોઇઓને પૂછ્યું, અને તેમણે "જી હા" એવું ઉત્તર આપ્યું. જોધાબાઇએ દાસી વિશે પૂછતાં તેમણે જણાવ્યું કે, "તે બહાર આપની વાટ જોતી ઉભી છે; કારણ કે અત્યારે અહીં આવવાનો કોઇને પણ હુકમ નથી. અમને પણ બાદશાહ સલામતનો હુકમ મળ્યો, ત્યારે જ અમારાથી

અહીં આવી શકાયું." એ ઉત્તર સાંભળી મનમાં નાના પ્રકારના તર્કવિતર્કો કરતી જોધાબાઈ મ્યાનામાં બેઠી, અને અંદરથી બારણાં બંધ કરી લીધાં.

એ સર્વ કપટકૌશલ્ય કોનું હોવું જોઇએ, એ ચાણક્ય વાચકોના સમજવામાં આવી તો ગયું હશે જ. પણ આ શું? મ્યાનામાં બેસતાં જોધાબાઇનાં અંગે પરિધાન કરેલાં વસ્ત્રો એકાએક કોણે તાણ્યાં? જોધાબાઇએ બહાર મુખ કાઢીને જોયું, એટલે પોતાનાં વસ્ત્રો મ્યાનાના બહારના ભાગમાં એક ખીલામાં અટકવાથી જરાક ફાટેલાં તેના જોવામાં આવ્યાં; એટલામાં ચીબરીનો અમંગળ ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો અને જોધાબાઇના મનમાં એકાએક ભયનો આઘાત થયો.

મનમાં પોતાના પતિનું અને માતા ભવાનીનું ધ્યાન ધરીને, જોધાબાઇએ મ્યાનાનાં બારણાં પાછાં બંધ કર્યાં અને તે પોતાના મનમાં જ કહેવા લાગી કે, "હવે ભય રાખવાનું શું કારણ છે? માતા ભવાનીએ જ મને અચાનક આ કટાર આપેલી છે અને એ જ મારા પાતિવ્રત્યનું સંરક્ષણ કરશે. શસ્ત્ર કે અસ્ત્ર પાસે હોય, તો પછી રાજપૂત વીરનારીઓને ભીતિ શાની? માતા ભવાનિ! શસ્ત્ર વેચનારી નારીના રૂપમાં તેં જ મને દર્શન દીધું, તે મારા જાણવામાં આવી ગયું. હું મૂઢ હોવાથી તે વેળાએ તને ઓળખી શકી નહિ. ભગવતિ! આજે તારી કૃપાથી જ મારા સંકટોનો સંહાર થશે!"

પતિવ્રતાની એ કરુણાવાણી જગજ્જનનીએ સાંભળી!

નવમ પરિચ્છેદ
પિશાચનો પિશાચ ધર્મ

"खलानां कंटकानां च द्विविधैव प्रतिक्रिया ।
उपानन्मुखभंगो वा दुरतो वा विसर्जनम्" ॥ ન્યાસઃ

કપટ કળાને વશ થયેલા ભોઇઓએ મ્યાનો ઉપાડ્યો અને તેઓ ચાલવા લાગ્યા. તેઓ રાજમાર્ગમાં ન ચાલતાં એક સાંકડી શેરીમાં ચાલ્યા. તે શેરી ઉલ્લંઘવા પછી તેમણે એક બીજી ગલીમાં પ્રવેશ કર્યો, અને ત્યાર પછી તે લોકો ભોંયરા જેવા એક અંધકારમય માર્ગમાં આવી ચઢ્યા. મ્યાનાનાં બારણાં થોડાંક ઉઘાડીને જોધાબાઈ બહાર જોવા લાગી. તેના મનમાં કિંચિત્ ભીતિ થવા લાગી. હવે રડવાથી કે પોકાર કરવાથી કશો પણ લાભ થવાનો નથી, એ તે સારી રીતે સમજી ચૂકી હતી. તેણે પોતાના મનને દૃઢ બનાવ્યું અને મનમાં ને મનમાં વિચાર કર્યો કે, "હું આત્મહત્યા કરીને સંકટમાંથી મુક્ત થઈ શકું એમ છું?" પાછો તેના મનમાં વિચાર આવ્યો કે, "ના—એમ તો ન જ કરવું. આત્મહત્યા કરવાનો કોઇને પણ અધિકાર નથી. એમ કરવાથી વળી પતિ સાથે નીમકહરામી કરવા જેવું થવાનો પણ સંભવ છે. હું મરીશ તો મારા પતિ પણ વધારે લાંબો સમય જીવી શકશે નહિ. એટલામાટે આત્મહત્યા કરવી, એ યોગ્ય નથી. મરણ તો એક વેળા આવવાનું છે જ; ત્યારે જોઉં તો ખરી કે આજે શું બને છે! માતા ભવાનિ! હે અમ્બે! હું તારે શરણે—ચરણે—રણે છું."

"પેલી શાહજાદીના કપટનું તો આ પરિણામ નહિ હોય?" એવો પણ એકવાર તેના મનમાં વિચાર આવ્યો. વિચાર કરતાં કરતાં જોધાબાઇનું માથું ફરવા લાગ્યું, અને

અંધારી આવવા લાગી. પુનઃ તેના અંગમાં જોર આવ્યું અને તે કહેવા લાગી કે, "મારા મનમાં વ્યર્થ શંકાઓ આવ્યા કરે છે. આવા વિચારોને મનમાં સ્થાન આપવું, એ પણ એક પ્રકારનું પાપ છે. માતા જગજ્જનની મારા હૃદયમાં નિવાસ કરે છે, એટલે પછી ભીતિ શાની છે? ભગવતિ! તું તારી પુત્રીને અભયદાન દે!"

કદાચિત્ તેમ જ થયું તો? પણ ના—એનો વિચાર માત્ર પણ મનમાં લાવવો અયોગ્ય છે. ધારો કે, તેવો જ પ્રસંગ આવી પહોંચ્યો, તોપણ ડરવાનું કારણ શું છે? મારા હાથની આંગળીએ હીરાની વીંટી છે અને કમ્મરે કટાર છે. તેની સહાયતાથી એક રાજપૂત રમણી પોતાના પાતિવ્રત્યનું રક્ષણ નહિ કરી શકે કે શું?"

એવા એવા અનેક વિચારો ક્ષણે ક્ષણે જોધાબાઇના મનમાં આવતા જતા હતા. ચાલતાં ચાલતાં ભોઇઓ એક ગૃહનાં દ્વાર પાસે આવી પહોંચ્યા અને તેમણે મ્યાનો નીચે રાખ્યો. તે સ્થાને ચારે તરફ ઉંચી ઉંચી ભીંતો આવેલી હતી અને સર્વત્ર મૌન્ય તથા નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય વિસ્તરેલું જોવામાં આવતું હતું. આવી સ્થિતિ નીહાળીને, જોધાબાઈએ કોપયુક્ત મુદ્રા કરીને કહ્યું કે, "મને અહીં ક્યાં લઈ આવ્યા? મને સત્વર મારે ઘેર લઈ ચાલો."

એના જવાબમાં ભોઇઓના નાયકે જણાવ્યું કે, "બાઇસાહેબ! આપે આ ઘરમાં જ પધારવાનું છે; કારણ કે, આપના મહારાજ સાહેબ અંદર બેઠેલા છે; તે આપને અંદર લઈ જશે. તેમના હુકમથી જ અમે આપને અહીં લઈ આવ્યા છિયે."

પોતાને સર્વથા નિરાશ જાણીને અને સર્વથા પોતાના કર્તૃત્વમાં વિશ્વાસ રાખીને, જોધાબાઈએ તે ગૃહમાં પ્રવેશ કર્યો. તે અંદર ગઈ કે તત્કાલ પાછળથી દરવાજા બંધ કરી લેવામાં આવ્યા.

ગૃહમાં સર્વત્ર અંધકાર પ્રસરેલો હતો. બે બાજૂની ભીંતોમાં બે નાના નાના ઝરૂખા હતા; પરંતુ રાત્રિ પડી ગએલી હોવાથી તે પણ અંધકારમય થઈ ગયા હતા. જે દ્વારમાંથી જોધાબાઈએ ગૃહના અંતર્ભાગમાં પ્રવેશ કર્યો હતો, તે દ્વારને ઉઘાડવાનો અને પછીથી તોડી નાખવાનો ઘણોય પ્રયત્ન કર્યો; પણ દુર્દૈવવશાત્ જોધાબાઇનો તે પ્રયત્ન સર્વથા વ્યર્થ અને નિષ્ફળ નીવડ્યો.

અંતે જોધાબાઇએ મનમાં એક દૃઢ નિશ્ચય કર્યો. અનન્ય મનથી પતિનું ધ્યાન ધર્યું, જગજ્જનનીને પોતાનું સંકટ જણાવ્યું અને પછી કંપિત સ્વરથી કહેવા લાગી કે, "ભલે, ત્યારે તારી જ ઇચ્છા પૂર્ણ થાઓ!"

"સુંદરિ! મારી કઈ ઇચ્છા પૂર્ણ થશે? ભગ્ન સ્વરાત્મક એ વાક્યમાં તેનું ઉત્તર મળ્યું. તે ભયાનક અને ઉજ્જડ ગૃહમાં એ ધ્વનિનો પુનઃ પુનઃ પ્રતિધ્વનિ થવા લાગ્યો. જોધાબાઇનું સમસ્ત શરીર રોમાંચિત થઇ ગયું, પરંતુ એથી તે જરા પણ ડરી નહિ. હૃદયમાં બમણું બળ ધારણ કરીને તેણે ઉત્તર આપ્યું કે, "જે નરપિશાચે દુષ્ટ હેતુથી આ ગૃહમાં પ્રવેશ કરેલો છે, તેના શિરે વજ્રાઘાત થાઓ!"

પોતાનાં નેત્રોને સારી રીતે ઉઘાડીને, તે ચારે તરફ અવલોકન કરવા લાગી. તેનાં નેત્રોમાંથી અગ્નિનાં કણો વર્ષતાં હોય એવો ભાસ થવા લાગ્યો.

એટલામાં આ ધ્વનિ તેનાં સાંભળવામાં આવ્યો, "સુંદરિ! આવો શાપ ન આપ. જે મસ્તક તારા કુસુમસમાન કોમલ વક્ષઃસ્થલના આશ્રયની અપેક્ષા કરે છે, તેને વજ્રા-

ઘાતથી ચૂર્ણ થવાનો શાપ શા માટે દે છે? રમણિ! આવી નિષ્ઠુર ને નિર્દય ન થા!"

જોધાબાઇએ મહાઆવેશ અને નિશ્ચયપૂર્વક ઉત્તર આપ્યું, "મારું વચન કદાપિ અસત્ય થનાર નથી!"

"તું મારી પ્રાણેશ્વરી છે!" ધ્વનિ થયો.

"નહિ-હું તારા પ્રાણને સંહારનારી કાલસર્પિણી છું," ઉત્તર મળ્યું.

એટલામાં તે અપરિચિત વ્યક્તિએ સીસોટી વગાડીને કાંઇક સંકેત કર્યો અને તેવો જ ત્યા દીપકનો પ્રકાશ થયો. સર્વ વસ્તુઓ દૃષ્ટિગોચર થઈ.

પ્રકાશ થતાં જ જોધાબાઈ તે કામાતુર નરાધમની દૃષ્ટિએ પડી. તેની તે ચંડિકા સમાન ઉગ્ર મૂર્તિ જોતાં જ તે પિચાશ સ્તંભિત થઈ ગયો. નૌરોજના મેળામાં પણ એ જ નરરાક્ષસ જોધાબાઇની દૃષ્ટિનો વિષય થયો હતો.

જોધાબાઈ ક્ષણેક સ્તંભિત અને વિસ્મિત બની ગઈ.

તે કામવિહ્વલ મૂઢ હાથ જોડીને ન બોલતાં માત્ર હાવભાવથી જ તેને વિનવવા લાગ્યો. તેની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મેળવીને પોતાના મનમાંનો હેતુ શબ્દદ્વારા વ્યક્ત કરવાનું સાહસ એકાએક તેનાથી કરી શકાયું નહિ.

જોધાબાઇએ પોકાર કરીને કહ્યું, "દૂર થા નર રાક્ષસ! દૂર થા!" તે કામોન્મત્ત નરપશુ તેના આગળ ગોઠણભંડીએ બેસી ગયો અને આર્જવતાના ભાવથી બોલ્યો કે, "સુંદરિ! હવે મારો અંત ન લે. હું તારા રૂપમાં મુગ્ધ થએલો છું. તારા વિયોગવન્હિથી મારું શરીર નિરંતર બળ્યા કરે છે; માટે હે પ્રાણેશ્વરિ! તેપર સ્નેહસલિલનું સિંચન કરીને જ્વાળાને શાંત કર. સાર્વભૌમ દિલ્લીશ્વર આજે તારા સમક્ષ પ્રેમ ભિક્ષુક બનીને ઉભો છે—દયા કર."

જોધાબાઈ અધિક સ્વિમત થઇને કહેવા લાગી, "ત્યારે મારી કલ્પના ખરી ઠરી કે? બસ—ત્યારે હવે એ જ નિશ્ચય કે—"

"સુંદરિ! આમ કાવરીબાવરી કેમ બની ગઇ છે? દિલ્લીશ્વર તારા પાસે યાચના કરતો ઊભો છે, તેથી તું વિસ્મિત થઇ છે કે શું? પ્રિયે! મનુષ્યપ્રકૃતિ સર્વત્ર એક—સમાન જ છે," નરાધમે પોતાની અધમતાનું પુનઃ દર્શન કરાવ્યું.

જોધાબાઈ અજાયબીમાં પડી ગઈ અને કાનમાં આંગળી નાખીને ચાર ડગલાં પાછળ ખસી ગઈ. "શિવ! શિવ!! તું દિલ્લીશ્વર! ભારતસમ્રાટ્ અકબર! આ તારું કૃત્ય! આશ્ચર્યથી તેણે એ ઉદ્ગારો કાઢ્યા.

"હા, આ કૃત્ય મારું જ છે. સ્ત્રીઓના મોહમાં દેવો પણ મુગ્ધ થઈ જાય છે, ત્યારે મારી તે શી બિસાત?" દિલ્લીશ્વરે લજ્જાહીન થઇને કહ્યું.

"નૌરોજમાં ભરાતા મહિલામેળાનો આ જ ઉદ્દેશ છે કે?" જોધાબાઇએ વક્ર-દૃષ્ટિથી પૂછ્યું.

"હા—જો સત્ય બોલું તો ખરો ઉદ્દેશ આ જ છે," અકબરે કહ્યું.

"આ પાપાચરણ કેટલા દિવસથી ચાલતું આવ્યું છે? પ્રશ્ન થયો.

"ઘણા દિવસથી. હું પરનારીના ઉપભોગનો બહુ જ ચાહનાર હોવાથી મેં આ મહિલામેળાની યુક્તિ શોધી કાઢી છે. આજના મેળામાં તું સર્વ સ્ત્રીઓ કરતાં વિશેષ

સુંદર અને મનોહારિણી દેખાઈ, તેથી તને જ મેં યુકિતથી અહીં બોલાવી;" દિલ્લીપતિએ પાપનો સ્વીકાર કર્યો.

"ત્યારે આ ગુપ્તગૃહ પણ એ જ કાર્ય માટે રાખવામાં આવ્યું હશે, કેમ નહિ?" જોધાબાઇએ ઉલટપાલટ તપાસ કરવા માંડી.

"હા, એ જ કાર્ય માટે. કારણ કે લોકલજ્જાની ભીતિ મનમાં રાખવી જ જોઇએ;" અકબરે નાગો જવાબ આપ્યો.

"લોકોનાં નેત્રોમાં તો કદાચિત્ ધૂળ નાખી શકાશે, પણ તે સર્વવ્યાપક અને સર્વાન્તર્યામી પરમાત્માને એમ ઠગી શકાશે નહિ, એની તમને ખબર છે ખરી કે?" જોધાબાઇએ તેની મૂઢતાનું દર્શન કરાવ્યું.

"હું પરમેશ્વર કે દેવને બિલ્કુલ માનતો જ નથી. કેવળ અજ્ઞ લોકોના સમાજમાં સન્માન અને કીર્તિને જાળવી રાખવા માટે જ બહારથી ધર્મનો દંભ બતાવ્યા કરું છું, સમજી?" અકબરે હાર્દિક ભાવ દર્શાવ્યો.

"અય બાદશાહ! આવાં પાપાચરણથી મોગલોની સત્તા રસાતળમાં જશે, તે તું જાણે છે કે?" જોધાબાઇએ તેટલા જ બળથી સામો શબ્દ માર્યો.

હું મોગલ શહેનશાહતને ચિરસ્થાયી બનાવીશ." અકબર બોલ્યો.

"આવી પાપબુદ્ધિ જ્યાં રાત દિવસ વસતી હોય, ત્યાં રાજ્યની ચિરસ્થાયિતા કોઈ કાળે પણ થાય નહિ." જોધાબાઈએ જણાવ્યું.

"વૈવાહિક સંબંધમાં તો મેં હિંદુ અને મુસલમાનોને એક બનાવી નાખ્યા છે." અકબરશાહ બોલ્યો.

"ખોટી વાત! હિંદુઓના મનમાં તારો અધિકાર કદાપિ ચાલવાનો નથી." જોધાબાઈએ જોશમાં આવીને કહ્યું.

"ખોટી તો ખોટી. અત્યારે હવે એ રાજનીતિની વાતોને જવા દે અને મારો મનોરથ પૂર્ણ કર. તું મને પ્રાપ્ત થાય, તો પછી એકે ઇચ્છા મારા મનમાં બાકી રહેશે નહિ. જો–મારું સર્વ શરીર બળે છે." અકબરે પોતાની મદનલાલસા દર્શાવી.

"વિચાર કર અને આવી વાત મુખમાંથી બહાર ન કાઢ. મને હમણાંને હમણાં મારા પતિ પાસે મોકલી દે." જોધાબાઇએ બળપૂર્વક તેને દબાવ્યો.

"પ્રેમમયિ! પ્રણયાર્થી શરણાગતને પ્રણયદાન આપીને તેની મનઃકામના પૂર્ણ કરવી, એ જ તારા જેવી સુન્દરીને યોગ્ય અને ભૂષણાવહ છે. રમણિ! મારા પર કોપ ન કર. તારું આ કોપથી ઉદ્દીપ્ત થએલું મુખમંડળ પણ મારી દૃષ્ટિમાં તો અપૂર્વ સૌન્દર્યમય જ ભાસે છે. તારા આલિંગન માટે હું અત્યંત ઉત્સુક થએલો છું; માટે હે ચંદ્રાનને! મારાપર સત્વર દયા કર! સાર્વભૌમ નૃપતિ દિલ્લીશ્વર આજે પોતાનું રાજ્ય, રાજમુકુટ, સિંહાસન અને પ્રિય પ્રાણ પણ તારાં ચરણોમાં અર્પણ કરવાને તૈયાર થયો છે, તારા અધરામૃતનું એકવાર તેને પાન કરવા દે. આપણા આ ગુપ્ત પ્રણયની કોઇને પણ જાણ થશે, એવી ભીતિ તારે રાખવી જ નહિ." દુષ્ટ બાદશાહે ભિક્ષા માગવાની પોતાની કળા કુશળતાનું પૂરેપૂરું દર્શન કરાવ્યું, અને હસ્તદ્વય પ્રસારીને તે પતિવ્રતાને

આલિંગન આપવા માટે તત્પર થયો. છેડાયલી સિંહણ પ્રમાણે ગગનભેદક ગર્જના કરીને જોધાબાઇએ કહ્યું;—

"દૂર થા! દૂર થા મૂર્ખ! હવે જો એક ડગલું પણ આગળ વધ્યો કે મુઓ જ જાણજે. હજી પણ પોતાના નામ અને કીર્ત્તિને સાચવ અને પાપથી ડર. દિલ્લીશ્વરો વા જગદીશ્વરોના નામથી ઓળખાતો બાદશાહ તે તું જ કે? શિવ! શિવ!! ધિક્કાર હો આવા અધમ અને પાપી ધરાધિપતિઓને!!!"

જોધાબાઇની અનુપમ લાવણ્યપ્રભામાં તેની ઉદ્દીપ્ત રૂપશ્રીનું સંમિશ્રણ થવાથી તેમાં વિલક્ષણ શોભા આવેલી દૃષ્ટિગોચર થવા લાગી. એ તેજ સમક્ષ દીપકનું તેજ પણ મંદ દેખાવા લાગ્યું. તે ગૃહ, ગૃહમાંની સર્વ વસ્તુ અને ગૃહમાંની પાપમય વિલાસ-શય્યા ઈત્યાદિ સર્વ પદાર્થો મલિન અને નિસ્તેજ ભાસવા લાગ્યાં અને પુણ્યમયી જીવિત પ્રતિમા જોધાબાઇ સમક્ષ તે કામવ્યાકુલ અને વૈભવશાલી બાદશાહ અકબરનું મુખ સર્વથા તેજોહીન જણાવા લાગ્યું.

કામોન્મત્ત અને કામાંધ નરપશુ અકબરે કહ્યું કે, "સુંદરિ! મારો હેતુ જ્યાં સુધી પરિપૂર્ણ નહિ થાય, ત્યાં સૂધી તારો અહીંથી છૂટકો થવો સર્વથા અશક્ય અને અસંભવિત છે."

એમ કહીને તેને આલિંગન આપવાના હેતુથી અકબર આગળ વધ્યો.

પોતાની દૃષ્ટિને બરાબર સ્થિર કરી અને દાંત કચકચાવીને જોધાબાઇએ કહ્યું કે, પાછું તેનું તે જ કે? "અય બાદશાહ! શું તારી મરવાની જ ઇચ્છા થયેલી છે?"

બાદશાહે જોયું કે સૌમ્ય ઉપચારથી કાર્ય થતું નથી; એટલે તેણે ભય દેખાડીને પોતાનો હેતુ સાધવાનો વિચાર કર્યો અને કહ્યું કે, "તું મને પણ ભીતિ બતાવે છે કે? તું કોનાથી આવું ઉદ્ધત વર્ત્તન કરે છે, તે તારા ધ્યાનમાં છે કે?"

"હા–હા સારી રીતે ધ્યાનમાં છે કે, એક કપટી, કામાંધ અને અધર્માચારી પુરુષ–દિલ્હીના બાદશાહને નામે ઓળખાતા મોગલરાજ અકબર સાથે હું આવું ઉદ્ધત વર્ત્તન કરું છું," જોધાબાઇએ હિંમત રાખીને બહાદુરીથી જવાબ આપ્યો.

"હું જે આજ્ઞા કરું, તે મૂગે મોઢે માન્ય કર; નહિ તો વ્યર્થ પ્રાણ ખોઈ બેસીશ." અકબરે દમપર ગુમાર કરવાની શરૂઆત કરીને કહ્યું.

"ઓ મૂર્ખ! તને ચતુર અને રાજનીતિજ્ઞના નામથી કોણ ઓળખે છે? રાજપૂત સ્ત્રીને મૃત્યુની ભીતિથી ડરાવવા નીકળ્યો છે, એ જ તારી ચતુરતા કે? મારા પ્રાણનું તો જે થવાનું હશે તે થશે, પણ તારા પ્રાણનો તો આજે અવશ્ય મારા હાથે નાશ થવાનો જ!" જોધાબાઇએ બીજીવાર ખરેખરી સૂચના આપી.

મદનોન્મત્ત અકબર તે સતીના પવિત્ર દેહને આલિંગન આપવાને પુનઃ ઉદ્યુક્ત થયો. એ વેળાએ જોધાબાઇએ અનાથોનો નાથ જે પરમેશ્વર તેની મનમાં પ્રાર્થના કરવા માંડી:—"હે ત્રૈલોક્યનાથ પરમેશ્વર! આજ આ દાસીપર પ્રસન્ન થઇને તેના સતીત્વનું સંરક્ષણ કર. હે ભીડભંજન! જેવી રીતે તેં કૌરવોની સભામાં સતી દ્રૌપદીની લજ્જા રાખી હતી, તેવી રીતે આ અધમ મોગલ રાજ્યકર્ત્તાના અત્યાચારમાંથી મને ઉગાર. હે આદિ માતા ભવાનિ! તારી પુત્રીપર કૃપા કર અને આ સંકટને ટાળ!"

તે પવિત્ર સાધ્વીનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો, અને તે દુષ્ટ કામાતુર અને નરાધમ અકબરશાહ પોતાની આશાપૂર્ણ પાપી દૃષ્ટિથી તેની અભિનવ રૂપ-સુધાનું આનંદપૂર્વક પાન કરવા લાગ્યો.

એકાએક દીપકની પ્રકાશજ્વાળા કંપાયમાન થતી જોવામાં આવી. સાધ્વી જોધાબાઈએ સિંહવાહિની મૂર્તિ ધારણ કરી. કમ્મરમાં સંતાડી રાખેલી કટાર તેણે પોતાના જમણા હાથમાં લીધી અને નિર્જીવ પાષાણ પ્રતિમા પ્રમાણે તે નિશ્ચિત મુદ્રાથી સ્થિર થઇને ઉભી રહી. આજે પણ જાણે તે પ્રત્યક્ષ સિંહવાહિની મૂર્ત્તિ આપણાં નેત્રો સમક્ષ ઉભી હોયની તેવો કદાચિત્ ભાસ થાય છે.

નેત્રો સમક્ષ તે ભૈરવી રુદ્રાણી મૂર્ત્તિને ઉભેલી જોઇને અકબરશાહ એકાએક ભય-ભીત, ચકિત અને સ્તંભિત થઈ ગયો. તેની કામલાલસાનો લય થયો અને તેને સ્થાને તેના મનમાં ભીતિ અને ભક્તિનો આવિર્ભાવ થયો.

તે સિંહવાહિની મૂર્ત્તિ કોપથી લાલચોળ થઇને કહેવા લાગી કે, "હવે પછી કોઈ પણ પરનારીમાં પાપબુદ્ધિ ન રાખવાની અને કોઈ પણ પતિવ્રતાના પાતિવ્રત્યનો ભંગ ન કરવાની જો તું પ્રતિજ્ઞા કરતો હોય, તો જ તારા જીવનનું કુશળ છે; નહિ તો આ તીક્ષ્ણ કટાર તારી છાતીમાં પેશીને તારો સંહાર કરશે. તું જાણે છે કે, "પાવશેરકી કટારી મેં ડુલાઉં સારી બાદશાહી!"

ધર્મના પ્રબલ પ્રતાપ સમક્ષ અધર્મનું શું ચાલી શકે વારુ? સૃષ્ટિનો નિયમ જ એવો છે કે, પુણ્ય અને પવિત્રતા સમક્ષ અધર્મ અને પાપે પોતાનું શિર નમાવવું જ જોઇએ. જો એમ ન હોય, તો પછી ધર્મનો પ્રભાવ શો?

અકબર એકાએક ગળગળો થઈ ગયો અને "માતા! માતા!" એવા શબ્દોનો ઉચ્ચાર કરીને તેણે તે પતિવ્રતાનાં ચરણોમાં મસ્તક નમાવ્યું.

ધર્મનો જય થયો અને તે સાધ્વી એ ભયંકર પરીક્ષામાં વિજયસહિત ઉત્તીર્ણ થઈ—અધર્મનો તેણે પરાજય કરી નાંખ્યો.

પૃથ્વીરાજની પત્નીના સતીત્વને નષ્ટ કરવામાં અકબરના બે હેતુ હતાઃ એક ઇંદ્રિયલાલસાની તૃપ્તિ અને બીજો પવિત્ર શિશોદિયા કુળને સદાને માટે કલંકિત કરવું. કારણ કે પૃથ્વીરાજની પત્ની તે મહારાણા પ્રતાપસિંહની ભત્રીજી અને શક્તિસિંહની પુત્રી થતી હતી, એ અકબર સારી રીતે જાણતો હતો. પ્રતાપસિંહે અત્યાર સુધી મોગલ શહેનશાહ સમક્ષ શિર નમાવ્યું નહોતું, એનું વૈભવ મદથી અંધ બનેલા અકબરને બહુ જ વૈષમ્ય લાગ્યા કરતું હતું. એટલા માટે કોઈ ને કોઈ ઉપાયે પણ પ્રતાપને નમાવવાનો અકબરનો જે મનોભાવ હતો, તે એ નીચ કૃતિથી નિર્વિઘ્ને સિદ્ધ થયો હોત; પરંતુ સતીના પાતિવ્રત્ય પ્રભાવ સમક્ષ તેનો પરાજય થયો અને મનમાંનો હેતુ મનમાં જ રહી ગયો. અકબરના આયુષ્યમાં અસન્માર્ગ નિવૃત્તિનો એ પ્રથમ પ્રસંગ જ હતો. પવિત્ર જોધાબાઇએ મોહાંધ અકબરના હૃદયમાં ધર્મરૂપી દીપકના પ્રકાશનો પ્રસાર કરી દીધો.

ભાટ, ચારણ, કવિ અને ઇતિહાસકારોએ મહા પ્રતાપાન્વિતા, રાજરાજેશ્વરી અને આર્યકુલ લક્ષ્મીને સાક્ષાત્ દેવીનો અવતાર ધારીને તેનાં યશોનાં અખંડ અને અચલ ગાન ગાયાં છે.

એ સર્વ વૃત્તાંત પૃથ્વીરાજના જાણવામાં આવ્યો. પોતાની પરમ પવિત્ર પત્નીમાં તેનો પૂર્ણ વિશ્વાસ હોવાથી તેના હૃદયમાં શંકા કે સંશયનો લેશમાત્ર પણ આવિર્ભાવ થયો નહિ. પૂર્વ પ્રમાણે પોતાની પત્નીપરનો તેનો પ્રેમ જેવોને તેવો જ અખંડ રહ્યો એટલું જ નહિ પણ પતિપત્નીના વયની વૃદ્ધિ થવા સાથે તેમના પરસ્પર પ્રેમની પણ વૃદ્ધિ થતી ગઈ.

ખરેખર પતિપત્ની તો પૃથ્વીરાજ અને જોધાબાઈ જેવાં જ હોવાં જોઈએ—એવાં દંપતી જ સુખમાં આયુષ્ય વીતાડે છે.

દશમ પરિચ્છેદ.

તરુણ પ્રવાસિની

"પ્રીતમ પ્યારે તુમ જો બસોગે સાત સમંદર પાર;
વહાંલી ડૂબત ડૂબત આઊં હેત ન જાઊં હાર." શૈનક.

પવિત્રતા પણ જાળવવી અને તે પાપમયી શત્રુ નગરીમાં રહીને અર્થાત્ ઉપવર થયેલી યમુનાના કુમારીધર્મના રક્ષણનું કાર્ય બહુ જ કઠિન છે, એ પૃથ્વીરાજના ધ્યાનમાં આવી ચૂકયું. એટલે તેણે મનમાં એવો વિચાર કર્યો કે, "જો હું મારી ભગિનીને અહીંથી સત્વર જ બીજે કયાંક દૂર નહિ મોકલી આપું, તો પરિણામ સારું આવશે નહિ." પૃથ્વીરાજ પોતે પણ યવનપુરીમાં વસવાથી કંટાળી ગયો હતો; પરંતુ નિરુપાયવશ તેને ત્યાં પડ્યા રહેવું પડયું હતું.

બંધુની અનુમતિ અનુસાર મોગલ વીરનો સુંદર વેશ ધારણ કરીને ક્ષત્રિય કુમારી યમુના દિલ્લીનગરમાંથી બહાર નીકળી. તે સુદર્શના રાજકુમારીને પુરુષવેશ બહુ જ સારો શોભતો હતો. તેણે પોતાના દીર્ઘકેશકલાપને શિરસ્ત્રાણ તળે છુપાવી દીધો હતો અને શરીરના બીજા સર્વ ભાગો મોગલાઈ પોશાકથી ઢાંકી નાખ્યા હતા. વક્ષસ્થલ કાંઇક ઉચ્ચ દેખાતું હતું, પરંતુ તેને પણ મહા કૌશલ્યથી એક સાટીનવસ્ત્રના યોગથી તેણે એવું તો બાંધી નાખ્યું કે, કોઈ ઓળખીતો પણ ઓળખી શકે નહિ. બહુધા કોઈનાથી પણ ઓળખી ન શકાય, એવી રીતે યથાશક્તિ પોતાના સ્વરૂપનું પરિવર્તન કરીને, યમુના પુરુષ તો બની ખરી; પણ તેનાં આકર્ણ વિસ્તૃત ચંચલ ચક્ષુના રૂપનું પરિવર્તન થઈ શકયું નહિ. તેનાં તે સકરુણ મનોહર કટાક્ષ તેના રહસ્યનો પ્રકાશ કરવા લાગ્યાં.

પણ એટલી બધી સૂક્ષ્મ રીતિથી નિરીક્ષણ કરનાર તે કેટલાક લોકો હોઈ શકે? અને એવી ખંતથી જોવાની આવશ્યકતા પણ કોને પડી હોય વારુ? દૃષ્ટિ અને મુખની આકૃતિને નિહાળી પુરુષત્વ કે સ્ત્રીત્વની પરીક્ષા કરવી, એ કળા સર્વના જાણવામાં હોતી નથી. અને કદાચિત્ કોઇના જાણવામાં હોય પણ ખરી, તો પણ યમુના યુવતી છે કે યુવક એ જાણવાની ખાસ કરીને તે એટલી બધી કોને જરૂર પડી હોય, કે તે સ્ત્રી પુરુષત્વનો નિર્ણય કરે?

ઈશ્વરની કૃપાથી એક પણ વિઘ્ન આવ્યું નહિ અને યમુના પોતાનો માર્ગ કાપવા લાગી. તેની સાથે એક બહુ જ વિશ્વાસુ રાજપૂત અનુચર પણ હતો. પૃથ્વીરાજે તે

અનુચરને માર્ગમાં કેવી રીતે વર્ત્તવું અને પ્રવાસ કેવી રીતે કરવો, એ વિશેના બધા પાઠો ભણાવી મૂક્યા હતા અને શત્રુઓની ડગલે ને પગલે ભીતિ હોવાથી બહુ જ સાવધ અને સચેત રહેવાનો પણ ઉપદેશ આપી મૂકયો હતો.

યમુના તે અનુચર સહવર્ત્તમાન પોતાના નિર્ધારેલા સ્થળે આવી પહોંચી. તે સ્થાને પૂર્વે જ વ્યવસ્થા કરી રાખેલી હોવાથી પલાણેલા બે ઘોડા તૈયાર હતા. તેમાંના એક ઘોડાપર યમુના બેઠી અને બીજાપર અનુચર સ્વાર થયો. અનુચરનો અશ્વ આગળ ચાલતો હતો અને યમુનાનો અશ્વ તેની પાછળ પાછળ પ્રયાણ કરતો હતો. રાજકુમારી હોવાથી યમુનાએ બાલ્યાવસ્થાથી જ અશ્વારોહણનો અભ્યાસ કરેલો હતો, તો પણ નિર્ધારિત સ્થળે પહોંચવામાં તેને થોડોક વિલંબ લાગ્યો અને માર્ગમાં કિંચિત્ કષ્ટ પણ ભોગવવું પડયું. ગમે તેમ થયું, પણ આટલા દિવસ પછી યમુના અમરસાગરને મળવા ઘરથી બહાર નીકળી, એ પણ તેનું એક મહદ્ભાગ્ય જ સમજવું જોઇએ.

આરાવલી પર્વતોનો પ્રદેશ તે આ જ છે. જે પ્રદેશનું ચિત્ર યમુનાએ અનેક વેળા પોતાનાં કલ્પના નેત્રોથી નિહાળીને અશ્રુજલથી પોતાના વક્ષસ્થળને આર્દ્ર કર્યું હતું, તે જ છે. તેનું ઈપ્સિત પુણ્યતીર્થ! જે સ્થળનો વિચાર કરતાં કરતાં તેનું સમસ્ત શરીર રોમાંચિત થઈ જતું હતું અને તેના મનમાં અપૂર્વ આનંદનો ભાસ થતો હતો, તે સ્થળ-કુમાર અમરસિંહનું નિવાસસ્થાન આ પ્રદેશમાં જ છે!

યમુનાના મનમાં અત્યારે આવા વિચાર ચાલતા હતા; "મારું ચિરવાંચ્છિત સ્થાન તે આ પર્વતમાં છે કે? પુણ્ય શ્લોક પ્રતાપસિંહના પદસ્પર્શથી પવિત્ર થયેલી આ ભૂમિ કે? મારા જીવિતેશ્વર જ્યાં દૃષ્ટિગોચર થવાના છે, તે સ્થળ આજ કે નહિ?"

"હાય-હાય! બંધુનો આશ્રય છોડીને હું કેટલી મોટી આશાથી આ સ્થળે આવી છું! એમ છતાં પણ મારો હેતુ સિદ્ધ નહિ થાય કે શું? જેને માટે મેં અનેક કષ્ટો-અનેક સંકટો સહન કર્યાં છે, તે શું મને પ્રેમપૂર્ણ નયનોથી નિહાળવા જેટલી ઉદારતા પણ નહિ દેખાડે? લજ્જા અને અશ્રદ્ધાથી તે મારો અનાદર તો નહિ કરે? ના-ના-એક સુન્દર અને મનોહરરૂપ મંદિરમાં એવી નિષ્ઠુરતા હોઈ શકે જ નહિ!! આ બધા મારા કુતર્કો અને સંશયો જ છે!!!"

એક મહા પ્રચંડ શિલાતલપર બેઠી બેઠી યમુના પોતાના મનમાં જ એવા એવા અનેક વિચારોમાં લીન થયેલી હતી. તેના હાથમાં સ્ફટિક પાષાણની એક મૂર્તિ હતી તેને તે નિર્નિમેષ નેત્રોથી નિહાળ્યા કરતી હતી. આ વેળાએ તે છદ્મવેશ-પુરુષ વેશમાં નહોતી; કિન્તુ પોતાના સ્વાભાવિક સ્ત્રી વેશમાં જ હતી.

તૃતીય પ્રહરનો સમય થઈ ચુકયો હતો. આરાવલી પર્વતની ઘનગિરિશ્રેણિ સ્થિર અને ગંભીર દેખાતી હતી-સર્વત્ર શાંતિ વ્યાપેલી હતી. પાસેથી વહેતા એક જલનિર્ઝરનો શ્રવણમનોહર ધ્વનિ સાંભળવામાં આવતો હતો. શીતલ મંદ પવન લહરીનો સર્વત્ર વિસ્તાર થયેલો હતો. અસ્તંગમનોન્મુખ સૂર્ય નારાયણનાં કિરણો સર્વત્ર પ્રસરેલાં હતાં અને તેથી ત્યાંના વિશાળ વનપ્રદેશને અપૂર્વ શોભાની સંપ્રાપ્તિ થયેલી હતી. એવા એ રમ્ય અને મનોરંજક સ્થળમાં યમુના પોતાના મનમાં સહસ્રાવધિ વિચારો કરતી બેઠી હતી.

કોઈ કોઈ વાર હાથમાંની તે પાષાણ મૂર્ત્તિને હૃદયમાં ચાંપીને અને નેત્રો બંધ કરીને યમુના કાંઇક વિચાર કરતી હતી; કોઈ વાર મૂર્ત્તિને પોતા સમક્ષ ઉભી રાખીને તેનું અવલોકન કર્યાં કરતી હતી અને કવચિત્ મહા પ્રેમપૂર્વક તે મૂર્ત્તિનું ચુંબન પણ લેતી હતી.

યમુના પાછી પોતાના મન સાથે બોલવા લાગી, "હે પ્રભુ! આ સ્વપ્ન તો નથી? આ સ્વપ્નને જ હૃદયમાં પધરાવીને મેં દિલ્લીનો ત્યાગ તો કર્યો નથી? હવે આ અશ્રુ-જલથી જ મારા આયુષ્યની ઇતિકર્ત્તવ્યતા થઈ જશે કે શું? જો એમ જ હોય, તો મારા દેવતુલ્ય બંધુનો આશ્રય છોડીને હું અહીં આવી શા માટે? જો હું દિલ્લીમાં જ રહી હોત, તો મોગલોએ કાંઈ મારાપર અત્યાચાર કર્યો ન હોત! મનમાં દૃઢ નિશ્ચય કરીને જો હું ત્યાં જ રહી હોત, તો મારા કુમારીધર્મના નાશ માટે કોઇએ ભાગ્યે જ ઉદ્યોગ કર્યો હોત! હું અવિચારી તો ખરી."

"પણ મારું મન અહીં પરોવાયલું હતું, એટલે ત્યાં રહી પણ કેમ શકાય? કુમાર અમરસિંહનાં દર્શન માટે હું ચાતક સમાન અધીર બની ગઈ હતી, અને તેની આશાથી જ મારા સ્નેહમય સહોદર અને પ્રેમમયી ભાભીનો ત્યાગ કરીને મેં અહીં આવવાનું સાહસ કર્યું. મારી આશા પૂર્ણ થશે કે નહિ? મારો હેતુ સિદ્ધ થશે કે નહિ?"

એવા વિચારોમાં નિમગ્ન રહેતાં યમુના તે જ શિલાતલપર નિદ્રાવશ થઈ ગઈ. તેનો અનુચર ફળમૂળ આદિ લાવવા માટે અરણ્યમાં ચાલ્યો ગયો હતો અને જતી વેળાએ તેણે યમુનાને કહ્યું હતું કે, "આરાવલી પર્વતનો પ્રદેશ તે આ જ છે. આજે જ આપણે મહારાણાજીનાં ચરણોમાં જઈ પહોંચીશું. અહીંથી બહુ બહુ તો કોમલમેર જવાનો માર્ગ પ્રહર કે સવા પ્રહરનો હશે. હવે આપણા પ્રવાસનો અંત આવ્યો છે."

એમ કહીને તે અનુચર બન્ને અશ્વોને સાથે લઇને ઝરાપર તેમને પાણી પીવ-ડાવવા લઈ ગયો. પાણી પાઇને થોડુંક ઘાસ લાવીને તેણે તેમના મોઢા આગળ નાખ્યું અને પોતે હાથ પગ ધોઈ ફળમૂળના શોધ માટે અરણ્યના વૃક્ષવાળા ભાગમાં ચાલ્યો ગયો.

પાછળ કહ્યા પ્રમાણે યમુના શિલાતલપર જ નિદ્રાને વશ થઈ ગઈ. તેની ચતુર્દિશાએ નિઃસ્તબ્ધ ગિરિશ્રેણિ વિસ્તરેલી હતી, શિરોભાગે અનંત આકાશ છવાયલું હતું અને આસપાસ નિબિડ અરણ્યનો વિસ્તાર થયેલો હતો. એવા એ ગંભીર સ્થળે યમુના સ્વસ્થતા અને નિર્ભયતાથી સૂતેલી હતી, તેના શરીરપરનું વસ્ત્ર થોડુંક ઢીલું હતું અને તેના મુખમંડળમાં કિંચિત્ હાસ્યની છટા દૃગ્ગોચર થતી હતી. તેણે તે પાષાણ મૂર્ત્તિને પોતાના હૃદય સાથે ચાંપી રાખી હતી. નિદ્રાવસ્થામાં પણ જાણે બાળા તે મૂર્ત્તિનું જ ધ્યાન ધરતી હોય એવો ભાસ થતો હતો. દૂરથી જોનારને એ કોઈ પ્રકૃતિ દેવીની લાડકી કન્યા–નિસર્ગ દેવતાની મૂર્તિમતી પ્રતિમા કોલાહલમય જગતનો ત્યાગ કરીને પ્રકૃતિ દેવીના નિસર્ગ સુન્દર પ્રદેશમાં સ્વચ્છંદતાથી નિદ્રાનો આસ્વાદ લેતી પડી છે કે શું? એવો જ ભ્રમ થઈ જતો હતો.

પાસેથી જ એક સ્વરૂપ સુંદર તરુણ પુરુષ ગાતો ગાતો જે સ્થળે યમુના સૂતેલી હતી, તે દિશામાં આવતો જોવામાં આવ્યો. તે તરુણનો વેશ રાજપૂત જેવો હતો,

પણ વીરવેશ નહોતો. તે સ્વાભાવિક સામાન્ય વેશથી નિમ્ન લિખિત ચરણો ગાતો ગાતો ચાલ્યો આવતો હતો;—

"સુખ સ્વપ્નમાં સુંદર યુવતી, સદ્‌ભાગ્યે જે નયન તરે;
પ્રત્યક્ષ મને દર્શન આપી, ક્યમ નઁ સ્વપ્ન મમ સફળ કરે?"

તે તરુણ એ બે ચરણો ગાતો ગાતો ચાલ્યો જતો હતો; અને વચ વચમાં ઉભો રહીને નેત્રો બંધ કરી કોઈ હૃદય મૂર્તિનું ધ્યાન ધરતો હતો. પોતાના ગાનનું અંતિમ ચરણ તે વારંવાર ગાતો;—

"ક્યમ નઁ સ્વપ્ન મમ સફળ કરે?"

ગુંજારવ સમાન પણ સ્પષ્ટ અને મધુર સ્વરથી હૃદયના અંતઃસ્થળને ભેદીને તે ગાતો હતો;—

"ક્યમ નઁ સ્વપ્ન મમ સફળ કરે?"

યુવતી યમુના પોતાની ગાઢ નિદ્રામાં એક સુખ સ્વપ્નનો અનુભવ લેતી હતી અને ઉપલાં ચરણોનું પોતાના નિસર્ગ મધુર કંઠથી ઉત્તર આપતી હતી;—

"પ્રેમે જેને રાખ્યો હૃદયે, તેને આત્મ સમર્પણ છે;
તે મમવલ્લભ થયો વિશ્વમાં, તે મમ સુખનું કારણ છે!"

ગાતી ગાતી નિદ્રામાં જ તે બાળા ઉઠીને બેઠી થઈ અને તેણે જોયું તો તે જન્મો-જન્મની પરિચિત અને ચિરવાંચ્છિત પ્રેમમૂર્ત્તિ પોતાસમક્ષ ઉભેલી તેના જોવામાં આવી.

ઉભય પ્રેમી જનો પરસ્પર પ્રેમ દૃષ્ટિપાત કરતાં તટસ્થ ઉભાં રહ્યાં. બન્નેનાં શરીર રોમાંચિત થયાં અને બન્ને પ્રેમપિપાસુઓ અનનુભૂત આનંદમાં નિમગ્ન થઈ ગયાં. કેવો આનંદમય આદર્શ!

વિસ્મય, આનંદ અને મોહે ઉભયને ક્ષણમાત્ર દિગ્મૂઢ બનાવી દીધાં.

કોમલહૃદયા યમુના પોતાના મનના આનંદનો અવરોધ કરી શકી નહિ, અને તેથી તે મૂર્ચ્છિત થઇને શિલાતલપર પટકાઈ પડી. જ્યારે તે સાવધ થઈ, ત્યારે તેને જણાયું કે, તેનું મસ્તક કોઇએ પોતાની છાતીમાં ચાંપી રાખ્યું છે. નેત્રો ઉઘાડીને જોતાં તે જ દેવોપમ સુંદર મૂર્ત્તિ તેના શિરપર હસ્ત ફેરવતી એકાગ્રદૃષ્ટિથી તેના મુખને જોયા કરે છે, એવો આદર્શ તેની દૃષ્ટિએ પડ્યો.

તે તરુણ પોતાના મનમાં નીચેનું પદ્યચરણ ગાતો હતો:-

"રૂપ ન આવું કદાપિ જોયું, નેત્ર આજ મમ તૃપ્ત થયાં!"

એકાદશ પરિચ્છેદ

સ્વપ્નની સત્યતા

"स्त्रीवचः प्रत्ययो हन्ति विचारं महतामपि" ॥ कथासरित्सागरः

લાલસાનો મનમાં પ્રથમ ઉદ્‌ભવ થાય છે, અને નિદ્રામાં તેને અનુસરતાં સ્વપ્નો આવે છે, એમ ઘણાકોનું કહેવું છે અને તેમાં કેટલીક સત્યતા પણ રહેલી છે. પરન્તુ સ્વપ્નની સત્યતાને જગતમાં ભાગ્યે જ કોઈ માન્ય કરે છે. છતાં પણ પ્રેમના રાજ્યમાં

સર્વ વસ્તુઓ અદ્ભુત અને વિચિત્ર હોય છે, તો પ્રેમનું સ્વપ્ન પણ અદ્ભુત અને વિચિત્ર હોય, તો તેમાં આશ્ચર્ય જેવું શું છે ? પ્રેમરાજ્યમાં સ્વપ્નની પણ અનેકવાર સત્યતા અનુભવાય છે અને સત્ય વાર્ત્તા સ્વપ્ન સમાન બની જાય છે. જે વસ્તુના અસ્તિત્વ વિશે અમારો ને તમારો પૂર્ણ નિશ્ચય હોય છે, તે વસ્તુનું પ્રેમવાટિકામાં ક્યાંય અસ્તિત્વ જોવામાં નથી આવતું. તેમ જ જે વસ્તુના ન હોવા વિશે આપણો દૃઢ ભાવ હોય છે, તે વસ્તુનું પ્રેમીજનો અસ્તિત્વ માને છે. એટલું જ નહિ પણ રાત્રિ દિવસ તેઓ તે વસ્તુની પૂજા કરતા પણ જોવામાં આવે છે. સાધારણ મનુષ્યોનો માત્ર બાહ્ય જગત્‌સંગે વ્યવહાર હોય છે, પણ પ્રેમી પ્રમદા પુરુષો તો સદા અને સર્વથા અંતર્જગત્‌માં જ નિમગ્ન થયેલાં હોય છે. અંતર્જગત્‌નાં સર્વ તત્વો તેમના જાણવામાં હોય છે. કહેવાનો અર્થિતાર્થ એટલો જ કે, આપણી દૃષ્ટિમાં જે સત્ય હોય છે, તે પ્રેમીજનોને સ્વપ્ન સમાન ભાસે છે અને આપણા વિચાર અનુસાર જે સ્વપ્ન છે, તે પ્રેમીજનોની દૃષ્ટિ સમક્ષ સત્ય સ્વરૂપે વિકાસે છે. માટે સ્વપ્નને સર્વથા મિથ્યા અને અસત્ય માનવાનો વિચાર તો હાલ તરત આપણે છોડી જ દેવો જોઈએ.

સ્વપ્નમાં ઔષધપ્રાપ્તિ, સ્વપ્નમાં અન્ય સ્થાને ગમન, સ્વપ્નમાં અજ્ઞાત વસ્તુનું જ્ઞાન, સ્વપ્નમાં હાસ્ય રોદન અને સ્વપ્નમાં ચિત્ત પરિવર્ત્તન ઇત્યાદિ થવાની વાતો સાંભળવામાં આવે છે, તેમ જ કોઈ કોઈ વાર પ્રત્યક્ષ પણ જોવામાં આવે છે. ત્યારે સ્વપ્ન સર્વથા મિથ્યા છે, એમ કેમ કહી શકાય વારુ ?

અમારા એક પ્રિય મિત્રે અમને એક વાર્ત્તા કહી હતી, તેની અત્યારે સ્મૃતિ થઈ આવે છે. તે વાર્ત્તા આ પ્રમાણે હતી–એક સભ્ય ગૃહસ્થનો એકનો એક પુત્ર હતો. તે પુત્રની જ્યારે પણ ચર્ચા થતી હતી, તે વેળાએ કુટુંબનાં સર્વ મનુષ્યોને એક સ્વપ્ન આવતું હતું. તે એમ કે, પુત્ર જાણે લગ્નકાર્યની સમાપ્તિ કરી–પરણી ને પત્નીસહિત ધામધૂમથી ઘેર પાછો આવવાને નીકળ્યો છે, વાદ્યો વાગી રહ્યાં છે અને સર્વત્ર આનંદ વ્યાપી ગયો છે. પણ એટલામાં વરરાજા મરેલો દેખાયો. એ સ્વપ્ન તે પુત્રને પોતાને પણ દેખાતું હતું, અને તેની માતા, તેના પિતા અને કાકા કાકી વગેરે બીજાંને પણ તે દેખાતું હતું–એક જ પ્રકારનું સ્વપ્ન અને તે સર્વને એક જ દિવસે અને એક જ વેળાએ દેખાતું હતું. પણ તે એક વેળા દેખાયું હતું, એમ નહોતું. સ્વપ્ન આવ્યા પછી બે ચાર માસ લગ્નની વાત બંધ રહેતી હતી, પણ પાછી પાડપાડોશીઓના કહેવાથી તે વાત ચર્ચાતી હતી અને આપ્તગોપ્તોના આગ્રહથી પાછો લગ્નનો ઉપક્રમ થયો કે પાછું ઘરનાં બધાં માણસોને એ સ્વપ્ન એક સાથે જોવામાં આવતુ હતું. એવી રીતે ત્રણ ચાર વર્ષ વીતી ગયાં, અંતે પુત્રે પોતાનાં માતા પિતાને ખુલ્લે ખુલ્લું જણાવી દીધું કે, “હવે પછી કોઈ પણ દિવસ મારા વિવાહપ્રસંગની વાત કાઢશો નહિ; કારણ કે, વિવાહની વાત નીકળતાં મારા મનમાં એક પ્રકારની ભીતિ થયા કરે છે અને આ અશુભ સ્વપ્ન વારંવાર દેખાવાથી તો મારો નિશ્ચય જ થઈ ગયો છે કે, મારો વિવાહ થતાંની સાથે જ હું મરી જઇશ.” એથી નિરુપાય થઇને માતાપિતાએ પોતાના પુત્રનાં લગ્નની વાત સર્વથા છોડી દેવી પડી, કારણ કે, સ્વપ્ન સત્ય છે, એવો તેમનો નિશ્ચય થઈ ગયો હતો.

એવાં એવાં તો સ્વપ્નનાં અનેક સ્થાનો અને અનેક ઉદાહરણો મળી આવે છે. તેમ જ પ્રમાણ પ્રયોગથી કોઈ કોઇએ તો પુસ્તકોમાં એ વિષયના નિબંધ ઇત્યાદિ પણ લખેલા છે. એ સર્વનો સૂક્ષ્મ વિચાર કરતાં સ્વપ્નમાંના સર્વ બનાવો સર્વથા સત્ય ન પણ થતા હોય, તો પણ તેમાં કેટલેક ભાગે સત્યતા રહેલી છે જ, એમ તો આપણે સ્વીકારવું પડશે જ.

એવા જ એક અદ્‌ભુત સ્વપ્નનું દર્શન કરીને કુમાર અમરસિંહે પોતાના હૃદય-મંદિરમાં પ્રેમ પ્રતિમાની સ્થાપના કરી હતી. સ્વપ્નમાં જ તેણે પોતાની હૃદયરાજે-શ્વરીનું દર્શન કર્યું હતું. સ્વપ્નમાં ગૌરવર્ણ અને શરદ્‌ઋતુના ચંદ્ર સમાન મુખવાળી સુંદરીને જોઇને તે સર્વથા ઉન્મત્ત જેવો બની ગયો હતો. તેને કાંઈ પણ સૂઝતું નહોતું. કોઈ પણ કાર્યમાં ચિત્ત ચોટતું નહોતું. પોતાના પિતા પ્રતાપસિંહે સ્વીકારેલા કઠિન વ્રતનું પણ તેના મનમાં ધીમે ધીમે વિસ્મરણ થવા લાગ્યું. તેની પૂજા, અર્ચના ઇત્યાદિ સર્વ સ્વપ્નમાં જોયેલી મોહિની મૂર્ત્તિને અર્પણ થવા લાગી. અવકાશ મળતાં કોઈ વાર તે વનમાં ભ્રમણ કરવાને નીકળતો, તો ત્યાં પણ મનમાં ચાલતા વિચારોમાં તન્મય બનીને તે એક પદ્યનાં નિમ્ન લિખિત ચરણો ગાયા કરતો હતો;–

"સુખ સ્વપ્નમાં સુંદર યુવતી, સદ્‌ભાગ્યે જે નયન તરે;
પ્રત્યક્ષ મને દર્શન આપી, કયમ તે સ્વપ્ન મમ સફળ કરે?"

ગાયન ગાતાં ગાતાં તે કોઈ વાર રડતો, કોઈ વાર હસતો અને કોઈ વાર ગાંડા માણસ પેઠે આ પર્વતપરથી પેલા પર્વતપર અને પેલા પર્વતપરથી આ પર્વતપર કારણ વિના ભટકયા કરતો હતો. પદ્યના પ્રત્યેક અક્ષરના ઉચ્ચારમાં તેના મનની વ્યગ્રતા દૃષ્ટિગોચર થતી હતી.

સદ્‌ભાગ્યે આજ કોણ જાણે તે કોનું મુખ જોઇને બહાર નીકળ્યો હતો કે જેથી ઘણા દિવસનું તેનું સ્વપ્ન આજે એકાએક સત્ય અને સફળ થયું.

દૃષ્ટિ મળવાથી અંધને, ઘણા દિવસથી ખોવાઈ ગયેલો પુત્ર મળવાથી માતાને અથવા મૃતપતિને સજીવ થયેલો જોઇને જેવો પતિવ્રતા સ્ત્રીને આનંદ થાય છે, તેવો જ કિંબહુના તેથી પણ વિશેષ આનંદ સ્વપ્નમાં દીઠેલી નાયિકાને પ્રત્યક્ષ પોતાનાં નેત્રો સમક્ષ નિહાળવાથી અમરસિંહે અનુભવ્યો. તે પોતે સ્વપ્નમાં છે કે જાગૃત અવસ્થામાં, એની પણ તેના મનમાં શંકા થઈ પડી.

ત્યારપછી એક બીજાની દૃષ્ટિનું પૂર્ણ ઐક્ય થતાં જ પ્રેમી યુગ્મે એક બીજાને ઓળખી લીધાં. ઓળખાણ થતાં જ બન્નેના હૃદયમાં વિદ્યુત્-પ્રેમરૂપી વિદ્યુતનો સંચાર થયો. સુકુમાર યમુના એ વિદ્યુતના વેગને સહન ન કરી શકવાથી મૂર્છિત થઇને ધરણીપર ઢળી પડી.

કુમાર અમરસિંહ પોતાના મનમાં જ કહેવા લાગ્યો કે, "હે ઈશ્વર! આજે તું મારાપર કૃપાળુ થયો છે અને તેથી જ મારી માનસચંદ્રિકાનાં દર્શનનો આજે તેં મને અચિંત્ય લાભ આપ્યો છે. મારાં નેત્રોમાંથી પ્રેમાશ્રુનો પ્રવાહ વહે છે અને આ મુગ્ધાનાં નયનોનો પણ એવી જ અવસ્થા થયેલી છે. અહાહા! આ કેવો અપૂર્વ યોગ! જન્મો-જન્મ આ પ્રિયાના બાહુપાશમાં બંદીવાન્ થઈ રહેવામાં જ મારાં સદ્‌ભાગ્ય છે! નેત્રો!

હવે તમે નિમેષ માત્ર પણ મીચાઈ જશો નહિ—એને એક ધ્યાનથી નિરખ્યા કરો. ખરેખર;"—

"રૂપ ન આવું કદાપી જોયું, નેત્ર આજ મમ તૃપ્ત થયાં!"

"પણ આ શું? આ મારી પ્રેમ પ્રતિમા આમ કંપે છે શા માટે? એની મુખમુદ્રા આવી મ્લાન કેમ દેખાય છે? એકવાર એની પાસે જઇને સત્ય સ્થિતિ શી છે, તેનું અવલોકન કરવું જોઇએ. ખરેખર એ મૂર્ચ્છિત જ થયેલી છે; એમાં લેશ માત્ર પણ સંશય જેવું નથી."

અમરસિંહ તે ક્ષણે જ યમુના પાસે ગયો અને તેણે યમુનાનું મસ્તક શિલાતલપરથી ઉચકીને પોતાની છાતી સાથે ચાંપી રાખ્યું.

અમરસિંહના હૃદય સમુદ્રમાં ભરતી આવી અને તે મન સાથે વાર્ત્તાલાપ કરવા લાગ્યો, "આ કોઈ દેવકન્યા છે કે શું? આ સ્વરૂપનિધિ મને પ્રાપ્ત થશે કે? આના સ્પર્શથી મારું સમસ્ત શરીર રોમાંચિત થયું છે. આ અબળા કોણ હશે વારુ? વિવાહિતા તો નહિ હોય? ના, જો એ વિવાહિતા હોત, તો એના સેંથામાં સિંદૂર હોત, તે નથી. તેમ જ એ વિધવા હોય, એમ પણ એનાં વસ્ત્રોથી દેખાતું નથી. ખરેખર એ કુમારિકા જ છે. અહાહા! આ રત્નની માળા કયા ભાગ્યવાનની ગ્રીવાને શોભાવશે? મન! સ્થિર થા આ રત્નમાળા તારા ગળામાં જ આરોપાશે. પણ એ કોણ છે? એનો પ્રથમ શોધ કરવો જોઇએ. એ તો ઠીક, પણ એની પાસે જ આ પ્રસ્તર મૂર્ત્તિ પડેલી છે, તે કયા ભાગ્યશાળી પુરુષની હશે? અરે આ તો મારી પોતાની જ મૂર્ત્તિ! હૃદય! જરા ધૈર્ય ધર. ઉતાવળ ન કર. પણ મારું સમસ્ત શરીર આમ કંપવા કેમ લાગ્યું?"

મૃદુ અને મંદ પવનની લહરીના આઘાતથી તે યુવતીનાં નેત્રો ધીમે ધીમે ઉઘડવા લાગ્યાં.

યમુના સાવધ થઈ અને ધીમે ધીમે ઉઠીને બેઠી. તેણે પોતાની દેવતુલ્ય ઇપ્સિત મૂર્ત્તિને પોતા સમક્ષ ઉભેલી જોઈ. હવે જ તેનો નિશ્ચય થયો કે, પોતે જે દૃશ્ય જોયું હતું; તે સ્વપ્ન નહોતું; કિન્તુ સત્ય ઘટના હતી.

ગત કાલની અનેક ઘટનાઓનું એકાએક તેના હૃદયમાં સ્મરણ થઈ આવ્યું. પોતે ઘણા દિવસથી જેનું અનન્ય ભાવે ધ્યાન ધરતી હતી, તેણે જ તેનું મસ્તક છાતી સાથે ચાંપેલું જોઇને યમુનાના મનમાં અતિશય આનંદ થયો અને આનંદના ઉન્માદમાં તે પુનઃ મૂર્ચ્છિત થઇને અમરસિંહના અંગપર પડી ગઈ. આનંદનો ઉભરો તેનાથી સહી શકાયો નહિ.

યમુના પુનઃ સાધવ થઈ અને કંપિત સ્વરથી પૂછવા લાગી કે, "આ શું? આપ? કુમાર? અમરસિંહ?"

"હા-સુલોચને! હું જ મેવાડપતિ પ્રતાપસિંહનો જ્યેષ્ઠ પુત્ર અમર!" અમરસિંહે વિનયપૂર્વક ઉત્તર આપ્યું.

અમરસિંહના આશ્ચર્યની સીમા રહી નહિ. "આ કોઈ માયામયી માનિની તો નથી? એને મારા નામની જાણ ક્યાંથી થઈ?" એવી તેના મનમાં શંકા થવા લાગી. મનમાં એવા બીજા પણ અનેક કુતર્કો આવવાથી અમરસિંહે તેને પૂછ્યું કે, "સુંદરિ!

તું કોણ છે, તે હું જાણતો નથી. માટે જો કાંઈ વાંધો ન હોય તો મને તારો વૃત્તાંત સંભળાવીને કૃતાર્થ કર. તું ભૂલોકની ભામિની છે કે સ્વર્ગ લોકની સુંદરી છે, એ હું અદ્યાપિ સમજી શકતો નથી. તારો વૃત્તાંત સાંભળવાની મારા મનમાં બહુ જ ઉત્કંઠા થયા કરે છે અને તે ઉત્કંઠાનું એક ખાસ કારણ છે. કારણ કે, કારણ વિનાનું કોઈ પણ કાર્ય હોઈ શકતું નથી."

મંદ મંદ હાસ્ય સહિત પોતાની સુમધુર વાણીથી યમુનાએ ઉત્તર દીધું–"કુમાર! હું એક સામાન્ય સ્ત્રી છું. બીકાનેરનો રાઠોડ રાજા પૃથ્વીરાજ તે મારો જ્યેષ્ઠ બંધુ થાય છે. અત્યારે હું દિલ્લીથી મહારાણાજીનાં ચરણ–કમલનાં દર્શન કરવા માટે જ ખાસ અહીં આવેલી છું. મારું નામ યમુના."

થોડીવાર બન્ને તટસ્થ થઈ ગયાં, મસ્તકે અનંત આકાશ, ચતુર્દિશાએ વિસ્તીર્ણ પર્વતપંક્તિ અને નિબિડ અરણ્ય અને આસપાસ મનુષ્ય કે વનપશુનો સર્વથા અભાવ હતો.

જે મૂર્ત્તિની યમુનાએ પોતાના હૃદય મંદિરમાં સ્થાપના કરેલી હતી અને આહાર, વિહાર, શયન અને સ્વપ્નમાં જે મૂર્ત્તિનું તે સર્વદા ધ્યાન ધરતી હતી, જે મૂર્ત્તિના પ્રભાવથી તેના મનમાં વિશ્વની વિસ્મૃતિ થઈ ગઈ હતી અને જે મૂર્ત્તિને આજ પર્યંત માત્ર ચિત્રમાં જ નિહાળીને તે સર્વથા તન્મય થઈ જતી હતી; તે મૂર્ત્તિને પોતા પાસે જ ઉભેલી, બેઠેલી અને પોતાના હસ્તે તેનું મસ્તક પસવારતી જોઇને યમુના અકલ્પનીય આનંદ સાગરમાં નિમજ્જન કરવા લાગી. તેને પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહિ.

અમરસિંહની સજ્જન યોગ્ય સુંદર કાયા, ઉદ્દીપ્તસ્વરૂપશ્રી, વિશાળ વક્ષઃસ્થળ, આજાનુલંબ હસ્ત, પ્રશસ્ત લલાટ અને અપ્રતિમ સૌંદર્ય ઇત્યાદિ નિરખીને યમુનાને બહુ જ ધન્યતા ભાસવા લાગી. નેત્રને મીચવા ન દેતાં અખંડ ધ્યાનથી તે અમરસિંહના રૂપપીયૂષનું પાન કરવા લાગી. પોતાનું જીવન સર્વસ્વ જે કુમાર અમરસિંહ તે એ જ, એવો તેનો પરિપકવ નિશ્ચય થઈ ગયો. હવે તેને તે પ્રસ્તર મૂર્ત્તિ અપ્રિય ભાસવા માંડી. તેણે અહીં તહીં દૃષ્ટિપાત કરીને પ્રસ્તર મૂર્ત્તિને વસ્ત્રતળે છુપાવી દીધી.

ત્યારપછી તે અહીં શામાટે આવી હતી, સાથે માત્ર એક જ અનુચર મોકલીને પૃથ્વીરાજે તેને મહારાણાને ત્યાં જવા શા હેતુથી મોકલી હતી, ઇત્યાદિ સર્વ વૃત્તાંત યમુનાએ અમરસિંહને અથેતિ કહી સંભળાવ્યો. તેણે માત્ર અમરસિંહની છબી જોઇને જ પોતાના પ્રાણ તેને અર્પણ કર્યા હતા અને તેથી જ જોતાંને વાર તેણે તેને ઓળખ્યો હતો, એટલી વાત યમુનાએ અમરસિંહને કહી નહિ. પરંતુ વિના જણાવે અમર તો તે જાણી જ ગયો. ત્યારપછી વિશેષ કાંઈ પણ ન બોલતાં અમરસિંહે યમુનાને પોતાના પિતા પાસે લઈ જવાનો નિશ્ચય કર્યો.

એટલામાં યમુનાનો અનુચર પણ ફળ મૂળ લઇને ત્યાં આવી પહોંચ્યો. કુમારનો સર્વ વૃત્તાંત તેના જાણવામાં આવ્યો, અને તેથી તે મહાઆનંદપૂર્વક કહેવા લાગ્યો કે, "આપનો અહીં જ મેળાપ થઇ જશે, એવી અમારા મનમાં કલ્પના માત્ર પણ હતી નહિ. અમારા સ્વામી શ્રી–પૃથ્વીરાજે મહારાણાજીને આપવા માટે એક પત્ર લખી

આપ્યું છે અને તેમાં અનેક ગુપ્ત વાર્તાઓનો ઉલ્લેખ કરેલો છે. સંધ્યાકાળનો સમય થવા આવ્યો છે, માટે હવે આપણે મહારાણાજી પાસે ચાલિયે તો વધારે સારું."

અમરસિંહ, યમુના અને અનુચર, ત્રણે કુમળમેર જવા માટે આરાવલી પર્વતના દુર્ગમ માર્ગમાં વિચરવા લાગ્યાં. જ્યારે તેઓ કુમળમેરમાં જઈ પહોંચ્યાં, તે વેળાએ લગભગ એક પ્રહર રાત્રિ વ્યતીત થયેલી હતી.

મહારાણા પ્રતાપસિંહે પૃથ્વીરાજનું પત્ર વાંચ્યું. તે પત્ર મહા ભક્તિભાવ અને આદરપૂર્વક લખાયલું હતું. પત્રમાંના વૃત્તાંતનું તાત્પર્ય એટલું જ હતું કે, "યમુનાનું રક્ષણ કરજો અને તેનો કુમાર અમરસિંહ સંગે વિવાહ સંબંધ સાંધી આપજો."

પૃથ્વીરાજે પોતાના શ્વસુર શક્તિસિંહના નામે પણ એક ભિન્ન પત્ર મોકલ્યું હતું અને તેનો પણ એવો જ ભાવાર્થ હતો.

પુણ્યશ્લોક પૃથ્વીરાજની વિનતિ માન્ય કરવાનું પ્રતાપી પ્રતાપસિંહે વચન આપ્યું, પણ તે માત્ર પ્રથમ વિનતિ. દ્વિતીય વિનતિ માન્ય કરવાનું કાર્ય એક પક્ષે અસંભવનીય હોવાથી તેણે પત્ર લાવનાર અનુચરને સ્પષ્ટતાથી કહી દીધું કે, "તું તારા સ્વામીને મારો એવો સંદેશો સંભળાવજે કે, શરણાગતનું રક્ષણ કરવું એ પ્રતાપસિંહનું આદ્ય કર્ત્તવ્ય હોવાથી, તમારે તમારી ભગિની માટે નિશ્ચિન્ત રહેવું-મારી પોતાની પુત્રી પ્રમાણે હું એનું રક્ષણ કરીશ, પણ તમારી બીજી વિનતિનો હું સ્વીકાર નથી કરી શકતો, તે માટે મનમાં મને બહુ જ ખેદ થાય છે. આમ કહેવાનું ખાસ શું કારણ છે, તે પૃથ્વીરાજ પોતે જાણે છે જ, માટે વિશેષ વિવેચનની આવશ્યકના નથી. પાપરૂપી યવનનગરમાં નિવાસ છતાં પણ તારા સ્વામીના અંગમાં સ્વજાતિની પવિત્રતાનું રક્ષણ કરવાની અને દેશના હિત માટે કર્ત્તવ્યકર્મ પાળવાની અપૂર્વ શકિત આવો! એવો હું અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપું છું. હું જો તને મારું લિખિત પત્ર આપું ને કદાચિત્ તે શત્રુના હસ્તમાં જાય, તો તેથી તારા સ્વામીના શિરે અનેક સંકટો આવવાનો સંભવ છે; માટે પત્ર વિના જ મેં જે મુખથી સંદેશો કહ્યો તે યથાર્થ અને સવિસ્તર તારા પ્રભુને સંભળાવજે."

પ્રતાપસિંહ પૃથ્વીરાજને સારી રીતે ઓળખતો હતો. મોગલોના આશ્રયમાં રહેવા છતાં પણ પૃથ્વીરાજ રાઠોડ કોઈ પણ રીતે નીતિભ્રષ્ટ કે ધર્મભ્રષ્ટ થયો નથી, એવો પ્રતાપનો તેના વિશે દૃઢ નિશ્ચય હતો. તથાપિ પૃથ્વીરાજ મોગલોનો બંદીવાન હતો, મોગલોના સમાજમાં બેસતો ઉઠતો હતો અને મોગલોના સંપર્કથી અપવિત્ર થયેલો વાયુ નિત્ય તેના શરીરને સ્પર્શ કરતો હતો; એટલામાટે જ વ્રતધારી ક્ષત્રિયવીર પ્રતાપસિંહે યમુના સાથે અમરસિંહનો વિવાહ સંબંધ સાંધી આપવા માટેની પૃથ્વીરાજની વિનતિનો અસ્વીકાર કર્યો. પ્રતાપ પોતાના મનમાં કહેવા લાગ્યો, "આર્યત્વ અને વંશાભિમાનને કાયમ રાખવા માટે તો મેં આ વનવાસનો સ્વીકાર કર્યો છે અને કેવળ એક જ મનુષ્યને ભલું મનવવા માટે મારી એ પ્રતિજ્ઞાનો હું ભંગ કરું? ના કદાપિ નહિ. એમ કરવું ઉચિત નથી જ. અમરસિંહનો અને યમુનાનો શરીર સંબંધ થવો સર્વથા અશક્ય અને અસંભવિત છે. પણ શરણાગતની રક્ષા કરવી એ આર્યજનનો મુખ્ય ધર્મ હોવાથી રીતિ અનુસાર પ્રાયશ્ચિત્ત કરાવીને યમુનાને હું મારા ગૃહમાં સ્થાન તો આપીશ જ."

પ્રાયશ્ચિત્ત આદિ ધર્મ વિધિ થઈ રહ્યા પછી યમુનાને મહારાણા પ્રતાપસિંહના અંતઃપુરમાં આશ્રય મળ્યો. પ્રતાપમહિષી પદ્માવતી યમુનાનું પોતાની પુત્રી પ્રમાણે પ્રેમથી પાલન કરવા લાગી.

ચતુર્થ ખણ્ડ–પ્રતિજ્ઞાપાલન

પ્રથમ પરિચ્છેદ

સંકટની સીમા

"संकटे हि परीक्ष्यन्ते प्राज्ञाः शूराश्च संगरे" ॥ कथासरित्सागरः

સીમારહિત સંકટોની પ્રતાપના શિરે વૃષ્ટિ થવા લાગી, તેનો વૃત્તાંત વાંચીને આપણે હવે અશ્રુ વર્ષાવવાનાં છે. હળદીઘાટના યુદ્ધમાં પ્રતાપસિંહનો પરાજય થવા અને શક્તિસિંહ પાછો તેને આવી મળવા પછી પ્રતાપસિંહને કેવા કેવા પ્રસંગો જોવા પડ્યા હતા, તેનો જ મુખ્યત્વે પ્રસ્તુત ખંડમાં ઉલ્લેખ કરવાનો છે.

યુદ્ધમાં વિજય મળવાથી શાહજાદો સલીમ મહાઆનંદ સહિત દિલ્લી પાછો ફર્યો, સત્વર જ વર્ષાઋતુનો આરંભ થયો. વર્ષાને લીધે આરાવલી પર્વતનો પ્રદેશ અધિક દુર્ગમ અને વિકટ થઈ પડ્યો; એટલે થોડા દિવસને માટે નિરૂપાયે મોગલોને પોતાનું કાર્ય પડતું મૂકવું પડયું. એ સમયમાં પ્રતાપે બાકી રહેલા કેટલાક રાજપૂત સરદારોને એકઠા કરીને, પાછી યુદ્ધની તૈયારી કરવા માંડી.

એક જાસૂસે જઇને એ સમાચાર બાદશાહ અકબરને સંભળાવ્યા એટલે વસંતઋતુનો પ્રારંભ થતાં જ બાદશાહે ઘણી જ સારી તૈયારીથી એક પ્રચંડ સૈન્ય સહિત પ્રતાપસિંહના રાજ્યપર ચઢાઈ કરી. દુર્દૈવની પ્રબળતા થયેલી હોવાથી એ સમયે પણ પ્રતાપસિંહનો પરાભવ થયો.

ત્યારપછી મોગલોએ પ્રતાપની નવીન રાજધાની કમલમેરપર હલ્લો કર્યો. પરાક્રમી રાજપૂતોએ એ વેળા અપૂર્વ શૌર્ય બતાવીને યવનોની રેવડી દાણાદાણ કરી નાખી અને નિરુપાય થઇને મોગલોએ પાછા ફરવાનો નિશ્ચય કર્યો. એટલામાં સ્વજાતિ દ્રોહી કુલાંગારના વિશ્વાસઘાતથી પ્રતાપસિંહનો જ પરાજય થયો.

મોગલોના જાણવામાં આવી ગયું કે, રાજપૂતો સમક્ષ આપણે હવે ટકી નથી જ શકવાના ત્યારે તેમણે ત્યાંથી નહાસવાનો નિશ્ચય કર્યો. પણ એટલામાં મોગલ સેનાપતિ શાહબાજખાંએ એક યુક્તિ શોધી કાઢી. કમલમેરમાં પ્રતાપસિંહનો વૈરી કોણ છે, એનો તેણે શોધ કરવા માંડ્યો. હિંસક પ્રાણીઓ અને નીચ મનુષ્યો સર્વત્ર હોય છે જ; અર્થાત્ પ્રતાપ સાથે ગુપ્ત વૈરભાવ રાખનારો કુટિલ પ્રકૃતિનો એક રાજપૂત તેને રાજધાનીમાં મળી આવ્યો. તેણે પ્રતાપના પરાજયનો એક સરળ માર્ગ શાહબાજખાંનને બતાવ્યો. એ સ્વદેશદ્રોહી કુલાંગાર તે આબૂપતિ દેવલરાજ.

પાપાત્મા દેવલરાજ બહુ દિવસથી પ્રતાપસિંહનો દ્વેષ કરતો હતો. પ્રતાપસિંહની દિગ્વિજયિની નામના અને પ્રશંસા સાંભળીને અંદરથી તેનું હૃદય કપાઈ જતું

હતું. "હું પણ એના જેવો રાજા છતાં મને કોઈ કાંઈ કેમ પૂછતુંય નથી અને મારી કેમ કોઈ સલ્લાહ પણ લેતું નથી?" એવા એવા વિચારો મનમાં આવવાથી તે મનમાં ને મનમાં બળ્યા કરતો હતો. "જેવો હું તેવો જ એ! મારી નહિ, ને માત્ર એની જ આટલી બધી કીર્ત્તિ કેમ ગવાય છે?" એવી સદા સર્વદા તેની દ્વેષબુદ્ધિ હોવાથી સમય સાધીને દેવલરાજ મોગલ સેનાપતિ પાસે ગયો અને સ્વજાતિ નાશનો એક ઉત્તમ ઉપાય યવનોને સૂચવ્યો.

યુદ્ધ કરવાથી પોતાનો હેતુ સાધ્ય થવાનો નથી, એમ જ્યારે મોગલ સેનાપતિના જાણવામાં આવી ગયું, ત્યારે તે દેવલરાજના ઉપદેશ પ્રમાણે કપટ કારસ્થાન કરીને જીત મેળવવા માટે તૈયાર થયો. કુમલમેરમાં કુવા, તળાવ અને ઝરા આદિ પાણીનાં જેટલાં સ્થાનો હતાં, તે સર્વમાં એક જ સમયાવચ્છેદે શાહબાજખાંએ વિષ નખાવી દીધું. માત્ર એક દિવસમાં જ કુમલમેરનાં સર્વ જળાશયો વિષમય થઈ ગયાં. જેણે તેમાંનું પાણી પીધું તે રામબોલો ભાઈ રામ થઈ ગયા અર્થાત્ એક દિવસમાં સેંકડો રાજપૂતોના પ્રાણ સ્વર્ગમાં પ્રયાણ કરી ગયા. શત્રુઓએ પાણીમાં વિષ મેળવ્યું છે, એની કોઇને પણ જાણ થઈ નહિ.

જ્યાં પાણીનો જ અભાવ થાય, ત્યાં મનુષ્યોનું જીવન કેવી રીતે ટકી શકે વારૂ? વિજયનો બીજો કોઈ પણ ઉપાય ન રહેલો જોઇને પ્રતાપસિંહે નગરનો ત્યાગ કર્યો. અને તેના સાથે સહસ્રાવધિ રાજપૂતોએ પણ કુમલમેરને અંતિમ પ્રણામ કર્યા. દેવલરાજના વિશ્વાસઘાત અને સ્વજાતિદ્રોહના વિચારથી પ્રતાપનાં નેત્રોમાં નીર ભરાઈ આવ્યું અને તે કહેવા લાગ્યો કે, "આજ પર્યન્ત મારો એવો નિશ્ચય હતો કે, માત્ર અંબરરાજ માનસિંહ જ સ્વદેશદ્રોહી છે, પણ દેવલરાજ જેવા બીજા કુલાંગારો પણ આ આર્ય ભૂમિપર જીવે છે, એ મેં આજે જ જાણ્યું. વસ્તુસ્થિતિ આવી હોવાથી ક્ષત્રિયોના સૌભાગ્યરવિનો પુનઃ ઉદય થવાની આશા રાખવી વ્યર્થ છે. ખરી રીતે જોતાં કાંઈ મોગલોએ આ દેશ જીતી નથી લીધો, કિન્તુ રજપૂતોએ પોતે જ આ દેશ તેમને સ્વાધીન કર્યો છે. જાતિ બાંધવોના આવા વિશ્વાસઘાતોનું સ્મરણ થતાં મારાં નેત્રોમાંથી નીકળતા અશ્રુપ્રવાહનો હું અવરોધ કરી શકતો નથી!"

પોતાને સર્વથા અશક્ત અને નિરુપાય થયેલો જોઇને પ્રતાપસિંહે પોતાના પ્રિયસ્થાન કુમલમેરનો ત્યાગ કર્યો. જે સ્થાને વસીને અનેક કષ્ટ હોવા છતાં પણ તે પોતાના વ્રતનું પાલન કરતો હતો, જે સ્થાને પોતાની ઇચ્છાનુસાર એક પર્ણકુટીમાં તે એક રાજરાજેશ્વર કરતાં પણ અધિક આનંદથી વસતો હતો, તે સ્થાનનો ઈચ્છા ન છતાં પણ એકાએક તેને ત્યાગ કરવો પડ્યો. એવી સ્થિતિમાં મોગલો સાથે લડવું સર્વથા અશક્ય હતું. કારણ કે, એક તો જે કોઈ પણ ન સમજતાં જલાશયમાંથી પાણી પીતો હતો, તે તત્કાળ મરણ પામતો હતો અને જેઓ શત્રુના કપટને જાણી ચૂક્યા હતા, તેમના પાણી વિના હાલહવાલ થતા જતા હતા. એવી રીતે કુમલમેરમાં સર્વત્ર હાહાકાર વર્ત્તી ગયો. એવી દશામાં શત્રુ સામે લડવાનું કાર્ય સર્વથા અશક્ય હોવાથી યુદ્ધ ન કરતાં દેશને શત્રુઓને હવાલે કરીને સર્વ રાજપૂતો ત્યાંથી ગચ્છંતી કરી ગયા.

ત્યાંથી નીકળેલો પ્રતાપ મેવાડના નૈઋત્ય કોણમાંના ચપ્પન નામનાં પર્વત પ્રદેશમાંના ચૌંદનગરમાં જઇને રહ્યો. એ સ્થાને ભિલ્લોની વસતિ બહુ જ વિશાળ

હતી. આવા સંકટના સમયમાં ભિલ્લો જ પ્રતાપસિંહના આત્મીય, બંધુ અને સહાયકારી થયેલા હતા. પણ દુર્દૈવે એ સ્થાને પણ પ્રતાપને બહુ દિવસ રહેવા દીધો નહિ. દુષ્ટ યવનો ત્યાં પણ તેની પાછળ પડ્યા. પ્રતાપસિંહ સાથે તેમનું એક મહા તુમુલ યુદ્ધ થયું. અતુલબલશાળી રાજપૂત વીરોએ યુદ્ધમાં પણ અદ્‌ભુત પરાક્રમનું દર્શન કરાવ્યું; પણ દૈવ પ્રતિકૂલ હોવાથી અંતે રાજપૂતોનો જ પરાજય થયો. એક તો રાજપૂતોની સેના અલ્પસંખ્ય હતી અને તે અપરિચિત સ્થાને આવી પડેલી હોવાથી લડવાની જોઇએ તેવી સારી તૈયારી કરી શકી નહોતી. મોગલોનું સૈન્ય અસંખ્ય હતું અને તેમની યુદ્ધ માટેની તૈયારી પણ વધારે સારી હોવાથી એ વેળા પણ પ્રતાપસિંહનો જ પરાજય થયો.

જો કે પરાજય થયો, તોપણ પ્રતાપના પક્ષના બે સ્વદેશભક્ત વીરાગ્રણીઓએ જે અપૂર્વ શૂરાતન એ સમરમાં બતાવ્યું, તેનું સ્મરણ થવાથી આપણાં નેત્રોમાં આનંદનાં અશ્રુ આવી જાય છે. એ બે વીરાગ્રણિઓ તે શોણિગઢરાજ ભાનુસિંહ અને મેવાડનો ભટ્ટ ચૂડામણિ–એમની સ્વદેશભક્તિનું સ્મરણ થતાં કોઈ પણ આશ્ચર્યચકિત થઈ જાય, એમાં લેશમાત્ર પણ સંશય જેવું નથી. એ બે મહાપુરુષોએ યુદ્ધમાં પોતાના સેનાનીઓના મનમાં કેવા શૌર્યનો અને આવેશનો ઉદય કર્યો અને અંતે પોતે અસાધારણ પરાક્રમ દેખાડીને પોતાના પ્રાણોની આહુતિ આપીને કેવી રીતે વીરગતિ મેળવી, એ ગતવાર્ત્તા ખરેખર જ લોકોને આશ્ચર્યચકિત બનાવનારી છે. એક પ્રિય કવિ અને એક મુખ્ય સહાયકારીના મરણથી પ્રતાપના હૃદયમાં અનિવાર્ય ખેદ થયો, એ નવેસરથી કહેવાની આવશ્યકતા તો નથી જ; કારણ કે, એમ થવું સર્વથા સ્વાભાવિક અને નૈસર્ગિક છે.

દિવસે દિવસે પ્રતાપસિંહના સૈન્યબળની અને સહાયતાબળની ન્યૂનતા થતી ચાલી. જાતિબાંધવોનાં કારસ્થાનોથી અનેક યુદ્ધમાં પ્રતાપસિંહનો પરાજય થયો. ધર્મમતિ અને એક અન્ય સ્થાન વિના બીજે ક્યાંય પણ પ્રતાપનો અધિકાર રહ્યો નહિ. પરંતુ સૈન્યબળની ન્યૂનતા હોવાથી એ બે સ્થાનો પણ લાંબો સમય તેના અધિકારમાં રહી શકયાં નહિ. સ્વદેશદ્રોહી માનસિંહ એક મોટી સેના સહિત ચઢી આવ્યો અને તેણે પ્રતાપને પરાજિત કરીને એ બે સ્થાનો પણ પોતાના તાબામાં કરી લીધાં. પ્રતાપસિંહના હૃદયમાં વજ્રાઘાત સમાન વેદના થવા લાગી. દુર્જય કેસરી પ્રતાપરાણો આજે પૂરેપૂરો દુર્દૈવના જાળમાં સપડાયો–તેની અધોગતિનો સમય આરંભાયો!

હવે મેવાડમાં પોતાનું કહી શકાય એવું એક પણ સ્થાન અવશેષ રહ્યું નહિ. એક વેળાનો રાજરાજેશ્વર તે આજે માર્ગમાં વિચરતો ભિક્ષુક અને વનચર બની ગયો. પાસે દ્રવ્યનો સર્વથા અભાવ હોવાથી બાકી રહેલા સૈનિકોને પ્રતાપે રજા આપી દીધી, અને રહેવા માટે કોઈ વિશેષ સ્થાન હવે રહેલું ન હોવાથી આજે અહીં તો કાલે તહીં નિવાસ કરીને પ્રતાપે પોતાના દુઃખના દિવસો વીતાડવા માંડ્યા. નિવાસસ્થાનનો અભાવ થવાથી કદાચિત્ પ્રતાપસિંહ ઉજ્જડ થઈ ગયેલા ઉદયપુરમાં પાછો જઇને વસશે, એમ માનસિંહની સુચના થવાથી અકબરે મહબ્બતખાનને સૈન્ય સહિત ઉદયપુર હસ્તગત કરી લેવાને એકાએક રવાને કર્યો. એમ કરવામાં અકબરનો માત્ર એટલો જ

હેતુ હતો કે, કોઈ પણ ઉપાયે પ્રતાપને નમાવવો. તે નિત્ય કહ્યા કરતો હતો કે,"પ્રતાપસિંહનું આ કેવું વૃથા અભિમાન! અંબર, બીકાનેર, મારવાડ અને અજમેર આદિ સર્વ રાજ્યોના રાજપૂત રાજાઓને મેં પાદાક્રાન્ત કર્યા, ત્યારે એ એક પ્રતાપસિંહને પાદાક્રાન્ત કરવામાં શો વિલંબ લાગવાનો છે ! હવે જોઉં છું કે, એનું અભિમાન કેટલા દિવસ ટકે છે !" મનમાં એવો હેતુ રાખીને અકબરે સર્વત્ર અગણિત સૈન્ય અને ગુપ્ત રાજદૂતો રવાના કરી દીધા. તેમ જ જાહેર કરાવ્યું કે, "જે કોઈ પણ પ્રતાપસિંહને બંદીવાન્ કરીને દિલ્લીમાં લઈ આવશે અથવા તો કોઈ પણ ઉપાયે તેને દિલ્લીશ્વરનું વર્ચસ્વ માન્ય કરાવશે, તે પુરુષને આ વિશાળ ભારતખંડનો દશમો ભાગ હું ઇનામમાં આપીશ."

અકબરે દેખાડેલા રાજ્યલોભને વશ થઈ અનેક મોગલ વીરો પ્રતાપની પૂંઠે પડી તેને પકડવાના નાના પ્રકારના પ્રયત્નો કરવા લાગ્યા. આશ્રયહીન પ્રતાપસિંહ જ્યાં જ્યાં જતો, ત્યાં ત્યાં મોગલ લોકો અચૂક આવીને તેનાપર હલ્લો કરતા હતા. છતાં પણ તેને બંદીવાન્ બનાવીને બાદશાહ સમક્ષ દિલ્લી લઈ જવામાં કોઈ પણ સમર્થ થયો નહિ. મોગલોની સર્વ યુક્તિઓ અને પ્રયત્નોની સર્વ પરંપરાઓ સર્વથા નિષ્ફળ નીવડી. પોતાની પાસે રહેલા મુઠ્ઠીભર લોકોની સહાયતાથી યોગ્ય પ્રસંગે પ્રતાપસિંહ મોગલોપર તૂટી પડતો અને તેમને ત્રાહિ ત્રાહિ પોકરાવતો હતો.

એમ થતાં થતાં એક વાર પાછો પ્રતાપસિંહ પોતાના પ્રાણપ્રિય જે ભિલ્લજનો તેમની સંગતિમાં ચોંદ નામના ગામમાં રહેવા લાગ્યો. થોડાક બાકી રહેલા રાજપૂતોના શૌર્યથી અને ભિલ્લોની અચૂક બાણવૃષ્ટિથી મોગલ સૈનિકો સર્વથા છિન્ન ભિન્ન થઈ ગયા. એટલામાં વર્ષાઋતુનો આરંભ થયો અને તેથી બાકી રહેલું સૈન્ય દિલ્લી પાછું ફર્યું. એથી પ્રતાપને થોડા દિવસ માટે યુદ્ધના વ્યવસાયમાંથી સ્વસ્થતા અને વિશ્રાંતિ મળી.

સ્વસ્થતા એટલે કે પ્રતાપને બાહ્ય સ્વસ્થતા જ મળી; નહિ કે અંતરની સ્વસ્થતા. અકબરે એવી દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે, ગમે તે ઉપાયે અને ગમે તે યુક્તિથી પણ પ્રતાપનો પૂર્ણ પરાજય કરવો અને તેને યવનોનો અંકિત બનાવવો. એ વિચારને અનુસરીને પોતાનો હેતુ સાધ્ય કરવા માટે તે એક પછી એક ગુપ્ત રાજદૂત, એક પછી એક સૈન્ય અને નવીન નવીન સેનાપતિઓને વારંવાર આરાવલી પર્વતના દુર્ગમ પ્રદેશમાં મોકલવા લાગ્યો. વસંતઋતુનો પ્રારંભ થતાં જ મોગલ લોકો નવીન તૈયારીથી પોતાના કાર્યમાં મંડી ગયા. તેમણે ચારે બાજૂએથી પ્રતાપસિંહને ઘેરી લઇને તેને બંદીવાન્ બનાવવાનો જીવ સટોસટનો પ્રયત્ન કરવા માંડ્યો. પણ મોગલોની એ આશા આકાશપુષ્પવત્ સર્વથા વ્યર્થ હતી—વંધ્યાપુત્ર અને શૃગાલશૃંગ જેવી હતી. પ્રતાપને પકડીને બંદીવાન્ બનાવવાની મનુષ્ય પ્રાણીમાં શક્તિ હતી નહિ. એ પ્રસંગે પ્રતાપને ચોંદનગર ત્યાગીને અરણ્યમાં વિચરવું પડ્યું રાજરાજેશ્વર મેવાડપતિના સંકટની સીમા થઈ ચૂકી ! પોતાનો પરિવાર પણ તેને દુઃખદાયક ભાસવા લાગ્યો.

દ્વિતીય પરિચ્છેદ
ધૈર્યનો પરમાવધિ

**"वनेऽपि सिंहा मृगमासभक्षिणो बुभुक्षिता नैव तृणं चरन्ति।
एवं कुलीना व्यसनाभिभूता न नीच कर्माणि समाचरन्ति"** सूक्तिसद्भावात्

નામ માટે પણ મેવાડનો કોઇ ભાગ મહારાણા પ્રતાપસિંહના તાબામાં રહ્યો નહિ. સર્વ નગરો, સર્વ દુર્ગો અને સર્વ ભૂમિ તેના તાબામાંથી નીકળી ગયાં. કક્ષાભ્રષ્ટ ગ્રહ પ્રમાણે પ્રતાપસિંહ જ્યાં મનમાં આવે ત્યાં ભટકવા લાગ્યો. તેનું હૃદય ઉદાસ થઈ ગયું અને પોતાનું જીવન પણ તેને હવે ભારરૂપ ભાસવા લાગ્યું. તેનું અંતઃકરણ ભયંકર દુઃખોથી ભરાઈ ગયું હતું અને શાંતિ, સુખ, આશા અને વિશ્વાસ ઇત્યાદિનો તેના મનમાં સર્વથા અભાવ થઈ ગયો હતો, માત્ર ઉદાર સ્વદેશભક્તિ, ઉચ્ચતમ કલ્પના અને સ્થિર દૃષ્ટિ, એ ત્રણ વસ્તુ જ તેનામાં શેષ રહી હતી.

પણ અરે રે! આ વેળાએ પ્રતાપનાં પુત્ર કલત્ર આદિ દુર્દૈવી પરિવારજનો તેને કાળ સ્વરૂપ થઈ પડ્યાં! તેના પોતાના પરિવાર ઉપરાંત બીજાં પણ કેટલાંક મનુષ્યો છાયા પ્રમાણે તેનાં સંગમાં ને સંગમાં અદ્યાપિ વસતાં હતાં. એક તરફ મોગલોના હલ્લા અને બીજી બાજુએ પરિવારજનો અને અન્ય જનોના ભરણ પોષણનો ભયંકર ભાર-એ બે વિડંબનાઓથી પ્રતાપસિંહ સર્વથા જર્જરિત થઈ ગયો. મેવાડ દેશાધિપતિ રાજ-ચક્રવર્તી પ્રતાપસિંહને આજે એક સામાન્ય ગૃહસ્થ પ્રમાણે આ તુચ્છ સંસારની ચિન્તામાં દિવસ કાઢવાનો ભયાનક પ્રસંગ જોવો અને અનુભવવો પડ્યો.

એક સામાન્ય સંસારીના સદ્ભાગ્યમાં લખાયલી સુખશાંતિ પણ પ્રતાપના ભાગ્યમાં લખાયલી નહોતી. સામાન્ય ગૃહસ્થ સંસારનાં સુખો અને સંકટો ભોગવતો પોતાના દિવસ વીતાડે છે અને તે વિશે તેના મનમાં વધારે લાગણી પણ થતી નથી; પરંતુ પ્રતાપસિંહ એવી રીતે મૂગે મોઢે પોતાના દિવસો વીતાડે, એ સર્વથા અશક્ય નહિ, કિન્તુ અસંભવનીય જ હતું. જેની ક્ષુધા વિશ્વવ્યાપિની હોય, જીવન સંગ્રામ જેનો ધર્મ હોય અને જેનો હેતુ લોકોત્તર હોય, તેના આયુષ્યનાં સુખ દુઃખની તુલના સામાન્ય સંસારી જનોના આયુષ્યનાં સુખ દુઃખોથી કેમ થઈ શકે? ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપના પરિતાપથી શ્રાંત થયેલા પ્રવાસીની શાંતિ માટે વિશાળ વૃક્ષની ઘનચ્છાયા અને શીતલ જલ એ બે પદાર્થો પૂર્ણ છે; પણ આ જન્મ હૃદયમાં દૃઢતાથી ધારણ કરેલા હેતુની સિદ્ધિ માટે જેણે પ્રચંડ વનવાસનો સ્વીકાર કર્યો હોય, તેના મનની શાંતિ બીજા શાથી થઈ શકે? ભીષ્મપિતામહની પિપાસા પાત્રસ્થ પરિમિત પાનીય (પાણી) થી તૃપ્ત થાય તેવી નહોતી-તેની તે અંતિમ તૃષાને તૃપ્ત કરવા માટે વીરાગ્રણી અર્જુનને પૃથ્વીતલ વિદીર્ણ કરીને ભોગવતીને મૃત્યુ લોકમાં લાવવી પડી હતી.

જનની જન્મ ભૂમિના સ્વાતંત્ર્ય સંરક્ષણ માટે પ્રાણાર્પણ (પ્રતિજ્ઞા) કર્ત્તા પુણ્ય શ્લોક પ્રતાપસિંહની સુખશાંતિ અને તૃષ્ણા સર્વાંશે ભીષ્મની તૃષ્ણા સમાન જ હતી એટલે સામાન્ય સંસારી ગૃહસ્થની સુખશાંતિ અને તૃષ્ણા સાથે પ્રતાપની સુખશાંતિ અને તૃષ્ણાની તુલના કરી ન જ શકાય.

તથાપિ સામાન્ય સંસારી ગૃહસ્થના ગૃહમાં જે સાધનો હોય છે, તેટલાં સાધનો પણ અત્યારે પ્રતાપ પાસે હતાં નહિ. સંસારી જનો પાસે કુટુંબના પાલન પોષણનો કોઈ પણ માર્ગ તો હોય છે જ, નિવાસ માટે સ્થાન હોય છે અને તેમનાં સુખ દુઃખમાં ભાગ લેનારા પણ કેટલાક નીકળી આવે છે. પણ પ્રતાપસિંહના ગૃહમાં તો એ સર્વનો સર્વાંશે અભાવ હતો. ત્યારે એની સ્થિતિની તુલના કોની સ્થિતિથી કરી શકાય? માર્ગમાં ભિક્ષાવૃત્તિ કરનારા ભિક્ષુકો પણ અત્યારે તો પ્રતાપ કરતાં સહસ્રવાર વિશેષ સુખી કહી શકાય! પ્રતાપસિંહના ગંભીર હૃદયમાં અત્યારે કેવા કેવા ભયંકર વિચારો આવતા હશે, એની કલ્પના માત્ર કરવી, એ પણ એક સાહસ જ ગણી શકાય.

ખરેખર પ્રસ્તુત સમયે તેનો પરિવાર વર્ગ જ તેના કાળનું સ્વરૂપ ધારીને ઉભો હતો. સર્વને ખવડાવવું શું? શત્રુઓ આક્રમણ કરે તો તેમનું રક્ષણ કેવી રીતે કરવું, અને શત્રુઓ સામે કેવી રીતે લડવું? એવા એવા અનેક વિચારોએ તેને ડગમગાવી નાખ્યો. વળી પરિવાર જનોની પીડામાં થોડીવાર શાંત થઈને વિચાર કરવાની પણ તેને વેળા મળતી નહોતી. "આ જુઓ મોગલો આવ્યા, તેમણે આપણાપર હલ્લો કર્યો, આપણો સર્વથા સંહાર કર્યો અને આપણા પરિવારવર્ગની લજ્જા લૂટી!" ઇત્યાદિ વિચારોથી પ્રતાપનું મન સદા સર્વદા અસ્થિર અને અધીર રહ્યા કરતું હતું; અને ખરી રીતે જોતાં હવે મોગલોએ પણ એ જ નીચ માર્ગનો સ્વીકાર કરેલો હતો. એમ કરવામાં યવનોનો એવો હેતુ સમાયલો હતો કે, "કોઈ પણ ઉપાયે આપણે પ્રતાપને તો બંદીવાન્ બનાવી નથી શકતા, માટે હવે જો એના કુટુંબમાંના કોઇને લજ્જાહીન બનાવીએ એટલે બસ." વિસ્તીર્ણ મેવાડમાં પ્રતાપસિંહને કોઈ સ્થળે કોઇ પણ આશ્રય આપવાનું સાહાસ કરનાર નથી, એવો મોગલોનો દૃઢ નિશ્ચય હતો; ને વળી આવા કટાકટીના સમયમાં પ્રતાપ પોતાના પરિવારવર્ગને પોતા પાસેથી દૂર કરશે નહિ જ, એવો પણ તેમનો નિર્ધાર હતો. માટે આ સમયનો લાભ લઈ પોતાનું કાર્ય સાધી લેવું અને બાદશાહની મહેરબાની મેળવીને તેણે આપવા કહેલો ઉપહાર પ્રાપ્ત કરવાનો અવસર વ્યર્થ સરી જવા ન દેવો, એવા એવા અનેકવિધ મનોરથોમાં મોગલ સૈનિકો નિમગ્ન થયેલા હતા.

પ્રતાપસિંહની એવી ધારણા થઈ ગઈ કે, "પરમેશ્વરનો મારાપર પૂરેપૂરો કોપ થયેલો છે. મારા આ પરિવાર વર્ગને લીધે જ મારા જીવનવ્રતનો ભંગ થશે અને મારા આવા સંકટના સમયમાં મારા મનુષ્યત્વનો અને ધર્મનો લોપ થશે."

અન્તે દુર્ભાગ્યનો પરિમાવધિ થયો. પ્રતાપને અન્ન મળવાનું પણ દુર્લભ થઈ પડ્યું. એવી સ્થિતિ જોઇને કેટલાક રૈંજીપેંજી જનો માત્ર પેટ ભરવાની લાલચથી જ તેને ત્યાં પડ્યા હતા; તેઓ એક પછી એક તેને છોડી છોડીને ગચ્છંતી કરવા લાગ્યા. માત્ર તેનાં કુટુંબીજનો અને કેટલાક એકનિષ્ઠ સેવકો જ અચલ ભાવથી બેસી રહ્યાં. તે એકનિષ્ઠ સેવકો અરણ્યમાં શિકાર કરવાને જતા હતા અને જે કાંઈ મળતું હતું તે પ્રતાપ અને તેનાં કુટુંબીઓ આગળ લાવીને હાજર કરતા હતા. પ્રતાપનો દુર્ભાગી પરિવાર જેમ તેમ કરીને દુઃખના દિવસો વીતાડવા લાગ્યો.

રાજરાજેશ્વર પ્રતાપસિંહ આજે સ્ત્રી, પુત્ર અને કન્યાનો હસ્ત ધરીને ચોર પ્રમાણે એક અરણ્યમાંથી બીજા અરણ્યમાં અને એક પર્વતમાંથી બીજા પર્વતપ્રદેશમાં

ભટકતો હતો. એકવાર આખો દિવસ ભટકયા પછી તેણે કેટલાંક ખાટાં, ખારાં અને તુરાં ફળો મેળવ્યાં અને તેમના આહાર માટે સ્ત્રી, પુત્ર અને કન્યા સહવર્તમાન એક વિશાળ વૃક્ષની છાયામાં બેઠો, એટલામાં એક રાજનિષ્ઠ ભિલ્લ સરદાર ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે, “મહારાજ! ત્વરા કરીને અત્યારે જ અહીંથી પલાયન કરી જાઓ. કારણ કે, આપ અહીં છો, એ સમાચાર મોગલોને મળી ચૂકયા છે અને તેથી આપને પકડવા માટે મોટા સૈન્ય સાથે તેઓ અહીં જ આવે છે.” એ અશુભ સમાચાર સાંભળતાં જ ફળ ઇત્યાદિ પૃથ્વીમાતાને અર્પણ કરીને પ્રતાપસિંહ પોતાના પરિવાર સહિત ત્યાંથી નીકળીને ત્વરિત એક બીજા અરણ્યમાં જઈ નિવાસ કરવા લાગ્યો. એક દિવસ એક દુર્ગમ પર્વતની ગુહામાં ક્ષુધાની પ્રબળતાથી આવેલા જ્વરથી તે પીડાતો પડ્યો હતો અને બાળકો ક્ષુધાથી અત્યંત વ્યાકુળ થયેલાં જોવામાં આવતાં હતાં; એટલામાં એક ભિલ્લ થોડુંક પાણી, થોડુંક હરિણનું માંસ અને થોડુંક વન્યવરાહનું માંસ લઇને ત્યાં આવી પહોંચ્યો. તેને જોઇને પ્રતાપમહિષી પદ્માવતીએ કૃતજ્ઞતાપૂર્વક તેનો આભાર માન્યો. ત્યારપછી ઘાસ અને છાણાં વગેરે બાળીને તેણે તે માંસ શેકયું. પ્રથમ તેણે બાળકોને ખાવા દીધું અને પ્રતાપસિંહ તથા પોતે ખાવાની તૈયારીમાં હતાં, એટલામાં મોગલોએ આવીને અચાનક તેમનાપર હલ્લો કર્યો. ખાવાનું ખાવાને ઠેકાણે રહ્યું. અન્નપાણી સર્વ નાખી દઇને તે રાજપરિવારે બહુ જ ત્વરાથી ત્યાંથી પલાયન કરીને પોતાના પ્રાણનું રક્ષણ કર્યું. મોગલોને નિરાશ થઇને પાછું ફરવું પડયું.

એવાં એવાં અનેક જાતિનાં નવાં નવાં સંકટો ભોગવતાં દિવસો, માસો અને વર્ષો વીતવા લાગ્યાં, પણ તેની સંકટાવસ્થાનો અંત આવ્યો નહિ; એટલું જ નહિ, પણ દિવસે દિવસે સંકટોની સંખ્યા વધતી જ ગઈ. દારિદ્ર્યે પોતાનો પ્રભાવ સારી રીતે દેખાડવા માંડ્યો. પ્રતાપસિંહનાં બાળકો ક્ષુધાથી વ્યાકુળ થતાં તેને ગળે બાઝીને રડવા લાગ્યાં. તો પણ તે પુણ્યશ્લોક મહાત્મા પોતાના વ્રતથી જરાય ડગ્યો નહિ અને શત્રુને નમવાની કિંચિત્ ભાવના માત્ર પણ કરી નહિ. મોગલ બાદશાહના જાસૂસોએ પ્રતાપની એ દુ:ખદ દશાનું પોતાનાં નેત્રથી નિરીક્ષણ કરીને અકબરને એ સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો એટલે અકબરે કહ્યું કે, “પ્રતાપસિંહને જઇને એમ કહો કે, “હું હાર્યો અને મારી સુલેહ કરવાની મરજી છે,” એટલું માત્ર લખી મોકલો; એટલે હું મહા ગૌરવથી તમને મેવાડનું સામ્રાજ્ય અર્પણ કરવાને તૈયાર છું.” બાદશાહનો એ સંદેશો એક જાસૂસે આવીને પ્રતાપસિંહને કહી સંભળાવ્યો. સંદેશો સાંભળીને પ્રતાપે માત્ર ડોકું ધુણાવ્યું અને ઉત્તર આપ્યા વિના તે જાસૂસને ત્યાંથી રવાને કરી દીધો.

અકબરનો સંદેશો સંભળાવતી વેળાએ જાસૂસનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ ચાલ્યો જતો હતો. ગુપ્ત વેશમાં આવીને જ્યારે તેણે પ્રતાપની દીન દશાનું અવલોકન કર્યું હતું, તે સમયે પણ તેણે એવી જ રીતે અશ્રુ વર્ષાવ્યાં હતાં, પણ તેના અશ્રુવર્ષણનું કારણ શું હોવું જોઇએ? શું દુ:ખીનું દુ:ખ દેખીને તેણે રોદન કર્યું હશે? ના. કારણ કે, આ જગતમાં સેંકડે નેવુ મનુષ્ય દુ:ખી જ હોય છે, તો તેમના દુ:ખને દેખી અશ્રુ તે કોણ ઢાળે? જાસૂસના અશ્રુવર્ષણનું કારણ એ નહોતું. પ્રતાપસિંહના મહત્ત્વ અને ગાંભીર્ય આદિ ગુણોને અવલોકીને તેના માટે તેના મનમાં ભક્તિ, શ્રદ્ધા અને

વિસ્મયતાનો ઉદય થયો હતો અને તેથી જ તેના નયનોમાં અશ્રુનો આવિર્ભાવ થયો હતો; એથી જ તેનું મન પીગળ્યું હતું. મનુષ્ય પ્રકૃતિ સર્વ સ્થાને એક જ ધાતુની બનાવેલી હોય છે, માટે એક મનુષ્યની ખરી મનુષ્યતા અને મનની ગંભીરતાને જોઇને બીજા મનુષ્યે નમ્રતા સહિત ગદ્‌ગદિત થવું જ જોઇએ; તેણે તેના ગુણોની પ્રશંસા કરવી જ જોઇએ.

જાસૂસનાં નેત્રોમાંથી વહેતાં અશ્રુપ્રવાહને વિલોકવા છતાં પણ પ્રતાપનું ચિત્ત ચલિત થયું નહિ. સરદારોમાંના કેટલાકોએ પ્રતાપના મુખપર દૃષ્ટિપાત કર્યો. અંતર્જ્ઞાનથી તે દૃષ્ટિપાતના રહસ્યને જાણી લઇને પ્રતાપસિંહે પોતાની મુખમુદ્રામાં કાંઈક ખિન્નતાનો ભાવ પ્રદર્શિત કર્યો. બાદશાહે મોકલેલું એ ગૌરવયુક્ત નિમંત્રણ વડિલ માન્ય કરશે જ, એવી આશાથી કુમાર અમરસિંહ પિતાના મુખનું એક ધ્યાનથી અવલોકન કરવા લાગ્યો. તેના સામો પણ પ્રતાપે એક તીવ્ર કટાક્ષ નાખ્યો. જાસૂસે એ સર્વ સ્થિતિ જોઈ. અંતે તે રડતો રડતો ચાલ્યો ગયો.

એ સમયે સર્વના મનની વિલક્ષણ સ્થિતિ થઈ ગઈ હતી, પ્રત્યેક મનુષ્ય પ્રતાપના મુખને જોઈ તટસ્થ થઈ ઉભો હતો. સર્વને ઉદ્દેશીને પ્રતાપસિંહ મહાગંભીર વાણીથી કહેવા લાગ્યો કે;-

" સરદારો! તમે મને બાદશાહનું નિમંત્રણ માન્ય કરવાની સૂચના આપતા હતા એનું શું કારણ? એનું નામ જ મનુષ્યત્વ? આવી રીતે જ તમે વ્રતપાલન કરો છો? આવું વર્ત્તન કરશો તો સંકટની પરીક્ષામાં તમે ઉત્તીર્ણ કેમ કરીને થઈ શકશો? જેણે પોતાની માયાના બળથી આપણને આવી અવસ્થામાં લાવી મૂક્યા છે, તે જ એ દૂતનું સ્વરૂપ ધારી આપણી દૃઢતાની આજે પરીક્ષા લેવાને આવ્યો હતો! જો એમ ન હોત, તો મોગલોના જાસૂસનું અંતઃકરણ આપણા દુઃખથી પીગળત નહિ. વળી દિલ્લીશ્વર આવું આમંત્રણ મોકલે, એ પણ મને તો સર્વથા અશકય જેવું જ જણાય છે. જેણે દિલ્લીશ્વરના અને એ જાસૂસના મનમાં આવી પ્રેરણા કરી છે, તેની જો આપણાપર કૃપાદૃષ્ટિ થશે, તો નિમિષ માત્રમાં આપણી સર્વ મનોવાંચ્છનાઓ પૂરી થઈ જશે; એવી શ્રદ્ધાથી જ હું કહું છું, કે આપણો સર્વ ભાર પરમેશ્વરના શિરે જ રહેવા દ્યો! મુખથી ન બોલતાં માત્ર સંકેતથી જ તમે મને વ્રતચ્યુત થવાનો ઉપદેશ આપતા હતા, એ પાપકૃતિ માટે મનમાં પૂર્ણ પશ્ચાત્તાપ કરો, કે બીજી વાર તમને એવું પાપ કરવાની ઇચ્છા ન થાય. અમરસિંહ! તું મારો પુત્ર કે?"

કુમાર અમરસિંહ અપરાધી મનુષ્ય પ્રમાણે થરથર કંપવા લાગ્યો અને અધોદૃષ્ટિ કરીને દિગ્મૂઢ થઈ ઉભો રહ્યો.

તૃતીય પરિચ્છેદ

યમુનાનું સંગીત

"सुभाषितेन गीतेन युवतीनां च लीलया ।
मनो न भिद्यते यस्य स योगी ह्यथवा पशुः" ॥ सुभाषितम्

યુવતી સમાન ભાસતા દશ દિશાને કંપાયમાન કરતા સુમધુરકંઠથી કોઇએ નિમ્ન લિખિત પદ્ય ગાવાનો પ્રારંભ કર્યો;–

"સ્વતંત્રતાનો રક્ષક !, મૃત્યુ લોકનો દેવાંશી નર તું;
સ્વદેશ રતિ તવ લક્ષ્મી, ભોગિ છતાં પણ વિરક્ત નૃપવર તું.
અત્યારે અનુભવતો, અસહ્ય આપદ્દ્વારા શિરપર તું;
સેવા તારી થાતાં, સફળ જન્મ મમ, થશે જગદમર તું."

સર્વેએ એકાગ્રમનથી એ સંગીત સાંભળ્યું. સર્વનાં શરીર રોમાંચિત્ત થયાં. એ સંગીતનો અર્થ સર્વ જનો સ્પષ્ટતાથી સમજી શક્યાં. જેને ઉદ્દેશીને એ પદ્ય ગાવામાં આવ્યું હતું, તે પણ એ ગાયનનો હેતુ સમજી ગયો. થોડીવાર સર્વત્ર શાંતિ જ પ્રસરેલી રહી, ત્યારપછી એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને પ્રતાપસિંહે કહ્યું કે, "પૃથ્વીરાજ ! આવા પ્રસંગે જો તું પોતે અહીં હોત, તો કેટલું સારું થાત !" ત્યાર પછી સર્વને સંબોધીને તે બોલ્યો કે, "બીકાનેરના રાઠોડ રાજા પૃથ્વીરાજે કારાગૃહમાં આ પદ્યરચના કરીને મારાપર ઉપહારરૂપે મોકલી છે. તેની સ્નેહમયી ભગિની યમુનાએ મને ઉદ્દેશીને આ પદ્ય અત્યારે ગાયું છે, બાળાનો કંઠ બહુ જ મધુર અને કર્ણપ્રિય છે!"

પુનરપિ તેજ મધુર કંઠથી યમુના ગાવા લાગી:–

"સુતીક્ષ્ણ અસિધારાથી, જન્મભૂમિના ઉરને ભેદીને;
પરનર કરમાં સોંપે, દૂર કરો એવા ગૃહભેદીને."

પ્રતાપસિંહ બહુ ખેદપૂર્વક મનમાં જ કહેવા લાગ્યો કે, "ખરેખર કેટલાકોએ પોતાની સંપત્તિ પોતાના હસ્તેજ પારકાઓને આપી દીધી છે એમાં રંચમાત્ર પણ સંશય નથી. હે કુલાંગારો! તમે જો સ્વદેશ સમક્ષ શસ્ત્ર ઉપાડ્યાં ન હોત, તો આજે આવો પ્રસંગ પણ આવ્યો ન હોત!"

યમુના પુનઃ ગાનમાં એકધ્યાન થઈ:–

"થશે બદ્ધ સર્વ મહા કાળપાશે;
રહેશે ચિરંજીવ તું પુણ્ય રાશે !;
ગયો નષ્ટ આ માનવી જન્મ મારો;
ગુણગ્રાહિ તોયે પૃથૂરાજ તારો."

ગાન સાંભળીને પ્રતાપસિંહે કહ્યું, "ધન્ય! સ્વદેશભક્ત કવિશ્રેષ્ઠ ધન્ય!! કારાગૃહવાસી છતાં પણ તારામાં આવી સ્વદેશભકિત જાગૃત છે, માટે તારા મનુષ્યજન્મનું સાર્થક્ય થઈ ચૂક્યું છે. તું જ સત્ય સ્વદેશ પ્રેમી મહાત્મા છે, એમાં લેશમાત્ર પણ સંદેહ નથી. મેવાડનું દુર્દૈવ મહાપ્રબલ હોવાથી જ તારા જેવો મહાપુરુષ અહીં હોવાને બદલે આ વેળાએ મોગલોનો બંદીવાન્ છે અને:–

પ્રતાપસિંહના આંતરિક ઉદ્ગારોની સમાપ્તિ થાય, તે પહેલાં તો સુશીલ યમુનાએ પોતાના રંભા ઉર્વશી સમાન મધુર મનોહર કંઠથી પાછો સંગીતનો આલાપ કર્યો;–

"જીવન તું ધ્યાન મારું, તવ મૂર્તિ જ્ઞાનદા;
દર્પણ તું શુદ્ધ રાણા! અકલંકી સર્વદા;
ઉપજાવે દેશપ્રીતી અજ્ઞાની જનપદે;
તેથી આ સ્તોત્ર આજે અર્પું હું તવ પદે."

ગાયન ગાતી ગાતી યમુના પ્રતાપસિંહ સમક્ષ આવીને ઉભી રહી અને સાષ્ટાંગ પ્રણિપાત કરીને પાછી ગાવા લાગી;–

"ભારતની ભાવી ભવઆશા, તારામાં જ અમારી છે;
ક્ષત્રિય મનમાં સ્ફૂર્તિ શૌર્યનો, ઉત્પાદક, અવતારી છે;
ક્ષત્રિયવંશ કીર્ત્તિ પરિપાલક, સ્વધર્મરત તું ભારી છે;
મરણ સુધી તવ મહિમા ગાવા, મેં ઉર આશા ધારી છે."

પોતાના સંગીતની સમાપ્તિ કરીને યમુના બોલી કે, "તાત! આજે ગુપ્ત રહીને મેં જે એક સ્વર્ગીય દૃશ્ય જોયું છે, તેનું ચિત્ર મરણ પર્યન્ત મારા હૃદયપટમાં આલેખાયલું રહેશે. મહારાજ! આપે જે વ્રતનો સ્વીકાર કરેલો છે, તેનું પરિપાલન આપ યોગ્ય રીતે જ કરો છો. મારા બંધુ વારંવાર કહેતા હતા કે, "મહારાણાજી તે મનુષ્ય નહિ, પણ મનુષ્યરૂપી ઈશ્વર છે!" તે સર્વથા સત્ય છે. ઈશ્વર દર્શનથી આજે મારા જન્મની સાર્થકતા થઈ, એમ મારું માનવું છે!!!"

થોડીવાર રહીને પુનઃ યમુનાએ કહ્યું કે, "મારા બંધુની એવી આજ્ઞા છે કે, "મહારાણાજી જ્યારે જ્યારે દુઃખથી બહુ જ ખિન્ન થયેલા જોવામાં આવે, ત્યારે ત્યારે મારી આ પદ્યરચના તેમને ગાઈ સંભળાવીને તેમના મનનું સાંત્વન કરજે." એ આજ્ઞાને અનુસરીને જ મેં અત્યારે આ પદ્યો ગાયાં છે. માટે આ દીન કન્યાપર કોપ ન કરશો, એવી મારી અનન્ય ભાવે નમ્ર વિનતિ છે!"

"યમુને! તારું સંગીત સાંભળીને હું બહુ જ પ્રસન્ન થયો છું." પ્રતાપે કહ્યું. "પણ મારી પ્રશંસા સાંભળવાની મારી ઇચ્છા ન હોવાથી તને આજ્ઞા આપું છું કે, તારા મનમાંનો ભાવ તું મનમાં જ રહેવાદે. તારા બંધુને હું બહુ દિવસથી જાણું છું, તેમ જ તને પણ ઓળખું છું. ઈશ્વર તારું કલ્યાણ કરો!"

"તાત! મારું કલ્યાણ?"

યમુનાએ એ પ્રશ્ન અત્યંત ઉત્કંઠાપૂર્વક પૂછ્યો, એ પ્રતાપસિંહના ધ્યાનમાં આવ્યું પણ એ પ્રશ્નનું ઉત્તર આપવાનું કાર્ય બહુ જ કઠિન થઈ પડ્યું. પ્રતાપ પોતાના મનમાં જ કહેવા લાગ્યો, "આ સરળ હૃદયા બાળાના હૃદયમાં જે પ્રેમરૂપી હેતુ ઉત્પન્ન થયો છે, તે, સદૈવ અપૂર્ણ જ રહેવાનો! પણ એમાં મારો શો ઉપાય? સ્નેહ અને કરુણા એ બે અપૂર્વ વસ્તુઓ છે ખરી; પણ ધર્મ એ ઉભય કરતાં પણ અધિક અપૂર્વ છે. ધર્મ જેવી અપૂર્વ વસ્તુનો ત્યાગ કરીને સ્નેહ અને કરુણાના પાશમાં બદ્ધ થવું, એ મારાથી બની શકે તેમ નથી. યમુનાએ ઘણોક સમય મોગલોના નગરમાં વીતાડેલો હોવાથી, તે મારી પુત્રવધૂ થાય એ શક્ય નથી. અમરસિંહ સંગે એનો વિવાહ થવો અસંભવિત છે."

ત્યાર પછી તે યમુનાને ઉદ્દેશીને બોલ્યો કે, "હા તારું જ કલ્યાણ! ભગવચ્ચરણમાં નિમગ્ન થા. એટલે અહીં અને પરલોકમાં તારું કલ્યાણ જ થશે!"

ઉત્તર સાંભળીને યમુના પોતાના મનમાં કહેવા લાગી, "યોગ્ય ઉત્તર મળ્યું. મારો ઇહ પરલોકનો ભગવાન્ જે કુમાર અમરસિંહ તેનાં ચરણોમાં હું બહુ દિનથી

નિમગ્ન થયેલી છું. કદાચિત્ આ જન્મમાં મને એની પ્રાપ્તિ નહિ પણ થાય, તોપણ જન્માન્તરે તો એ અવશ્ય મને મળશે જ! એ આશાથી જ અદ્યાપિ હું જીવનને ધારણ કરી રહી છું. મારા પ્રાણવિશ્રામનાં દર્શનનો લાભ મને મળ્યા કરે છે, એ શું મારું જેવું તેવું ભાગ્ય કહેવાય?"

યમુનાની આંખોમાં પાણી ભરાઈ આવ્યું, અને કંઠનો એકાએક અવરોધ થઈ ગયો. તે અશ્રુપૂર્ણ નયનોથી અને અવરુદ્ધ કંઠથી પ્રતાપસિંહના મુખનું અવલોકન કરી નિમ્ન લિખિત પદ્ય ગાતી ગાતી ત્યાંથી અન્યત્ર પ્રયાણ કરી ગઈ;—

અર્પણ કીધા પ્રાણ! તવપદે અર્પણ કીધા પ્રાણ;
ભવાબ્ધિમાંથી તરવા માટે, તું મમ નૌકા જાણ—તવ પદે૦
જીવનયાત્રાભાર તવ શિરે, તું જ કૃપાની ખાણ—તવ પદે૦
સુખ દુઃખે હું એક ભાવથી, ધરતી તારું ધ્યાન—તવ પદે૦
ઉચિત તને જ્યમ લાગે ત્યમ તું, કર મમ સૌખ્ય વિધાન—તવ પદે૦

પ્રતાપસિંહ મનમાં વિચારવા લાગ્યો, "આહાહા! આ બાળાનું હૃદય કેવું અને કેટલું બધું કોમળ છે! એના મુખ સમક્ષ કાળસમુદ્ર વિસ્તરેલો છે; તેમાંથી એ કેવી રીતે તરીને પાર થશે? વળી પૃથ્વીરાજે પણ કેટલી મોટી આશાથી—પણ મન! આ શું? તું દયાના જાળમાં સપડાવાનો પ્રયત્ન કરે છે કે શું? ના,—એમ ન કરીશ. કર્ત્તવ્યકર્મ અને ધર્મના રક્ષણ માટે તારે કઠોર જ થવું જોઇએ. જેણે મુસલમાનોની નગરીમાં અનેક દિવસ વાસ કરેલો છે, તે મારી પુત્રવધૂ કોઈ કાળે પણ થઈ શકે નહિ! અસંભવ,—સર્વથા અસંભવ!!"

યમુનાએ ગાયેલા પદ્યનું અંતિમ ચરણ સાંભળીને અને એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને અમરસિંહે મનમાં જ કહ્યું કે, "પણ એ વિધાન કોણ કરશે? યમુનાએ કોને ઉદ્દેશીને આવી પ્રાર્થના કરી હશે? પણ આ શું? મારી હૃદયરૂપી નદીમાં એકાએક આ લહરીઓ શાની ઉદ્ભવી? આવી અવસ્થામાં પિતા સમક્ષ ઉભું રહેવું સારું નથી. કદાચિત્ મારા મનનો ભાવ પિતાજી જાણી જશે, તો મહાપીડા થશે! હે સરળ હૃદયા સુન્દરિ! તેં મારા જેવા એક નિષ્ઠુર નરને પોતાના પ્રાણ શા માટે આપ્યા?"

અમરસિંહનાં નેત્રોમાંથી અશ્રુનાં બે ઉષ્ણ બિંદુ ખરી પડ્યાં. પોતાનાં નેત્રોમાં કાંઈક પડવાનું નિમિત્ત કાઢીને તે ત્યાંથી વિદ્યુત્વેગે ચાલ્યો ગયો.

ચતુર્થ પરિચ્છેદ

જબરા જંગલમાં

"उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा।
संपत्तौ च विपत्तौ च महातामेकरूपता" ॥ सुभाषितम्

ધરાપતિ મહારાણો પ્રતાપસિંહ સંપૂર્ણ રીતે દુર્દૈવના ચક્રમાં સપડાયલો હતો, તોપણ તેણે પોતાના ગાંભીર્યનો ત્યાગ કર્યો નહિ; એટલું જ નહિ પણ વિપત્તિની વેળામાં તેણે પોતાની ઉદારતાનું અધિકતાથી દર્શન કરાવ્યું. ક્ષુધાથી વ્યાકુળ થયેલાં બાળકોનાં

દીનમુખો, મહિષીનો ભિક્ષુકવેશ અને પોતા પાસે સર્વ વસ્તુઓના અભાવને જોઇને અને અનુભવીને પણ તે પોતાના વ્રતથી ચલિત થયો નહિ. તેની એ નિઃસીમ દૃઢતા, અસાધારણ કષ્ટ સહિષ્ણુતા, સંપત્તિ અને વિપત્તિમાં મનની સમાનતા તથા અંતર્બાહ્ય શુદ્ધવર્ત્તનશીલતાનું સ્મરણ થતાં આજે પણ આપણું મન આશ્ચર્યથી ચકિત થઈ જાય છે. યોગિજનો પોતાના યોગબળથી જીવાત્મા અને પરમાત્માની એકતા કરે છે, પણ સંસારી પ્રતાપસિંહે સ્ત્રી, પુત્ર આદિના માયાજાળમાં મગ્ન રહેવા છતાં પણ પોતાના જીવનને યોગમય બનાવી મૂક્યું હતું, એ તેનામાં યોગી કરતાં પણ વિશેષ પ્રશંસનીય ગુણ હતો. નરપુંગવ મહાજનો એવી રીતે જ જગતીતલમાં સંચાર કરીને નાનારૂપથી અને વિવિધ માર્ગથી લોકોને અજ્ઞાનાંધઃકારમાંથી કાઢવાનો પ્રયત્ન કરતા હોય છે, એ સર્વને વિદિત હોવાથી એનું અધિક સ્પષ્ટીકરણ કરવાની કશી પણ આવશ્યકતા નથી.

પ્રતાપસિંહની એ વેળાની વિપન્નાવસ્થા અતિશય કષ્ટકર હતી. મનુષ્યની ખરે-ખરી પરીક્ષા વિપત્તિમાં જ થાય છે. અગ્નિમાં તપાવવાથી જેવી રીતે સુવર્ણની પરીક્ષા કરી શકાય છે, તેવી રીતે દારિદ્રયરૂપી અગ્નિમાં તપાવવાથી પુરુષની પરીક્ષા પોતાની મેળે જ થઈ જાય છે. પ્રતાપસિંહની પરીક્ષાનો હવે અવધિ થઈ ચૂકયો હતો. તેના મનોનિગ્રહ અને ગાંભીર્ય આદિ ગુણો માટે તેને કોટિવાર ધન્યવાદ ઘટે છે. બાદ-શાહને કેવળ એક જ વાર જો તે "બસ, હું હાર્યો!" એટલું કહે, તો તેને પોતાના પૂર્વ કરતાં અધિક વૈભવો મળવાનો અને સર્વ મનોરથો સિદ્ધ થવાનો સંભવ હતો. પરંતુ આવી દુર્દશામાં પણ તે માની મહાપુરુષે એવા શબ્દોનો ઉચ્ચાર પણ કર્યો નહિ. એટલું જ નહિ, પણ જે સરદારોએ તેને સંકેતથી અનુમતિનું સૂચન કર્યું હતું, તેમને પણ તેણે સારી રીતે થથરાવી નાખ્યા હતા.

અકબરનાં નિમંત્રણો એકવાર નહિ, કિન્તુ અનેકવાર આવતાં હતાં. પણ વ્યર્થ. "શત્રુ સમક્ષ હાર માનીને હું તેના અનુગ્રહની ઇચ્છા રાખું? ના–ના–મારાથી કોઈ કાળે પણ એમ કરી શકાવાનું નથી?" એમ પ્રતાપ વારંવાર પોતાના મનને કહેતો હતો અને પોતાનો નિશ્ચય કાયમ રાખતો હતો. એવી દશામાં દિવસો, માસો, અને વર્ષો વીતી ગયાં, પણ પ્રતાપનો નિશ્ચય ચલિત થયો નહિ.

પ્રતાપના એ અદ્વિતીય ગુણથી તેના ચિર શત્રુ મોગલોની પણ તેનામાં શ્રદ્ધા થવા માંડી. પ્રતાપસિંહના લોકોત્તર વ્રતપાલનને જોઈને ગુણગ્રાહી અકબરે તેના સંબંધમાં પોતે એક પદ્યની રચના કરી. તેનો ભાવાર્થ એવો હતો કે;–"આ સંસારમાંની સર્વ વસ્તુઓ નશ્વર અને ક્ષણભંગુર છે; માત્ર કીર્ત્તિ અને શુભ નામ, એ બે જ ચિરસ્થાયી છે. મેવા-ડના મહીપાલ પ્રતાપસિંહ! તને કોટિવાર ધન્ય છે! આવી અસહ્ય વિપન્નાવસ્થામાં પણ તું ધર્મચ્યુત થયો નહિ. એ તારું કેટલું અને કેવું ધૈર્ય? ધર્મ જ તારું રક્ષણ કરશે અને તારી કીર્ત્તિ અખંડ રહેશે."

પૂર્વે આપણે કહેલું જ છે કે, વિપત્તિકાળમાં પ્રતાપનો પરિવારવર્ગ જ તેને કાળ-સ્વરૂપ થઈ પડ્યો હતો. પરિવારજન વિશે વિચાર કરતાં કરતાં તે સ્વદેશ પ્રેમી મહા પુરુષ ઘણીકવાર રડી પડતો હતો અને જ્યારે પણ એ વિચારથી મુક્ત થતો હતો, ત્યારે કોઈ ઉન્મત્ત પુરુષ પ્રમાણે, "હે મેવાડ! હે ચિત્તોડ! હે જનની જન્મભૂમિ!" એવા એવા ઉદ્‌ગારો કાઢ્યા કરતો હતો.

એ આપત્કાળમાં વનમાં વસતા ભિલ્લ લોકો જ માત્ર પ્રતાપસિંહના નિઃસીમ ભક્ત અને મિત્ર થઈ રહ્યા હતા. પ્રતાપનાં કુટુંબિજનોનું રક્ષણ પણ એ જ કરતા હતા. કોઇવાર મોગલોનો એકાએક હલ્લો થતો, તો રાજપરિવારને એઓ જ એક વનમાંથી બીજા વનમાં અને એક સ્થાનેથી બીજા સ્થાનમાં લઈ જઇને તેનું રક્ષણ કરતા હતા. કોઈ કોઈ વાર એઓ મોગલો સામા લડીને તેમને નસાડી પણ મૂકતા હતા. પ્રતાપસિંહને તો એવા પ્રસંગો વારંવાર જોવા પડતા હતા. કોઈ કોઈ વાર તો તે એકલો સેંકડો યવનોના સમાચાર લઇને આત્મીયજનોની રક્ષા કરતો હતો. અર્થાત્ પરિવારના મનુષ્યોને સાથે રાખીને શત્રુઓથી લડવાનું કાર્ય પ્રતાપને હવે અશક્ય ભાસવા લાગ્યું. એ વેળાએ સ્ત્રી, પુત્ર, આદિ માટે જો કોઈ ભિન્ન અને સર્વથા નિર્ભય–નિરાપદ સ્થાન મળી ગયું હોત, તો તે પોતાને મહા ભાગ્યશાળી સમજત. એમ થવાથી યુદ્ધમાં વિજય મેળવવાનો બહુ જ વિશેષ સંભવ હતો.

ભિલ્લ લોકોની પુત્રીઓ રાજકુમારી સાથે રમવાને આવ્યા કરતી હતી તેમનામાં પરસ્પર અનેક પ્રકારની વાર્તાઓ ચાલ્યા કરતી હતી અને સર્વ બાળાઓ સ્નેહભાવથી પરસ્પર વર્ત્તતી હતી. ભિલ્લ બાળાઓ હમેશ રાજપરિવારનાં મનુષ્યો માટે કાંઇને કાંઈ ખાદ્ય વસ્તુ લાવતી હતી અને રાજમહિષી પદ્માવતી તેનો સાદર સ્વીકાર કરીને તેમને બદલામાં આશીર્વાદ આપતી હતી.

એક દિવસ એવો પ્રસંગ આવ્યો કે, જો તે વેળાએ ભિલ્લજનોની સહાયતા ન હોત, તો પોતાનાં આત્મીય જનોના રક્ષણનું કાર્ય પ્રતાપને બહુ જ કઠિન થઈ પડયું હોત. એક વેળા એક દુર્ગમ અરણ્યમાં પ્રતાપસિંહ પરિવાર સહિત બેઠો હતો, એટલામાં ચારે તરફથી "દીન દીન"નો ધ્વનિ એકાએક સાંભળવામાં આવ્યો. તે જ ક્ષણે બે વિશ્વાસુ ભિલ્લ પવનવેગે દોડતા ત્યાં આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા કે, "રાજન્! આજે તારો ઘાત થયો. બની શકે તો તારાં સ્ત્રી પુત્ર આદિનું રક્ષણ કર." પ્રતાપસિંહે જોયું તો સેંકડો મોગલોએ તેને ચારે તરફથી ઘેરી લીધો હતો અને તેથી પરિવારનું અને પોતાનું રક્ષણ થઈ શકે, એ બનાવ તેને અશકય જેવો ભાસવા લાગ્યો. ન્હાસવાનો કોઈ પણ માર્ગ રહેલો ન હોવાથી નેત્ર સંકેત કરીને પ્રતાપે ભિલ્લોને સૂચના આપી કે, "તમે કોઈ પણ ઉપાયે મારા કુટુંબનું સંરક્ષણ કરો અને અહીં હું એકલો જ આ યવનોને પહોંચી વળીશ." ભિલ્લો પ્રતાપસિંહના હેતુને જાણી ગયા અને બીજા કેટલાક ભિલ્લોને બોલાવી તેમની સહાયતાથી તેઓ બહુ જ ગુપ્ત રીતે રાજ પરિવારને એક દૂરના સ્થાનમાં ક્ષેમ કુશળતાથી લઈ ગયા. પોતાના કુટુંબને શત્રુના આઘાતમાંથી બહાર પડેલું જોતાં જ પ્રતાપ હાથમાં તલવાર લઇને યાહોમ કરી મોગલોપર તૂટી પડ્યો અને અલ્પ સમયમાં લગભગ બસો મોગલોને મોતને હવાલે કરી દીધા. બાકી રહેલા યવન સૈનિકો પ્રાણ લઇને પલાયન કરી ગયા.

રાજકુટુંબને વ્યવસ્થાપૂર્વક એક દુર્ગમ અરણ્યમાં રાખીને એક ભિલ્લ પ્રતાપસિંહ પાસે આવ્યો અને તેણે સમાચાર સંભળાવ્યા કે, "રાજન્! તારાં સર્વ કુટુંબીજનો જબરા નામના જંગલમાં ક્ષેમકુશળ છે; તારે હવે ચિન્તા કરવાનું કશું પણ કારણ નથી; હવે આપણે બધા ત્યાં જ જઇશું."

જંખરા જંગલમાં કુટુંબના સુખરૂપ નિવાસના સમાચાર સાંભળી પ્રતાપના મનમાં બહુ જ સંતોષ થયો. આનંદ અને દુઃખનાં મિશ્રિત અશ્રુ તેનાં નેત્રોમાંથી વહેવા લાગ્યાં. ત્યારપછી વિલંબ ન કરતાં તે ભિલ્લો સહવર્તમાન જખરા જંગલમાં ગયો અને તેના બે વિશ્વાસુ અનુચર અને કેટલાક સરદારો પણ તેની સાથે ગયા.

પ્રતાપે તે જંગલમાં આવીને જોતાં હિંસક પશુઓ કાંઈ હાનિ ન કરે એટલામાટે મોટાં મોટાં વૃક્ષની શાખાઓમાં લટકાવેલી વાંસની ટોપલીઓમાં પોતાનાં પ્રાણાધિક પ્રિય મનુષ્યો બેઠેલાં હતાં, તે તેના જોવામાં આવ્યાં. ભિલ્લ લોકોની આવી અકૃત્રિમ સહાનુભૂતિ અને ભક્તિ જોઇને પ્રતાપનાં નેત્રોમાં નીર ભરાઈ આવ્યું. પ્રતાપસિંહની એવી અવસ્થા વિલોકીને એક ભિલ્લ તેને કહેવા લાગ્યો કે, "રાજન્! શોક ન કર. આ દિવસો પણ વીતી જશે. અત્યારે તને આવા શોકમાં પડેલો જોઇને તારા કુટુંબીઓની અને તારા અનુયાયિ જનોની શી સ્થિતિ થશે, એનો વિચાર કર. ઓ ઈશ્વર! આ કેવો દુઃખદાયક અને હૃદયદ્રાવક પ્રસંગ!"

ભિલ્લનું એવું શાંતિકારક અને આશ્વાસનદાયક ભાષણ સાંભળી પ્રતાપસિંહ કિંચિત્ શાંત થયો અને એક પછી એક સર્વ ભિલ્લોને તેણે આલિંગન આપ્યું. પ્રતાપના આલિંગનથી સર્વ ભિલ્લો પોતાને ધન્ય થયેલા માનવા લાગ્યા.

જખરા જંગલમાં પ્રતાપસિંહે કેટલાક દિવસ વીતાવ્યા. એ સ્થાન જ તેને સુરક્ષિત અને નિર્ભય ભાસ્યું. રાજમહિષી પદ્માવતી પોતાના પતિને સ્વીકૃત વ્રતપાલનના કાર્યમાં વારંવાર ઉત્તેજન આપતી રહેતી હતી. એક દિવસે પ્રતાપે પોતાની રાણીને કહ્યું કે, "પ્રિયે! મને તો હવે સર્વ સ્વપ્નસમાન ભાસે છે. આવી ને આવી સ્થિતિમાં આપણે અઢાર વર્ષ કાઢી નાખ્યાં, પરંતુ અદ્યાપિ આપણા વ્રતની પરિપૂર્ણતા થઈ નહિ. એટલે હવે મારું જીવન મને વ્યર્થ સમાન ભાસે છે!"

"પ્રાણનાથ! આ કઠોર વ્રતપાલન જો આપને સ્વપ્ન સમાન ભાસતું હોય, તો સત્ય શું હશે, તે હું સમજી નથી શકતી," રાણીએ કહ્યું.

"પ્રિયે! જ્યાંસુધી કાર્યની સિદ્ધિ થઈ નથી, ત્યાંસુધી એને આપણે સ્વપ્ન જ સમજવું જોઇએ. અરેરે! દેશકલ્યાણનું એક પણ કાર્ય અત્યાર સુધીમાં મારા હાથે થઈ શક્યું નહિ! એટલું જ નહિ પણ સામો દેશની ધૂળધાણી કરનાર તરીકે જ હું પંકાયો! વડીલોએ માત્ર ચિત્તોડ ખોયું હતું અને મેં મહત્ત્વાકાંક્ષા રાખીને બીજો પણ સઘળો દેશ ખોયો અને અંતે વનમાં વાસ કર્યો!" પ્રતાપસિંહે પોતાના ખેદનાં કારણોનું દર્શન કરાવ્યું.

"તોપણ શું થયું?" રાણીએ પાછું ઉત્તેજન આપવા માંડયું. "આવી આ ભિક્ષુક દશામાં રાજરાજેશ્વર પ્રમાણે આપનું અંતઃકરણ મહાન્ અને ગંભીર છે. રાજપૂત જાતિના હૃદયરૂપી ક્ષેત્રમાં આપે જે સ્વાતંત્ર્યરૂપી બીજનું આરોપણ કરેલું છે, તેમાંથી એક વિશાળ વૃક્ષ ઉત્પન્ન થશે અને તે પોતાની છાયાનો સમસ્ત ભારતવર્ષમાં પ્રસાર કરશે. આપ વ્યર્થ મનોવ્યથા શામાટે ભોગવ્યા કરો છો? શાંત થાઓ—ગંભીર થાઓ!"

"પ્રિયે! માત્ર મારા એક વચનને માન આપી સહસ્રાવધિ રાજપૂત વીરોએ સમરભૂમિમાં પોતાના પ્રાણનું બલિદાન આપી દીધું, પણ મારે હાથે દેશહિતનું એક

પણ કાર્ય થઈ ન શક્યું, એટલે મનોવ્યથા થાય, એ સ્વાભાવિક અને નૈસર્ગિક છે;" પ્રતાપે પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો.

"દેશનું કલ્યાણ, આના કરતાં તે અધિક બીજું કયું હોય? સ્વાતંત્ર્યના પવિત્ર મંદિરમાં જન્મભૂમિની મૂર્તિ સમક્ષ આપે આત્મબલિદાન આપ્યું છે, એટલે આપના રાજ્ય, આપના ધન અને આપના ઐશ્વર્યનો યોગ્ય સ્થાને જ વ્યય થયેલો છે, એમ નિઃસંશય કહી શકાય. આપ બીજું કલ્યાણ તે શું કરી શકવાના હતા? આપનાં પ્રિય સ્ત્રી, પુત્ર આદિ ક્ષુધાથી વ્યાકુળ થતાં અત્યારે આ અરણ્યમાં પડેલાં છે, આપ પોતે સર્વસ્વનો ત્યાગ કરીને સંન્યાસી બન્યાં છો, આપની અર્ધાંગના છાયા પ્રમાણે આપ સાથે રહી વનમાં પણ પાછળ પાછળ ભમ્યા કરે છે અને ભિલ્લ તથા સાંથળ લોકો આપના મિત્ર અને સહાય કરનારા થયેલા છે; એટલું છતાં પણ પોતાના હાથે દેશનું કાંઈ પણ કલ્યાણ ન થવા માટેનો જે આપ પોકાર કરો છો, તે મને તો સર્વથા અકારણ જ લાગે છે;" પદ્માવતીએ કહ્યું.

"પ્રિયે! મેં વ્રતનો સ્વીકાર તો કરેલો છે જ અને કાર્ય સિદ્ધિ માટે પ્રાણ અર્પવાનો પણ મારો સંકલ્પ છે. પરંતુ ખેદનો વિષય એટલો જ છે કે, મારા પ્રાણ અદ્યાપિ સ્વસ્થ છે. ખાન, પાન આદિ સર્વ વ્યવહારો અદ્યાપિ પૂર્વ પ્રમાણે ચાલૂ જ છે. જીવનયજ્ઞમાં સર્વસ્વની આહુતિ આપવાનો પ્રસંગ હજી પ્રાપ્ત નથી થતો, તે માટે જ શોક થયા કરે છે;" પ્રતાપ બોલ્યો.

નેત્રોમાં અશ્રુ લાવી. ગદ્‌ગદ કંઠે પદ્માવતીએ કહ્યું "ખરેખર સ્વામિનાથ! ધન્ય છે આપના માનવ જન્મને!!"

"પ્રિયે! આમ વ્યર્થ રોદન ન કર." પ્રતાપે તેને આશ્વાસન આપવાના હેતુથી કહ્યું. "મેં તો તને માત્ર મારા મનના વિચારો શા છે, તે જ જણાવ્યા. હું તને સત્ય કહું છું કે, કોઈ કોઈવાર મારા મનમાં આવી ભાવનાઓ ઉત્પન્ન થાય છેઃ–મારા હાથે દેશનું શું હિત થયું? રાજ્ય અને ઐશ્વર્ય ઇત્યાદિને ત્યજવામાં મેં શો પુરુષાર્થ કર્યો? આવો પ્રસંગ આવતાં કોઈ પણ એમ કરે, એ સાધારણ જ છે. પ્રિયે! વ્રતની સિદ્ધિ થયા વિના મનમાં કોઈ કાળે પણ શાંતિ આવવાની નથી."

"મહારાજ! આપ જ્ઞાની, વિજ્ઞ અને બહુ દર્શી છો, માટે હું તે આપને વિશેષ શો ઉપદેશ આપું? આવું કઠિનતમ વ્રત સ્વીકારવા છતાં પણ કાર્યની સિદ્ધિ નથી થતી, તો એને આપણે દુર્દૈવની પ્રબળતા જ ગણવી જોઇએ. બીજું શું?" પદ્માવતીએ વળી પતિના સમાધાનનો યત્ન આદર્યો.

"દુર્દૈવની પ્રબળતા તો ખરી; પણ એ ઉપરાંત એનું બીજું પણ કોઈ પ્રબળ કારણ હોવું જ જોઇએ. ઈશ્વરના શિરે સર્વ ભાર એકનિષ્ઠાથી નાખી દઇયે, એટલો વિશ્વાસ અદ્યાપિ આપણામાં આવ્યો નથી. અદ્યાપિ આપણાં સર્વ કાર્યોમાં આપણે મનુષ્યોની સહાયતાની અપેક્ષા કરિયે છિયે; પણ એ યોગ્ય નથી. જો યશઃ પ્રાપ્તિનો સર્વ ભાર ઈશ્વરના શિરે નાખી દીધો હોત, તો અત્યાર સૂધીમાં તો હું કૃષ્ણ સખા મેળવીને નર નારાયણ બની ગયો હોત. પણ આપણા સંકલ્પની એટલી બધી દૃઢતા અદ્યાપિ કયાં થયેલી છે?" પ્રતાપે આંતરિક ઉદ્‌ગાર કાઢ્યા.

પતિના આવા ઉદ્દગારો સાંભળીને પદ્માવતી સ્તંભિત થઈ ગઈ. શું બોલવું એની સુઝ ન પડવાથી એ એકીટસે પતિના મુખને જોઈ રહી.

પ્રતાપસિંહે પુનઃ બોલવાનો આરંભ કર્યો, "હે અનાથોના નાથ! હે પાંડવસખા! તું ક્યાં છે? પ્રભો! તું મને સત્ત્વર દર્શન આપીને મારા આ માયા અને મોહ આદિ દુર્ગુણોને દૂર કર, સંસારબંધનમાંથી મને મુક્ત કર અને મારી ઇચ્છાનુસાર આ દેશનો ઉદ્ધાર કર."

પ્રતાપસિંહ! તારી આ કેવી અપૂર્વ દેશભક્તિ! તારી ગણના મનુષ્ય કોટિમાં કરવી કે દેવ કોટિમાં કરવી, એ કલ્પી નથી શકાતું. તારા આ સૌજન્ય અને મનોગાંભીર્યને જોતાં મન વિસ્મયતા અને ભક્તિથી એકાએક ઉભરાઈ આવે છે. ખરેખર, તારી ગણના દેવ કોટિમાં કરવી, એ જ યોગ્ય છે! પરંતુ સુખદુઃખરૂપી માયામોહના જાળમાં બંધાયલાં ક્ષુદ્ર માનવ પ્રાણીઓ તારી મનુષ્ય કોટિમાં જ ગણના કરે છે, માટે તે ભાવને અનુસરીને જ અમે તારૂં અપૂર્વ જીવનચરિત્ર લખવામાં પ્રવૃત્ત થઇયે છિયે.

તારા જીવનસહચર અને પ્રધાનભક્ત ચંદાવત્ કૃષ્ણે એકવાર તારા વિશે એમ કહેલું છે કે, "મૃત મહારાણા ઉદયસિંહની ભૂલ સુધારવા માટે અને મનુષ્યોને સ્વદેશ ભક્તિનો પાઠ શીખવવા માટે જ પુરુષસિંહ પ્રતાપસિંહે આ નશ્વર સંસારમાં અવતાર લીધેલો છે!" અને એ અક્ષરે અક્ષર સત્ય છે.

પંચમ પરિચ્છેદ

સ્નેહ સંતાપ

"And so it comes that still we see
The maid where'er the boy may be;
Love still is blind; and folly still
Direct tne urchin where she will."

ANONYMOES.

કેવળ પ્રકાશમયી પૌર્ણિમાની રાત્રિ. નિરભ્ર નભોમંડળમાં પૂર્ણચંદ્ર વિરાજિત હતો. સર્વત્ર શાંતતાનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. સુંદર ચંદ્રિકાના ધવલ પ્રકાશનો સર્વત્ર વિકાસ થયેલો જોવામાં આવતો હતો. ચન્દ્રિકાના પ્રકાશથી જબરા જંગલને એક પ્રકારની અપૂર્વ શોભા પ્રાપ્ત થયેલી હતી. વૃક્ષ, લતા ઇત્યાદિ સર્વ શાંત હતાં. સમસ્ત જગત્ નિદ્રાસુખના અનુપમ ઉપભોગમાં લીન થયેલું હતું. આકાશસ્થ ચંદ્ર પોતાના રમણીય તેજથી અવનીને આનંદ આપતો હતો. ગગનમાંના તારાઓ સ્થિર દૃષ્ટિથી સૃષ્ટિનું નિરીક્ષણ કરતા હતા. ચકોર ચકોરી ચંદ્રનાં અમૃતમય કિરણોનું યથેષ્ટ પાન કરતાં હતાં. સર્વત્ર શાંતતા અને રમણીયતાનું જ સામ્રાજ્ય વ્યાપેલું જોવામાં આવતું હતું.

એવી એ રમણીય રાત્રિના શાંત સમયમાં જબરા જંગલના નિકટમાં આવેલી એક પર્વત ટેકરીપર બેસી અને જગત્‌નાં સર્વ સુખદુઃખોને વિસારીને એક અપૂર્વ સુંદરી

પોતાના મન સાથે ગાવામાં નિમગ્ન થયેલી હતી. ગાયનની પ્રત્યેક માત્રાના ઉચ્ચારમાં સુધાવર્ષણનો આભાસ થતો હતો. કોકિલાના પ્રથમ તાન પ્રમાણે તેના ગાનનો આરંભ નીચા સ્વરથી થયો; અંતે તે ગાયન પંચમ, અને સપ્તમ સ્વર પર્યન્ત પહોંચી ગયું. સમસ્ત વનસ્થલી તે મધુર ધ્વનિથી ભરાઈ ગઈ. રાત્રિની શાંતતા અને નિઃસ્તબ્ધતાનો ભંગ કરીને સર્વથા તન્મય થઇને તે સુન્દરીએ ગાયું:-

લક્ષ જન્મ જે પ્રેમ મિલનની, બેઠી મનમાં આશ ધરી;
દુર્દૈવે તે પ્રેમ સંગથી, મને વંચિતા હાય! કરી;
આત્મચિંતા જે રચે સ્વહસ્તે, તે સમ દુઃખી કોણ અહા!;
જાણે તેના મનોદુઃખને, એવો કોઈ ન પુરુષ મહા.

ગાયન ગવાતું જતું હતું અને તે સાથે તે યુવતીનાં નયનોમાંથી નીરની ઉષ્ણ ધારા પણ વહેતી જતી હતી.

પૂર્ણમાસીની વિભાવરી હતી. સર્વત્ર ચંદ્રિકા પ્રસરી હતી. જ્યોત્સ્નાધારા ધરણીને સ્નાન કરાવતી હતી. પર્વત પ્રદેશમાં પડેલી કૌમુદી પર્વતપંક્તિને અપૂર્વ શોભાસરિતામાં વિહરાવતી હતી. ઉપર અનંત આકાશ અને અસંખ્ય તારાઓ શોભતા હતા; પાસેથી વહેતી નિર્ઝરણીનો ઝળઝળ ધ્વનિ અને તેમાંના વિલક્ષણ સ્વરો કર્ણને આનંદ આપતા હતા. પર્વતસ્થ વૃક્ષ, લતા ને તૃણ આદિ સર્વ ચન્દ્રિકાનાં કિરણોથી ધવલતા ધારણ કરીને બીજા જ રૂપમાં પોતાનું દર્શન કરાવતા હતા. નિઃસર્ગ દેવતા આનંદમાં નિમગ્ન હતી–કેવળ એ રૂપવતી રમણીના હૃદયમાં મર્મભેદક વેદના થતી હતી.

યુવતી સર્વથા તન્મય થઈ ને ગાયન ગાતી હતી. તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ વહ્યો જતો હતો. તેનો કેશકલાપ અને તેનાં અંગવસનો અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. આવી ચંદ્રિકાયુક્ત રમણીય રજનીમાં નિરાશાએ કલુષિત કરેલા તેના હૃદયસમુદ્રમાં અનેક પ્રકારની વિચારલહરીઓ ઉત્પન્ન થતી હતી. ચન્દ્રનાં કિરણો, પૂર્ણિમાની રાત્રિ અને પ્રકૃતિનું અનુપમ સૌન્દર્ય એ સર્વ તેની વેદનાની વૃદ્ધિનાં કારણો થતાં હતાં. પરંતુ આવી આપત્તિમાં છતાં પણ તેની મનોહર મૂર્ત્તિ બહુ જ રમ્ય દેખાતી હતી.

સુન્દરીએ પોતાના મધુર સ્વરથી પુનઃ તે જ ગાન ગાયું:-

પર્વતના બીજા ભાગમાંથી એ સ્વરમાં પોતાના સ્વરને મેળવીને કોઇએ તેના આલાપનું ઉત્તર આપ્યું;-

અવશ થઇને તવસમ રતિમાં, સમ દુઃખી હું સખે! થયો;
વિચાર એનો કરતાં કરતાં, ભ્રાન્તચિત્ત હું બની ગયો.

એ પદ્ય ગાતો ગાતો એ સુંદર તરુણ નર તે ગાતી યુવતી સમક્ષ આવીને ઊભો રહ્યો. તે તરુણનાં તરલ નેત્રો નીરથી ભરેલાં હતાં, તેનો કંઠસ્વર કંપિત થયેલો હતો અને તેનું સમસ્ત શરીર રોમાંચિત થયેલું હતું. તે તરુણી અનિમેષ નયનોથી તે તરુણને જોવા લાગી. જોતજોતામાં તેનું શરીર પણ રોમાંચિત થઈ ગયું

તે તરુણ ચંદ્રિકાની ધારાથી અભિષિક્ત તે માનિનીના મુખને જોતો અદ્યાપિ ગાવામાં નિમગ્ન જ હતો.-

હૃદય સ્વપ્નને સમરી હૃદયમાં, ક્ષણુ દુ:ખી ક્ષણુ સુખી થતો;
વિચાર એનો કરતાં કરતાં, નષ્ટભાન હું બની જતો.

સુંદરી અદ્યાપિ તે તરુણુના મુખાવલોકનમાં લીન હતી. તરુણુ પણુ તરુણીને એક ધ્યાનથી જોયા કરતો હતો. ચાર નેત્રોનું ઐક્ય થતાં મૂકભાષામાં તે ઉભયનાં પરસ્પર અનેક ભાષણો થઈ ગયાં.

નિઃસ્તબ્ધ શાંત રાત્રિ અને નિઃસ્તબ્ધ નિર્જન અરણ્યમય પર્વત પ્રદેશમાં એ યુવક યુવતી પરસ્પર મુખાવલોકન કરતાં નિઃસ્તબ્ધ ઉભાં હતાં. અન્ય કોઇ પણુ મનુષ્ય પ્રાણીનું ત્યાં અસ્તિત્વ હતું નહિ.

મસ્તકે ચંદ્ર પ્રકાશતો હતો, ચંદ્રનાં શુભ્ર કિરણોનો સર્વત્ર પ્રસાર થયો હતો. કૌમુદીનાં કિરણોના પતનથી એ પર્વત પ્રદેશને અપૂર્વ સૌન્દર્યની પ્રાપ્તિ થયેલી હતી. આસપાસમાં બીજું કોઈ મનુષ્ય પ્રાણી હતું નહિ. એવા સમયમાં તે તરુણુ અને તરુણી પરસ્પરને અતૃપ્ત નેત્રોથી નિહાળવામાં નિમગ્ન થયેલા હતાં. તેમનો એ વેળાનો આદર્શ ખરેખર ચિત્રમાં આલેખવાને જ સર્વથા યોગ્ય હતો.

પૂર્ણમાસીની આનંદમયી નિશા હતી. વિરહિણી વનિતા આજની રાત્રિ કેટલા બધા કષ્ટથી વીતાડતી હશે? અને પ્રેમિક પ્રેમિકાને આજની રાત્રિ કેટલી બધી આનંદદાયિની ભાસતી હશે, એની કલ્પના કરવી અશક્ય છે. એ જ રાત્રે ઉપર્યુક્ત પ્રેમિક અને પ્રેમિકા એ નિર્જન વનમય પર્વત પ્રદેશમાં નિરાશ અંતઃકરણથી પરસ્પરને જોઈ રહ્યાં હતાં. એક બીજા માટે તે ઉભય, મનમાં ઝૂર્યા કરતાં હતાં. ઉભય એક બીજાના સૌન્દર્યમાં મુગ્ધ થયેલાં હતાં. એકે છબીનું દર્શન કરીને અને બીજાએ સ્વપ્નમાં મોહિની મૂર્તિ નિહાળીને પ્રેમ પ્રતિમાને પોતાના પ્રાણુ અર્પણુ કર્યાં હતા.

તરુણીનો તરુણમાં અને તરુણનો તરુણીમાં અનન્ય અને અસાધારણુ પ્રેમ બંધાયલો હતો. ઉભયે પરસ્પર દેહવિનિમય કર્યો હતો. પણુ દુર્દૈવ કે, ઉભય સન્નિધ હોવા છતાં પણુ એક બીજાને પ્રાપ્ત થઈ શકતાં નહોતાં. માર્ગના મધ્યમાં એક અનિવાર્ય વિઘ્ન આવી પડ્યું હતું.

છબીમાં નિહાળેલી પોતાના પ્રિયતમની તે દેવ સમાન મૂર્ત્તિ પોતાનાં નેત્રો સમક્ષ ઉભેલી હોવા છતાં પણુ, આ જન્મમાં તેની પ્રાપ્તિની આશા નથી, એ વિચાર મનમાં આવતાં તે તરુણીનું હૃદય કંપિત થવા લાગ્યું. તે જ પ્રમાણે સ્વપ્નમાં દેખાયલી પોતાની પ્રિયતમાની સુંદર મનોહર મૂર્ત્તિ પોતા પાસે હોવા છતાં આ ભવમાં તેની પ્રાપ્તિ થાય, એ અશક્ય છે, એ વિચારનું હૃદયમાં આગમન થતાં તે તરુણની પણુ તરુણી જેવી જ અવસ્થા થતી હતી. તરુણ પોતાના મનમાં કહેવા લાગ્યો, "બ્રહ્મદેવનું આ કેવું અલૌકિક કર્તૃત્વ! મારા મનમાં એમ જ થયા કરે છે કે, જન્મો જન્મમાં મને આ તરુણી જ પ્રાપ્ત થાય તો મારું અહોભાગ્ય!" તરુણીના મનમાં પણુ એ વેળાએ એવો જ વિચાર ચાલતો હતો. ઉભયના હૃદયોમાં એક પ્રકારનો ભયંકર વિક્ષોભ ઉત્પન્ન થયો હતો, ઉભયનાં નેત્રોમાંથી અશ્રુનું અવિશ્રાંત વહન થયા જ કરતું હતું અને ઉભય અશ્રુપૂર્ણ નયનોથી એક બીજાના મુખના અવલોકનમાં લીન હતાં. પરસ્પરના પ્રેક્ષણમાં એવી રીતે કેટલોક સમય વીત્યા પછી તે તરુણી બાષ્પરુદ્ધ કંઠથી ગાવા લાગી કે—

હૃદય સ્વપ્નને હવે વિસારી, આ નારીને નાથ! તજો;
મુખ બતાવી નહિ બાળો બાળા, અન્ય સ્થાને સ્નેહ સજો.

તેનાં તે મધુર આલાપયુક્ત ગંભીર ગાનથી દશે દિશા વ્યાપ્ત થઈ ગઈ. તરુણ થોડી-વાર નિઃસ્તબ્ધ બની ગયો અને ત્યાર પછી વિષાદપૂર્ણ અંતઃકરણથી તેણે ઉત્તર આપ્યું કે;—

એજ શ્રેષ્ઠ ભાસે મમ હૃદયે, આજ્ઞા દે પ્રેમથી મને;
સત્વર ચાલ્યો જાઉં અહીંથી, વિસારિને સર્વથા તને.

તે તરુણ પોતાના કંપિત કરથી તે કામિનીના કંપિત કરને સ્પર્શ કરીને તેની આજ્ઞા લેવાના વિચારમાં હતો, એટલામાં આકાશમાં એક પક્ષિએ વિકટ ધ્વનિ કર્યો. પક્ષીનો ધ્વનિ સાંભળીને બન્ને ચકિત થઈ ગયાં.

એ સમયે તેની આજ્ઞા તરુણથી લઈ શકાઈ નહિ. તે મનમાં જ કહેવા લાગ્યો, "પિતાના વ્રતની ઉદ્યાપનામાં હવે તે કેટલોક વિલંબ રહેલો છે? થોડા સમય માટે પિતૃ-દ્રોહનું પાપ શિરે વ્હોરવું એ યોગ્ય નથી!"

ક્ષણ બે ક્ષણ ઉભય નિઃશબ્દ થઈ ગયાં. શિરોભાગે અનંત આકાશ આસપાસ નિર્જન વનસ્થલી અને ચરણતળે અપાર પૃથ્વી! અદ્યાપિ તે ઉભય ત્યાં ઉભાં જ હતાં. એ તરુણ અને તરુણી તે કુમાર અમરસિંહ અને કુમારી યમુના હતાં.

ષષ્ઠ પરિચ્છેદ

કાળ પ્રભાવ—'ના' ને સ્થાને 'હા'

"कालस्य कुटिला गतिः" किंवदन्ती

રોમાંચિત કરી નાખે એવું પ્રતાપસિંહનું અમાનુષ-ચરિત્ર તો આપણે અત્યાર સુધી વર્ણવ્યું, પણ હવે પ્રસ્તુત પરિચ્છેદમાં આપણે તેના સાધારણ મનુષ્યચરિત્રનું અવલોકન કરવાનું છે. મનુષ્ય જે વેળાએ મહત્તાના શિખરે પહોંચીને અક્ષય કીર્તિ અને અતુલ પુણ્યનો સંચય કરે છે, તે વેળાએ તે આબાલ વૃદ્ધ સર્વનો પૂજ્ય પુરુષ થઈ પડે છે. વળી એવા મહાપુરુષના હસ્તે કદાચિત્ કોઈ પ્રમાદ થઈ જાય છે, તો તેમાં પણ લોકનું અધિક લક્ષ રોકાય છે. જો કોઈ સાધારણ મનુષ્યના હસ્તે તેથી પણ વિશેષ ભયંકર પ્રમાદ થાય, તો તે વિશે કોઈ વિચાર માત્ર કરવાનો પરિશ્રમ પણ-લેતું નથી. સાધારણ બુદ્ધિના મનુષ્યો એવા પ્રમાદ કરે, એ જગતનો સાધારણ નિયમ જ છે. પરંતુ જેના હાથે પ્રમાદ થવાની કોઈ કાળે કલ્પના પણ ન હોય અથવા તેના માટે જે કાર્ય અસંભવનીય હોય, એવી કોઈ કલ્પનાતીત કૃતિ તેના હસ્તે થઈ, તો પ્રથમ તો લોકો તે માનતા જ નથી. પાછળથી જ્યારે તેની સત્યતાનાં દર્શક વિશેષ પ્રમાણો તેમને મળી આવે છે, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઇને એક બીજાના મુખને તાકતા ઉભા રહે છે, અને તે વિશે અધિક ઊહાપોહ કરવા માંડે છે. જગતનો એ અનાદ્યનન્ત કાળનો અબાધિત નિયમ જ છે.

પ્રતાપના દેવચરિત્રના વાચનથી જેમનો તેનામાં પૂજ્યભાવ થયેલો હોય તેઓ, પ્રતાપની ઇચ્છા કે અનિચ્છાથી થયેલા પ્રમાદનો વૃત્તાંત વાંચીને તેથી વિરક્ત કે ખિન્ન

ન થાઓ, એવી અમારી ઇચ્છા છે. ગમે તેવો પણ અંતે તો પ્રતાપ એક મનુષ્ય હતો. જીવ ધર્મના નિયમો તેને પણ લાગુ તો પડે જ છે. તેની સ્ત્રી હતી, તેનાં બાળકો હતાં. સુખ દુઃખના તરંગો તેના મનમાં પણ ઉદ્ભવવા જોઈએ જ. વસ્તુસ્થિતિ આવી છતાં પણ આજ સુધી તેના હસ્તે એક પણ પ્રમાદ થવા ન પામ્યો, એનો હેતુ એકે તે પુણ્યશ્લોક મહાપુરુષ હતો.

સત્યનો અપલાપ ન થાય, તેટલામાટે એ મહાપુરુષના ચરિત્રમાં કલંકરૂપ થઈ રહેલા એક પ્રસંગનો ઉલ્લેખ અહીં કરવો એ અમે અમારું કર્ત્તવ્ય સમજિયે છિયે. ગમે તેમ પણ પ્રતાપ એક મનુષ્ય પ્રાણી હતો અને પ્રમાદ થવો એ મનુષ્યનો એક નિયત ધર્મ છે.

દુર્દૈવે અને દારિદ્ર્યે પોતાનાં ભયંકર સ્વરૂપો દેખાડ્યા છતાં અને અકબરે વારંવાર લોભ ઉત્પન્ન કરનારા સંદેશા કહાવ્યા છતાં પણ, પ્રતાપસિંહ વ્રતહીન કે કર્ત્તવ્યભ્રષ્ટ થયો નહિ. પણ આજે બનેલા એક અપૂર્વ કરુણાકારક દૃશ્યથી તેના હૃદયસમુદ્રમાં એક મહાન્ વિક્ષોભ ઉત્પન્ન થયો. તેણે તેને ચંચલ તથા સંકલ્પભ્રષ્ટ બનાવી દીધો. ગમે તેમ હો, પ્રતાપ એક પંચતત્ત્વાત્મક મનુષ્ય જ હતો.

એક ગુપ્ત ગિરિકંદરામાં બેઠી બેઠી અભાગિની રાજમહિષી પદ્માવતી બહુ જ પરિશ્રમે મેળવેલા આહાર દ્રવ્યોની પાકનિષ્પત્તિ કરવામાં રોકાયલી હતી. પ્રતાપસિંહ પાસે જ એક તૃણશય્યામાં પોતાની સ્થિતિનો વિચાર કરતો પડ્યો હતો. એક બાજૂ પ્રતાપનાં દીર્ઘ નખ, મલિન વસ્ત્રો અને વીરત્વદર્શક કૃશ શરીર ઇત્યાદિ ચિન્હો તેના કઠોર વ્રત પાલનની સાક્ષી આપતાં હતાં અને બીજી બાજૂએ મૂર્તિમાન્ દારિદ્ર્ય કાલરૂપે પોતાની સહસ્રશઃ જિહ્વાઓ પ્રસારીને તેનો ગ્રાસ કરવા માટે ટાંપી બેઠું હતું. દુર્દૈવી રાજબાળકો આશાશીલ ભિક્ષુકોનાં બાળકો પ્રમાણે માતપિતાની આસપાસમાં ફરતાં હતાં. ખાવાની કાંઈ પણ વસ્તુ જોવામાં આવતી કે પોતપોતામાં લડીવડીને તત્કાળ તે ખાઈ જતાં હતાં. અત્યારે પણ એવી જ કોઈ લડાલડી ચાલૂ હતી. પ્રતાપસિંહ આજે ચાર પાંચ વર્ષથી નિત્ય એવા નવા નવા કરુણાસ્પદ આદર્શો જોયા કરતો હતો.

આજે પણ તેવો જ એક કરુણોત્પાદક દેખાવ તેના જોવામાં આવ્યો. તેના બાળકોપ્રતિ દૃષ્ટિ ફેરવીને જોયું તો રાજમહિષી પદ્માવતી કોઈ ભિક્ષુકની સ્ત્રી પ્રમાણે ફાટેલાં તૂટેલાં મલિન વસ્ત્રો પરિધાન કરીને ક્ષુધાથી અને મનસ્તાપથી કૃશ થઈ ગયેલા હાથોવતી ચૂલામાં ઇંધન નાખતી અને તવાપર કાંઇક શેકતી તેની દૃષ્ટિએ પડી. બાળકો ક્ષુધાતુર હોવાથી તેની પાસે બેઠેલાં હતાં. તેઓ વારંવાર ચૂલામાં અને તેનાપર શેકાતી વસ્તુમાં દૃષ્ટિ નાખીને તે ક્યારે તૈયાર થાય અને ક્યારે પેટમાં પડે, એનો વિચાર કર્યા કરતાં હતાં. એ શેકાતી વસ્તુ શી હશે વારુ? રુચિ અને સૌગંધ્ય રહિત એક જાતિના વન્ય તૃણોનો લોટ! એ લોટના રોટલા ઘડીને પ્રતાપની રાણી તવામાં તે શેકતી ચૂલા પાસે બેઠી હતી.

તૃણશય્યામાં પડેલો અર્ધ–અવનીપતિ પ્રતાપસિંહ એ બધો દેખાવ જોયા કરતો હતો અને તેથી થયેલી વ્યગ્રતાથી તે જાણે પર્વતરાજ હિમાલય પદતળે પૃથ્વી અને

મસ્તકે આકાશને ધારણ કરીને વર્ષા તથા ઝંઝાવાતની દરકાર ન કરતાં પોતાના જ મનોવિચારમાં લીન થઇને પડ્યો હોય તેવો દેખાતો હતો.

રાજમહિલા પદ્માવતીએ મહાશ્રમે પોતાની આંખોમાંનાં આંસુ લૂછીને તૈયાર થયેલા રોટલા બાળકોને ખાવા માટે આપ્યા. બાળકોએ પણ અત્યંત પ્રેમથી મિષ્ટાન્ન પ્રમાણે તે રોટલાનું ભક્ષણ કર્યું. એકાદ બાળકે પાછળ કાંઈ બચ્યું છે કે નહિ અને બીજીવાર ભૂખ લાગશે તો ખાવાનું મળશે કે નહિ, એની પણ તપાસ કરી. પણ માતાએ જ્યારે "કાંઈ બચ્યું નથી." એવું નિરાશાસૂચક ઉત્તર આપ્યું, ત્યારે "અત્યારે જ એકદમ પેટ ભરીને શા માટે ન ખાવું?" એવો કેટલાકોએ મનમાં સવાલ કર્યો. એટલામાં પ્રતાપસિંહની એક સાત આઠ વર્ષના વયની કન્યાએ પોતાને મળેલા રોટલામાંથી અર્ધ ખાઇને અર્ધ બીજીવારને માટે સંગ્રહી રાખ્યો. એ દેખાવ જોઇને પદ્માવતીને રડવું આવી ગયું. પતિની સહાનુભૂતિ મળે છે કે નહિ, તે જાણવા માટે એકવાર તેણે તેના તરફ દૃષ્ટિપાત કર્યો. પણ ધૈર્યમેરુ પ્રતાપ કિંચિન્માત્ર પણ ડગ્યો નહિ.

ડગ્યો નહિ તે બાહ્યદૃષ્ટિથી, પણ તેના અંતઃકરણની સ્થિતિ એ વેળાએ કેવી થયેલી હોવી જોઇએ, એની કલ્પના પ્રત્યેકે મનમાં જ કરી લેવાની છે. ગમે તેવો દેવચરિત્રવાન્ હોય, તોપણ અંતે તો પ્રતાપ મનુષ્ય જ હતો!

ત્યાર પછી એક બનાવ બન્યો. કન્યાએ, બચાવેલી અર્ધ રોટલી બહુ જ સંભાળથી જમીનમાં એક ખાડો ખોદીને તેમાં સંતાડી રાખી, અને માતા પાસે આવીને કાલાઘેલા શબ્દોથી તેને તે કહેવા લાગી કે, "તું રડે છે શા માટે?" એટલામાં ત્યાં એક રાની બિલાડો આવી લાગ્યો. તે, તે બાલિકાની પ્રાણથી પણ પ્રિયતર અર્ધ રોટલી જમીન ખોદીને લઈ ગયો. એ જોઇને તે અર્ધ ક્ષુધાતુર રહેલી બાલિકાએ હૃદયભેદક આક્રંદ કરવા માંડ્યું. માતાએ "શું થયું?" કરીને અનેક રીતે તેનાં દુઃખનું કારણ પૂછ્યું, પણ કાંઇએ ઉત્તર ન આપતાં તે રડવામાં જ લીન રહી.

હવે હિમાલયે અચલતાનો ત્યાગ કર્યો અને સમુદ્રે ગંભીરતા છોડી દીધી. સતીના મૃત્યુ સંવાદના શ્રવણથી ધૂર્જટિના પ્રાણ એકાએક વ્યાકુળ થઈ ગયા-અર્થાત્ પ્રતાપની હૃદયવ્યથાનો પાર રહ્યો નહિ.

તે તૃણશય્યામાં પડેલો, સહસ્ર વૃશ્ચિકોના દંશથી જર્જરિત અને સહિષ્ણુતાનો અવતાર પ્રતાપસિંહ પડ્યો પડ્યો એ, કરુણાસ્પદ બનાવ જોયા કરતો હતો. જોતાં જોતાં તેના હૃદયમાં વડવાનળનો ઉદ્ભવ થયો. મહાકષ્ટે તેની જ્વાળાનો દાહ તે સહન કરવા લાગ્યો. ગતકાળની અને વર્તમાન કાળની અનેક ઘટનાઓના વિચાર આવીને તેનાં નેત્રો સમક્ષ ઉભા રહ્યા. પોતાની લાડકી પુત્રીએ બીજીવાર ખાવા માટે સાચવી રાખેલો અડધો રોટલો રાનીબિલાડો લઈ ગયો અને તેના માટે તે શોક કરતી બેઠી હતી, તેમ જ તેને રડતી જોઇને તેની માતા પણ રડતી હતી, એ દેખાવથી પ્રતાપના હૃદયમાં શલ્ય ખૂચવા સમાન વેદના થવા લાગી. એ અસહ્ય વેદના તેણે કોઇને પણ જણાવી નહિ. પુત્રીના અન્ન માટેના આક્રંદે તેના યોગાસનને ચલિત બનાવી નાખ્યું. તેના શાંત હૃદયસમુદ્રમાં એકાએક ભયંકર વિક્ષોભનો ઉદ્ભવ કરી દીધો. તેનું હિમાલય સમાન ગંભીર અને અચલ હૃદય કંપાયમાન થવા લાગ્યું. તેના નેત્રોમાં

અંધકાર છવાઈ ગયો. તેનું માથું ફરવા લાગ્યું અને તે સાથે જાણે સર્વ સૃષ્ટિ પણ ફરતી હોય એવો તેના મનમાં ભ્રમ થઈ ગયો. અર્થાત્ કન્યાનો આક્રોશ સાંભળીને પ્રતાપસિંહ પોતે પણ એક બાળક પ્રમાણે રડવા લાગ્યો.

પ્રતાપનું રુદન સાંભળીને કન્યાએ પોતાના રુદનની સમાપ્તિ કરી; પદ્માવતીનું રડવું પણ બંધ થયું. તે સર્વ ભયભીત થઇને પ્રતાપના શોકાતુર મુખનું અવલોકન કરવા લાગ્યાં. દુઃખ અને સુખના ભાવથી વિરક્ત સ્મશાનવાસી સદાશિવનાં નેત્રોમાં આજ અશ્રુ કેમ આવ્યાં? એના વિચારમાં તેઓ પડી ગયાં. ભલે આપણે તેને કેટલાક તેનામાં રહેલા અલૌકિક ગુણોથી તેને સદાશિવની ઉપમા આપીએ, પણ ખરી રીતે તો પ્રતાપ પણ એક મનુષ્ય પ્રાણી જ હતો.

મનુષ્ય હોવાથી જ પ્રતાપના હૃદયસાગરમાં વિક્ષોભ થયો. તે હૃદયસમુદ્રના વિચારરૂપી પ્રવાહનો અત્યારે જે દિશામાં વહનભાવ થયો, તે દિશામાં તેની ગતિને રોકવાનું કાર્ય સર્વથા અશક્ય થઈ પડ્યું. પ્રતાપે અકબરને સંધિ માટે પ્રાર્થના કરી.

પ્રતાપસિંહનો ચિરસહચર ચંદાવત્ કૃષ્ણ આવ્યો. અમરસિંહ આવ્યો. મહારાણી પદ્માવતી પણ ત્યાં આવી. સર્વ તેનો વિચાર જાણી આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમણે અનેક પ્રકારે તેને સમજાવ્યો, પ્રાર્થના કરી, તેના મનમાં આવેલા વિચારને કાઢી નાખવાનો બને તેટલો પ્રયત્ન કર્યો; પણ સમુદ્રના સલિલની ગતિને રોકવામાં કોઈ પણ સમર્થ થયું નહિ. ભીષ્મની પ્રતિજ્ઞાને તે કોણ ફેરવી શકે? સર્વજનો ભયભીત થઇને પ્રતાપસિંહથી જરાક દૂર જઇને ઉભાં રહ્યાં; પ્રતાપસિંહ સમક્ષ બોલવું, એ તેમના સામર્થ્યથી ઉપરાંતનું કાર્ય હતું.

આ પૂર્વે સંધિ માટે બાદશાહનો સંદેશો આવ્યો હોત, તો પ્રતાપે કોઈ કાળે પણ અનુમોદન આપ્યું હોત નહિ. તે દિવસે શાહના જાસૂસને જ્યારે "ના" પાડી ત્યારે તેના મુખમાંથી "હા" પડાવવાની કોઇની પણ શક્તિ હતી નહિ. તેવી જ રીતે આજે જ્યારે તેણે "ના"ને સ્થાને "હા" પાડી, ત્યારે પાછી તેના મુખે "ના" કહેવડાવવાની પણ કોઇનામાં શક્તિ હતી નહિ. મહાપુરુષોનો સર્વ સ્થિતિમાં એવો જ પ્રભાવ હોય છે, જેવી ભાગ્ય રેખા !! મનુષ્યનું શું બળ !!!

સપ્તમ પરિચ્છેદ

અશક્ય સર્વથા અશક્ય !

"सौजन्य धन्यजनुषः पुरुषः परेषां । दोषानपास्य गुणमेव गवेषयन्ति ।
त्यक्त्वा भुजंगमविषाणि पटीरगर्भात्सौरभ्यमेव पवनाः परिशीलयन्ति"

सुभाषितम्

રવિ કક્ષાભ્રષ્ટ થયો. ગિરિરાજ હિમાચલ એક સાધારણ ગિરિગુહામાં જઇને સંતાઈ બેઠો. પ્રચંડ વૃક્ષનું ઉન્મૂલન થયું. એકાએક પ્રતાપનું પારતંત્ર્યસ્વીકારદર્શક પત્ર આવતાં અકબરના મનમાં એક સમયાવચ્છેદે આશ્ચર્ય ને વિસ્મયતાનો ભાવ ઉદ્ભવ્યો. પ્રતાપસિંહે આવા પારતંત્ર્યનો સ્વીકાર કર્યો હોય, એ વાત જ પ્રથમ તો તેના માનવામા

આવી નહિ. તેણે તે સંધિપત્ર પુનઃ પુનઃ ચાર પાંચ વાર વાંચી જોયું, અનેકવાર બીજાઓને બતાવ્યું; ઘડી ઘડી પ્રતાપના હસ્તાક્ષર તપાસી જોયા. એવી રીતે વિચારમાં કેટલોક સમય વીતાડીને અંતે તેણે એજ નિશ્ચય કર્યો કે, "પત્ર તો પ્રતાપનું જ છે?" તેના આનંદનો પાર રહ્યો નહિ. રાજ્યમાં તેણે એક મહાન્ ઉત્સવનો આરંભ કર્યો.

પ્રતાપસિંહના પ્રધાનભક્ત રાજપૂત કવિરાજ પૃથ્વીરાજને અકબરે એ સમાચાર સંભળાવ્યા, સંધિપત્ર પણ દેખાડયું. એ પત્ર લઈ આવનારા દૂતને અકબરે યથેષ્ટ પારિતોષિક આપ્યું.

પત્ર વાંચીને પૃથ્વીરાજ ગહન વિચારમાં પડી ગયો. ત્રણ ચાર વાર ફરી ફરીને તેણે પ્રતાપનું પત્ર વાંચ્યું. એ અક્ષર પ્રતાપના જ છે કે નહિ, તે જોવા માટે વારંવાર લક્ષપૂર્વક તેનું નિરીક્ષણ કર્યું.

એથી ટકોર કરીને અકબરશાહે પૂછ્યું, "કેમ કવિરાજ ! પત્રને આટલા બધા ધ્યાનથી જોવાનું કારણ? પ્રતાપસિંહે આવું સંધિપત્ર શામાટે અને કેમ લખ્યું, એ વિશેના વિચારમાં તો તમે વિલીન થઇ ગયા નથી ને? મને તો એમ જ લાગે છે, પછી તો ખુદા જાણે!"

"હુજૂરનું અનુમાન ખરું છે. અપરાધની ક્ષમા હોય તો કહું -આ પત્ર પ્રતાપસિંહે પોતે લખ્યું હોય, એમ મને તો લાગતું નથી." પૃથ્વીરાજે કહ્યું.

બાદશાહે મહા ઉત્સુકતા અને મ્લાન મુખથી પૂછ્યું, "શું? આ પત્ર પ્રતાપસિંહનું નથી? એ બનાવટી પત્ર છે?"

"સ્પષ્ટ કહેવામાં કાંઈ પણ અપરાધ હોય એમ હું માનતો નથી, અને તેથી કહું છું કે, મને તો આ પત્ર બનાવટી જ દેખાય છે. પ્રતાપસિંહના કોઇ ગુપ્ત શત્રુએ તેના નિર્મળ યશને કલંકિત કરવાના હેતુથી જ આ પત્ર લખેલું હોવું જોઇએ." પૃથ્વીરાજે સાહસ કરીને કહ્યું.

"તમે તો મારી ધારણાને ખોટી પાડી નાખતા હો એમ લાગે છે. પણ નહિ, તમારી તેનામાં અતિશય ભક્તિ અને શ્રદ્ધા હોવાથી જ કદાચિત્ તમને આ પત્ર અસત્ય અને બનાવટી ભાસતું હશે. હું નિશ્ચયથી કહું છું કે આ અક્ષર પ્રતાપસિંહના જ છે, બીજા કોઇના નથી." અકબરે દૃઢતાથી કહ્યું.

"જહાંપનાહ! હું પ્રતાપસિંહને સારી રીતે ઓળખું છું. પોતાનું રાજ્ય તો શું પણ હુજૂર જો તેને પોતાનું સમસ્ત સામ્રાજ્ય પણ આપી દેતા હોય તોય પણ તે શરણે આવે, એ કોઈ કાળે બને જ નહિ. આ પત્ર બનાવટી જ છે!" પૃથ્વીરાજે કહ્યું.

કવિજનો સર્વ સ્થાને અને સર્વ પ્રસંગે સર્વથા સ્વતંત્ર જ છે. ઘણા દિવસથી બાદશાહનો પૃથ્વીરાજમાં પ્રેમ બંધાયો હતો અને વિશેષતઃ નવરોજના દિવસે દૃષ્ટિગોચર થયેલી તે સિંહવાહિની મૂર્તિના તેજ અને પરાક્રમનું સ્મરણ થતાં, પૃથ્વીરાજમાં તેનો અપૂર્વ ભાવ થયો હતો, એટલું જ નહિ, પણ તેનાથી તે થોડો ઘણો ડરવા પણ લાગ્યો હતો.

બાદશાહના મનમાં શંકાનો ઉદય થયો અને જ્યાંસુધી પૃથ્વીરાજ પોતાના મુખથી એમ ન કહે કે, "આ સંધિપત્ર પ્રતાપસિંહનું પોતાનું જ લખેલું છે," ત્યાંસુધી

એ શંકાનું સમાધાન થવું અશક્ય હતું એટલામાટે તેણે જરાક કોપના ભાવથી પૃથ્વીરાજને પૂછ્યું, "જ્યાંસૂધી આપણને અમુક વાતનો નિશ્ચય ન હોય ત્યાંસૂધી તેના વિશે અભિપ્રાય આપવો, એ નિર્ભય માર્ગ નથી. પ્રતાપસિંહ પ્રતિ તમારો વિશેષ પૂજ્યભાવ હોવાથી જ તમે આમ બોલો છો. આ પત્ર પ્રતાપસિંહનું નથી, એમ સિદ્ધ કરવાનાં તમારી પાસે શાં શાં પ્રમાણો છે?"

"હુજૂરના ભાષણની વ્યર્થ ટીકા કરવી એ આ દાસને શોભતું નથી!" પૃથ્વીરાજે ગંભીરતાથી ઉત્તર આપ્યું.

"તમને જે કાંઈ પણ યોગ્ય લાગતું હોય, તે કહી દ્યો. હું કોપ કરીશ નહિ." અકબરે કાંઇક શાંત થઈને કહ્યું.

"જો હુજૂર સત્ય જ પૂછતા હોય, તો મારે કહેવું જ જોઇએ કે, પ્રતાપ આવું પત્ર લખે, એ અશક્ય, સર્વથા અશક્ય છે!!" પૃથ્વીરાજે નિશ્ચયથી કહ્યું.

"શક્ય હોય કે, અશક્ય; પણ કાળનો અને પોતાના બળનો સર્વને વિચાર કરવો પડે છે. પ્રતાપસિંહ અત્યારે કેવી અવદશામાં છે, તેનો તો વિચાર કરી જુઓ." અકબરે સમય અને સ્થિતિનું વિવેચન કર્યું.

"મેં એનો પૂરેપૂરો વિચાર કર્યો છે; અત્યારે તે એક સર્વ સાધનહીન, વનચારી અને સંન્યાસી છે!" પૃથ્વીરાજે કહ્યું.

"તમે કહો છો, તેનાં કરતાં પણ અત્યારે તે અધમ અવસ્થામાં છે. હાલમાં આહાર માટે તેને પૂરતું અન્ન પણ મળતું નથી. પુત્ર આદિને સાથે લઇને તે એક વનમાંથી બીજા વનમાં અને બીજામાંથી ત્રીજા અરણ્યમાં છુપાઈ રહેવાને ભટક્યા કરે છે. મારા સૈનિકો રાત્રિ દિવસ તેની પૂઠે પડેલા હોવાથી ઘડી બે ઘડી શાંતિથી બેસવાનો પ્રસંગ પણ તેને મળી શકતો નથી. તેની એક ભિક્ષુક કરતાં પણ વધારે ખરાબ હાલત થયેલી છે." અકબરે પ્રતાપની પીડાનું વર્ણન કરી સંભળાવતાં કહ્યું.

"હુજૂરનું કહેવું સત્ય છે. પરંતુ એવી અધમ અવસ્થામાં કષ્ટો ભોગવતાં તો સામી એ મહા પુરુષના ચિત્તની દૃઢતા સિદ્ધ થાય છે. એનું હિમાલય સમાન અચળ મન કોઈ કાળે પણ ચળ થવાનું નથી. પૃથ્વીરાજે ઉત્તર દીધું.

"ત્યારે તમારું મત એમ જ છે કે, આ પત્ર પ્રતાપસિંહનું નથી?" અકબરે મ્લાન મુદ્રાથી પ્રશ્ન કર્યો.

"જી—હા—મારો એ જ અભિપ્રાય છે." પૃથ્વીરાજે ઉત્તર આપ્યું

"અભિપ્રાય અને ન અભિપ્રાયનો પ્રસંગ અત્યારે નથી. તમારા અભિપ્રાયની સત્યતા દેખાડનારાં પ્રમાણો તમારે રજૂ કરવાં પડશે. પ્રતાપસિંહના હસ્તાક્ષર તો તમે ઓળખતા હશો જ. માટે આ પત્રની સારી રીતે પરીક્ષા કરીને કહો કે એ અક્ષર પ્રતાપ રાણાના હાથના છે કે નહિ?" અકબરે પૃથ્વીરાજને દમમાં લેવા માંડ્યો.

પણ એથી પૃથ્વીરાજ જરાએ ગભરાયો નહિ. તેણે હસીને કહ્યું કે "જહાંપનાહ! જે કોઈ પણ પ્રતાપસિંહના નામે પત્ર લખવાનું સાહસ કરે, તેણે તેના જેવા અક્ષર લખવા જ જોઈએ."

"જો એમજ હોય તો દિલ્લીશ્વરની પોતાની હુજૂરમાં બનાવટી પત્ર મોકલવાનું સાહસ કોનું હોવું જોઇએ? એવો પોતાના જીવપર ઉદાર થયેલો મનુષ્ય તે કોણ હશે?" દિલ્લીશ્વરે પોતાના અભિમાનનું ભાન કરાવ્યું.

કોપ કરી અકબરે તે પત્ર લાવનાર દૂતને એકદમ દરબારમાં બોલાવી મગાવ્યો. કંપતો કંપતો દૂત આવ્યો, તેને શાહે કહ્યું કે, "આ પત્રની સત્યતા અસત્યતાનો નિર્ણય ન થાય, ત્યાં સૂધી તું અમારો બંદીવાન છે."

ગરીબ બિચારો દૂત! વિનાકારણ કારાગૃહવાસી થયો.

અષ્ટમ પરિચ્છેદ

પૃથ્વીરાજનું સાહસ

"I would applaud thee to the very echo,
That should applaud again." SHAKESPEARE.

ચળ વિચળ થતા મનમાં પૃથ્વીરાજ અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો. "શું ખરેખર પ્રતાપસિંહે જ આ પત્ર લખ્યું હશે? શું મોગલ શાહેનશાહ સમક્ષ તેણે પોતાના પરાજયનો સ્વીકાર કર્યો? શું મહા પુરુષ વ્રતથી ચળિત થયો? આજે અઢાર અઢાર વર્ષથી પોતાનાં સર્વ સુખોને ત્યાગી, જેણે વનચર વૃત્તિ સ્વીકારેલી છે, ચિત્તોડના ઉદ્ધાર માટે જેણે મેવાડનો સર્વ પ્રદેશ ખોઈ દીધો છે, ક્ષત્રિયોનું નામ નિષ્કલંક રાખવા માટે જેણે શિશોદિયા કુળના સમસ્ત કુમાર અને કુમારિકાઓને દીર્ઘકાળથી અવિવાહિત રાખેલાં છે, તે પ્રાતઃસ્મરણીય, પુણ્યશ્લોક અને હમીરનો વંશ "મહારાણો પ્રતાપ– આજે વ્રતથી ચ્યુત થયો? ભયંકર દારિદ્ર્યના દુઃખદાયક ચક્રમાં સપડાયાથી તેના મનમાં પોતાની પ્રતિજ્ઞાનું વિસ્મરણ થઈ ગયું? આવું દારુણ દુઃખ કેમ સહી શકાય?"

એક એકાંત સ્થાનમાં બેઠેલા પૃથ્વીરાજના મનમાં એવા વિચારો થતા હતા. ત્યારપછી તે મનમાં જ કહેવા લાગ્યો, "બાદશાહનું અનુમાન ખોટું નથી. સંધિપત્રમાંના હસ્તાક્ષરો પ્રતાપસિંહના જ છે. જો કે પ્રતાપસિંહની વિમલ કીર્તિને કલંકિત કરવામાં ઉત્સુક હોય, એવા અનેક ગુપ્ત શત્રુઓ અને ગૃહ શત્રુઓ જીવતા જાગતા છે, પરંતુ આટલા દિવસ પછી આવું પત્ર બાદશાહના દરબારમાં મોકલવાનું તેમનામાંથી કોઈ પણ સાહસ કરે, એ સંભવિત જણાતું નથી. વળી જો પત્ર બનાવટી હોય, તો તે બાદશાહ પાસે લઈ આવવાનું દૂત સાહસ કેવી રીતે કરી શકે? પત્ર લઈ આવનાર દૂત તેની મુખમુદ્રાથી નીચ હોય તેવો જણાતો નથી. મારો તર્ક અસત્ય હતો, એ હવે મને જણાય છે. ખરી વાત તો એ છે કે, મેવાડના ઉદ્ધાર કે ઉદયની અંતિમ આશાનો પણ નાશ થઈ ચૂકયો છે!"

"જો આ વાત ખરી હોય, તો પણ એ માટે હું મહારાણાને અપરાધી ગણીશ નહિ. આવી દુર્દશા છતાં પણ આટલા દિવસ એણે જ શત્રુ સમક્ષ ટકાવ કર્યો છે. એની હાલની બુરી હાલતનો મનમાં વિચાર આવતાં જ લોહીનું પાણી થઈ જાય છે. આવી

સ્થિતિમાં ચલિત થયેલા મનને દૃઢાવે અને ઉત્સાહને જગાવે, એવું કોઈ માણસ પણ તેની પાસે રહ્યું નથી. તેના ઉત્સાહની વૃદ્ધિ કરવા માટે મેં મારી લાડકી બ્હેનને મોકલી છે ખરી, પણ એ ઉચ્છૃંખલ કુમારિકાથી એ કાર્ય કેવી રીતે પાર પાડી શકાય વારુ? અર્થપૂર્ણ બે વાર્તાઓ અથવા વીરરસલુપ્ત બે કાવ્યો સંભળાવીને તે કુમારિકા, તે દૃઢ પ્રતિજ્ઞ, સંકલ્પપરાયણ અને સ્વદેશભક્તને કર્ત્તવ્યપરાયણ કરી શકે ખરી? આ પ્રસંગે જો હું તેના પાસે હોત, તો કેવું સારું થાત!"

થોડીવાર મૌન્યતા ધારણ કરીને તે પાછો બબડવા લાગ્યો, "પણ હું પાસે નથી તેથી શું થયું? શું હું અહીંથી જ તેને કોઈ પ્રકારની સારી સૂચના નહિ કરી શકું? તેના એક દિવસના મોહથી આટલાં વર્ષ સુધી પાળેલા વ્રતનો જ્યારે ભંગ થાય છે અને તે સાથે મેવાડની સર્વ ભાવિ આશાઓનો પણ ભંગ થવાનો સંભવ જણાય છે, ત્યારે મારે એ વિશે તેને કાંઈ પણ સૂચના તો આપવી જ જોઇએ. હું મારું ધારેલું કરી શકીશ!"

એવી રીતે પૃથ્વીરાજે શાંતિથી અનેક વિચારો કર્યા અને અંતે એક નિશ્ચયપર આવીને તે બોલ્યો કે, "હા એ જ યોગ્ય ઉપાય છે, એમ કરવાથી સહજમાં નિરપરાધી દૂત બંધનમુક્ત થશે અને મેં પણ મારું કર્ત્તવ્ય બજાવ્યું એમ કહેવાશે. જો કે નિશ્ચયપૂર્વક તો કાંઈ પણ નથી કહી શકાતું, તોપણ મારી મનોદેવતા મને કહે છે કે, મહારાણા જો પોતાની ભૂલ થયેલી જોશે તો જાગૃત થયેલા સિંહ પ્રમાણે ગર્જના કરીને ઉઠશે. વસ્તુસ્થિતિ ગમે તે હો, પણ બાદશાહથી વાદવિવાદ કરવાથી એ ફળ તો મળ્યું ખરું જ કે, એક વેળા મહારાણા પ્રતાપસિંહને તેની સત્ય પ્રતિજ્ઞાની સ્મૃતિ તો કરાવવી જ."

એટલામાં પૃથ્વીરાજની પત્ની મહાસાધ્વી, જોધાબાઈ ત્યાં આવી. તેને જોતાં જ પૃથ્વીરાજે કહ્યું "પ્રિયે! કહે જોઇએ, મારા મનમાં ધારેલો હેતુ સિદ્ધ થશે કે નહિ?"

જોધાબાઇએ હસતાં હસતાં ઉત્તર આપ્યું "હું કોઈ અંતર્જ્ઞાની યોગિની છું કે શું કે આપનો હેતુ જાણ્યા વિના જ તેની સફળતા કે વિફળતાનું ઉત્તર આપી દઉં?"

"પણ તને કેમ લાગે છે, કહે તો ખરી? જો, પતિવ્રતાની હા કે નામાં મારો બહુ જ વિશ્વાસ છે." પૃથ્વીરાજે પોતાની વાત પકડી રાખી.

"તમારો હેતુ તો હું જાણતી નથી ને, હા કે ના કહી નાખું? આ તો દુષ્કર કાર્ય કહેવાય! પતિવ્રતા સ્ત્રીમાં થોડું ઘણું અંતર્જ્ઞાન હોય છે ખરું, એમ ધારીને જ આપ આવો પ્રશ્ન કરો છો? જો એમ જ હોય તો કોઈ પતિવ્રતાને આ પ્રશ્ન પૂછો! જો હું એવી પતિવ્રતા હોત તો—"

પૃથ્વીરાજે બહુ જ આદરથી પોતાની પત્નીને ચુંબનનું સુખ આપ્યું અને તેને વચમાં જ બોલતી અટકાવીને પ્રેમપૂર્વક કહ્યું "મારી જીવન સર્વસ્વે! પ્રાણપ્રિયે! તું શું તેવા પ્રકારની પતિવ્રતા નથી? આ પાપમય યવનનગરીમાં તારા જેવી બીજી પતિવ્રતા તે કોણ મળી શકશે? નૌરોજના મેળાના દિવસે તેં જે અપૂર્વ શૌર્ય દેખાડ્યું હતું, તેનું સ્મરણ થતાં જ સર્વ શરીર રોમાંચિત થઈ જાય છે. પ્રિયે! તારા જ પુણ્યબળથી દિલ્લીશ્વરનું મન પોતાના દુષ્ટ હેતુથી પરાઙ્મુખ થયું અને અનેક અબળાઓએ

તને ધન્યતાદર્શક આશીર્વાદ આપ્યા હતા, તે પ્રસંગનું સ્મરણ કર. આમ છતાં પણ તું કહે છે કે, 'હું એવી પતિવ્રતા હોત તો'-પ્રિયે! ખરું કહી દે-હું વિનોદ નથી કરતો-મારા મનનો હેતુ સિદ્ધ થશે કે નહિ?"

ઉત્તર દીધા વિના હવે છૂટકો નથી, એમ જાણીને જોધાબાઇએ હસતાં હસતાં ઉત્તર આપ્યું કે, "હા-આપનો હેતુ સિદ્ધ થશે."

"મને રુડું મનાવવાને તો હા નથી કહેતીને?" પૃથ્વીરાજે વિનોદના ભાવથી પૂછ્યું.

જોધાબાઇએ પુનઃ હસીને કહ્યું, "જો મેં હા કે ના ન કહેતાં કોઈ બીજી જ વાત કહી હોત, અથવા તો "હું શું જાણું?" એમ કહ્યું હોત, તો આપને માઠું લાગવાનો સંભવ હતો, અને કદાચિત્ આપના મનમાં એથી કોપ પણ થાત. તેથી મેં હારીને અંતે હા પાડી; તો પણ હજી મારો છૂટકારો નથી થતો આ તે શું?" જોધાબાઈએ વિનોદને આગળ વધાર્યો.

"તારા બોલવાથી મારા મનમાં કોપ થશે, એમ તેં શા ઉપરથી ધાર્યું વારુ?" પૃથ્વીરાજે કહ્યું.

"એ શા ઉપરથી ને બા ઉપરથી તો પુરુષો જાણે. સ્ત્રીઓ એટલાં બધાં કારણો સમજી શકતી નથી;" જોધાબાઇએ હસીને એક કટાક્ષપાત કરી નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યું.

"ત્યારે તો સ્ત્રીઓને હું ધારું છું કે, કોપનું કારણ જ કોઇવાર નહિ મળતું હોય. પોતાની જાતિનો આ કેવો પક્ષપાત? પ્રિયે! પક્ષપાત છોડી દે મને ખરેખરું કહી દે કે, મારો હેતુ સિદ્ધ થશે કે નહિ?" પૃથ્વીરાજે બીજીવાર પાછો તેનો તે જ સવાલ ઉલટાવીને પૂછ્યો.

"આપના મનમાં શો હેતુ છે, તે જણાવવા માટે વિનતિ કરવાની આજ્ઞા છે?" જોધાબાઇએ પ્રાર્થના કરી, અને સંકેતથી હેતુ સિદ્ધ થવાની સૂચના પણ આપી દીધી.

"નિઃશંક! તને મારો હેતુ નહિ જણાવું, તો બીજા કોને જણાવીશ? મારા મનમાં આ વેળાએ મહારાણા પ્રતાપસિંહ વિશે કેટલાક વિચારો ચાલી રહ્યા છે ને તેના લાભ માટેનો જ મારો કાંઇક હેતુ છે."

એમ કહીને પૃથ્વીરાજે પોતાની પત્નીને એક પછી એક બધી વાતો કહી સંભળાવી. સંધિપત્ર લઇને દૂતનું આવવું, પત્ર અસત્ય હોવા વિશેની પોતાની કલ્પના અને બાદશાહ સાથે થયેલો વાદવિવાદ ઇત્યાદિ સર્વ વાર્ત્તાઓ ક્રમાનુસાર કહી સંભળાવી. એ સાંભળીને જોધાબાઈનો પણ પતિ જેવો જ અભિપ્રાય બંધાયો. કોઈ વિશેષ અને અનિવાર્ય સંકટો આવી પડ્યાં હશે અને તેથી જ પ્રતાપસિંહે એ સંધિપત્ર મોકલ્યું હશે એવો તેનો નિશ્ચિત અભિપ્રાય હતો.

ત્યારપછી પૃથ્વીરાજે પોતાના મનનો જે વિશેષ હેતુ હતો, તે પણ પોતાની અર્ધાંગનાને જણાવી દીધો અને કહ્યું કે, "એક યવન પહેરેગીરની સહાયતાથી તે દૂતને બંધનમુક્ત કરીને તે દ્વારા મહારાણાજીને એક ગુપ્ત પત્ર મોકલવાની મારી ઇચ્છા છે. એ પત્ર એવું લખવાનું છે કે, તે વાંચતાં જ મહારાણાજી અંગીકૃત વ્રતની ઉથાપના માટે પુનઃ તત્કાળ તત્પર થાય અને મનમાં ધારેલા સંધિ કરવાના સંકલ્પનો ત્યાગ કરે.

પરંતુ એ દૂત વિશ્વાસને પાત્ર છે કે નહિ, એનો પ્રથમ આપણે પૂરેપૂરો નિશ્ચય કરી લેવો જોઇએ."

જોધાબાઇએ કહ્યું કે, "એ તો સર્વ ઠીક, પણ આપે પોતાની ભગિની વિશે શો વિચાર કર્યો છે તે તો જણાવો? બહેન બા આજન્મ કુમારિકા ધર્મમાં જ રહેશે કે શું? અમરસિંહ સાથે તેમનો વિવાહ સંબંધ નહિ જ થવા પામે? મારા કાકાએ આપની અભ્યર્થનાનો અસ્વીકાર જ કર્યો ને? હર–હર!! કેવી દુર્દશા!!!"

એક દીર્ઘ નિઃશ્વાસ મૂકીને પૃથ્વીરાજે ઉત્તર આપતાં કહ્યું, "પ્રિયે! દૂતના મુખથી સર્વ સમાચાર મેં સાંભળ્યા છે. મોગલો સાથે જેનો યત્કિંચિત્ પણ સંબંધ થયો હોય, તેના ગૃહથી વૈવાહિક સંબંધ ન કરવો, એવો મહારાણાજીએ દૃઢતમ સંકલ્પ કરેલો છે. હવે આપણો શો ઉપાય? યમુનાનો પણ અમરસિંહ સાથે શરીરસંબંધ કરવાનો દૃઢતમ નિશ્ચય થયેલો હોવાથી બીજા કોઈ સાથે હવે તેનાં લગ્ન કરી શકાય તેમ પણ નથી. ત્યાં તેનો ઈચ્છિત પ્રિયકર તેને દૃષ્ટિગોચર થાય છે, એ પણ તેનું મહદ્ ભાગ્ય જ સમજવું જોઇએ. જો તે અહીં રહી હોત, તો પળપળે આપણા અને તેના શિરે નવાં નવાં સંકટો આવતાં રહ્યાં હોત. મહારાણાજીના પરિવારમાં આશ્રય મળવાથી બીજો લાભ ન પણ થાય, તો પણ તેની પવિત્રતા અને વંશમર્યાદાના રક્ષણનો લાભ તો તેને અવશ્ય મળે છે જ. હું એટલામાં જ સંતોષ અને સમાધાન માનું છું."

"બહેન બા હવે પાછાં દેખાશે, એવી આશા માત્ર પણ મારા મનમાં તો નથી. હજી આપણો કેટલાક દિવસ આ યવનપુરીમાં નિવાસ રહેશે તે જાણી નથી શકાતું. પરમેશ્વર આ બંધનશૃંખલા સત્વર તોડે!" જોધાબાઇએ નિરાશાપૂર્વક એ વાકયોનો ઉચ્ચાર કર્યો.

"ઈશ્વર જેમ પોતાને યોગ્ય લાગશે તેમ કરશે. મારાથી કે તારાથી કશું પણ કરી શકાય તેમ નથી. આવી દુર્દશાની વેળામાં પત્રમાં મહારાણાને યમુનાવિશે કાંઈ પણ સૂચના આપવી, એ મને તો યોગ્ય લાગતું નથી. તેના ભાગ્યમાં જેમ લખેલું હશે તેમ અવશ્ય થવાનું જ."

નવમ પરિચ્છેદ

પૃથ્વીરાજનું પત્ર

"Put thou thy trust in God,
In duty's path go on;
Fix on His word thy steadfast eye,
So shall thy work be done." LUTHER

નામશેષ મહારાણા પ્રતાપસિંહની ચિત્તવૃત્તિમાં એકાએક કાંઇક ચંચળતા થઈ જવાથી તેણે તત્કાળ એક સંધિપત્ર લખીને બાદશાહના દરબારમાં મોકલી દીધું. ત્યાર પછી તે થોડીકવાર ગંભીરતા ધારીને બેસી રહ્યો. તેની એ ગંભીરતા અને સ્તબ્ધતાની અવસ્થા તોફાની સમુદ્રની સ્થિતિ પ્રમાણેની જ હતી. તેની એ સમયની ઉગ્ર મૂર્ત્તિને નિહાળી તેના સમક્ષ જવાની કોઇની પણ છાતી થતી નહોતી. તેના અંતઃકરણમાં કેવું અને કેટલું બધું તોફાન થયેલું હતું, એની કલ્પના તેના પોતાના વિના બીજા કોઇથી

કરીશ કાય એમ હતું નહિ. હાય! હાય!! વર્ષો પર્યન્ત પાળેલા મહાવ્રતનો એક ક્ષુદ્ર ઘટનાને લીધે મનમાંથી લોપ થઈ ગયો! અર્થાત્ એ વેળાની તેના મનની સ્થિતિનું વર્ણન થવું અશક્ય છે.

મનની એવી સ્થિતિમાં તેના કેટલાક દિવસો વીતી ગયા. તેણે મોકલેલો દૂત દિલ્લી જઈ પહોંચ્યો. થોડાક દિવસો જવા પછી પ્રતાપસિંહ ખરેખર બહુ જ અધીર અને ઉન્મત્ત બની ગયો. પ્રમાદી મનુષ્ય પ્રમાણે તે રાત દિવસ મનમાં જ બબડવા અને શોક કરવા લાગ્યો. તેની આવી દશા જોઇને, એના હૃદયના ભિન્ન ભિન્ન વિભાગો તો નહિ પડી જાય! એવી તેના પરિવારના મનુષ્યોના અને હિતૈષી જનોના મનમાં ભયંકર ભીતિ ઉત્પન્ન થઈ.

ઉન્માદના દિવસો પણ નીકળી ગયા. દ્વિપ્રહરનો સમય વ્યતીત થઈ ગયો હતો. પ્રમાદી પુરુષ પ્રમાણે પ્રતાપ એકાએક રડવા લાગ્યો. બોલ્યોઃ-"હાય! હાય!! આટ-આટલાં વર્ષો આવી અવસ્થામાં કાઢીને અંતે મેં આત્મહત્યા કરી? હા હા! ખરેખર આત્મહત્યા જ કરી! મેં મારા હૃદયનું મારા પોતાના હાથે જ વિદારણ કરી નાખ્યું. મને એ દુર્બુદ્ધિ કેમ અને કયાંથી સૂઝી-હું એ કુકૃત્ય કરવા પહેલાં મરી કાં ન ગયો!!

"કોઈ છે કે મારો સત્ય શુભેચ્છક મિત્ર? જો હોય, તો તે આવે ને મિત્રનું કાર્ય કરી આપે! કાર્ય એ જ કે, મારો વધ કરીને મારા હૃદયમાં સળગેલી જ્વાળાથી મને સદાને માટે મુક્ત કરે! આ વ્રતભંગકારી અધમથી પણ અધમ નીચ નરને જીવતો ન રાખે-જો મારો કોઈ મિત્ર હોય, તો તે સત્વર આવીને મને આ યાતનામાંથી છૂટો કરે! નહિ તો તે મારો મિત્ર જ નહિ, સર્વથા મારો શત્રુ છે!"

પતિનો આવો આર્ત્ત નાદ સાંભળીને રાજમહિષી પદ્માવતી અકળાતી ગભરાતી ત્યાં આવી પહોંચી, એટલે તેને ઉદ્દેશીને પ્રતાપ કહેવા લાગ્યો કે "રાજમહિષિ! મારી તલવાર કયાં છે? તે સત્વર મને લાવી આપ."

"નાથ! આમ એકાએક શું થઈ ગયું?" રાણીએ રડીને પૂછયું.

"પ્રિયે! થવાનું હજી શું બાકી રહ્યું છે? મારા ભાગ્યમાં અંતે આમ થવાનું જ લખેલું હતું! પરમેશ્વર! મારે માથે આ કેવો દુઃખકર પ્રસંગ! મારા સર્વસ્વનો નાશ! મોગલ શહેનશાહ સમક્ષ મેં હાર માની!"

એમ કહીને પ્રતાપસિંહ પોતે ગુહામાં જઇને પોતાની તલવાર લઈ આવ્યો અને તે રાણીના હાથમાં આપીને કહેવા લાગ્યો "પ્રિયતમે! તારા પતિની આ અંતિમ આજ્ઞાનું પાલન કર-મને આ અસહ્ય યાતનામાંથી છોડવ! આત્મહત્યા કરવી, એ મને યોગ્ય નથી લાગતું!"

"પ્રાણનાથ! આ હું શું સાંભળું છું? મારાં કેવાં દુર્ભાગ્ય! હે જગદીશ્વર! અંતે મારા પતિના પવિત્ર હૃદયમાં ઉન્માદનો તેં વાસ કરાવ્યો અને મને તે જોવા માટે જીવતી રાખી! કેવી તારી નિર્દયતા!" પદ્માવતીએ સર્વથા નિરાશાથી ઉદ્ગાર કાઢયા.

એના ઉત્તરમાં ભયંકર હાસ્ય કરીને પ્રતાપસિંહે કહ્યું "પ્રિયે! તારી શંકા ખોટી છે. મારા મનમાં ઉન્માદનો નિવાસ થયો નથી. જો હું ગાંડો થયો હોત, તો તુચ્છ ભોગવિલાસની આશાથી અત્યાર સૂધી પાળેલા વ્રતનો ત્યાગ મેં કર્યો હોત ખરો કે?

અવનતિને સ્વીકારીને અકબરને સંધિપત્ર મોકલ્યું હોત કે? એ સર્વ અનિષ્ટોનું મૂળ તે આ દુષ્ટ વિષયવિલાસની તૃષ્ણા જ છે, બીજું કાંઈ પણ નથી!"

એ સમયે ચંદાવત્ કૃષ્ણ; અમરસિંહ અને યમુના ઇત્યાદિ સર્વ ત્યાં આવી પહોંચ્યાં. પ્રતાપસિંહ ચંદાવત્ કૃષ્ણને સંબોધીને કહેવા લાગ્યો કે, "સરદાર! આજ તમારી સ્વામિનિષ્ઠાની પરીક્ષાનો દિવસ છે. આ તલવાર લ્યો અને તમારા આ અધમ સ્વામીને આ લોકમાંથી પરલોકમાં રવાને કરો!"

એ વાક્યો સાંભળીને ચંદાવત્, અમર અને યમુના આદિ સર્વ આશ્ચર્યચકિત થઇને પ્રતાપસિંહના શોકાવૃત્ત મુખને જોવા લાગ્યાં.

પાછો જાણે ઉન્માદનો ઝટકો લાગ્યો હોય, તેમ ઉશ્કેરાઇને પ્રતાપ બોલ્યો કે, "પોતાના હાથે જ ઘરને સળગાવીને તે સારી રીતે બળવા માંડે એટલે શુદ્ધિમાં આવનારા મનુષ્ય જેવી અત્યારે મારી અવસ્થા થયેલી છે. મારામાં એ દુષ્ટ બુદ્ધિનો ઉદ્ભવ ક્યાંથી થયો? હું મોગલોનો શરણાગત શામાટે થયો? ખરેખર શું તે દૂત દિલ્લી પહોંચી ગયો?"

પ્રતાપસિંહની ઉન્માદિની અવસ્થાનું કારણ સર્વના સમજવામાં આવી ગયું. સર્વના મનમાં અત્યંત શોક થવા માંડ્યો.

"મહારાજ! ગઈ કાલે દૂતના પાછા આવવાનો સંભવ હતો. હવે એ માટે શોક કરવાનું કશું પણ કારણ નથી. જો સંધિ કરવામાં અપમાન જેવું લાગતું હોય, તો એ જ દૂતદ્વારા એના વિરુદ્ધ પત્ર મોકલો, એટલે થયું!" ચંદાવત્ કૃષ્ણે તેના હૃદયની જ્વાળાને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

"સરદાર! આ તમારો વિષયી જનોનો ઉપદેશ છે! અત્યારે મારા હૃદયમાં સળગતી જ્વાળાને હું કેવી રીતે શાંત કરું? એની શાંતિનો કોઈ ઉપાય છે કે? મને તો એનો મૃત્યુ વિના બીજો કોઈ ઉપાય હોય એમ નથી દેખાતું." પ્રતાપે પોતાનો વિચાર જ પકડી રાખ્યો.

"સ્વામિન્!–"

ચંદાવત્ કાંઈ કહેવા જતો હતો તેને વચ્ચે અટકાવીને પ્રતાપસિંહે કહ્યું "હવે હું તમારો સ્વામી નથી. જો હું તમારો સ્વામી હોત, તો સ્વામીની આજ્ઞાનું તમે ઉલ્લંઘન કર્યું હોત નહિ!! સરદાર! જો તમારી મારામાં એકનિષ્ઠ ભક્તિ હોય, તો આ તલવાર હાથમાં લ્યો, મારા અસ્તિત્વનો આ અવનીમાંથી લોપ કરી નાખો!"

સરદાર ચંદાવત્ રડતો રડતો કહેવા લાગ્યો, "પ્રભો! આપ જ જ્યારે આમ ધૈર્યનો પરિત્યાગ કરશો, ત્યારે અમારા જેવા ક્ષુદ્રજીવો વ્રતનું પાલન કેવી રીતે કરી શકશે? કુમારને વ્રતની દીક્ષા કોણ આપશે? અનાથ પરિવાર વર્ગનું રક્ષણ કોણ કરશે?"

"કોનો પરિવાર? એ પરિવાર જ મારા નાશનો હેતુ થયો છે! એમના મોહપાશમાં ફસાઇને જ હું વ્રતચ્યુત થયો! નહિ તો અકબરને શરણે જવાનું મને બીજું શું કારણ હતું?" પ્રતાપે ચંદાવત્‌ની વાત અટકાવી.

એ ક્ષણે દૂરથી ઘોડાનાં પગલાંનો અવાજ સંભળાયો. સર્વ જનો બહુ જ ઉત્સુકતાથી તે તરફ જોવા લાગ્યાં. જોત જોતામાં તે ઘોડાપરનો સ્વાર નજદીકમાં આવવા

લાગ્યો. દિલ્લીથી દૂત પાછો ફર્યો હતો. સર્વ જનો તેના આવવાની વાટ જોતાં ઉભાં રહ્યાં.

દૂતે ઘોડાપરથી નીચે ઉતરીને પ્રતાપસિંહને ત્રણવાર નમસ્કાર કર્યાં, પછી એક પત્ર તેના હાથમાં આપ્યું. પત્ર હાથમાં લઇને પ્રતાપસિંહે કહ્યું,–"હવે આ પત્ર વાંચીને શું કરવાનું છે?" આ પત્રમાં મારું મૃત્યુશર છે, તે હું સારી રીતે જાણું છું! બાદશાહે અનુગ્રહ કર્યો, એવા સમાચાર જ એમાં હશે!" એટલું બોલીને પ્રતાપસિંહે તે પત્ર હાથમાંથી દૂર ફેંકી દીધું.

દૂતે કહ્યું, "મહારાજ! આ પત્ર બીકાનેરપતિ પૃથ્વીરાજ રાઠોડે આપેલું છે; પત્ર બાદશાહનું નથી!"

"શું? આ પત્ર બાદશાહનું નથી!" પ્રતાપે આશ્ચર્ય અને આનંદના મિશ્રિત ભાવથી પૂછ્યું. "શું બાદશાહે મારી પ્રાર્થનાની ઉપેક્ષા કરી છે? કહે, કહે, સત્વર કહે! જો વસ્તુસ્થિતિ એમ જ હશે, તો મારા મનનું બહુ જ સમાધાન થશે. શત્રુએ કરેલાં ઉપમર્દ અને અપમાનને હું આનંદથી સહન કરીશ, પણ શત્રુના અનુગ્રહ અને દયાને સહન કરવાની મારામાં શક્તિ નથી! શું છે તે જલદી કહી નાખ. તારી મુખમુદ્રાથી તો એમ જ જણાય છે કે, તું અવશ્ય આનંદના જ સમાચાર લઈ આવ્યો છે! અકબરે ખરેખર મારી વિનતિનો અસ્વીકાર કર્યો છે? મારી વિનતિની અવગણના કરી છે?"

પ્રતાપ એવી રીતે દૂતને એક પછી એક અનેક પ્રશ્નો પૂછવા લાગ્યો. એ અવકાશમાં પ્રતાપે ફેંકી દીધેલું પત્ર અમરસિંહે ઉપાડી લીધું અને તે ખોલીને પોતાના પિતાના હાથમાં આપ્યું.

"પ્રભો! બીકાનેર પતિનું આ પત્ર વાંચી જોતાં સર્વ વૃત્તાંત આપોઆપ આપના જાણવામાં આવી જશે. આપે જે સંધિપત્ર બાદશાહને આપવા માટે લખી આપ્યું હતું, તે આપનું લખેલું છે, એવો પ્રથ્વીરાજને વિશ્વાસ જ થયો નહિ. એ પત્ર બનાવટી છે અને તે પ્રતાપસિંહના કોઈ શત્રુએ જ લખેલું હોવું જોઇએ, એમ અકબરને તેમણે સ્પષ્ટ સંભળાવી દીધું;" દૂતે ઉત્તર આપ્યું.

પ્રતાપસિંહના નેત્રોમાંથી આનંદના અશ્રુનો પ્રવાહ વહી ચાલ્યો. પછી તે દૂતને ઉદ્દેશીને કહેવા લાગ્યો, "હે દૂત! આ તારા વનવાસી સ્વામી પાસે તને ઉપહાર આપવા જેવી બીજી તો એવી એક પણ વસ્તુ નથી, માટે અત્યારે તો માત્ર હું પ્રેમપૂર્વક તને આલિંગન જ આપું છું!"

એમ કહી પ્રતાપસિંહે પોતાના બન્ને બાહુને પહોળા કરીને તે દૂતને અત્યંત અનુરાગપૂર્વક આલિંગન આપ્યું.

"પ્રભુનું આલિંગન તે આ દાસ માટે લક્ષ સુવર્ણ મુદ્રા કરતાં પણ અધિક મૂલ્યવાન્ છે. પ્રભો! આજ હું ખરેખર જ કૃતકૃત્ય થયો!" દૂતે પોતાનો આભારદર્શક ભાવ પ્રકટ કરતાં કહ્યું. અને ત્યારપછી તેણે પ્રતાપસિંહની ચરણધૂલિને પોતાના શિરોભાગે ધારણ કરી.

વારંવાર પ્રતાપસિંહે પૃથ્વીરાજનું પત્ર વાંચી જોયું. વાંચતાં વાંચતાં તેનું મુખકમળ પ્રફુલ્લિત થતું જતું હતું. તે આનંદના ભારથી દબાતો જતો હતો. એકવાર

વાંચ્યું; પુનઃ વાંચ્યું, ફરી વાંચ્યું; એમ વાંચતાં વાંચતાં તે એકાએક ગર્જના કરીને બોલ્યો કે, 'યુદ્ધ! યુદ્ધ!! યુદ્ધ વિના બીજું કશું નહિ! પ્રિય મિત્રો અને મહારાણી! મેવાડનો ઉદ્ધાર કર્યા વિના હવે હું પ્રાણ ત્યાગીશ નહિ!"

ત્યારપછી તે પોતાના મનમાં જ કહેવાલાગ્યો, "અહાહા! આ પત્રમાંની ભાષા કેવી મિષ્ટ, અમૃતમય! પૃથ્વીરાજ નૈસર્ગિક કવિ છે, એમાં તો કશો પણ સંશય નથી, તે નૈસર્ગિક અને સત્ય કવિ હોવાથી જ શત્રુના કારાવાસમાં રહેવા છતાં પણ પોતાના દેશ બાંધવોને આવી રીતે ઉત્તેજિત કર્યા કરે છે! યમુના! ધન્ય છે તારી માતાને કે જેણે આવા પુત્રને જન્મ આપ્યો છે. ખેદનો વિષય એટલો જ છે કે, આવો નરપુંગવ શત્રુઓનો બંદીવાન્ અને પરતંત્ર છે!" એમ કહીને તેણે યમુનાને અનુલક્ષીને કહ્યું "યમુના! તારા બંધુનો હું શતશઃઋણી છું. જો તેણે મને આ પત્ર લખ્યું છે તે!"

યમુના પોતાના મધુર કંઠથી સર્વ સાંભળી શકે તેવી રીતે પોતાના બંધુનું પત્ર વાંચવા લાગી;—

(सोरठा) "अकबर समद अथाह, सूरापण भरियो सजल;
मेवाडो तिण माह, पोयण फूल प्रतापसी. १
अकबर एकण वार, दागलकी सारी दुनी;
अणदागळ असवार, रहियो राण प्रतापसो. २
अकबर घोर अँधार, ऊंघाणा हिन्दू अवर;
जागे जुग दातार, पौहर राण प्रतापसी. ३
हिन्दूपति परताप, पत राखी हिंन्दुवाणरी;
सहे बिपत सन्ताप, सत्य सपथ करि आयणी. ४
चौथी चित्तोडाह, बांटी बाजन्ती तगी;
माथे मेवाडाह, सोहे राण प्रतापसी. ५
सोरभ अकबरशाह, अलियल आभडिया नहीं;
चंपो चित्तोडाह, चोरसतणी प्रतापसी. ६
पातल खाग प्रमाण, सांची सांगा हरघणी;
लही सदा लग राण, अकबरसूं ऊभी अणी. ७
(दोहा) माई जण अहडा जणे, जहडा राण प्रताप;
अकबर सूतो ओझके, जाण सिराणे सांप. ८
(सोरठा) राखो अकबरियाह, तेज तिहारो तुरकडा;
नम नम नीसरियाह, राणविना सह राजवी. ९
सह गावडिये साथ, येकण बाडे बाडिया;
राण न मानी नाथ, तांडे राण प्रतापसी. १०

सोयो सो संसार, असुर पलो ले ऊपरे;
*जागे जगदातार, पोहरे राण प्रतापसी. ११
(दोहा) धर बांकी दिन पाधरा, मरद न मूके माण;
घणें नरिंदां घेरियां, रहे गिंन्दां राण."† १२

"સ્વસ્તિશ્રી. આર્યોનો સર્વ આધાર આર્યોપર. દિલ્લીશ્વરે સમસ્ત આર્યોપર પોતાના સામ્રાજ્યની સ્થાપના કરેલી છે, માત્ર એક મહાપુરુષ સમક્ષ જ તે નિરુપાય થયેલો છે. તે જ એક મહાપુરુષ કોઈ વેળાએ મેવાડમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપીને સમસ્ત રાજપૂત જાતિનો અગ્રણી થશે. એટલામાટે તેણે પોતાનું ચરિત્ર સદાસર્વદા દર્પણ સમાન નિષ્કલંક રાખવું જોઇએ.

અકબરે માત્ર મેવાડ લીધું છે, એટલું જ નહિ; કિન્તુ સત્ય ક્ષત્રિય તેજના બીજનો નાશ કરીને રાજપૂતોના નામને તેણે સદાને માટે કલંકિત કરી નાખ્યું છે. એનું વિશિષ્ટ પ્રમાણ એ છે કે, એક બે નહિ, પણ અનેક આર્ય અબળાઓ અત્યાર સુધીમાં મોગલોના અંતઃપુરમાં જઈ ચૂકી છે.

બીજી પંક્તિમાં નૌરોજનો ભ્રષ્ટ મેળો. હાય! હાય!! એ મેળામાં આજ સુધીમાં કેટકેટલી કુલીન કામિનીઓનાં પાતિવ્રત્યનો ક્ષય થઈ ચૂકયો હશે! કેટલાં કુલીન અને ગૌરવશીલ કુળોનાં નામને એ મેળામાં સદાનો કલંક લાગી ચૂકયો હશે!! અકબર પોતે જ એ બજારનો કર્ત્તા કારવતા છે!!! હર! હર!!

એવા અધમ અકબર આગળ, પ્રાતઃ સ્મરણીય, પુણ્યશ્લોક અને વિરાગ્રણી પ્રતાપસિંહ પોતાના ઉન્નત મસ્તકને અવનત કરે? હિમાલય ગિરિકંદરામાં છુપાઈ રહેવાનો પ્રયત્ન કરે? રાહુની ભીતિથી ભગવાન્ ભાસ્કર પોતાના માર્ગનો ત્યાગ કરે? હમીરનો વંશજ અંબરરાજની નીચ કૃતિનું અનુકરણ કરે?

કાળના અખંડ અને પ્રચંડ પ્રવાહમાં સર્વ વહી જવાનાં છે. માત્ર રહેશે તેમની કીર્ત્તિ અને નામના જ! અત્યાર સૂધી જો કોઇએ પણ પોતાની નિષ્કલંક નામના જાળવી રાખી હોય, તો તે મેવાડના મહારાણાએ જ જાળવી રાખી છે! અને તેથી રાજસ્થાનના નિવાસિજનો તેને પરમેશ્વર પ્રમાણે પવિત્ર અને પૂજ્ય માનીને માન આપે છે; તેણે હવે છેક છેલ્લી ઘડિયે વ્રતચ્યુત શા માટે થવું જોઇએ? રાજપૂતોના પવિત્ર તેજનું બીજ તેણે જ આજ સૂધી જાળવી રાખ્યું છે. મોગલોનો નાશ થયા

---

* ત્રીજા સોરઠાનાં તૃતીય ચતુર્થ ચરણ અને આ ૧૧ મા સોરઠાનાં તૃતીય ચતુર્થ ચરણ એક જ છે. માટે નકલ કરવામાં કોઈ પણ ભૂલ થયેલી હોવી જોઇએ.

† પૃથ્વીરાજના પત્રમાંથી મૂળ કવિતાનો અહીં જે ગુજરાતીમાં ભાવાર્થ આપવામાં આવ્યો છે, તે મૂળ કવિતાનો કેટલોક ભાગ (કેટલાક દોહરા અને સોરઠા) "मेवाडका इतिहास" નામના એક હિંદી ગ્રન્થમાં આપેલો છે અને એ ગ્રન્થમાં કર્ત્તાને એ દોહરા તથા સોરઠા કુનાડીના શ્રીમાન્ રાજા વિજયસિંહજી પાસેથી મળ્યા હતા. તે દોહરા અને સોરઠા અમે વાંચકોની જાણ માટે અહીં ઉતારી લઇએ છીએ;–

પછી ભ્રષ્ટ રાજસ્થાનમાં તે બીજ વાવવાનું કાર્ય તેણે જ કરવાનું છે. માટે અંતપર્યન્ત એ બીજનું સંરક્ષણ કરીને તેણે ધન્ય થવું જોઇએ, એટલી જ દુર્દૈવી ભક્ત કવિની વિનતિ છે."

પત્રમાં લખેલા એક એક અક્ષરમાં જે ભક્તિ અને સ્વાતંત્ર્યપ્રીતિ દૃષ્ટિગોચર થતી હતી, તેને જોતાં સર્વનાં અંતઃકરણો આનંદથી ઉભરાઈ ગયાં અને સર્વ જનોએ એકાએક ગર્જના કરીને કહ્યું કે, "પ્રાણ જાય તો ભલે જાય, પણ મરતાં સુધી વ્રતનું પાલન તો કરવું જ જોઈએ !"

પ્રતાપસિંહે અલૌકિકતા આનંદના ભાવથી કહ્યું, "તથાસ્તુ! મારા અવિચારીપણાને લીધે જે પ્રાણનું હું પોતે જ બળિદાન આપવાને તૈયાર થયો હતો, તે પ્રાણનું ગમે તેવા અનિષ્ટ પ્રસંગો આવશે, તો પણ હવે હું રક્ષણ કરીશ! હવે જોવાનું છે કે, મેવાડનું ભાગ્ય કેટલી પ્રબળતા ધરાવે છે."

"હું એક સાધારણ અબળા છતાં પણ મારા મનમાં આ પત્ર વાંચીને એક પ્રકારનો ઉત્સાહ જાગૃત થયો છે; માટે જો આપની અનુમતિ હોય, તો આ સ્ત્રીવેશે જ હું મોગલો સામે તલવાર બાંધી લડવાને તૈયાર છું !" યમુનાએ ગદ્ગદ કંઠે પ્રતાપસિંહને પ્રાર્થના કરી.

"પૃથ્વીરાજની ભગિનીના મુખમાં આવા શબ્દો અને આવાં વાકયો જ હોવાં જોઇએ! પુત્રી! તું ચિરંજીવિની અને ઉદ્દંડ આયુષ્યવતી થાઓ."

એમ બોલીને પ્રતાપ પાછો મનમાં કહેવા લાગ્યો, "હાય! હાય!! આટલું છતાં પણ મેં એને એનો ચિર વાંછિત આશીર્વાદ ન આપ્યો? ઓ દુષ્ટ મોગલો! તમારાં પાપોને લીધે જ હું આ અનુપમ કુમારિકા રત્નને મારી પુત્રવધૂ બનાવી નથી શકતો!"

ત્યાર પછી દિલ્લીથી આવેલા દૂતે ત્યાંનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પૃથ્વીરાજનો અકબર સાથે થયેલો વાદ વિવાદ, પોતાનો કારાગૃહ વાસ, પૃથ્વીરાજના પ્રયત્નથી એક પહેરેગીરની સહાયતાથી પોતાની થયેલી બંધન મુક્તિ, પૃથ્વીરાજ સાથે પોતાની એકાંતમાં થયેલી મુલાકાત અને પત્રદાન ઇત્યાદિ સર્વ વાતો તેણે વિસ્તારથી વર્ણવી. તે સાંભળીને પ્રતાપસિંહે પૃથ્વીરાજ સંબંધી પોતાની પૂર્ણ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેને સહસ્રશઃ ધન્યવાદ આપ્યા. અંતે પ્રતાપે કહ્યું "એ જ શ્રેષ્ઠ નરના પુણ્ય બળથી આજ મારું વ્રત અખંડ રહેવા પામ્યું છે! કારાગૃહમાં હોવા છતાં પણ તેણે પોતાનું મિત્ર કર્ત્તવ્ય યથાયોગ્ય બજાવ્યું છે!! એ ઋણ મારાથી આ જન્મમાં તો ફેડી શકાય તેમ નથી જ!"

એક અશુભ અને રાક્ષસી મુહૂર્ત્તમાં પ્રતાપને જે ભ્રમ થયો હતો, તેનું આજના આ શુભ મુહૂર્ત્તમાં પૂર્ણ રીતે પરિમાર્જન થઈ ગયું. એટલું જ નહિ, પણ એ ભ્રમનું પ્રતાપના મનમાં રાત્રિ દિવસ સ્મરણ રહેવાથી તેનું જીવનવ્રત અધિક અને અધિક દેદીપ્યમાન થવા લાગ્યું. પ્રતાપનું અંતઃકરણ દેવ સમાન નિર્મળ થઈ ગયું. પણ એનું ફળ તેને શું મળ્યું?

દશમ પરિચ્છેદ

યમુનાની પ્રાણાહુતિ

"What will not woman, gentle woman, dare
When strong affection stirs her spirit up."–SOUTHEY.

રણશૂર પ્રતાપસિંહની સંધિપ્રાર્થનામાં કશો પણ અર્થ નથી, ને તે દૂત પણ બધાની આંખોમાં ધૂળ નાખીને પલાયન કરી ગયો છે, એ વાત જ્યારે બાદશાહના જાણવામાં આવી, તે વેળાએ વૈર લેવાની તેની ઇચ્છા બમણી વધી ગઈ. તેણે પોતાના સૈનિકોને એવો હુકમ આપી દીધો કે, "ગમે તે પ્રયત્ન કરીને પણ એ કાફિર કયાં રહે છે તેનો શોધ કરી, તેને પકડી બંદીવાન્ કરીને મારી સામે લઈ આવો. તમારા એ કાર્ય માટે ઇનામ શું મળવાનું છે, તે તો તમે પહેલાંથી જ જાણો છો, તો પણ વળી પાછો હું એક-વાર કહું છું કે, જે કોઈ પણ પ્રતાપસિંહને બંદીવાન બનાવી મારી આગળ લઈ આવશે, તેને આ મારા અવાઢવ્ય ભારત સામ્રાજ્યનો દશમો ભાગ ઇનામ તરીકે આપવામાં આવશે !"

બાદશાહનો એ હુકમ સાંભળીને રાજ્ય મેળવવાના લોભને વશ થઈ કેટલાક મોગલ વીરોએ મેવાડમાં આવીને પોતાની શક્તિ ઉપરાન્ત પ્રતાપનો શોધ કર્યો, પણ તેનો પત્તો મળી શકયો નહિ.

અંતે મોગલોની એક નાની ટોળી ઇનામની લાલચથી પ્રતાપને શોધતી શોધતી જાબરા જંગલના નિકટમાં આવી. ત્યાં બે ભિલ્લો પોતપોતામાં કાંઈ વાત કરતા હતા, તે સાંભળીને તે મોગલ સૈનિકોએ કલ્પના કરી કે દુર્દૈવી પ્રતાપસિંહ પોતાના પરિવાર સહિત એ જંગલની આસપાસમાં જ, કયાંક વસતો હોવો જોઇએ. મોટા ઇનામની આશાથી અંધ બનેલા તે થોડાક લોકોએ પોતાના બળાબળનો વિચાર ન કરતાં, પ્રતાપ-પર અચાનક હલ્લો કરવાનો નિશ્ચય કર્યો. જે બે ભિલ્લોના ગુપ્ત સંભાષણના આધારથી મોગલો પ્રતાપસિંહના નિવાસસ્થાનનો તર્ક કરી શકયા હતા, તેમાંનો એક ભિલ્લ તો મોગલોની તલવારના વારથી સ્વર્ગદ્વારમાં પહોંચી ગયો પણ બીજાએ દોડી જઇને પ્રતા-પને મોગલોના આવવાના ભયાનક સમાચાર કહી સંભળાવ્યા.

એ અનિષ્ટ સમાચાર સાંભળીને પ્રતાપસિંહ ઉત્કંઠિત થયો અને તેની પાસે હતાં તેટલાં સાધનો તૈયાર કરીને તેણે મોગલો સામા લડવાનો દૃઢ સંકલ્પ કર્યો. સત્વર જ તેણે કેટલાક નાના નાના પત્થરોના ઢગલા કરાવ્યા, ઝાડોની ડાળીઓ એકઠી કરી, અને એક કામ ચલાઉ કોટ તૈયાર કરાવ્યો. કેટલાક ભિલ્લો એ કોટ પાસે એકઠા થઇને લડવા માટે તૈયાર થઈ ઉભા રહ્યા, કેટલાકો હાથમાં ધનુષ્ય બાણ ધારીને મોગલોના આવવાની વાટ જોતા ઉભા.

સરદારોમાંથી માત્ર ચંદાવત્ કૃષ્ણ એકલો જ પ્રતાપની સહાયતા માટે ઉભો રહ્યો. બીજા સરદારો વિકટ પ્રસંગ આવેલો જોઇને પોતપોતાને માર્ગે પડી ગયા. સરદાર ચંદાવત્ કૃષ્ણ અને પુત્ર અમરસિંહને સાથે લઇને મોગલોના હલ્લાને પાછો ફેરવવાના હેતુથી તેમની સામે જવાને પ્રતાપ સજ્જ થયો. ભિલ્લોનું સૈન્ય, પાષાણ, વૃક્ષની શાખાઓ અને ધનુષ્યબાણ ઇત્યાદિ હાથમાં રાખીને, એક બાજૂએ ઉભું રહ્યું, એક

બાજૂએ ચંદાવત્ કૃષ્ણ ઉભો, એક બાજૂ અમરસિંહે સંભાળી અને ચોથી બાજૂએ શત્રુના આક્રમણના અવરોધ માટે મૂર્તિમાન્ યમરાજ પ્રમાણે પ્રતાપ પોતે ઉભો. ચંદાવત્ કૃષ્ણ, અમરસિંહ અને પ્રતાપસિંહના હાથમાં દિવ્ય તલવારો હતી.

યવન સૈનિકોએ "દીન દીન"નો પોકાર કરીને અરણ્યને ચારે તરફથી ઘેરી લીધું. ચારે તરફથી માર્ગ રોકાયલો હતો, એ, તેઓ, પછી જ જાણી શકયા. રાજપૂતોનું અનુકરણ કરીને મોગલ સૈનિકોએ પોતાના સમૂહના ચાર વિભાગો કરી નાખ્યા. જોતજોતામાં શત્રુ પક્ષ સાથે તેમના અસિ યુદ્ધનો આરંભ થયો. એ સમયે પ્રતાપસિંહનો પરિવારવર્ગ શત્રુઓથી ઘેરાયલા અરણ્યમાં એક વૃક્ષ તળે બેઠેલો હતો.

ભિલ્લોએ મોગલોપર પાષાણની વૃષ્ટિ વર્ષાવવા માંડી. દશ બાર મોગલો જખ્મી થયા. અને એક બે મરણ શરણ થઈ ગયા. ધનુષ્યબાણનું પરિણામ પણ એવું જ, કિંબહુના એથી પણ વિશેષ થયું. મોગલોના હાથે પણ પાંચ દશ ભિલ્લો જખ્મી થયા અને એક બે સ્વર્ગમાં પણ સિધારી ગયા. પણ જે બાજૂએ ચંદાવત કૃષ્ણ અને મહારાણો પ્રતાપસિંહ ઉભેલા હતા, ત્યાં લડતા સર્વ મોગલોની બહુધા સમાપ્તિ થવા આવી. અર્થાત્ ચંદાવત્ કૃષ્ણ અને પ્રતાપસિંહ વિદ્યુદ્વેગે મોગલોનાં માથાં ધડથી જૂદાં કરતા જતા હતા. જોતજોતામાં અનેક મોગલોની અવતાર લીલાની પરિસમાપ્તિ થઈ ગઈ. ઈનામની આશાથી ચાર પાંચ મોગલો અદ્યાપિ લડતા હતા, તેમાંના એક બે ઘડી ઘડી પ્રાણના ભયથી ન્હાસી જતા હતા અને વળી પાછા આવીને યુદ્ધ કરવામાં પ્રવૃત્ત થતા હતા.

કુમાર અમરસિંહ જે બાજૂએ ઉભેલો હતો, તે બાજૂની સ્થિતિ સારી હતી નહિ. કારણ કે, એક તો કુમાર પોતે તરુણ હતો અને બીજું યુદ્ધકળામાં જોઇએ તેટલી પ્રવીણતા તેણે મેળવી નહોતી; એટલે ચંદાવત્ કૃષ્ણ અને પ્રતાપસિંહ જેવા અદ્ભુત પરાક્રમનું દર્શન તે કરાવી શકયો નહિ. છતાં પણ પ્રારંભમાં તેણે જે શૌર્ય બતાવ્યું, તેથી શત્રુઓ કાંઈક પાછા તો હટયા ખરા જ, પરંતુ તેનું એ શૌર્ય અંતપર્યન્ત ટકી શકયું નહિ.

પ્રતાપસિંહ અને ચંદાવત્ કૃષ્ણે અમરસિંહની એ અવસ્થા જોઈ, પણ તેમાંથી કોઈ પણ તેને સહાયતા કરવા માટે ગયો નહિ. કારણ કે જો તેઓ પોતાના સ્થાનનો ત્યાગ કરે, તો કદાચિત્ શત્રુઓ ત્યાંથી પાછો હલ્લો કરે અને સ્ત્રીઓની મર્યાદાનો નાશ કરે, એવી તેમના મનમાં ભીતિ હતી. કુમાર અમરસિંહ થાકીને લોથપોથ થઈ ગયો હતો અને તેનું આખું અંગ લોહીથી તરબોળ થઈ ગયું હતું.

દૂરથી એક સુન્દર યુવતિએ તેની એ અધમ અવસ્થાનું અવલોકન કર્યું. કુમારના શરીરને રક્તમય થયેલું જોઇને તેનાં નેત્રોમાં અશ્રુ આવી ગયાં. હેં! આ શું? એક મોગલ વીરે અમરસિંહના મસ્તકપર વાર કરવા માટે પોતાની તલવાર ઉગામી; બીજાએ તેની ખાંધપર નિશાન તાકયું; ત્રીજાએ તેની છાતીપર પ્રહાર કરવા માટે હાથમાંની તલવાર ઉંચી કરી. યમુનાથી હવે શાંતિ ધારીને બેસી શકાયું નહિ. પોતાના જીવનસર્વસ્વ પ્રિયતમપર આવો જીવ સટોસટનો પ્રસંગ આવેલો જોવા છતાં તે સ્વસ્થ કેમ બેસી શકે?

હવે બીજો એક પણ ઉપાય અવશેષ રહેલો નહોતો. યમુનાએ વૃક્ષના થડે અઢેલાવી રાખેલી તલવાર પોતાના હાથમાં લીધી. ઉગ્ર મૂર્ત્તિ ધારણ કરીને મહા ત્વરાથી તે કુમાર અમરસિંહ પાસે આવી પહોંચી. પદ્માવતીએ "પુત્રિ! કયાં જાય છે? થોભ, થોભ, આવું સાહસ કરીશ મા!" ઇત્યાદિ કહીને તેને પાછી વાળવાનો બહુએ યત્ન કર્યો; પણ યમુના, તેમાંનું કશું પણ ન સાંભળતાં "જુઓ-બા હું આ આવી. તમે બાળકોનું રક્ષણ કરો. રાજપૂત કન્યાઓ મરણથી કોઈ કાળે પણ ડરતી નથી," એમ કહીને વીજળીના ઝબકારા પ્રમાણે ત્યાંથી દોડી ગઈ.

તે નવયૌવનસંપન્ના સુંદર કુમારિકા ભૈરવી મૂર્ત્તિ ધારણ કરીને જોતજોતામાં અમરસિંહ પાસે આવીને ઉભી રહી અને નેત્ર મીચાય ન મીચાય એટલા અવકાશમાં તો તેણે અમરસિંહના પ્રાણ નાશ માટે ઉધુક્ત થયેલા એક મોગલ વીરને લાંબો કરીને જમીનપર સૂવડાવી દીધો. "અલ્લાહ્-અલ્લાહ્"નો ઉચ્ચાર કરીને તે મોગલે પ્રાણ છોડી દીધા.

"આ શું? યમુના! તેં આવીને મારા પ્રાણનું રક્ષણ કર્યું? બાળે તેં જાણી જોઇને બળતી જ્વાળામાં શા માટે ભૂસકો માર્યો? હવે મારાથી તારું સંરક્ષણ કેવી રીતે કરી શકાશે? આ જો ત્રણ મોગલ વીરો તારાપર હલ્લો કરવાને આવતા હોય એમ દેખાય છે. હવે શો ઉપાય કરવો? બોલવાનો પણ સમય રહ્યો નથી! દૂર થા ચાંડાલ!"

એમ બોલતા અમરસિંહના હાથપર એક મોગલે તલવારનો વાર કર્યો અને તે સાથે પોતાની તલવારના એક જ વારથી તે મોગલને વીરબાળા યમુનાએ જહન્નમમાં રવાના કરી દીધો.

"યમુના! તેં જ આજે દેવીરૂપમાં આવીને મારા દેહનું સંરક્ષણ કર્યું છે! પણ હવે હું તારું રક્ષણ કેવી રીતે કરું?—અરે પાછા—"

અમરસિંહ હજી તો એમ બોલતો હતો, એટલામાં એક બીજા મોગલ વીરે તેના હાથપર પ્રહાર કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેને પણ યમુનાએ નરકનો સીધો અને સરળ માર્ગ દેખાડી દીધો.

અમરસિંહ વિસ્મિત થઇને કહેવા લાગ્યો, "યમુના! આ તારી કેવી પરાક્રમશીલતા? નિમેષ માત્રમાં તેં ત્રણ મોગલોને ઠાર કરી નાખ્યા! ખરેખર આજ સુધી હું તને ઓળખી જ ન શકયો. તું સાક્ષાત્ દેવીનો જ અવતાર છો!"

"બોલવાથી બોલવું વધતું જાય છે; અત્યારે વધારે વાતચીત કરવાનો અવકાશ રહ્યો નથી; જુઓ, પેલા ચાર મોગલ સિપાહીઓ તમારા પર હલ્લો કરવાને આવતા જણાય છે; માટે સમય ન ગમાવો, સત્વર પોતાનું રક્ષણ કરો;" યમુનાએ અમરસિંહને સમયનું મૂલ્ય આંકી બતાવતાં કહ્યું.

પણ આ શું? તે ચાર મોગલ વીરોમાંના ત્રણ સિપાહીઓએ યમુનાના શરીરપર ધસારો કર્યો અને બાકી રહેલાએ અમરસિંહને પોતાનો શિકાર બનાવવાનો પ્રયત્ન આદર્યો. "રાજપૂત રમણીઓના અંગમાં આટલું બધું શૌર્ય છે, કેમ? હવે જોઇએ છિયે કે, એનું રક્ષણ કોણ કરે છે?" એક મોગલે બીજા મોગલોને ઉદ્દેશીને કહ્યું.

તે ત્રણેએ મળીને યમુનાને ઘેરી લીધી. ખરેખર આજે યમુનાએ સિંહવાહિની રણચંડીનો જ અવતાર ધારણ કરેલો હતો. નિમેષાર્ધમાં તેણે ત્રણ મોગલોમાંના બેને તો જહન્નમનો રસ્તો દેખાડી દીધો; બાકી રહેલા એક—અરે પણ આ શું? પોતાપર ધસી આવેલા યવન સૈનિકને સ્વર્ગના દ્વારમાં પ્રવેશ કરાવીને અમરસિંહે પાછું વાળી જોયું અને તેના મુખમાંથી એકાએક ઉદ્‌ગાર નીકળી ગયો, "આ શું?"

'યમુના! આ શું થયું? મારા રક્ષણ માટે અહીં આવીને તેં પોતાના પ્રાણની આહુતિ આપી?"

રડતાં રડતાં એ શબ્દો ઉચ્ચારીને બાકી બચેલા યવનોનો વધ કરી અમરસિંહ સત્વર જ યમુના પાસે દોડી ગયો અને તેના મસ્તકને પોતાના અંકમાં પધરાવીને હૃદયદ્રાવક રુદન કરવા લાગ્યો.

યમુના બહુ જ ઉંડા અને મંદ સ્વરથી બોલી, 'કુમાર ક્ષમા કરો. આ અંતના સમયે મારી જન્મની ઇચ્છાને એક વાર તૃપ્ત—પરિપૂર્ણ કરી લેવા દ્યો પ્રાણેશ્વર!—"

પોતાના મુખના "પ્રાણેશ્વર" એ મધુર અને પ્રિયતમ સંબોધનથી તેનું રક્તથી ખરડાયલું સમગ્ર શરીર જાણે પુલકિત થયું હોય તેવો ભાસ થવા લાગ્યો. તેના મુખકમળમાં કિંચિત્ હાસ્યની છટાનો આભાસ થયો. યમુનાએ પુનઃ કહ્યું, "પ્રાણેશ્વર! મરણસમયે પણ મને આપને આ સંબોધનથી બોલાવાનો પ્રસંગ મળ્યો, એ પણ મારું મહદ્ ભાગ્ય! મારા જન્મની ઇચ્છા સફળ થઈ, આપના અંકમાં મુસ્તક મૂકીને હું સ્વર્ગવાસિની થાઉં છું, એથી મારા મનમાં અવર્ણનીય આનંદની જે લહરીઓ ઉદ્‌ભવે છે, તેનું જ્ઞાન મારા વિના બીજા કોઇને પણ થઈ શકે તેમ નથી, પુનઃ એકવાર કહું છું કે, પ્રાણેશ્વર! હૃદય વલ્લભ! જન્મ જન્માંતરમાં પણ આ દાસી આપનો વિયોગ ન અનુભવે, સદા સંયોગિની રહે, એવો આશીર્વાદ આપો!"

અમરસિંહે રડતાં રડતાં ઉત્તર આપ્યું, "સુન્દરિ! ખરેખર આજ સુધી હું તારા સત્ય સ્વરૂપને જાણી શકયો નહિ. તું સાક્ષાત્ દેવીનો અવતાર છે. આજના આ ઘોરતમ પ્રસંગે તેં જ અહીં આવીને મારા દેહનું રક્ષણ કર્યું છે!—પ્રિયતમ! પ્રાણેશ્વર!—"

"ખરેખર આજે જ મારા નારી જન્મની સાર્થકતા થઈ! જીવિતેશ્વર! એક વાર વળી પણ મને એ સંબોધનથી બોલાવો, એથી કદાચિત્ આવી સ્થિતિમાંથી પણ મારો ઉદ્ધાર થશે!" યમુનાએ પુલકિત મુખે કહ્યું.

બુઝાઈ જતા દીવામાં જેવી રીતે એક વાર મોટો ભડકો થાય છે, તેવી રીતે મરણની અણીએ આવી પડેલી યમુનાએ એકવાર બળપૂર્વક અટ્ટહાસ કર્યું અને ત્યાર પછી ધીમે ધીમે તેનું સમસ્ત શરીર શીતળ થતું ગયું.

યમુનાની આવી અવસ્થા જોઇને અમરસિંહ ગગનભેદક રુદન કરવા લાગ્યો. તે ડૂસકાં ભરતો કહેવા લાગ્યો "હાય! હાય!! યમુને! આ શું થયું? ત્યારે તું ખરેખર જ મને વિલાપ કરતો મૂકીને સ્વર્ગમાં જવાની તૈયારીમાં છે? હાય! હૃદયેશ્વરિ!"

યમુના ઘણા જ દબાયલા અને અસ્પષ્ટ ધ્વનિથી બોલી "આહાહા! આજનો દિવસ મારા માટે કેટલો બધો આનંદદાયક! સમરક્ષેત્રમાં રક્તનું આસન, તે જ મારા લગ્નનું આસન થયું! આજે મારો મંગળવિવાહ થયો! આ ઘટનાના દેવો સાક્ષી છે!

હવે હું મારા સતીધર્મનું અખંડ પાલન કરવામાટે પતિના અંકમાં શયન કરીને સુખપૂર્વક મરણ શરણ થાઉં છું! મા-રા-બં-ધુ-ને-આ-શુ-ભ-સં-વા-દ-ક-હે-વ-ડા-વ-જો!

થઈ ચૂકયું-યમુનાની માનવલીલાનો અંત થયો-તેના પ્રાણ પવિત્રતાપૂર્વક પ્રયાણ કરી ગયા. તોફાન શાંત થઈ ગયું. બહુધા સર્વ મોગલો ઠાર થઈ ગયા. એક બે બચ્યા, તે પ્રાણ બચાવીને પલાયન કરી ગયા.

ત્યાર પછી સર્વ ભિલ્લો, ચંદાવત્ કૃષ્ણ અને પ્રતાપસિંહ પોતે સર્વ અમરસિંહ પાસે આવ્યા, એટલે અમરસિંહ તેમને ઉદ્દેશીને રડતો રડતો કહેવા લાગ્યો "પિતાજી! મારા સર્વસ્વનો નાશ થયો! મારા પ્રાણનું રક્ષણ કરવા માટે અહીં આવીને યમુનાએ પોતાના પ્રાણની આહુતિ આપી છે! આ જુઓ એનું મૃત શરીર!"

સર્વના મુખમાંથી એકાએક "રે! રે!" નો ધ્વનિ નીકળી ગયો, પ્રતાપમહિષી પદ્માવતી પણ એ સ્થાને આવી પહોંચી અને રક્તથી તરબોળ થયેલી અને ધૂળમાં રગદોળાયલી યમુનાની મૃત મૂર્તિ તેના જોવામાં આવી. અશ્રુ વર્ષાવતાં તેણે યમુનાનું શબ પ્રેમપૂર્વક પોતાના ખોળામાં લીધું અને વિલાપનો આરંભ કર્યો.

અતિશય દુઃખથી કંઠનો અવરોધ થઈ જવાથી દબાતા સ્વરથી પ્રતાપસિંહ કહેવા લાગ્યો "સ્વર્ગવાસિની કુમારિકે! આ દુર્દૈવી પરિવારમાં આવી પડવાથી જ તારું આવી રીતે અપમરણ થયું છે! પ્રિય મિત્ર પૃથ્વીરાજ! તારી લાડકવાઈ ભગિનીને તારી ગેરહાજરીમાં અગ્નિસંસ્કાર કરવાનો દુષ્ટ પ્રસંગ અંતે મારે શિર આવ્યો એ મારા દુર્ભાગ્યનો જ પ્રભાવ બીજું શું? ઈશ્વર તને પણ આમ કરવું જ ગમ્યું?"

સર્વના હૃદયમાં અસહ્ય ખેદ થવા લાગ્યો. સર્વનાં નેત્રોમાંથી ખળખળ કરતો અશ્રુનો પ્રચંડ પ્રવાહ વહેવા લાગ્યો. પછી પ્રતાપસિંહની આજ્ઞાથી ચિતા તૈયાર કરવામાં આવી. અમરસિંહે પોતાના હાથે તે સુવર્ણ પ્રતિમાને ચિતામાં પધરાવી અને અગ્નિસંસ્કાર કરતાં જ ચિતા ભડભડ સળગવા લાગી.

એ સમયે યમુનાનું સ્મારક કરવાનું સામર્થ્ય પ્રતાપસિંહમાં હતું નહિઃ એટલામાટે જે તલવારના પ્રહારથી યમુનાએ પાંચ વીરોને યમસદનમાં વિદાય કર્યા હતા, તે તલવારને પ્રતાપસિંહે ચિતાવાળા સ્થાને પૃથ્વીમાં પૂરી રાખી, અને કહ્યું કે, "ભવિષ્યમાં કોઈ વેળાએ મારા હેતુની સિદ્ધિ થશે અને સુખના દિવસો પાછા આવશે, તો આ સ્થાને યમુનાના સ્મારક તરીકે હું એક દેવાલય બંધાવીશ અને તેમાં એની સુવર્ણ મૂર્તિની સ્થાપના કરીશ. અહાહા! યમુના સાક્ષાત્ લક્ષ્મી જ હતી!!

અમરસિંહની સર્વ આશાઓ મનમાં જ રહી ગઈ. પોતાની પ્રિયતમાને પોતાની સદાને માટે દૂર થયલી જોઇને ચિતાને પોતાના અશ્રુપ્રવાહથી શાંત કરી, તેણે તત્કાળ તે સ્થાનનો ત્યાગ કર્યો. યમુનાની સ્વપ્રેમયી જ્વલંત મૂર્તિનો તેના હૃદયમાંથી યાવજ્જન્મ લોપ થયો નહિ. પ્રેમનો સદા સર્વદા એવો જ વિચિત્ર પ્રભાવ હોય છે.

એકાદશ પરિચ્છેદ

ભામાશા

"शतेषु जायते शूरः सहस्रेषु च पंडितः।
वक्ता दशसहस्रेषु दाता भवति वा न वा ॥" सुभाषितम्

ઇનામ મેળવવાના ઇરાદામાં જાન ગમાવી બેઠેલા મોગલોમાંના જે બે સિપાહીઓ ન્હાસી છૂટયા હતા, તેમણે દિલ્લીમાં આવીને દિલ્લીશ્વરને સ્નાનના સમાચાર સંભળાવતાં કહ્યું કે, "ખુદાવિન્દ! ઘણી જ કોશિશો કરીને બહુ જ મહેનતે અમે પ્રતાપસિંહનો પત્તો મેળવ્યો પણ અમારી ટોળીમાંના સિપાહીઓની સંખ્યા ઘણી જ ઓછી હોવાથી અમારાથી તેને પકડીને બંદીવાન્ કરી શકાયો નહિ, એટલું જ નહિ, પણ અમારામાંના ઘણાક જવાંમર્દો, રાજપૂતોની તલવારથી કપાઇને જન્નતનશીન થયા, એટલે અમારું બળ હરાઈ ગયું અને અમે પાછા આવ્યા."

એ સમાચાર સાંભળીને અકબરના અંતઃકરણમાં એક સમયાવચ્છેદે આનંદ અને વિષાદ થયો. આનંદ થવાનું કારણ એ કે, આટલાં દિવસ પછી પ્રતાપનો શોધ લાગ્યો, અને વિષાદનો હેતુ એ કે, પોતાના સૈન્યની સર્વથા દુર્દશા થવા છતાં પણ પ્રતાપ હાથમાં ન આવ્યો. અદ્યાપિ ક્ષત્રિયોના શરીરમાં રાક્ષસ સમાન શક્તિ વસેલી છે, અને એક એક રાજપૂત વીર સો સો મોગલોને પૂરો પડે છે, એ વિચારથી મનમાં ને મનમાં જ તે આશ્ચર્યચકિત અને ભયભીત થઈ ગયો. પરંતુ એ આનંદ અને શોકના ભાવને વ્યક્ત ન કરતાં એક હજાર મોગલ સિપાહીઓની સેના તેણે પ્રતાપને પકડી લાવવા માટે એકદમ મોકલી. જતી વેળાએ તેમને તાકીદથી હુકમ કર્યો કે, ગમે તેમ કરીને પણ તેને કેદ કરીને અહીં લઈ આવજો. મારું આ કામ બજાવનારને શી બક્ષીસ મળવાની છે, તે તો હવે કોઇથી અજાણ્યું નથી જ, જાઓ-ફતેહ કરો."

દિલ્લીશ્વરની આજ્ઞાથી નીકળેલી યવન સેના પ્રથમ જાબરા જંગલમાં આવી પહોંચી. પણ એ સેના આવવાથી કેટલાક દિવસ પૂર્વે જ ચાણક્ય પ્રતાપસિંહ ત્યાંથી અન્યત્ર ચાલ્યો ગયો હતો.

યમુનાની અંત્યેષ્ટિ ક્રિયાને બીજે જ દિવસે પ્રતાપસિંહે આરાવલી પર્વતના પ્રદેશને અંતના પ્રણામ કર્યા. તે વેળાએ તેણે ચંદાવત્ કૃષ્ણને કહ્યું "જ્યારે આ નિબિડ અરણ્યમાં પણ મોગલોએ આપણો શોધ કીધો છે અને છેલ્લી ઝપાઝપીમાં બહુધા બધા મોગલો મરાઈ ગયા છે, ત્યારે હવે આપણે આ સ્થાનનો સત્વર જ ત્યાગ કરવો જોઇએ. પણ જવું ક્યાં? આ વિશાળ મેવાડમાં અને આ વિશાળ આરાવલી પર્વતના પ્રદેશમાં આપણાં માટે વિશ્રાંતિનું સ્થાન ક્યાં છે? પણ આ વિસ્તીર્ણ પૃથ્વીતલમાં પણ આપણને ક્યાંય રહેવાનું સ્થાન નહિ મળે? મિત્ર! ચાલો, આપણે આ રાજસ્થાનનો ત્યાગ કરીને સિંધુ નદીના તીરે જઈ વસીએ. ત્યાં એક નાનો બેટ છે, ત્યાં વસીને આપણે આપણા દુઃખના દિવસો વીતાડીશું. ત્યાં મોગલો આપણો પીછો લઈ શકશે નહિ. પ્રાણ પ્રિય મિત્ર! મારા સર્વ વિચારો અને મારી મોટી મોટી સઘળી આશાઓ મૃગજલસમાન વ્યર્થ થશે, એવો મને ભાસ થવા માંડયો છે. રાજપૂતોનાં સર્વ સુખ અને સૌભાગ્યનો સંહાર મેં દુર્ભાગીએ જ કર્યો!"

"મહારાજ! શાંત થાઓ. દુઃખી ન થાઓ! ચાલો, મનમાં ઉદ્ભવેલા વિચારની પરિપૂર્ણતા કરવાની તૈયારી કરો. જોઇએ કે, પછી એનું પરિણામ શું આવે છે?" ચંદાવતે ધૈર્ય આપતાં કહ્યું.

"આ મહાપાપી પ્રતાપસિંહનો જીવતાં જ નરકવાસ, બીજું પરિણામ તે શું હોય? ચાલવું એ નિશ્ચિત;" પ્રતાપે પુનઃ નિરાશા બતાવી.

ત્યારપછી પોતાનાં પુત્ર, પુત્રી અને સ્ત્રી આદિને લઇને પ્રતાપસિંહ ત્યાંથી નીકળ્યો. ભગ્ન મનોરથ અમરસિંહ પણ સાથે હતો.

થોડુંક ચાલ્યા પછી પ્રતાપસિંહ ઊભો રહ્યો અને ચંદાવત્ કૃષ્ણને કહેવા લાગ્યો– "વીરવર્ય! તમે આ બધાંને સંભાળીને થોડીવાર અહીં ઉભા રહો, હું આ આરાવલી પર્વતના ઉચ્ચતમ શિખરે ચઢીને એકવાર ચિત્તોડનું અંતિમ દર્શન કરી આવું. ચિત્તોડના ઉદ્ધારની મારી સર્વ આશાઓ આજે સર્વથા નષ્ટ થઈ ગઈ!!!"

આરાવલીના એક ઉચ્ચતમ શિખરે ચઢીને પ્રતાપસિંહે એકવાર ચિત્તોડ પ્રતિ દૃષ્ટિપાત કર્યો; ત્યાર પછી નિરાશાથી ભરેલો એક ગંભીર નિઃશ્વાસ નાખીને તે પોતાના મનમાં કહેવા લાગ્યો "હે માતા જન્મભૂમે! આજે હું તારો સદાને માટે ત્યાગ કરું છું. આ જન્મની મારી સર્વ આશાઓ નષ્ટ થઈ ગઈ છે! સદ્ભાગ્યે જો બીજા જન્મમાં તારાં ચરણોમાં સ્થાન મળશે, તો પુનઃ તારા દર્શનનો લાભ પણ મળશે. હે પુણ્યમયી પરમેશ્વરિ!"

એ વાક્યો ઉચ્ચારતી વેળાએ પ્રતાપનાં નયનોમાંથી અશ્રુનું અવિશ્રાંત અને અખંડ વહન થયા કરતું હતું. પર્વતશિખરપરથી ઉતરીને પ્રતાપ પાછો ચંદાવત કૃષ્ણ પાસે આવ્યો અને પોતાના પરિવાર વર્ગને સાથે લઇને સિંધુનદીના તીરે આવેલા દૂરસ્થ પ્રદેશમાં જવાને રવાના થયો. જે વેળાએ પ્રતાપે પ્રવાસનો પ્રારંભ કર્યો, તે સમય ગ્રીષ્મઋતુનો હતો; વાયુની પ્રબળતા હોવાથી ઉડેલી ધૂળથી ચારે દિશાઓ વ્યાપ્ત થઈ ગઈ હતી; આસપાસ વૃક્ષોનો સર્વથા અભાવ હોવાથી સૂર્યના પ્રખર તેજવડે પૃથ્વીપટ જાણે બળતું હોય એવો ભાસ થતો હતો. એવી દુર્ગમ અને દુસ્તર મરુભૂમિમાંથી પોતાનો માર્ગ કરીને નિરુપાયે પ્રતાપસિંહને નીકળવું પડયું.

અસહ્ય ચિંતા સાગરમાં નિમગ્ન થઇને અને સ્ત્રી પુત્રાદિનો હાથ ધરીને પ્રતાપસિંહ એ ભીષણ મરુભૂમિમાં ઉભો છે. પાસે કાંઈ પણ સાધન ન હોવાથી એ મરુભૂમિમાંથી નિર્વિઘ્ન કેવી રીતે પાર પડી શકાશે, એના વીર ચંદાવત્ કૃષ્ણ બહુ જ વિચારમાં પડયો છે. એટલામાં જાણે ઈશ્વરે મોકલેલો કોઈ દેવદૂત હોય? એવો એક પુરુષ એકાએક તેના જોવામાં આવ્યો. તે મનુષ્ય જાણે પોતાનો લાંબા સમયનો ઓળખીતો હોય, એવો પણ તેને ભાસ થયો. પ્રતાપને જોતાં જ તે મનુષ્યે ઉતાવળથી દોડીને પહોંચવાનો પ્રયત્ન કર્યો.

પ્રતાપસિંહ પણ તે આવતા મનુષ્યને એક ધ્યાનથી જોવા લાગ્યો. થોડીવારમાં તે મનુષ્ય નિકટમાં આવ્યો અને પ્રતાપને સાષ્ટાંગ પ્રણિપાત કરીને રડતો રડતો કહેવા લાગ્યો કે, "મહારાણાજી! મેવાડની આ અંતિમ સામગ્રીનો સ્વીકાર કરો, ચિંતા પરિહરો."

એટલું કહીને તે પુરુષે પોતાની પાછળ આવતા મનુષ્યોના ખભાપર લાદેલું સર્વ દ્રવ્ય એકત્ર કરીને પ્રતાપસિંહનાં ચરણોમાં અર્પણ કર્યું.

પ્રતાપસિંહ વિસ્મિત થઇને કહેવા લાગ્યો, આ શું? પ્રધાન ભામાશા? ભામાશા, તમે અહીં કયાંથી? તમે મારો શોધ કેવી રીતે મેળવી શકયા; આ અગણિત દ્રવ્ય તમે મારા ચરણોમાં શા માટે અર્પણ કરો છો?"

"મેવાડપતિ! આ સર્વ ધન મેવાડનું છે, આપનું જ છે, એ આપના ઉપયોગમાં આવવું જ જોઇએ," વૃદ્ધ સચિવ ભામાશાએ ઉત્તર દીધું.

"પ્રધાનજી! હું તો ઘણા લાંબા સમયથી વનચારી ભિક્ષુક બની ગયેલો છું, માટે એ ધન મારું કયાંથી હોઈ શકે?" પ્રતાપે પ્રશ્ન કર્યો.

"મહારાણા! મેવાડનું જે કાંઇ પણ હોય તે સર્વ આપનું જ છે. માટે આપે આ ધનના સ્વીકારમાં સંકોચ કરવો નહિ;" ભામાશાએ કહ્યું.

"જે સમયે હું મેવાડનો મહારાણો હતો તે સમયે તમે જો આમ કહ્યું હોત, તો તે શોભવા સરખું હતું; પણ અત્યારે હું મેવાડનો મહીપતિ નથી, અત્યારે તો હું નિષ્કિંચન, આશ્રયહીન અને ભિક્ષુકોનો પણ ભિક્ષુક થઈ ગયેલો એક યઃકશ્ચિત્ પુરુષ છું. હાલમાં હું મારા પરિવારને લઇને આ વિશાળ મેવાડ દેશને સદાને માટે ત્યાગી જવાની ધારણામાં છું. પ્રધાનજી! આ ધન પાછું લઈ જાઓ અને જેનું હોય તેને પાછું આપી દ્યો."

"પ્રભો! સ્વામિન્! ક્ષત્રિયકુલતિલક! આ વૃદ્ધ સેવક, સ્વામીની સમૃદ્ધિ જ સ્વામીનાં ચરણોમાં અર્પણ કરે છે. તેને નિરાશ કરવો એ આપને ઉચિત નથી. મેવાડના અન્નથી પાળેલા અમે બધા, આપના વંશપરંપરાના અનુચરો છિયે, અને તેટલા માટે જ અમારા દ્રવ્યનો મેવાડના ઉદ્ધારના કાર્યમાં વ્યય થાય તો સારું, એવી અમારી દૃઢતમ ઇચ્છા છે. એટલા માટે આ ધનનો સ્વીકાર કરીને દાસની આટલી મનીષા આપે તૃપ્ત કરવી એવી અનન્ય ભાવે આપને પ્રાર્થના છે;" ભામાશાએ અત્યંત નમ્રતાથી પ્રાર્થના કરીને કહ્યું.

"મેવાડના દુઃખથી તમારું મન ખરેખર વ્યથિત થયેલું છે, એ હું જાણી શકયો- ઈશ્વર તમારું કલ્યાણ કરો, પરંતુ તમારા ધનનો વ્યય કરવાનો મને શો અધિકાર છે? મારે એનો સ્વીકાર શા માટે કરવો?" પ્રતાપસિંહે કહ્યું.

"મહારાજ! આપ રાજનીતિજ્ઞ અને જ્ઞાની પુરુષ છો, આપને હું શો ઉપદેશ આપું? પ્રજાના ધનનો સદાસર્વદા રાજા જ સ્વામી છે. વળી આ ધન તો હું મારી પોતાની ઇચ્છાથી જ મેવાડના કલ્યાણ માટે અર્પણ કરું છું, એટલે પછી એના સ્વીકારમાં આપને શો પ્રત્યવાય છે?" ભામાશાએ દૃઢતાથી કહ્યું.

પ્રતાપસિંહે કેટલીક વાર સુધી મનમાં કાંઈક વિચાર કર્યો અને તે પછી કહ્યું "ઠીક ત્યારે ભામાશાજી! હું તમારો મનોરથ પૂર્ણ કરું છું; અર્થાત્ આ ધનનો હું અંગીકાર કરું છું–દાન સ્વીકારું છું. પરંતુ આ સંપત્તિમાંથી એક કપર્દિકાનો પણ હું મારા પરિવારના સુખ માટે વ્યય કરવાનો નથી. આ સર્વ દ્રવ્યનો વ્યય હું મેવાડના ઉદ્ધારના કાર્યમાં જ કરીશ. કેમ તમારી એમાં અનુમતિ છે?"

"જેવી **મહારાણાની** ઇચ્છા!" **ભામાશાએ** સંક્ષેપમાં અનુમતિ દર્શાવી.

"ભલે! ત્યારે તમારી ઇચ્છા ફળીભૂત થાઓ! તમે મહા પુણ્યવાન્, ઉદાર અને દાતા છો–તમારા જ દ્રવ્યથી ભલે **મેવાડનો** ઉદ્ધાર થાઓ! તમે મહા ભાગ્યશાળી અને સ્વદેશભક્ત છો. તમારા ધનના પ્રતાપે જનની જન્મભૂમિ પરતંત્રતાની શૃંખલાથી મુક્ત થશે; તમે રાજનિષ્ઠ અને ધર્મનિષ્ઠ હોવાથી તમારી સંપત્તિના પ્રભાવથી **મોગ**-લોના ગર્વનો નાશ થશે. રાજસ્થાનના ઇતિહાસમાં "**મેવાડ સંરક્ષક**" તરીકે તમારું નામ અમર કીર્તિમાન્ થશે!!" **પ્ર**તાપસિંહે ધનનો સ્વીકાર કરીને **ભા**માશાની સ્વદેશ-સેવાની સ્તુતિ કરી.

એના ઉત્તરમાં પોતાની નિરભિમાનતા વ્યક્ત કરીને **ભા**માશાએ કહ્યું? "એ સર્વ કાર્યો નિર્વિઘ્ન અને સામર્થ્યથી **મ**હારાણા જ પાર પાડી શકશે; **હું** તો માત્ર નિમિત્તનો સ્વામી છું–બીજું મારું કશું પણ નથી !"

દ્વાદશ પરિચ્છેદ
મેવાડનો પુનરુદ્ધાર

"**चपलौ किल शूराणां रणे जयपराजयौ**" कथासरित्सागर
चक्रवत्परिवर्त्तन्ते दुःखानि च सुखानि च" सुभाषितम्

મેવાડપર પાછી પરમેશ્વરની કૃપા દૃષ્ટિ થઈ? **મે**વાડને પોતાના ગત વૈભવની પાછી પ્રાપ્તિ થઈ? મહારાણા **પ્ર**તાપસિંહે પોતાના અમિત પરાક્રમથી **મો**ગલોને ભયભીત અને ચકિત કર્યા? આજે સમગ્ર રાજપૂતો એકત્ર થઇને યુદ્ધ સામગ્રીની સિદ્ધિ કરી લડવાને ઉદ્યુક્ત થયા, અને તેમણે અલ્પ અવકાશમાં સ્વાતંત્ર્યના જય-દુંદુભિને વગાડવાનો આરંભ કર્યો?

એ સર્વ પ્રશ્નોનું એક જ ઉત્તર છે, "હા." પોતાની વિપન્નાવસ્થાથી નિરાશ થઈ સ્ત્રી પુત્ર આદિને લઇને **પ્ર**તાપે **મે**વાડ છોડતી વેળાએ જે ઈશ્વરની અનન્ય ભાવે પ્રાર્થના કરી, તે પ્રાર્થનાને સાંભળી પરમેશ્વરે **ભા**માશાના હાથે તેને અપાર ધન અપાવ્યું અને તેની સહાયતાથી **પ્ર**તાપસિંહે પોતાના સર્વ માંડલિક રાજાઓ અને સર-દારોને એકઠા કર્યા. તેમના વિલક્ષણ ઉત્સાહથી પ્રેરિત થઇને **પ્ર**તાપે **મે**વાડના ઉદ્ધારનો સંકલ્પ કર્યો. **શ**ક્તિસિંહ પણ પોતાના બંધુને આવી મળ્યો.

આટલા વિસ્તીર્ણ અને વિશાળ **મે**વાડમાં નિવાસ માટે સુરક્ષિત સ્થળ ન મળ-વાથી દરિદ્રી **પ્ર**તાપસિંહ **મે**વાડ છોડીને ક્યાંક દૂરના દેશમાં ચાલ્યો ગએલો હોવો જોઇએ એવો **બા**દશાહનો નિશ્ચય થઈ ગયો હતો અને તેથી **મો**ગલ સૈનિકો સર્વથા અયશ આરામમાં નિમગ્ન થઈ ગયા હતા. યુદ્ધ માટે તેઓ કોઈ પણ રીતે તૈયાર થઈ શકે તેમ ન હતું.

એક દિવસ એવો આવ્યો કે, અચાનક તેમના તે આનંદ અને ઉત્સાહનો ભંગ થઈ ગયો. તે દિવસે સહસ્રાવધિ રાજપૂત સરદારોએ "હરહર મહાદેવ"નો ગંભીર ધ્વનિ કરીને ચારે તરફથી **મે**વાડ દેશને એકાએક ઘેરી લીધો. **મો**ગલો માટે ન્હાસ-વાનો માર્ગ પણ રહ્યો નહિ.

આવી સ્થિતિ જોઈને **મોગલો** એકદમ ગભરાઈ ગયા. તેઓ પોતપોતામાં કહેવા લાગ્યા કે, "આ કૌશલ્ય કોનું હોવું જોઈએ? **પ્રતાપસિંહ મેવાડ** છોડીને **સિંધુ** તીરે ચાલ્યો ગયો, એને તો બહુ દિવસ થયા! ત્યારે આવું સાહસ કરનાર બીજો વીર નર કોણ?"

"**દેવીર**" નામક સ્થાને રાજપૂતોની ભાગ્ય લક્ષ્મીનો પુનઃ ઉદય થયો. મહા પ્રતાપી **પ્રતાપસિંહે** મહા શૌર્યથી એ સ્થાને **મોગલો**પર બહુ બળપૂર્વક હલ્લો કર્યો. **દેવીર** એ સમયે **મોગલ** સેનાપતિ **શાહબાજખાં**ના અધિકારમાં હતું. એક ચઢી આવતા **પ્રતાપસિંહ**ની ભયંકર મૂર્ત્તિ નિહાળીને **શાહબાજખાં** થરથર કંપવા લાગ્યો. એક દિવસમાં તેના હજારો સિપાહીઓ રણમાં રગદોળાયા, લડતાં લડતાં અંતે તેનો પણ અંત થઈ ગયો. એ યુદ્ધમાં **શક્તિસિંહે** અસાધારણ શૌર્ય દેખાડ્યું.

શાહબાજખાંના, બાકી બચેલા સિપાહીઓ **અમૈત** નામના સ્થળે ન્હાસી ગયા. પરાક્રમી **પ્રતાપસિંહે** ત્યાં પણ તેમનો પીછો પકડીને તેમનામાંના ઘણાકોનો સંહાર કરી નાખ્યો અને પોતાની બહુ દિવસની કોપજ્વાળાને યવનોના રક્તસિંચનથી શાંત કરી.

ત્યારપછી **પ્રતાપસિંહે કોમલમેર** પોતાના કબજામાં લીધું. એ વેળા **અબદુલ્લા** નામનો એક **મોગલ કોમળમેર**નો અધિકારી હતો. **પ્રતાપ**ના અસહ્ય તેજ સમક્ષ તેનાથી ટકી શકાયું નહિ, અને તેથી તે પોતાના સૈન્ય સહિત **પ્રતાપસિંહ**ની કરાલ કરવાલનો ભોગ થઈ પડ્યો.

એવી રીતે બહુ જ અલ્પ સમયમાં **પ્રતાપસિંહે** એક પછી એક બત્રીસ કિલ્લા સર કર્યા. **અકબર**ને એ વાતની ખબર મળવા છતાં પણ તેનાથી એની કાંઈ પણ વ્યવસ્થા થઈ શકી નહિ. તે હજી તો પોતાના સૈન્યની તૈયારી કરે, એટલામાં તો ઝપાઝપ **પ્રતાપસિંહે** સમસ્ત **મેવાડ** દેશ પોતાના અધિકારમાં લઈ લીધો. એક વર્ષના અવધિમાં જ **મેવાડ**નો બહુધા સર્વ પ્રદેશ **પ્રતાપસિંહ**ની સત્તામાં આવી ગયો.

મેવાડ હસ્તગત કરવાનું કાર્ય થઈ રહ્યા પછી **પ્રતાપસિંહે** પોતાના પરમ શત્રુ **માનસિંહ**ના રાજ્યપર ધસારો કરીને **અંબર**નો મુખ્ય બજાર લૂંટ્યા અને ત્યાંનું સર્વ ધન લાવીને પોતાના ભંડારમાં ભર્યું. ત્યારપછી થોડા દિવસમાં જ ઉદયપુર પણ પાછું **પ્રતાપ**ના હાથમાં આવ્યું.

એ પ્રમાણે નાના મોટા અનેક દેશ, અનેક નગરો, અને અનેક દુર્ગો તેણે હસ્તગત કરી લીધાં. જોતજોતામાં તે પાછો સમસ્ત **મેવાડ**નો પ્રબળ અને પ્રતાપાન્વિત અધિપતિ થયો.

પ્રતાપે મોગલો પાસેથી **મેવાડ**ની ભૂમિ બહુધા પાછી મેળવી પણ એક સ્થાન—માત્ર એક જ સ્થાન અદ્યાપિ તેના હાથમાં આવ્યું નહિ. તે સ્થાન તે તેના પૂર્વ પુરુષોનું કીર્ત્તિસ્થાન **ચિત્તોડ**!

ત્રયોદશ પરિચ્છેદ

ચિત્તોડ! ચિત્તોડ!!

"Hope tells a flattering tale,
Delusive, Vain, and hollow,
Ah let not hope prevail,
Lest disappointment follow.

MISS WROTHER.

દિવસ જતાં બીજી સર્વ આશાઓ સફળ થઈ. ચિત્તોડ એક નગરનો ઉદ્ધાર અદ્યાપિ થઈ શકયો નહિ. એક પછી એક પ્રતાપસિંહના બીજા સર્વ હેતુ અનુક્રમે સિદ્ધ થયા–માત્ર ચિત્તોડ-ઉદ્ધારનો એક જ હેતુ સિદ્ધ થયો નહિ. ધીમે ધીમે મેવાડનો ગતવૈભવ પાછો આવ્યો–માત્ર મેવાડપતિના હૃદયની શાંતિ પાછી આવી નહિ. મેવાડમાં સર્વત્ર આનંદ વ્યાપી ગયો. વ્યાપાર આદિ સર્વ કાર્યો પૂર્વ પ્રમાણે થવા લાગ્યાં. મોગલોના અત્યાચારની ભીતિ જતી રહેલી હોવાથી સર્વ પ્રજાજનો આનંદ અને સુખમાં દિવસો વીતાડવા લાગ્યાં. કલાકૌશલ્ય અને કૃષિ કર્મની દિવસે દિવસે ઉન્નતિ થતી ચાલી. રાજ્યમાં કોઈ પણ વિષયનું દુઃખ રહ્યું નહિ. એમ છતાં પણ રાજાનું મન આટલું બધું દુ:ખિત અને વ્યથિત કેમ રહેતું હતું? વાચક પોતે જ એ પ્રશ્નનું સહજમાં ઉત્તર આપી શકે એમ છે, માટે વિશેષ વિવેચન વ્યર્થ છે.

પ્રતાપસિંહે પોતાની યૌવનાવસ્થામાં જે વ્રતની દીક્ષા લીધી હતી, તે વ્રત અદ્યાપિ પૂર્ણ રીતે સફળ ક્યાં થયું હતું? અદ્યાપિ સમસ્ત રાજસ્થાન સ્વતંત્રતા ક્યાં મેળવી શક્યું હતું? ચિત્તોડ નગર અદ્યાપિ વિધર્મી યવનોના જ અધિકારમાં હતું. વસ્તુસ્થિતિ એવી હોવાથી પ્રતાપના હૃદયમાં શાંતતાનું સુખ ક્યાંથી હોઈ શકે? તેના મનનો મુખ્ય હેતુ અદ્યાપિ અસિદ્ધ અને અપૂર્ણ જ રહેલો હતો. દિવસે દિવસે વૃદ્ધાવસ્થાની છાયા તેના પર પડતી ચાલી. ખેદથી તે વધારે વધારે લેવાતો ગયો.

અદ્યાપિ તેનો બ્રહ્મચારિવેશ, કાષાય વસ્ત્રો, વધેલા નખો, તરુપત્રાવળીમાં ભોજન કરવું અને તૃણશય્યામાં શયન કરવું, ઇત્યાદિ નિયમોનો પ્રકાર ચાલૂ જ હતો. સમસ્ત મેવાડની ભૂમિ પાછી પોતાના અધિકારમાં આવેલી છતાં પણ તે નિત્ય ઉદાસ અને ખિન્ન જ રહેતો હતો. તેના મનમાં રાત્રિ દિવસ ચિત્તોડનો અભ્યાસ જ લાગેલો હતો. તેનું તપ, જપ, ધ્યાન અને ધારણા સર્વે ચિત્તોડ નગર જ હતું. ચિત્તોડનો ઉદ્ધાર તે પ્રતાપનો જીવનમંત્ર હતો. એ કાર્ય અદ્યાપિ તેના હસ્તે પાર પડ્યું ન હતું!

કારણ ગમે તે હોય, પણ અત્યારે મોગલોએ પ્રતાપ સાથે યુદ્ધ કરવાનું માંડી વાળ્યું હતું. અકબરનો ગમે તેવો હેતુ હોય, પણ હાલમાં તો તે પ્રતાપ વિરુદ્ધ વધારે ખટપટ કરવાથી ચુપ રહેલો હતો; અર્થાત્ આ સમયે મેવાડપર મોગલોની લોલુપ દૃષ્ટિ હતી નહિ. શું અકબરે કૃપા કરીને જ પ્રતાપને શાંતિ સુખ ભોગવવાને અવસર આપ્યો હતો? એમ તો કોઈ કાળે પણ બની શકે નહિ.

વિચાર કરતાં કરતાં પ્રતાપસિંહનું અંતઃકરણ અભિમાનથી ભરાઈ આવ્યું. તેના હૃદયસમુદ્રમાં ભયંકર વિક્ષોભ થવા માંડ્યો. તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો:–"ખરે-

ખર મારાપર કૃપા કરીને જ અકબરે યુદ્ધનું કાર્ય બંધ રાખ્યું છે? મારા મુખ્ય ઇષ્ટ હેતુની સિદ્ધિ ન થવા દઈને માત્ર મારી મશ્કરી કરવા માટે જ મેવાડને તેણે મારા હાથમાં આવવા દીધું છે? આવી રીતે મને બાળી નાખવા માટે જ અકબર પોતાના અનુગ્રહરૂપી વિષમ બાણનો મારા શરીરમાં પ્રહાર કરે છે? જો એમ જ હોય તો મારો આટલો બધો પરિશ્રમ, આટલાં બધાં કષ્ટો, આટલું બધું ધૈર્ય અને આટલી બધી સહિષ્ણુતા સર્વ અંતે નિષ્ફળ જ નીવડ્યાં! અંતે મારો પરાજય જ થવાનો! મેં આટલો બધો પ્રપંચ શા માટે કર્યો? ઈશ્વરને ભૂલીને હું આ વિષમય રાજનીતિમાં શા માટે પડચો? અગણિત મનુષ્ય પ્રાણીનાં શોણિતથી ભૂમિને સ્નાન શા માટે કરાવ્યું? આ વીસ વર્ષમાં એવો તે મેં કયો પુણ્યસંચય કર્યો કે મેં મારા હેતુની શી સિદ્ધિ કરી? તરુણાવસ્થામાં સિંહાસન પ્રાપ્તિ થવા પછી આજ પર્યન્ત અનેક શ્રમ અને અનેક કષ્ટો ભોગવ્યાં, પણ તેનું પરિણામ અંતે આ જ આવ્યું? મને તો આ સર્વ સ્વપ્ન સમાન જ ભાસે છે. ચિત્તોડનો ઉદ્ધાર હજી ક્યાં થયો છે?"

એવા અનેક વિચારો કરતાં કરતાં પ્રતાપસિંહનું માથું ફરી ગયું, **ચિત્તોડ! ચિત્તોડ!!** નો ઘોષ કરતાં તેને ચિત્તભ્રમ થઈ ગયો. તેના મનની સ્વસ્થતા અને શાંતિનો લોપ થયો. ધીમે ધીમે તેના આયુષ્યની શૃંખલા પણ વધારે અને વધારે ટુંકી થવા માંડી.

એક દિવસે તૃતીય પ્રહરના સમયે અતિશય ચિંતામાં નિમગ્ન થયેલો પ્રતાપસિંહ ઉદયપુરમાંના એક ઉચ્ચ રાજમહાલયની અગાસીમાં બેઠો બેઠો ચિત્તોડનું અવલોકન કરતો હતો; અસ્તાચલે જતા સંધ્યાકાલના સૂર્યનાં રક્તવર્ણ કિરણો ચિત્તોડપર પડતાં હતાં; આસપાસના ઉચ્ચ પર્વત અને નિબિડ અરણ્યોને અપૂર્વ શોભા પ્રાપ્ત થયેલી હતી. એ અપૂર્વ શોભાના સમીક્ષણથી પ્રતાપનું અંતઃકરણ એકાએક ભરાઈ આવ્યું; તેનું સમસ્ત શરીર રોમાંચિત થઈ ગયું; તેનાં નેત્રોમાં જાણે અંધકારનો વિસ્તાર થઈ ગયો હોય તેવો ભાસ થતાં તે મૂર્ચ્છિત થઇને ધરણીપર ઢળી પડ્યો—બહિર્જગતનું તેને ભાન રહ્યું નહિ.

મૂર્ચ્છિત-અવસ્થામાં એક અદ્ભુત સ્વપ્ન તેના જોવામાં આવ્યું. ચિત્તોડની અધિષ્ઠાત્રી દેવી સાક્ષાત્ આવીને તેના મુખ સમક્ષ ઉભી રહી. તે મૃદુ મંજુલ સ્વરથી આશ્વાસન આપતી કહેવા લાગી, "વત્સ! બ્હીશ નહિ; નેત્રો ઉઘાડીને મારા તરફ જો. તું ધ્યાન, જ્ઞાન, જપ, તપ, ધારણા, આહાર અને વિહાર આદિમાં દિનરાત જેનું ચિંતન કર્યા કરે છે, તે હું આજે ચાલી ચલાવીને પોતે જ તારા સમીપ આવેલી છું. પુત્ર! તારે દુઃખી અને નિરાશ થવાનું કશું પણ કારણ નથી. એક રીતે જોતાં તારા વ્રતની સફળતા થઈ ચૂકી છે. જો કે તારે હાથે ચિત્તોડના ઉદ્ધારનું કાર્ય પાર પડવા પામ્યું નથી, તો પણ પોતાના કર્ત્તવ્યની તો તેં પરિપૂર્ણતા કરેલી છે જ. મેવાડમાં તેં જે બીજનું આરોપણ કર્યું છે, તેમાંથી સત્વર જ એક વિશાળ વૃક્ષ ઉદ્ભવશે અને તે ફળ પુષ્પથી મંડિત થતાં સર્વનાં ચિત્તનું આકર્ષણ કરશે. પણ આ લોકનું તારું આયુષ્ય હવે પૂરું થવા આવ્યું છે, માટે એ સ્વર્ગીય દૃશ્યને તું જોઈ શકીશ નહિ. તારો પુત્ર અમર તારા સ્વીકૃત વ્રતની દીક્ષા લઇને તેની પરિપૂર્ણતા કરશે! તેં પોતાની આ અપૂર્વ

પુણ્યકૃતિથી જે ધર્મનો સંચય કર્યો છે, તેથી તારું નામ જગતમાં અચલ અને અમર થશે !!!"

સ્વપ્નની સમાપ્તિ થઈ. પ્રતાપ જાગૃત થયો. તે ધીમે ધીમે ઉઠીને પોતાની પર્ણકુટીમાં ગયો. પોતાની પ્રિયતમ તૃણશય્યામાં નિદ્રાવશ થઈ ગયો. અફસોસ! એ તૃણશય્યામાંથી પાછો તે ઉઠવા પામ્યો નહિ—એ તૃણશય્યા તે જ તેની મરણ શય્યા થઈ પડી!

ચતુર્દશ પરિચ્છેદ

પ્રતાપનું પરલોક પ્રયાણ

"संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते." भगवद्गीता.

કનિષ્ઠ કે શ્રેષ્ઠ જે પરિણામ આવવાનું હતું તે આવી ચૂકયું. આજનો દિવસ તે છેલ્લો દિવસ હતો. મેવાડના મુખ્ય માંડલિક રાજાઓ અને સરદારો પ્રતાપની તૃણશય્યા સમક્ષ બેસી નીચું મુખ કરીને નેત્રમાંથી અશ્રુવર્ષણ કરતા જોવામાં આવતા હતા. કુમાર અમરસિંહ પોતાના આસન્નમૃત્યુ પિતા સમક્ષ બે હાથ જોડીને ઉભો હતો.

જીવમાં અંતિમ યાતના થતી હોવા છતાં પણ પ્રતાપસિંહ અત્યંત અસ્પષ્ટ ધ્વનિથી "ચિત્તોડ! ચિત્તોડ!!" એવો ઉચ્ચાર કર્યા કરતો હતો. એ ઘોષ સર્વના સાંભળવામાં આવ્યો; અને તેથી સર્વનાં અંતઃકરણો અત્યંત વિહ્વળ થઈ ગયાં.

થોડીવાર પછી પ્રતાપસિંહે પોતાનાં નેત્ર ઉઘાડ્યાં. અમરસિંહને જોતાં તેણે એક ગંભીર નિઃશ્વાસ નાખ્યો. એ જોઈ વૃદ્ધ સરદાર ચંદાવતે કહ્યું, "મહારાજ આપના હૃદયમાં શી વ્યથા થાય છે? આપની યોગમયી શાંતિનો ભંગ શાથી થાય છે! મહારાજ! અમે સર્વ આપ સમક્ષ ઉભા છિયે--કહો—આપના મનની શી ઈચ્છા બાકી રહી છે?"

"સરદાર! હું મહા દુર્ભાગી છું! મને મરણ પણ સુખપૂર્વક પ્રાપ્ત નથી થતું. ચંદાવત્! કહો, કુમાર અમરસિંહ મારા વ્રતની પરિપૂર્ણતા કરશે?" પ્રતાપસિંહે મંદ સ્વરે કહ્યું.

કુમાર અમરસિંહે વીરાસન વાળી, હાથ જોડીને કંપિત સ્વરે કહ્યું, "પિતાજી! મારા વચનપર વિશ્વાસ રાખો. હું પિતાના વ્રતની પરિપૂર્ણતા કરીશ."

"વ્રતની ઉદ્યાપના કરીશ? તારું સુકુમાર શરીર આવાં કષ્ટો સહન કરી શકશે? છાતીએ આગની અંગીઠી બાંધીને સ્વદેશના ઉદ્ધાર માટે પોતાના પ્રાણ અર્પવાને તું સમર્થ થઈ શકીશ ખરો?" પ્રતાપે શંકાના ભાવથી પૂછ્યું.

"હા—પૂજ્ય પિતાજી! હું સમર્થ થઈ શકીશ! પ્રતાપનો પુત્ર કોઈ કાળે પણ અસત્ય ભાષણ કરે એ સંભવે જ નહિ" અમરસિંહે રડતાં રડતાં નમ્ર ઉત્તર આપ્યું.

"આ વેશ, આ પર્ણકુટી અને આ શય્યા—વિશેષ વૈભવ નહિ—બની શકશે કે?" પ્રતાપે વળી શંકાશીલ મુદ્રાથી પૂછ્યું.

"એવો કુલાંગાર કોણ હોય, કે જે પોતાના પિતાની અંતકાળની આજ્ઞાનું ઉલ્લંઘન કરે? પિતાજી! મરતાં સુધી હું ચિત્તોડના ઉદ્ધારનો પ્રયત્ન કરતો રહીશ. એ પ્રતિજ્ઞા હું ધર્મને સાક્ષી રાખીને કરું છું. આપનું આત્મબલ મને સહાય થાઓ!" અમરસિંહે પ્રતિજ્ઞા લીધી.

"હવે હું સુખે મરીશ!" પ્રતાપે અંતિમ ઉદ્‌ગાર કાઢયો.

"પ્રતાપસિંહે કાંઇક સંકેત કર્યો અને અમરસિંહે પોતાનું મુખ પ્રતાપના મુખ પાસે રાખ્યું. પ્રતાપસિંહે પુત્રના મસ્તકે હાથ રાખીને તેને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે, આ પંકિત સદા સર્વદા સ્મૃતિમાં રાખજે—संभावितस्य चाकीर्त्तिर्मरणादतिरिच्यते."

ત્યારપછી ચંદાવત્ કૃષ્ણને જોઇને પ્રતાપ જરાક હસ્યો. ચંદાવત તે હાસ્યનો ભાવાર્થ સમજી ગયો અને કંપિત સ્વરે બોલ્યો, "મહારાણાજી જ્યાંસુધી હું જીવતો છું ત્યાંસુધી તો કુમાર પિતૃવ્રતનું ઉલ્લંઘન કરી શકશે નહિ, હું રાત દિવસ એનાપર ધ્યાન રાખીશ, આ મારું અંતિમ વચન છે, નિશ્ચિન્ત થાઓ."

પ્રતાપસિંહના મુખમંડલમાં અપૂર્વ અને અલૌકિક હાસ્યની છટા દૃષ્ટિગોચર થવા લાગી. તે આસન્નમરણ મુખમુદ્રામાં સ્વર્ગીય લાવણ્ય ઝળકવા લાગ્યું, તે હાસ્ય અને તે લાવણ્ય હજી તો દૃષ્ટિગોચર થતાં હતાં, એટલામાં અચાનક તે સ્વદેશપ્રેમી, પરમ પુણ્યશીલ, વીરોના વીર, અર્જુનના અવતાર, મેવાડના ચક્રચૂડામણી અને રાજસ્થાનના દિવ્યરત્ન મહાપુરુષે પોતાના આયુષ્યના મધ્યાહ્ન કાળમાં જ પોતાનાં નેત્રો સદાને માટે બંધ કરી લીધાં.

સમાપ્ત

સસ્તું સાહિત્ય-"ગુજરાતી"ના ગ્રાહકોનેજ

	પુસ્તકનું નામ	કિમ્મત
૧	જૂનું નર્મગદ્ય-વધારા ને કવિની છબી સાથે	૧- ૪-૦
૨	ગુજરાત સર્વસંગ્રહ-કવિ નર્મદનો રચેલો અને સરકારે છપાવેલો...	૧- ૦ ૦
૩	દેશવ્યવહાર વ્યવસ્થા-કવિ નર્મદનો ન છપાયલો અર્થશાસ્ત્રનો ઉત્તમ ગ્રંથ	૦-૧૪-૦
૪	નર્મકવિતા-સુરત મીશન પ્રેસમાં છપાયલી	૦- ૨-૦
૫	નર્મકવિતા-સુરત સોદાગર પ્રેસમાં છપાયલી	૦- ૧-૦
૬	રામજાનકી દર્શન-(નાટક)	૦- ૬-૦
૭	સારશાકુન્તલ (નાટક)	૦- ૪-૦
૮	બાળકૃષ્ણવિજય (નાટક)...	૦- ૪-૦
૯	ગંગા-ગુર્જર વાર્તા (શિવાજીની સુરતની લૂટ)	૦- ૮-૦
૧૦	ઘાસીરામ કોટવાલ-પેશ્વાના વખતની બહુ રમૂજી ચાનક અને જ્ઞાન આપનારી વાર્તા	૦- ૪-૦
૧૧	વેદોક્ત ધર્મપ્રકાશ-વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત. એ ગ્રંથમાં ધર્મના ઘણા ગૂઢ વિષયોના સાદી ભાષામાં એવા સચોટ ખુલાસા આપ્યા છે કે, જેવા બીજે સ્થળે ભાગ્યે જ વાંચવામાં આવશે. ...	૦-૧૪-૦
૧૨	ધાતુસંગ્રહ-ટેલર અને વ્રજલાલ શાસ્ત્રીનો રચેલો અને સરકારે છપાવેલો	૦- ૬-૦
૧૩	એમ. એ. બનાકે કયોં મેરી મીટ્ટી ખરાબકી	૧- ૦-૦
૧૪	આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા	૧- ૦-૦
૧૫	વિલાયતી વિલાસમાં ફેશનબાઈ ખલાસ	૧- ૦-૦
૧૬	ભાગવત એકાદશસ્કંધ-મૂળ-ભાષાંતર-ચિત્ર પાકું પુઠું. સુંદર કાગળ	૦- ૬-૦
૧૭	૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન	૦- ૮-૦
૧૮	બોધવચન-પરમહંસ રામકૃષ્ણનાં	૦- ૬-૦
૧૯	શુક્રનીતિ	૧- ૪-૦
૨૦	જનાનખાનાની બીબી	૦- ૮-૦
૨૧	મુક્તામાળા...	૮- ૮-૦
૨૨	રાસેલાસ	૦- ૭-૦
૨૩	દિનાર્બસ	૦- ૭-૦

ઉપરની સઘળી ચોપડીઓનો ટપાલ ખર્ચ જૂદો પડશે.

અમારા એજંટો પાસેથી લેનાર ગ્રાહકને રૂપિયે એક આનો વધુ ટપાલનો આપવો પડશે.

ગુજરાતી પ્રેસમાં વેચાતાં પુસ્તકો

પુસ્તકનું નામ	કિંમત
વિક્રમોર્વશીય મોટી	૧-૧૨-૦
વિક્રમોર્વશીયની વાર્તા નાની	૦- ૩-૦
મેઘદૂત (સટીક સચિત્ર)	૧- ૪-૦
બીહારી સતસઈ	૧-૧૨-૦
અલંકાર ચન્દ્રિકા	૧- ૦-૦
બ્રહ્માનંદ કાવ્ય	૧-૧૨-૦
સુમતિ પ્રકાશ	૦- ૬-૦
નભૂવાણી	૨- ૦-૦
અદ્દભુત વિક્રમાદિત્ય (આઠ વાર્તા)	૧- ૦-૦
હાજીબાબાનાં સાહસ કર્મો	૧- ૪-૦
લીલા અને ગ્રાનડાનો ઘેરો	૧- ૦-૦
સવિતાકૃત કવિતા	૧- ૦-૦
મનુસ્મૃતિ (મૂળ અને ભાષાંતર)	૩- ૮-૦
પારાશર સ્મૃતિ (મૂળ અને ભાષાંતર).	૧- ૮-૦
ધર્મ વિચાર (૨ જી આવૃત્તિ)	૧- ૪-૦
ઔરંગઝેબ અને રાજપુતો	૨- ૦-૦
ચાંદબીબી	૦-૧૨-૦
ઇરાવતી	૧- ૮-૦
વિદુરનીતિ	૦- ૨-૬
કથાસરિત્સાગર (બે ભાગ. ૨ જી આવૃત્તિ)	૪- ૦-૦
સરલકાદમ્બરી.	૧- ૦-૦
માલતી માધવની વાર્તા	૦- ૫-૦
શકુન્તલાની વાર્તા	૦- ૨-૬
મહારાણીશ્રી વિકટોરિયાનું જીવનચરિત્ર (૨ જી આવૃત્તિ સચિત્ર.)	૧- ૮-૦
હૈદરઅલિ અને ટીપુ સુલતાન (૨ જી આ૦)	૧- ૪-૦
લૉર્ડ લૉરેન્સ	૧- ૪-૦
લૉર્ડ વીલીયમ બેન્ટીક	૧- ૪-૦
ઔરંગઝેબ	૧- ૪-૦
બાળકોનો આનંદ ભાગ ૧ લો...	૦-૧૦-૦
,, ,, ભાગ ૨ જો...	૦-૧૦-૦
દીર્ઘાયુષી શી રીતે થવાય?	૦-૧૦-૦
મૃગશીર્ષ અથવા આર્યોનો ઉત્તરધ્રુવ નિવાસ-રા. તિલક કૃત...	૨- ૦-૦